સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 35 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ શ્રાવણ વદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૧ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




Toll Free No.: 1800 233 5005 (11 A.M. - 7 P.M.) www.pngjewellers.com I info@pngadgil.com INDIA I USA

P N Gadgil Jewellers Limited (the "Company") is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its equity shares and has filed the draft red herring prospectus dated March 26, 2024 (the "DRHP") with the Securities and Exchange Board of India (the "SEBI") on March 27, 2024. The DRHP is available on the website of SEBI at www.sebi.gov.in, on the websites of the Stock Exchanges, i.e., BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.pngjewellers.com and the websites of the Book Running Lead Managers, i.e., Motilal Oswal Investment Advisors Limited, Nuvama Wealth Management Limited (formerly known as Edelweiss Securities Limited) and BOB Capital Markets Limited at www.motilaloswalgroup.com, www.nuvama.com, www.bobcaps.in, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section entitled "Risk Factors" on page 29 of the DRHP and which will be included within the red herring prospectus ("RHP") that may be filed by the Company with the Registrar of Companies, Maharashtra at Pune in the future. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision and should instead rely on the RHP, in making any investment decision. The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended ("Securities Act") or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States (as defined in Regulation S under the Securities Act), except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act and in accordance with any applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in offshore transactions in reliance on Regulation S under the Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sales are made. The Equity Shares offered in the Offer are not being offered or sold in the United States.

# રાજ્યના ૨૦૬માંથી ૧૦૮ જળાશય સંપૂર્ણ ભરાયાંઃ સરદાર સરોવર ડેમમાં ૮૫ ટકાથી વધુ જળસંગ્રહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં મેઘરાજાની મહેરના પરિણામે ૨૦૬ જળાશયમાંથી ૧૦૮ જળાશયો સંપૂર્ણ એટલે કે ૧૦૦ ટકા જ્યારે ૪૪ જળાશય-ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ સિવાય રાજ્યના ૨૦ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. જ્યારે ૨૨ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે તેમજ ૧૨ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયા છે.

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં ૨,૮૬,૩૮૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૮૫ ટકા જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે રાજ્યના અન્ય ૨૦૬ જળાશયમાં ૪,૩૨,૫૦૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૭૭.૨૧ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે. આમ કુલ ૨૦૭ જળાશયમાં ૮૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું હતું.

શનિવારે સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ રાજ્યમાં સાર્વત્રિક વરસાદના પરિણામે સૌથી વધુ સરદાર સરોવર યોજનામાં ૧.૮૬ લાખ ક્યૂસેક પાણીની આવક સામે ૧.૭૮ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જ્યારે ઉકાઈમાં ૬૨ હજાર ક્યૂસેક પાણીની આવક સામે ૪૬ હજારની જાવક, વણાકબોરી જળાશયમાં ૨૬ હજાર ક્યૂસેક પાણીની આવક સામે ૨૬ હજારની જાવક, કડાણામાં ૨૧ હજાર ક્યૂસેક પાણીની આવક સામે ૨૦ હજારની જાવક તેમજ ભાદર-૨માં ૧૬ હજાર ક્યૂસેક પાણીની આવક સામે ૧૬ હજાર ક્યૂસેક પાણીની જાવક નોંધાઈ છે. આ ઉપરાંત સૌથી વધુ મધ્ય ગુજરાતના ૧૭ જળાશયમાં ૯૩ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૮૭ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧માં ૮૧ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૭૭ ટકા, જ્યારે ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયમાં ૪૮ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે. આમ સરદાર સરોવર સહિત ૨૦૭ જળાશયમાં અત્યાર સુધીમાં ૮૦ ટકાથી વધુ પાણીનો જથ્થો સંગ્રહાયો છે. ગત વર્ષે આ સમયે આ ૨૦૭ જળાશયમાં ૭૬ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો હતો તેમ, જળ સંપત્તિ વિભાગની યાદીમાં વધુમાં જણાવ્યું છે. ■

# રાજ્યમાં ભારે વરસાદથી ઔદ્યોગિક વસાહતોમાં પુરવઠો ખોરવાયોઃ ઉદ્યોગોને કરોડોનું નુકસાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર ગુજરાતમાં ડીપ ડીપ્રેશનની સીસ્ટમનાં પ્રભાવ હેઠળ ચાર દિવસ અનરાધાર વરસાદ વરસ્યો હતો. મેઘતાંડવની સ્થિતિથી કૃષિ ઉપરાંત ઔદ્યોગિક ક્ષેત્રને પણ કરોડોનું નુકસાન થયું છે. ઔદ્યોગિક વસાહતો-જીઆઈડીસીઓમાં પણ વીજ પુરવઠો ખોરવાઈ જવાને કારણે સેંકડો એકમોમાં ઉત્પાદન થંભી ગયું હતું, જોકે હવે વહેલી તકે હાલત નોર્મલ થઈ જવાની ગણતરી રાખવામાં આવી રહી છે.

પીજીવીસીએલના રિપોર્ટ પ્રમાણે રાજકોટ, જામનગર, ભુજ, અંજાર સર્કલમાં શુક્રવાર સાંજની સ્થિતિએ ૧૮ ઔદ્યોગીક જીઆઈડીસી ફીડર બંધ હતા. આગલા દિવસે આ સંખ્યા ૬૪ હતી તેમાં માત્ર મોરબીમાં ૨૨ ફીડર બંધ હતા. એટલે સેંકડો કારખાના પ્રભાવીત થયા હોવાનું સ્પષ્ટ છે. કચ્છમાં પણ હજુ વીજ પુરવઠો કપાયેલો હોવાથી ઔદ્યોગિક પ્રવૃતિ પાટે ચડી શકી નથી.

વડોદરા સહિત ગુજરાત રીજનમાં પણ સમાન હાલત હતી. વડોદરા, રાજકોટ, કચ્છ, જામનગર, દેવભૂમી દ્વારકા, મોરબી, વલસાડ-વાપી જેવા જિલ્લાઓ સૌથી વધુ પ્રભાવીત બન્યા હતા. કૃષિ ક્ષેત્ર ઉપરાંત રોડ રસ્તા, પરિવહન સેવા તથા વીજળી ક્ષેત્રે માળખાકીય નુકસાનથી ઔદ્યોગિક ક્ષેત્રને પણ મોટો ફટકો પડયો હતો. વીજ પુરવઠો ખોરવાઈ જવાથી ઉદ્યોગોમાં ઉત્પાદન થંભી ગયા હતા.

અમદાવાદ નજીકની સાણંદ જીઆઈડીસીને જ દરરોજ ૧૦૦ કરોડનું નુકસાન થયું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. મંગળવારથી વીજ પુરવઠો ઠપ્પ થતાં ૩૦૦ કારખાનાના મશીનો થંભી ગયા હતા. શુક્રવારે પણ ૧૦૦ જેટલા એકમોમાં વીજ સપ્લાય નોર્મલ થઇ ન હોવાથી ઉત્પાદન થંભી ગયું હતું. શુક્રવારે પણ ૧૦૦ જેટલા એકમોમાં વિજ સપ્લાય નોર્મલ થઈ ન હોવાથી ઉત્પાદન બંધ હતું.

દરરોજ ૧૦૦ કરોડનું ઉત્પાદન નુકસાન થયું હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. વરસાદી પાણી સબ સ્ટેશનમાં ઘૂસી જતા વીજ પુરવઠો ખોરવાયો હતો. સપ્લાય નોર્મલ કરવાના પ્રયાસ છતાં હજુ સ્થિતિ નોર્મલ થઈ નથી. વૈકલ્પિક લાઈનથી વીજ પુરવઠો શરૂ કરવાનાં પણ પ્રયાસો થઈ રહ્યા છે. ભવિષ્યમાં આ પ્રકારની સ્થિતિ સર્જાતી રોકવા માટે સ્ટોર્મવોટર લાઈન નાખવા માટે રજૂઆત કરવામાં આવી છે.

ઉદ્યોગ જગતનાં સૂત્રોએ જણાવ્યું હતું, કે માત્ર સાણંદ જ નહીં ગુજરાતભરની ઔદ્યોગીક વસાહતોમાં વતાઓછા પ્રમાણમાં વીજ સમસ્યા નડી હતી અને ઉત્પાદનને ફટકો પડયો હતો. સૌરાષ્ટ્રમાં જન્માષ્ટમીનું ખાસ મહત્વ હોવાથી ઉદ્યોગો રજા રાખતા હોય છે. વરસાદનાં દિવસે મોટાભાગનાં એકમો બંધ હતા છતાં જે ચાલુ હતા ત્યાં વત્તા-ઓછા પ્રમાણમાં નુકશાની હતી.

વડોદરામાં પણ ભારે વરસાદને કારણે વીજ સપ્લાય ખોરવાઈ હોવાથી ઉદ્યોગ ક્ષેત્રને મોટો ફટકો પડયો છે. જોકે યુદ્ધના ધોરણે સમારકામ થવા લાગ્યુ હોવાથી તુર્તમાં હાલત સામાન્ય થઈ હતી. વડોદરા તથા રાજકોટમાં હજુ અમુક ઔદ્યોગિક વસાહતોમાં ૫૦ ટકા ક્ષમતાથી જ ઔદ્યોગિક ગતિવિધી છે.

પોરબંદર-દેવભૂમી દ્વારકામાં હજુ ઔદ્યોગિક ધમધમાટ બંધ જેવો જ છે. સમગ્ર રાજયમાં ઉદ્યોગ જગતને કરોડો રૂપિયાનું ઉત્પાદન નુકશાન થયું હોવાની શંકા છે. આ દરમ્યાન સૌરાષ્ટ્ર-કચ્છમાં હજુ વીજ ક્ષેત્રે સ્થિતિ નોર્મલ થઈ શકી નથી. ૫૦૦૦થી વધુ થાંભલા પડી ગયા હોવાના નિર્દેશ છે. ૫૮૬ ગામડાઓમાં પુરવઠો પુનઃસ્થાપિત કરવાનો બાકી છે. ૨૫૮ ટ્રાન્સફોર્મર ડેમેજ છે. ■

# ભુજના ભાજપના નગરસેવકની ઑફિસમાં ઘૂસી આવેલા શખસોએ તોડફોડ બાદ હવામાં ફાયરિંગ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરના વોર્ડ નંબર ૧૧ના ભાજપના નગરસેવક ધર્મેશ ગોરના શહેરના મુંદરા રોડ પર આવેલા કાર્યાલયમાં શુક્રવારની મોડી રાત્રે કેટલાક સ્થાનિક શખ્સોએ સાગરિતો સાથે મળીને તોડફોડ કરીને હવામાં એક રાઉન્ડ ફાયરિંગ કરતાં શહેરભરમાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

કાયદો-વ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નાર્થ સર્જનારા ચોંકાવનારા બનાવ અંગે જાણવા મળતી વિગતો અનુસાર, ભુજ નગરપાલિકાના નગરસેવક ધર્મેશ ગોરની ઓફિસમાં શુક્રવારે રાત્રિના સમયે દસેક જેટલા શખ્સ મારક હથિયારો સાથે ઘૂસી આવ્યા હતા. હવામાં ફાયરિંગ કરી ધોકા અને પાઈપ વડે બહાર પાર્ક કરવામાં આવેલા વાહનો અને ઓફિસમાં તોડફોડ કરી હતી.

ભુજ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવનારા ધર્મેશ ગોરે જણાવ્યું હતું કે, આજથી બે વર્ષ પહેલા ભુજના લાયન્સ નગરમાં ગેરકાયદેસર મકાનનો કબ્જો જમાવવા ગયેલા મયુરસિંહ તેમ જ જયવીરસિંહને રોક્યા હતા તેમ જ હિરેન ગોર નામના વ્યક્તિને આ બે ભાઈઓએ માર માર્યો ત્યારે ફરિયાદ નોંધાવતા એ વાતનું મન દુખ રાખીને આ હુમલો કરવામાં આવ્યો છે. જયવીરસિંહ, કિરણસિંહ, ફુલદિપસિંહ, દિગવિજયસિંહ, ગઢવી તથા અન્ય ચાર આરોપીએ મંડળી રચીને લોખંડના ધારિયા તેમ જ તલવાર તથા લોખંડની પાઈપ તેમ જ લાકડાના ધોકા જેવા ઘાતક હથિયારો સાથે મારવાના ઈરાદે ઑફિસે ધસી આવ્યા હતા. ■

# ખાવડાના મોટી રોહાતડમાં ચાર બાળકનાં મોત બાદ આસપાસના દસ ગામ કોલેરા ભયગ્રસ્ત જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પાણી પુરવઠા તંત્રના અધિકારીઓની ગુનાહિત બેદરકારીના કારણે બાંડી ડેમના દૂષિત પાણીને સ્વચ્છ કર્યા વગર વિતરીત કરી દેવાતાં ચાર માસૂમ ભુલકાંઓના મૃત્યુ થયાં બાદ દોડતા થયેલા જિલ્લાના આરોગ્ય તંત્રના પ્રસ્તાવના આધારે કલેક્ટર અમિત અરોરાએ સીમાવર્તી ખાવડા પાસે આવેલા મોટી રોહાતડ અને આસપાસના દસ કિલોમીટરની ત્રિજ્યાના ગામોને એક માસ માટે કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યાં છે.

દસ કિલોમીટરના ત્રિજ્યામાં આવતા નાની રોહાતડ, નાના પૈયા, મોટા પૈયા, રતડીયા, ખાવડા, ક્રિષ્નનગર, આશાપર, મેઘપર, ક્કકર, સીમરીવાંઢ વગેરે ગામો કોલેરા ભયગ્રસ્ત તરીકે જાહેર કરાયાં છે અને ભુજના મામલતદારને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે સત્તા અપાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત સપ્તાહે મોટી રોહાતડમાં દસથી વધુ લોકોની તબિયત લથડી હતી અને ચાર બાળકોના બે-ચાર દિવસના અંતરે મૃત્યુ નીપજ્યાં હતાં.

આરોગ્ય તંત્રએ સફાળા જાગીને તપાસ હાથ ધરતાં પાણી પુરવઠા વિભાગે બાંડી ડેમના દૂષિત પાણીને શુદ્ધ કર્યાં વગર વિતરીત કરતાં કોલેરા ફાટી નીકળ્યો હોવાનું સ્પષ્ટ થયું હતું.

આ ઘટના અંગે તંત્રએ તપાસ સમિતિ નીમીને ગુનાહિત જીવલેણ બેદરકારી દાખવનાર પાણી પુરવઠા વિભાગના જવાબદાર અધિકારીઓ વિરુદ્ધ ફોજદારી રાહે દાખલારૂપ કાર્યવાહી કરવી જોઈએ તેવો સૂર જાગૃતો કરી રહ્યા છે. ■

# ગુજરાતમાં સતત બે દિવસથી મેઘરાજાનાં ખમૈયાઃ મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૧૧ ટકા યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા અઠવાડિયા દરમિયાન ભારેથી અતિભારે વરસાદ બાદ હવે છેલ્લા બે દિવસથી એકંદરે મેઘરાજાએ વિરામ લીધો છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગરના અહેવાલ મુજબ ગત ૨૪ કલાક દરમિયાન સમગ્ર રાજ્યનો સરેરાશ વરસાદ માત્ર ૧.૩૬ એમ.એમ. જ નોંધાયો છે. અમદાવાદ સહિતના મોટા ભાગના જિલ્લાઓમાં આજે સતત બીજા દિવસે સૂર્યનારાયણના દર્શન થયાં હતા અને તડકો નિકળ્યો હતો.

જોકે શનિવારે સવારની સ્થિતએ છેલ્લા ૨૪ કલાકમાં કચ્છના મુન્દ્રા તાલુકામાં રાજ્યનો સૌથી વધુ એક ઇંચ જેટલો જ વરસાદ વરસ્યો હતા. જ્યારે રાજ્યના કુલ ૬૮ તાલુકામાં એક ઇંચ કરતાં પણ ઓછો વરસાદ નોંધાયો હતો. શનિવારે સવારથી બપોર સુધીમાં રાજ્યમાં ઉઘાડ નીકળ્યો હતો.

૩૧મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સવારે ૬.૦૦ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૧૧ ટકાએ યથાવત્ છે. કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ ૧૭૯ ટકા કરતા પણ વધારે અને ત્યારબાદ સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૨૪ ટકાથી વધુ તેમજ દક્ષિણ ગુજરાત ઝોનમાં ૧૧૧ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. ■

# પોલીસ તંત્રમાં 'સ્વચ્છતા અભિયાન' હાથ ધરોઃ હાઇ કોર્ટની વેધક ટકોર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઇકોર્ટે વિવાદિત જમીન મામલાઓમાં પોલીસની કામગીરી સામે સખ્ત નારાજગી વ્યક્ત કરતા આકરાં સવાલો કર્યા હતા. જસ્ટિસ નિર્ઝર દેસાઇ રાજકોટ મામલાની સુનાવણી કરી રહ્યાં હતા જેમાં રાજકોટના બી ડિવિઝન પોલીસ મથકના તપાસ અધિકારી પીએસઆઈની તપાસની કામગીરી સામે પણ સવાલ ઉઠાવતા તપાસ અધિકારી સામે કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યા હતા. હાઇ કોર્ટના સખ્ત વલણના પગલે કલાકોમાં જ સરકારી વકીલે જાણકારી આપી હતી કે તપાસ અધિકારીનું ટ્રાન્સફર સાઇડ પોસ્ટિંગમાં કરવામાં આવી રહ્યું છે અને શહેર પોલીસ કમિશનરે તમામ પોલીસ અધિકારીઓને પણ જમીન મામલામાં પોલીસ અધિકારીઓએ તપાસ ન કરવા અંગે સર્ક્યુલર કર્યુ છે.

રાજકોટમાં ૧૮ હજાર રૂપિયાના સીસીટીવી કેમેરાની ચોરી કે નુકસાનીની ફરિયાદના કેસને પોલીસ દ્વારા જમીનના વિવાદમાં ખપાવીને ઊંડાણપૂર્વકની તપાસ કરવાના વલણની હાઇ કોર્ટે આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. જસ્ટિસ નિર્ઝર દેસાઇએ આકરું વલણ અપનાવતા પોલીસ વિભાગમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવાનો સમય પાકી ગયો હોવાની વેધક ટકોર કરી હતી.

આ કેસ અંગે મળતી માહિતી મુજબ રાજકોટ બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ દ્વારા ચોરીના કેસની તપાસ જમીન વિવાદમાં ખપાવીને તપાસ કરી હોવાની બાબતને ગંભીરતાથી લેતાં હાઇ કોર્ટે તપાસ અધિકારીને તાત્કાલિક સસ્પેન્ડ કરવા અને કમિશનરને લેખિતમાં માફી માગવા અથવા કેસની તપાસ સીબીઆઈને સોંપી દેવાની ચીમકી ઉચ્ચારી હતી.

શુક્રવારે સવારે હાથ ધરાયેલી સુનાવણી બાદ સરકારે હાઇ કોર્ટને ખાતરી આપી હતી કે તપાસ અધિકારીને આજને આજ નોન એક્ઝિક્યુટિવ પોસ્ટ પર ટ્રાન્સફર કરી દેવાશે, તેથી હાઇ કોર્ટે અરજદાર સામેની તપાસ પર સ્ટે આપી કેસની સુનાવણી ત્રીજી સપ્ટેમ્બરે રાખી છે.

કેસની સુનાવણી દરમિયાન જસ્ટિસ નિર્ઝર એસ. દેસાઇએ પોલીસ વિભાગની ઝાટકણી કાઢતાં કહ્યું હતું કે, ક્યાંક જઇને તો આ બધું અટકવું જોઇએ. જો તમે આજે જ અઢી વાગ્યા સુધી તપાસ અધિકારીને સસ્પેન્ડ નહીં કરો તો કોર્ટને હુકમ કરવાની ફરજ પડશે. હાઇ કોર્ટનો મેસેજ લાઉડ અને ક્લિયર રીતે પોલીસ અધિકારીઓના કાને પડવો જોઇએ કે કોઇ પણ પ્રકારની ગેરકાયદે પ્રવૃત્તિઓ ચલાવવામાં આવશે નહીં. તમે સીબીઆઈના એડવોકેટને પણ બોલાવી લો આ કેસની તપાસ એમને સોંપી દઇએ છીએ અને તપાસ અધિકારીને સસ્પેન્ડ કરવાનો આદેશ કરીશું. અમને એવી કાર્યવાહી જોઇએ કે જેથી જાહેર જનતાને એવું લાગે કે ભૂલ કરનારા અધિકારીઓ વિરુદ્ધ પગલાં લેવાય છે. આવા અધિકારીઓને સરકારે રક્ષણ આપવું જોઇએ નહીં.

ગુજરાત હાઇ કોર્ટના સખ્ત વલણ બાદ સરકારી વકીલ દ્વારા કોર્ટને માહિતી આપવામાં આવી હતી કે અધિકારીના ટ્રાન્સફરની કાર્યવાહી થઇ રહી છે અને તપાસ અધિકારીને જિલ્લા બહાર સાઇડ પોસ્ટિંગ આપવામાં આવશે અને રાજકોટ શહેર પોલીસ કમિશનર દ્વારા પણ સર્ક્યુલર કરવામાં આવશે કે જમીન મામલાઓના કેસમાં કોઇ પોલીસ અધિકારી તપાસ નહીં કરે. ■

# વડોદરામાં પૂર બાદ પીવાનાં પાણીનાં ફાંફાંઃ પાંચ દિવસથી લોકો તરસ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં વિશ્વામિત્રીના પૂરના લીધે લોકોની હાલત કફોડી બની ગઈ છે અને લોકોને પીવાના પાણીના ફાંફા પડી ગયા છે. શહેરના ઉત્તર ઝોનમાં છાણી તથા હરણી ગામના લોકો છેલ્લા પાંચ દિવસથી પાણી નહીં મળવાથી હેરાન છે.

વડોદરાના વોર્ડ નંબર એકના કોંગ્રેસના સિનિયર મહિલા કોર્પોરેટરના કહેવા મુજબ આજે પાંચમા દિવસે પણ આ બંને વિસ્તારના નાગરિકોને પીવાના પાણીનું વિતરણ થઈ શકશે નહીં કારણ કે બંને ટાંકીઓ પાણીમાં ગરકાવ થઈ ગયેલી છે. છાણી પાણીની ટાંકીથી પ્રભાવિત દોઢથી બે લાખની વસ્તી તથા સંપૂર્ણ હરણી ગામ તથા એરપોર્ટ પાછળનો આખો પટ્ટો મળીને ત્રણથી ચાર લાખની વસ્તી પાંચ દિવસથી પાણીની આતુરતાથી રાહ જોઈ રહી છે. બંને ટાંકીઓ ઊંડાણ વાળા વિસ્તારમાં બનાવેલી છે. જેથી ૨૦૧૯માં પૂર આવેલું ત્યારે પણ આ જ પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. આજે પણ છાણી ગામ પોદાર સ્કૂલની આજુબાજુનો વિસ્તાર ફક્ત ટ્રેક્ટર લઈને જઈ શકાય તે રીતે પૂરના પાણીથી ભરેલો છે. છાણી ગામના ખેડૂતોના ખેતરોમાં આજે પણ પાણી ભરેલા છે. જેથી ખેડૂતોને મોટું આર્થિક નુકસાન થયું છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે આજે સવારે કમિશનર પોતે ટ્રેક્ટરમાં બેસીને સ્થિતિનું નિરીક્ષણ કરવા આવ્યા હતા. ટ્રેક્ટર સિવાય બીજા કોઈ વાહનમાં અહીં જઈ શકાય તેવું છે નહીં. છાણી ટાંકી ખાતે પાણી ભરેલા હતા, જે ઉતરી ગયા છે, પરંતુ બહાર હજુ પાણી છે. જોકે કોર્પોરેશને આ પાણીનો નમૂનો લઈ લેબોરેટરીમાં તપાસ માટે મોકલ્યો છે. ટાંકીની મશીનરીઓમાં પણ પાણી ઘૂસી ગયું હતું અને તેની સફાઈ ચાલી રહી છે. જેની સફાઈ પૂર્ણ થતા અને પાણીનો રિપોર્ટ યોગ્ય આવશે તો પાણીનું વિતરણ શરૂ કરી શકાશે. ■

# અમદાવાદ સિવિલમાં જ સાત ડૉક્ટર, ૨૦થી વધુ કર્મચારીને ડેન્ગ્યૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં વરસાદને કારણે મચ્છરજન્ય રોગોમાં વધારો થયો છે. અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં ફરજ બજાવતાં ૫થી ૭ ડોક્ટર્સ અને ૨૦થી વધુ કર્મચારીને ડેન્ગ્યુ થતાં હૉસ્પિટલમાં જ સારવાર આપવામાં આવી રહી છે. જો કે, આ અંગે હૉસ્પિટલ મેનેજમેન્ટે કોઈ સત્તાવાર જાણકારી આપી નથી.

હૉસ્પિટલના સૂત્રોએ જણાવ્યું હતું કે, છેલ્લા અઠવાડિયા દરમિયાન શહેરમાં પડેલા ધોધમાર વરસાદને કારણે ઠેર ઠેર પાણી ભરાયા હતા, જેને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધતાં શહેરમાં પણ મચ્છરજન્ય રોગોમાં વધારો થયો છે. ત્યારે સિવિલ હૉસ્પિટલમાં ફરજ બજાવતાં રેસિડેન્ટ ડોકટરોથી લઇને આસિ. પ્રોફેસર સહિતના સિનિયર ડોકટરો મળીને ૫થી ૭ ડોકટર્સ તેમજ વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારી મળીને ૨૦થી વધુ સ્ટાફને ડેન્ગ્યૂ થયો હતો. હૉસ્પિટલના ડે.સુપરિટેન્ડેન્ટએ કહ્યું હતું કે, ૧થી ૨ ડોકટરને ડેન્ગ્યૂ થયો હતો, જો કે તેમણે હૉસ્પિટલમાં સારવાર લીધી હતી, પણ એક સાથે ૫થી ૭ ડોકટર્સ અને ૨૦થી વધુ વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીને ડેન્ગ્યૂ થયાનું મારી જાણમાં નથી. આરએમઓએ પણ આટલી મોટી સંખ્યામાં ડોક્ટર અને સ્ટાફને ડેન્ગ્યૂ થયો હોવાનો ઈનકાર કર્યો હતો. ■

# લોકોની સમસ્યાઓનું કાયમી નિરાકરણ લાવોઃ ગુજરાત હાઈ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં રખડતા ઢોર, બિસમાર રસ્તાઓ, માર્ગો-ફુટપાથ પર ગેરકાયદે પાર્કિગ-દબાણો મુદ્દે હાઇ કોર્ટના વારંવારના હુકમોનું પાલન નહી થતાં અરજદાર મુસ્તાક કાદરી દ્વારા કરાયેલી અદાલતના તિરસ્કારની અરજી મામલે રાજયના ગૃહ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી એમ.કે.દાસ અને શહેરી વિકાસ વિભાગના પ્રિન્સીપાલ સેક્રેટરી અશ્વિનીકુમારને હાઇ કોર્ટના અગાઉના હુકમ મુજબ હાજર રહ્યા હતા. આ કેસની સુનાવણી દરમિયાન જસ્ટિસ એ.વાય.કોગજે અને જસ્ટિસ સમીર જે. દવેની બેન્ચે બંને સચિવ કક્ષાના ઉચ્ચ અધિકારીઓ એમ. કે. દાસ અને અશ્વિનીકુમારને રાજય સરકાર, ટ્રાફિક વિભાગ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ ઓથોરીટીની નિષ્કાળજી અને ફરજમાં બેદરકારી પરત્વે જાણકારી આપીને નાગરિકોની આ તમામ ફરિયાદો માટે એક રાજયવ્યાપી હેલ્પલાઇન નંબર અને વેબસાઇટ બનાવવા સૂચન કર્યું હતું.

હાઇ કોર્ટે યોગ્ય પ્લાનિંગ સાથે વિકાસ કરવા અને નાગિરકોને હાલાકીની ફરિયાદ ના રહે તે પ્રકારે ઉપરોક્ત સમસ્યાઓનું કાયમી નિરાકરણ લવાય તે જોવા હાજર રહેલા સરકારના બંને ઉચ્ચ અધિકારીઓને તાકીદ કરી હતી. હાઇ કોર્ટે યોગ્ય પ્લાનિંગ સાથે વિકાસ કરવા અને નાગિરકોને હાલાકીની ફરિયાદ ના રહે તે પ્રકારે ઉપરોક્ત સમસ્યાઓનું કાયમી નિરાકરણ લવાય તે જોવા હાજર સરકારના બંને ઉચ્ચ અધિકારીઓને તાકીદ કરી હતી.

હાઇ કોર્ટે ટકોર કરી હતી કે, કોર્ટમાં આ અદાલતના તિરસ્કારના કેસમાં અત્યારે શું ચાલી રહ્યું છે અને કોર્ટને સત્તાવાળાઓ પાસે શું અપેક્ષા છે તે જણાવવા માટે આ બંને અધિકારીઓને કોર્ટ રૂબરૂ બોલાવાયા છે. કોર્ટે સરકારને સીધી પૃચ્છા કરી હતી કે, ગેરકાયદે પાર્કિંગ, ટ્રાફિક, બિસ્માર રસ્તાઓ, ખાડા-ભૂવાઓ, રખડતા ઢોરોના ત્રાસ સહિતની સમસ્યાઓ મુદ્દે સમગ્ર રાજયમાં એક હેલ્પલાઇન નંબર અને વેબસાઇટ હોવા જોઇએ, જેની પર નાગરિકો ગમે ત્યારે ફરિયાદ કરી શકે અને સત્તાવાળાઓ તેનો તરત જવાબ આપી તાત્કાલિક નિરાકરણ કરે. કોર્ટની આ પૃચ્છાના પ્રત્યુત્તરમાં સરકાર પક્ષ તરફથી જણાવાયું હતું કે, આવી હેલ્પલાઇન કે વેબસાઇટ તૈયાર કરવામાં દસેક દિવસ લાગશે.

હાઇ કોર્ટની બેન્ચે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં ટ્રાફિકની જટિલ સમસ્યા, જાહેર રસ્તાઓ અને ફુટપાથ પર ગેરકાયદે પાર્કિંગ, રખડતા ઢોરોના ત્રાસ, બિસમાર રસ્તાઓ સહિતના અનેક મુદ્દાઓ પર ગુજરાત હાઇકોર્ટે વર્ષ ૨૦૧૮ પછી લગભગ ૬૦ જેટલા હુકમો કર્યા હોવા છતાં પરિસ્થિતિમાં કોઇ જ સુધારો આવ્યો નથી અને સરકારના, ટ્રાફિક વિભાગના, અમદાવાદ મનપાના કે પોલીસ ઓથોરિટિના સત્તાવાળાઓ દ્વારા કોઇ જ પરિણામ લક્ષી કામગીરી કરવામાં આવી નથી. છ વર્ષ સુધી કંઇ થયુ નથી, તેથી હવે છ વર્ષ બાદ સોલ્યુશન નહી, અમલીકરણ જ કરવાનું હોય.

બેન્ચે કહ્યું હતું કે, આ કન્ટેમ્પ્ટના મામલે તમામ પોલીસ કમિશનરો અને જિલ્લા મેજિસ્ટ્રેટો જવાબદાર છે. જિલ્લામાં કમિશનર વિસ્તારોમાં તેમને જે કામ કરાવવું હોય એ એમની જવાબદારી છે. કોર્ટમાં હાજર બંને અધિકારીઓ સૌથી ટોપ પર રહેશે અને ટ્રાન્સફર બાદ જે આવે એની પણ આ જ જવાબદારી રહેશે. ■

# અમદાવાદ પાસપોર્ટ ઓફિસ પર વિજિલન્સના દરોડાઃ 30 અધિકારીની પૂછપરછ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ગુલબાઈ ટેકરા પાસે આવેલી પાસપોર્ટ કચેરી અને સાંજે મીઠાખળી અને શુક્રવારે સવારે વિજય ચાર રસ્તા પાસે આવેલાં પાસપોર્ટ સેવા કેન્દ્ર પર વિદેશ મંત્રાલયની વિજિલન્સની ત્રણ અધિકારીઓની ટીમે દરોડો પાડ્યો હતો. પાસપોર્ટ સેવા કેન્દ્ર પર દરોડા પાડતા ફરજ પરના સરકારી અધિકારીઓમાં ફફડાટ ફેલાયો હતો. બે દિવસથી ચાલી રહેલી રેડ દરમિયાન ૩૦ જેટલા સરકારી અધિકારીઓની પૂછપરછ કરવામાં આવી હતી. જે સંલગ્ન વિજિલન્સની ટીમ એક રિપોર્ટ સેન્ટ્રલ વિજિલન્સ કમિશનને સુપરત કરશે અને જો તેમાં કઈ શંકાસ્પદ લાગશે તો તપાસ સીબીઆઇને પણ ફોરવર્ડ કરાશે. વિજિલન્સની ટીમે બે દિવસમાં ૩૦ અધિકારીની પૂછપરછ કરી હતી, અમદાવાદમાં આવેલા બંને પીએસકેમાં બી અને સી કાઉન્ટર પાસપોર્ટ ડોક્યુમેન્ટનું વેરિફિકેશન અને ફાઇનલ પાસપોર્ટની અરજી ગ્રાન્ટ કરે છે તેવા પાસપોર્ટ કચેરીના ૨૦ જેટલા અધિકારીઓને ટાંચમાં લીધા હતા અને આ તમામ અધિકારીની બેન્ક ડીટેલથી લઈને ગૂગલ પે સહિત તમામ યુપીઆઈ આઈડી ચેક કર્યાં હતાં. ■

# વડોદરાના ચાણોદમાં યુવાન મગરનો કોળીયો બની ગયો

અમદાવાદઃ ભારે વરસાદ બાદ પૂરની સ્થિતિ સર્જાતાં વડોદરામાં હાહાકાર મચી જવા પામ્યો હતો. જો કે હવે શહેરમાં ફરતા મગરોએ લોકોની ચિંતા વધારી છે, વિશ્વામિત્રી નદી સેંકડો મગરોનું ઘર છે, નદીમાં પૂરના કારણે મગરો રહેવાસી વિસ્તારોમાં ફરતા જોવા મળી રહ્યા છે, આ દરમિયાન ચાણોદમાં એક યુવકને મગર ખેંચી જતા સ્થાનિકો ભયભીત બન્યા છે. મળતી વિગત મુજબ, વડોદરા જિલ્લાના ચાણોદ પાસેથી પસાર થતી ઓરસંગ નદી ભારે વરસાદના કારણે પાણી બે કાંઠે વહેતી થઇ હતી. આ દરમિયાન નદીની કોતરમાં રાજપુરા ગામમાં રહેતો અમિત પુનમ વસાવા (ઉંમર વર્ષ ૩૦) એ માછલી પકડવા પાણીમાં નાખેલી જાળ કાઢવા માટે ગયો હતો. ત્યારે પાણીમાં મગર દેખાતા તે અચાનક ભાગવા લાગ્યો હતો, પરંતુ આ દરમિયાન તેનો પગ લપસી જતા પાણીમાં પડી ગયો હતો, ત્યારે મગરે તેને જડબામાં પકડી લીધો અને નદીમાં ખેંચી ગયો હતો, જેના કારણે અમિતનું કરુણ મોત નીપજ્યું હતું. ■

# ગુજરાતમાં ઈન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ ડૉક્ટરોના સ્ટાઈપેન્ડમાં વધારો કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારે તાજેતરમાં સીએચસી, સબ ડિસ્ટ્રિક્ટ, ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલના કરાર આધારિત તજજ્ઞ તબીબોના પગાર વધારાના મહત્ત્વપૂર્ણ નિર્ણય બાદ શનિવારે ઇન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબોના સ્ટાઇપેન્ડમાં વધારો કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. રાજ્યની ૬ સરકારી અને ૧૩ જીએમઈઆરએસ (ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી) સંચાલિત મેડિકલ કોલેજના સ્નાતક અભ્યાસક્રમના ઇન્ટર્ન્સ અને અનુસ્નાતક તેમ જ સુપર સ્પેશ્યાલિટી અભ્યાસક્રમના રેસિડેન્ટ્સ તબીબોને મળતા સ્ટાઇપેન્ડના દરમાં વધારો કરવામાં આવ્યો હતો. રાજ્યની સરકારી મેડિકલ કોલેજના મેડિકલ,ડેન્ટલ, ફિઝીયોથેરાપી, હોમિયોપેથી અને આયુર્વેદના સ્નાતક અભ્યાસક્રમના ઇન્ટર્ન્સ, અનુસ્નાતક અને સુપર સ્પેશ્યાલીટી અભ્યાસક્રમના રેસીડન્ટ તબીબોને આ સ્ટાઇપેન્ડના દરમાં થયેલ વધારાનો લાભ મળશે. રાજ્ય સરકાર દ્વારા આ સ્ટાઇપેન્ડ વધારાનો હુકમ તા. ૦૧/૦૪/૨૦૨૪ની અસરથી અમલમાં આવશે.

આ વધારા મુજબ સરકારી મેડિકલ કોલેજના મેડિકલ ઇન્ટર્ન્સને રૂ. ૨૧,૮૪૦, ડેન્ટલમાં રૂ. ૨૦,૧૬૦, ફિઝીયોથેરાપીમાં રૂ.૧૩,૪૪૦ તેમજ આયુર્વેદ અને હોમિયોપેથીમાં રૂ. ૧૫,૧૨૦ સ્ટાઇપેન્ડ મળશે. ડિગ્રીના મેડિકલ રેસીડેન્ટ્સને પ્રથમ વર્ષમાં રૂ.૧,૦૦,૮૦૦, બીજા વર્ષમાં રૂ.૧,૦૨,૪૮૦, ત્રીજા વર્ષમાં રૂ.૧,૦૫,૦૦૦, ચોથા વર્ષ (સિનિયર રેસીડન્ટ) અને ક્લીનીકલ આસિસ્ટન્ટને રૂ.૧,૧૦,૮૮૦નો લાભ મળશે.

સુપર સ્પેશ્યાલિસ્ટ સેવાઓના મેડિકલ રેસીડેન્ટ્સને પ્રથમ વર્ષમાં રૂ.૧,૨૦,૯૬૦, બીજા વર્ષમાં રૂ.૧,૨૬,૦૦૦ અને ત્રીજા વર્ષમાં રૂ.૧,૩૪,૪૦૦ તેમજ ડેન્ટલ રેસીડન્ટ(ડિગ્રી)માં પ્રથમ વર્ષમાં રૂ.૭૮,૯૬૦, બીજા વર્ષમાં રૂ.૮૧,૪૮૦, ત્રીજા વર્ષમાં રૂ.૮૩,૪૯૬, ફિઝીયોથેરાપી (ડિગ્રી)માં પ્રથમ વર્ષમાં રૂ.૩૫,૨૮૦ અને બીજા વર્ષમાં રૂ.૪૩,૬૮૦ ચૂકવવામાં આવશે. મેડિકલ રેસીડન્ટ(ડિપ્લોમાં)ને પ્રથમ વર્ષમાં રૂ.૭૫,૬૦૦ અને બીજા વર્ષમાં રૂ.૮૨,૩૨૦ સ્ટાઇપેન્ડ ચૂકવાશે. આયુર્વેદિક સેવાઓમાં પી.જી. રેસીડેન્ટ્સને પ્રથમ વર્ષમાં રૂ.૫૦,૪૦૦, બીજા વર્ષમાં રૂ.૫૩,૭૬૦ અને ત્રીજા વર્ષમાં રૂ. ૫૭,૧૨૦ ચૂકવવામાં આવશે.

તદ્ઉપરાંત જીએમઈઆરએસ સંચાલિત મેડિકલ કોલેજના સ્નાતક અભ્યાસક્રમના ઇન્ટર્ન્સને રૂ. ૨૧,૮૪૦, જુનીયર રેસીડન્ટ્સને રૂ.૧,૦૦,૮૦૦ અને સિનિયર રેસીડન્ટ્સ ને રૂ. ૧,૧૦,૮૮૦ ચૂકવવામાં આવશે. જીએમઈઆરએસ સંચાલિત મેડિકલ કોલેજના અનુ-સ્નાતક અભ્યાસક્રમના જૂનિયર અને સિનિયર રેસીડન્ટ તબીબોને પ્રથમ વર્ષમાં રૂ. ૧,૦૦,૮૦૦, બીજા વર્ષમાં રૂ. ૧,૦૨,૪૮૦, ત્રીજા વર્ષમાં રૂ. ૧,૦૫,૦૦૦ ચોથા વર્ષમાં (સિનિયર રેસીડન્ટ અને ક્લિનિકલ આસિસ્ટન્ટ)ને રૂ. ૧,૧૦,૮૮૦ સ્ટાઇપેન્ટ ચૂકવવામાં આવશે. ■

સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 35 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ શ્રાવણ વદ -૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
R.N.I. No. 1689/57
રવિવાર, ૧ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ ઉત્સવ પૂર્તિ







# મહિલાઓ વિરુદ્ધ અત્યાચારના કેસમાં ઝડપી ન્યાય જરૂરીઃ મોદી

## સર્વોચ્ચ અદાલતની સ્થાપનાના ૭૫ વર્ષના સમારંભમાં વડા પ્રધાનની ટિપ્પણી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે મહિલાઓ પર અત્યાચારના ગુનાઓમાં ઝડપી ન્યાયની તરફેણ કરતાં કહ્યું હતું કે આનાથી તેમને સુરક્ષાની વધુ ખાતરી મળશે.

કોલકાતામાં ડોક્ટરના બળાત્કાર અને હત્યાના કેસ તેમ જ મહારાષ્ટ્રના થાણેમાં બે બાળકીઓ સાથે થયેલા જાતીય શોષણના બનાવોને પગલે તેમની આ ટિપ્પણી આવી છે.

ન્યાયતંત્રને બંધારણના રક્ષક માનવામાં આવે છે અને સુપ્રીમ કોર્ટે પોતાની આ જવાબદારી બાખૂબી નીભાવી છે, એમ જણાવતાં તેમણે ચીફ જસ્ટિસ ડી. વાય. ચંદ્રચુડની હાજરીમાં આયોજિત નેશનલ કોન્ફરન્સ ઓફ ડિસ્ટ્રિક્ટ જ્યુડિશિયરીમાં મહિલાઓ સામેના અત્યાચારોના સળગતા મુદ્દાઓ પર ધ્યાન ખેંચતા કહ્યું હતું કે મહિલાઓ અને બાળકોની સુરક્ષા ગંભીર વિષય છે.

કાયદામાં મહિલાઓની સુરક્ષા માટે આકરી જોગવાઈઓ કરવામાં આવી છે એમ નોંધતાં તેમણે કહ્યું હતું કે ૨૦૧૯માં ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ યોજના શરૂ કરવામાં આવી હતી.

મહિલા પર અત્યાચારના કેસમાં જેટલી ઝડપથી ચુકાદો આપવામાં આવશે એટલી દેશની અડધી વસ્તીને તેમની સુરક્ષા માટેની ખાતરી મળશે.


જિલ્લા મોનિટરિંગ કમિટીમાં જિલ્લાના ન્યાયમૂર્તિ, જિલ્લાના મેજિસ્ટ્રેટ અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે, એમ તેમણે કહ્યું હતું.

બંધારણના રક્ષણ અને ન્યાયના મૂલ્યોના જતનમાં ન્યાયતંત્રની ભૂમિકાનો ઉલ્લેખ કરતાં વડા પ્રધાને કહ્યું હતું કે ભારતના લોકોએ ક્યારેય સુપ્રીમ કોર્ટ કે ન્યાયતંત્ર પર અવિશ્વાસ દર્શાવ્યો નથી.

ભારતમાં કટોકટી લાદવામાં આવી તેને કાળો અધ્યાય ગણાવતાં તેમણે કહ્યું હતું કે ન્યાયતંત્રએ મૂળભૂત અધિકારોના રક્ષણમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી.

મોદીએ કહ્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દા પર ન્યાયતંત્રે રાષ્ટ્રીય હિતોને ધ્યાનમાં રાખીને તેનું રક્ષણ કર્યું હતું.

વડા પ્રધાને એમ પણ કહ્યું હતું કે સામાન્ય નાગરિક પહેલાં તમારા (જિલ્લા ન્યાયાલય)માં ધા નાખે છે. આથી તે ન્યાયનો પહેલો પડાવ છે. પહેલું પગથિયું છે. અદાલતી માળખાને સુધારવાના સૂચનોમાં તેમણે કહ્યું હતું કે ન્યાયને સુલભ બનાવવા માટે દાયકામાં ઘણા પ્રયાસો થયા છે. ■




# ગુજરાતમાં આજથી ફરી મેઘતાંડવ

## ભારેથી અતિભારે વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વાવાઝોડું 'અસના' અરબી સમુદ્રમાં આગળ વધતાં ગુજરાત પરથી સંકટ ટળ્યું છે અને વરસાદનું જોર ઘટ્યું છે. આ દરમિયાન આગામી દિવસોમાં વરસાદની સ્થિતિ અંગે હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી હતી. હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું કે, બંગાળની ખાડીમાં ડિપ્રેશન બનવાની શક્યતા હોવાથી ગુજરાતમાં વરસાદની શક્યતા છે.

રાજ્યમાં સળંગ ચાર દિવસ સુધી અનરાધાર વરસાદના તાંડવ બાદ બે દિવસમાં નવી ચોમાસું સિસ્ટમ સક્રિય થતાં રાજ્યમાં વરસાદનો નવો રાઉન્ડ શરૂ થશે. હવામાન વિભાગે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવા સાથે ઓરેન્જ એલર્ટ ઈસ્યુ કર્યું હતું.

હવામાન વિભાગે આગાહી કરી હતી કે, ૧લી સપ્ટેમ્બરથી વરસાદનો નવો રાઉન્ડ શરૂ થશે. બંગાળની ખાડીમાં લો-પ્રેસર સિસ્ટમ બની છે તે વેલમાર્ક લો-પ્રેસર સિસ્ટમમાં પરિવર્તિત થવા સાથે વધુ મજબુત બનશે ગુજરાત તરફ ગતિ રહેવા સાથે તે રાજ્યમાં વરસાદ વરસાવશે. રવિવાર-સોમવારથી વરસાદનો નવો રાઉન્ડ શરૂ થવાની સંભાવના છે.

રિપોર્ટ અનુસાર રવિવારે દક્ષિણ ગુજરાતના નવસારી તથા વલસાડ માટે ભારે વરસાદ થવાની સંભાવના છે. જયારે સોમવારે વડોદરા તથા છોટા ઉદેપુરમાં ભારેથી અતિભારે (જુઓ પાનું ૨) ▶▶

# ગુજરાતમાં વરસાદ પછી કોલેરાનો ખતરોઃ ચાર મહાનગરમાં ૨૫૩ કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વરસાદે વિરામ લીધા બાદ રાજ્યમાં કોલેરાનો ખતરો તોળાઈ રહ્યો છે. ગુજરાતમાં ચાર મહાનગરમાં જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૨૫૩ કેસ નોંધાયા છે. રાજકોટમાં ૧૯ કોલેરાના કેસ નોંધાતાં ૪ વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા હતા. અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૨૪માં જાન્યુઆરી મહિનાથી અત્યાર સુધીમાં કુલ ૧૯૩ કોલેરાના કેસ નોંધાયા છે અને એકલા ઓગસ્ટ મહિનામાં ૨૨ કેસ નોંધાયા છે.

રાજકોટ શહેર અને જિલ્લામાં કોલેરાએ ભરડો લીધો હોય એમ જિલ્લામાં ૧૯મો તો શહેરમા છઠ્ઠો કેસ નોંધાયો હતો. ઉપલેટામાં ૨ બાળકનાં મોત થયાં હતાં, પરંતુ રાજકોટ શહેરમાં કોલેરાથી (જુઓ પાનું ૨) ▶▶

# ભારતમાં ઑગસ્ટમાં સામાન્ય કરતા ૧૬ ટકા વધુ વરસાદ થયો

નવી દિલ્હીઃ ભારતમાં આ વરસે ઑગસ્ટ મહિનામાં સામાન્ય કરતા ૧૬ ટકા વધુ વરસાદ થયો હોવાનું હવામાન ખાતાએ શનિવારે કહ્યું હતું. સપ્ટેમ્બરમાં સામાન્ય કરતા વધુ વરસાદ જોવા મળે તેવી ધારણા છે. વાયવ્ય ભારત અને તેની આસપાસના વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતા છે. ઈશાન ભારતમાં ૨૫૨.૯ મિ.મિ. વરસાદ નોંધાયો હતો જે વર્ષ ૨૦૦૧ના ઑગસ્ટ બાદનો સૌથી વધુ છે.

ઑગસ્ટમાં દેશમાં સામાન્ય રીતે પડતા ૨૪૮.૧ મિ.મિની જગ્યાએ આ વરસે એ સમયગાળા દરમિયાન ૨૮૭.૧ મિ.મિ વરસાદ નોંધાયો હતો. પહેલી જૂનથી વરસાદની સિઝન શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં ભારતમાં સામાન્ય રીતે નોંધાતા સરેરાશ ૭૦૧ મિ.મિ.ને બદલે આ વરસે ૭૪૯ મિ.મિ. વરસાદ નોંધાયો હતો.

સામાન્ય કરતા વિપરીત હવાના હળવાં દબાણનો પટ્ટો આ વરસે દક્ષિણ તરફ આગળ વધતાં હિમાલયની તળેટીમાં આવેલા અનેક જિલ્લાઓ તેમ જ મેદાની વિસ્તાર તેમ જ ઈશાનમાં સામાન્ય કરતા ઓછો વરસાદ નોંધાયો હતો. મહારાષ્ટ્રના વિદર્ભ, કેરળ સહિત અનેક રાજ્યમાં વરસાદની ખાધ જોવા મળી રહી છે. ૧૦થી બાવીસ ઑગસ્ટ દરમિયાન ચોમાસું સામાન્ય રહ્યું હતું જેને કારણે ઉત્તર અને મધ્ય ભારત તેમ જ તેની આસપાસના વિસ્તારમાં સારો વરસાદ પડ્યો હતો. ૨૩થી ૩૧ ઑગસ્ટ દરમિયાન ચોમાસું દક્ષિણ તરફ આગળ વધ્યું હતું જેને કારણે મધ્ય અને પશ્ચિમ ભારતમાં ભારે વરસાદ જોવા મળ્યો હતો. (એજન્સી) ■

# બદોની-પ્રિયાંશની જોડીનો ટી-૨૦ ક્રિકેટમાં વર્લ્ડ રેકોર્ડ



## દિલ્હી પ્રીમિયર લીગમાં ગેઈલનો સિક્સરનો વિક્રમ પણ તૂટ્યો અને છ છગ્ગા સાથે યુવીની બરાબરી પણ થઈ

નવી દિલ્હીઃ દિલ્હી પ્રીમિયર લીગ (ડીપીએલ)માં જાણે દરરોજ નવા વિક્રમો બની રહ્યા છે. શુક્રવારે અનુજ રાવત અને સુજલ સિંહે ૨૪૧ રનની અતૂટ અને ટી-૨૦ ફૉર્મેટની સેકન્ડ-બેસ્ટ ઓપનિંગ પાર્ટનરશિપ નોંધાવી ત્યાર બાદ શનિવારે આયુષ બદોની (૧૬૫ રન, ૫૫ બૉલ, ૧૯ સિક્સર, ૮ ફોર) અને ઓપનર પ્રિયાંશ આર્યા (૧૨૦ રન, ૫૦ બૉલ, ૧૦ સિક્સર, ૧૦ ફોર)એ તો કમાલ જ કરી નાખી હતી. તેમણે જોડીમાં ૨૮૬ (જુઓ પાનું ૨) ▶▶










# બ્રાઝિલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ'ને બ્લોક કર્યું

સાઓ પૌલોઃ બ્રાઝિલે ઇલોન મસ્કના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ'ને બ્લોક કર્યું હતું. 'એક્સ'એ ન્યાયાધીશના ચુકાદાનું પાલન કરવાનો ઇનકાર કરતા બ્રાઝિલે 'એક્સ'ને બ્લોક કર્યું હતું અને તેને લીધે તેની મોબાઇલ ઍપ અને વેબસાઇટ ખૂલતી નહોતી.

બ્રાઝિલની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ એલેક્ઝાન્ડર ડી મોરાઇસે 'એક્સ'ને સોશિયલ મીડિયા પ્લેટફોર્મના કાનૂની પ્રતિનિધિનું નામ જાહેર કરવા આપેલી મહેતલ પૂરી (જુઓ પાનું ૨) ▶▶

# કમલા હેરિસ 'ડિફેક્ટિવ' વ્યક્તિ છેઃ ડોનલ્ડ ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીમાંના રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનલ્ડ ટ્રમ્પે પોતાના હરીફ અને ડેમોક્રેટિક પાર્ટીનાં ઉમેદવાર તેમ જ દેશના હાલનાં ઉપપ્રમુખ કમલા હેરિસ પર શાબ્દિક હુમલા કરવાનું ચાલુ રાખતા તેમને 'ડિફેક્ટિવ' (ખામીવાળા) વ્યક્તિ ગણાવ્યા હતા. કમલા હેરિસનો ચૂંટણીપ્રચારના ભાગરૂપ પ્રથમ મોટો ટીવી ઇન્ટરવ્યૂ સીએનએન પર પ્રસારિત કરાયો, તે પછી ટ્રમ્પે આ ટિપ્પણી કરી હતી. ભારતીય (જુઓ પાનું ૨) ▶▶

# યુપીઆઈના વપરાશનો વ્યાપ વિશ્વના અનેક દેશમાં વધશેઃ આરબીઆઈ ગવર્નર

ભુવનેશ્વરઃ યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ)ના વપરાશનો વ્યાપ વિશ્વના અનેક દેશમાં વધશે એવી આશા રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ગવર્નર શક્તિકાન્તા દાસે વ્યક્ત કરી હતી.

રાજ્યની પાંચ દિવસની મુલાકાતે આવેલા દાસે કહ્યું હતું કે ક્યૂઆર કોડ અને લિન્કેજ ઑફ ફાસ્ટ પેમેન્ટ સિસ્ટમ મારફતે યુપીઆઈની હાજરી વિશ્વના અનેક દેશમાં છે જ.

બીજા અનેક દેશ સાથે યુપીઆઈનો વપરાશ વધારવા અંગે ચર્ચાવિચારણા ચાલી રહી હોવાનું તેમણે (જુઓ પાનું ૨) ▶▶






## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧-૯-૨૦૨૪ થી તા. ૭-૯-૨૦૨૪

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં સિંહ રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ મિથુનમાં સમ ગતિએ માર્ગીભ્રમણ કરે છે. બુધ કર્કમાંથી સિંહમાં તા. ૪થીએ માર્ગી ગતિએ સંક્રમણ કરે છે. ગુરુ વૃષભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર કન્યા રાશિમાં શીઘ્ર ગતિએ ભ્રમણ કરે છે. વક્રી શનિ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે તા. ૧લીએ કર્ક રાશિમાં, તા. ૪થીએ કન્યા રાશિમાં, તા. ૬ઠ્ઠીએ તુલા રાશિમાં સંક્રમણ કરે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ જણાશે. તા. ૫, ૬, ૭ નોકરીમાં યશસ્વી જણાશે. વાહન, મિલકતની ખરીદી શક્ય છે. કુટુંબના સભ્યો સાથેનો નાણાવ્યવહાર પણ સંપન્ન થશે. વેપારમાં મિત્રો પણ ઉપયોગી થશે. મહિલાઓને જીવનસાથીનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓને સફળતા જણાશે. કિંમતી ચીજોની ખરીદી, અભ્યાસની જરૂરિયાતો આ સપ્તાહમાં પૂર્ણ થશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું રોકાણ શક્ય છે. નોકરીમાં તા. ૨, ૩ સફળતાસૂચક છે. વ્યાપાર વધશે. કારોબારમાં નિયમિતતા જળવાશે. પ્રગતિ જળવાશે. કિંમતી ચીજો, રત્નો, સુવર્ણો આદિના કારોબારમાં યશ મેળવશો. નાણાઆવક વધશે. મહિલાઓ નવી નોકરીનો પ્રારંભ કરી શકશે. કુટુંબીજનો પ્રસંગોમાં ઉપયોગી થશે. વિદ્યાર્થીઓ અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં પણ સફળતા મેળવી શકશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણારોકાણ શક્ય છે. તા. ૩, ૪, ૫ નોકરીક્ષેત્રે યશસ્વી પુરવાર થશે. જાહેર જીવન, રાજકીય પ્રવૃત્તિઓમાં દક્ષતા, નિયમિતતા દાખવી શકશો. નવા કારોબારનો પ્રારંભ પણ શક્ય છે. કાર્યક્ષેત્રે નાણાઆવક જળવાઈ રહેશે. ગૃહિણીઓને પરિવારજનોથી સુખદ અનુભવ થાય. કુટુંબના મતભેદોનો ઉકેલ લાવી શકશો. વિદ્યાર્થીઓને વાંચનમાં એકાગ્રતા જાળવવામાં સફળતા જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં અનુભવ, કાર્યદક્ષતા, માહિતીઓનો પૂર્ણપણે ઉપયોગ કરી વેપાર અને રોકાણ સફળ બનાવી શકશો. નોકરીમાં તા. ૪, ૬, ૭ શુભ જણાય છે. મિલકતના લે-વેંચના કામકાજ સફળ પુરવાર થશે. વાહન, યંત્ર કાર્યક્ષેત્રનાં સાધનો, જમીન ઈત્યાદિનો નિર્ણય લઈ શકશો. મહિલાઓને પરિવારજનો, સહોદરોથી સુખદ અનુભવ થાય. વિદ્યાર્થીઓ વાંચનમાં નિયમિતતા દાખવી શકશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં ગેરદોરવણી શક્ય હોય સાવધાની દાખવવી જરૂરી છે. ગોચરગ્રહફળ વાયદાના વેપારમાં સાવધાની સૂચવે છે. નોકરી માટે તા. ૫, ૭ શુભ જણાય છે. પ્રવાસમાં યશ મેળવશો. પ્રવાસ દ્વારા કારોબારના વિકાસના કામકાજ સંપન્ન થઈ શકશે. ગૃહિણીઓને સંતાનની અભ્યાસની જવાબદારીમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના નિર્ણયો સાનુકૂળ બની રહેશે. કુટુંબમાં મહિલાઓને એકવાક્યતા જાળવવામાં સફળતા જણાશે. વ્યવહારુપણે મતભેદોનો ઉકેલ લાવી શકશો.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું રોકાણ શક્ય છે તથા વેપારથી પણ લાભ થશે. તા. ૫, ૬, ૭ નોકરીની પ્રવૃત્તિઓમાં સફળતા દર્શાવે છે. નવા કારોબારનો પ્રારંભ શક્ય જણાય છે. ભાગીદાર સાથેનો મતભેદ દૂર થશે. વેપાર વાણિજ્યને પૂર્ણપણે જાળવી શકશો. માંગલિક પ્રસંગોમાં મહિલાઓને સફળતા જણાશે. નોકરી ક્ષેત્રે મહિલાઓ પણ ધ્યાન આપી શકશે. વિદ્યાર્થીઓને પ્રવાસ દ્વારા શૈક્ષણિક કામકાજ સંપન્ન થતાં જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણારોકાણ તથા દૈનિક સાપ્તાહિક વેપાર સફળ જણાશે. નોકરીમાં તા. ૨, ૩, ૪ શુભ પુરવાર થશે. વ્યાપાર દ્વારા નાણાંની આવક જળવાઈ રહેશે. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. કુટુંબના સભ્યનો સુખદ અનુભવ થાય. કુટુંબીજનો કાર્યક્ષેત્રે પ્રોત્સાહક બની રહેશે. મિત્રોમાં મહિલાઓને યશસ્વી અનુભવ થાય. પડોશ સંબંધો સુખદ બની રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સાનુકૂળતા જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના વાયદાના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરી માટે તા. ૩, ૪, ૫ શુભ પુરવાર થશે. મિલકતના નિર્ણયો ઉતાવળે લેવા નહિ. ભાગીદાર કારોબારમાં ઉપયોગી થશે. જન્મકુંડળીના આધારે વાહનની ખરીદીનો નિર્ણય લેવો જરૂરી છે. પ્રવાસ દ્વારા મહિલાઓના કૌટુંબિક જવાબદારીના કામકાજ સંપન્ન થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયનમાં નિયમિતતા જાળવવા અનુકૂળતા જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં જરૂરી માર્ગદર્શન સમયાનુસાર મેળવી શકશો. દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. નોકરીમાં તા. ૪, ૫, ૬ શુભ પુરવાર થશે. વેપારના, વેચાણના નિર્ણયો સફળ બની રહેશે. કુટુંબમાં આર્થિક વ્યવહારો સંપન્ન થશે. મિલકતના નિર્ણયો જન્મકુંડળીના આધારે લેવા જરૂરી છે. નાણાંનાં વચનો, નાણાંનાં જોખમો ટાળવાં જરૂરી છે. મહિલાઓને સંતાનનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓના અભ્યાસના નિર્ણયો સફળ બની રહેશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ પુરવાર થશે. નોકરી માટે તા. ૨, ૩, ૭ શુભ પુરવાર થશે. વેપાર વધશે. નાણાઆવકની વૃદ્ધિ થશે. નવો કારોબાર પણ પ્રારંભી શકશો. વિદ્યાર્થીઓના નિત્ય અભ્યાસ સફળ બની રહેશે.વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના કામકાજ સફળ પુરવાર થશે. ઉચ્ચ પરીક્ષામાં સફળતા મેળવશો.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા કારોબાર, નવી કાર્યપદ્ધતિ અપનાવી શકશો. નોકરી માટે તા. ૨, ૩, ૪ અનુકૂળ જણાય છે. નોકરીના સહકાર્યકરોનો સહયોગ મેળવી શકશો. મિલકત, વાહન, યંત્ર ઈત્યાદિના નિર્ણયો સફળતાથી લઈ શકશો. નાણાઆવક જળવાઈ રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં પડોશ સંબંધો ઉપયોગી થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સહઅધ્યાયીઓ, મિત્રોનો અપેક્ષિત સહયોગ પ્રાપ્ત થશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ તથા દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. તા. ૩, ૪, ૬ના નિર્ણયો નોકરીમાં સફળ બની રહેશે. ઉપરી અધિકારીનો સહયોગ મેળવશો. કાર્યક્ષેત્રે પ્રસિદ્ધિ મેળવશો. હસ્તગત કામકાજ સફળતાથી પૂર્ણ કરી શકશો. મહિલાઓને સ્વજનોનો સુખદ અનુભવ થાય. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓને નવા અભ્યાસની સફળ તકો પ્રાપ્ત થતી જણાશે. ■

## આજનું પંચાંગ

### (ઉત્તરાયણ સૌર શરદઋતુ), રવિવાર, તા. ૧-૯-૨૦૨૪, પર્યુષણ પર્વ શરૂ, પંચમી પક્ષ.

ભારતીય દિનાંક ૧૦, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬

વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, શ્રાવણ વદ-૧૪

જૈન વીર સંવત ૨૫૫૦, માહે શ્રાવણ, તિથિ વદ-૧૪

પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪

પારસી કદમી રોજ ૧૮મો રશ્ને, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪

પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૩

મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૨જો સફર, સને ૧૪૪૬

મીસરી રોજ ૨૭મો, માહે ૨જો સફર, સને ૧૪૪૬

નક્ષત્ર આશ્લેષા રાત્રે ક. ૨૧-૪૮ સુધી, પછી મઘા.

ચંદ્ર કર્કમાં રાત્રે ક. ૨૧-૪૮ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર.

ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૪ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૨, સ્ટા. ટા.

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

ભરતી : સવારે ક. ૧૧-૨૫, રાત્રે ક. ૨૩-૨૬

ઓટઃ સાંજે ક. ૧૭-૨૯, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૧૮ (તા. ૨)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ - ચતુર્દશી. શિવરાત્રિ, આદિત્ય પૂજન, અઘોર ચતુર્દશી, પર્યુષણ પર્વ શરૂ, પંચમી પક્ષ. ભદ્રા સમાપ્તિ સાંજે ક. ૧૬-૨૭.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

સપ્ટેમ્બર માસનાં સંક્ષિપ્ત ગ્રહ દર્શનઃ આજના તા. ૧લી સપ્ટેમ્બરનાં ગ્રહના ઉદય અસ્તઃ ચંદ્ર ઉદયઃ ક. ૦૪-૪૪, ચંદ્ર અસ્તઃ ક. ૧૭-૨૩, બુધ ઉદયઃ ક. ૦૫-૧૧, બુધ અસ્તઃ ક. ૧૭-૫૦, શુક્ર ઉદયઃ ક. ૦૮-૦૬, અસ્તઃ ક. ૨૦-૦૬, મંગળ ઉદયઃ ક. ૦૧-૦૯, અસ્તઃ ક. ૧૪-૧૯, ગુરુ ઉદયઃ ક. ૦૦-૩૪, અસ્તઃ ક. ૧૩-૪૧. શનિ ઉદયઃ ક. ૧૯-૨૦, અસ્તઃ ક. ૦૭-૦૨ (તા. ૧લીએ સૂર્યોદયના સમયે સિંહ રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે કુંભ રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્ય તા. ૧૩મીએ ઉત્તરા ફાલ્ગુનીમાં, તા. ૨૭મીએ હસ્ત નક્ષત્રમાં, સૂર્યનારાયણ સિંહમાંથી તા. ૧૬મીએ કન્યા રાશિમાં પ્રવેશે છે. મંગળ મૃગશીર્ષમાંથી તા. ૬ઠ્ઠી એ આર્દ્રામાં, તા. ૨૯મીએ પુનર્વસુમાં પ્રવેશે છે. બુધ તા. ૪થીએ મઘામાં, તા. ૧૪મીએ પૂર્વાફાલ્ગુનીમાં, તા. ૨૧મીએ ઉત્તરા ફાલ્ગુનીમાં, તા. ૨૮મીએ હસ્ત નક્ષત્રમાં પ્રવેશે છે. માર્ગી બુધ તા. ૪થીએ કર્ક રાશિમાંથી સિંહ રાશિમાં પ્રવેશે છે. તા. ૨૩મીએ કન્યા રાશિમાં પ્રવેશે છે. બુધ તા. ૧૯મીએ પૂર્વમાં અસ્ત થાય છે. ગુરુ વૃષભ રાશિમાં મૃગશીર્ષ નક્ષત્રમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર તા. બીજીએ હસ્તમાં, તા. ૧૩મીએ ચિત્રામાં, તા. ૨૪મીએ સ્વાતિ નક્ષત્રમાં પ્રવેશે છે. શુક્ર કન્યા રાશિમાંથી તા. ૧૮મીએ તુલા રાશિમાં પ્રવેશે છે. વક્રી શનિ કુંભ રાશિમાં પૂર્વાભાદ્રપદા નક્ષત્રમાં રહે છે. રાહુ ઉત્તરાભાદ્રપદા, કેતુ હસ્ત નક્ષત્રમાં રહે છે. હર્ષલ તા. ૧લીએ વક્રી થાય છે. તા. ૧૮મીએ ખંડગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે નહીં. તા. ૨૨મીએ સૂર્યનો દક્ષિણ ગોલારંભ વિષુવદિન ખગોળીય મહાપર્વયોગ બને છે.

મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, તુલસી પૂજા, વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રી સુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ અભિષેક, આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ, પૂજા, સર્પપૂજા, સૂર્ય-બુધ પૂજા, ઔષધ ઉપચાર, નિત્ય થતાં ઘર-ખેતર જમીન-મકાન સ્થાવર લેવડદેવડના કામકાજ, ખેતીવાડીના કામકાજ.

શ્રાવણ મહિમાઃ આજે શિવજીએ ધારણ કરેલ સર્પપૂજાનો મહિમા છે. જન્મકુંડળીમાં ચંદ્ર-બુધના અશુભ યોગ હોય, રાહુ આદિ પાપગ્રહયુક્ત હોય તેમણે આજ રોજ ચંદ્ર-બુધની પૂજા-જાપ અવશ્ય કરવા. શિવપૂજા રુદ્રાભિષેક આજ રોજ લાભદાયી પુરવાર થશે. ચંપાનું પુષ્પ પૂજામાં અર્પણ કરવું.

આચમનઃ ચંદ્ર-બુધ યુતિ તીવ્ર બુદ્ધિ પ્રતિભા , ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ કાર્યક્ષેત્રે અપયશનો ભય.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ યુતિ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧-૯-૨૦૨૪ થી તા. ૭-૯-૨૦૨૪

રવિવાર, શ્રાવણ વદ-૧૪, વિ. સં. ૨૦૮૦, તા. ૧લી સપ્ટેમ્બર, ઈ. સ. ૨૦૨૪. નક્ષત્ર આશ્લેષા રાત્રે ક. ૨૧-૪૮ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં રાત્રે ક. ૨૧-૪૮ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. ભદ્રા સમાપ્તિ સાંજે ક. ૧૬-૨૭. શિવરાત્રિ, આદિત્ય પૂજન, અઘોરા ચતુર્દશી, પર્યુષણ પર્વ શરૂ, પંચમી પક્ષ. શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, શ્રાવણ વદ-૩૦, તા. ૨જી નક્ષત્ર મઘ્યરાત્રે ક. ૨૪-૧૯ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. દર્શ અમાસ, સોમવતી અમાસ, પિઠોરી અમાસ, મન્વાદિ, અમાસ વૃદ્ધિ તિથિ છે. શિવપૂજન, શિવમુષ્ટિ (સત્તુ), કુશગ્રાહિણી અમાસ, નક્તવ્રત સમાપ્ત. હર્ષલ વક્રી, અન્વાધાન. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, શ્રાવણ વદ-૩૦, તા. ૩જી, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૭-૦૯ સુધી (તા. ૪થી) પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. શિવ પાર્થેશ્વર પૂજા સમાપ્તિ, નકલંગ મેળો (ભાવનગર), મંગલાગૌરી વ્રત, ઈષ્ટિ. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, ભાદ્રપદ સુદ-૧, તા. ૪થી, નક્ષત્ર ઉત્તરાફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. 30-૧3 (તા. ૫મી) સુધી, પછી હસ્ત. ચંદ્ર સિંહમાં સવારે ક. ૦૯-૫૪ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. ભાદ્રપદ શુક્લ પક્ષ શરૂ, ચંદ્રદર્શન, મૌનવ્રતારંભ, રુદ્ર વ્રત, રામદેવપીરના નોરતા પ્રારંભ, મહાવીર સ્વામી જન્મવાંચન, બુધ સિંહમાં ક. ૧૧-૪૨. શુભ દિવસ.

ગુરુવાર, ભાદ્રપદ સુદ-૨, તા. ૫મી, નક્ષત્ર હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. સામવેદી શ્રાવણી, મુસ્લિમ ૩જો રબી ઉલ અવ્વલ માસારંભ. શુભ દિવસ.

શુક્રવાર, ભાદ્રપદ સુદ-૩, તા. ૬ઠ્ઠી, નક્ષત્ર હસ્ત સવારે ક. ૦૯-૨૪ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યામાં રાત્રે ક. ૨૩.00 સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. ભદ્રા પ્રારંભ ક. ૨૮-૧૯. કેવડા ત્રીજ, ગૌરી તૃતીયા, હરિતાલિકા વ્રત, મન્વાદિ, વરાહ જયંતી. શુભ દિવસ.

શનિવાર, ભાદ્રપદ સુદ-૪, તા. ૭મી, નક્ષત્ર ચિત્રા બપોરે ક. ૧૨-૩૩ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. શ્રી ગણેશ ચતુર્થી, સિદ્ધિવિનાયક ચતુર્થી, પાર્થિવ શિવપૂજા પ્રારંભ, સંવત્સરી પર્વ, જૈન ચતુર્થી પક્ષ, ભદ્રા સમાપ્તિ ક. ૧૭-૩૭. ચંદ્ર અસ્ત ક. ૨૧-૧૮. શુભ કાર્ય વર્જ્ય છે. ■

# રેલવે પ્રવાસ બધા માટે આરામદાયક બનાવવા પ્રતિબદ્ધઃ વડા પ્રધાન મોદી

નવી દિલ્હીઃ રેલવેએ લાંબા સમયથી ચાલતા પ્રશ્નોના નિરાકરણમાં મોટી પ્રગતિ કરી છે અને જ્યાં સુધી તે સમાજના તમામ વર્ગો માટે આરામદાયક મુસાફરી નહીં મળે ત્યાં સુધી રોકાશે નહીં, એમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું.

વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ત્રણ નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી દાખવતાં મોદીએ કહ્યું હતું કે વંદે ભારત ટ્રેનોના આધુનિકીકરણ અને વિસ્તરણ સાથે વિકસિત ભારતના લક્ષ્ય તરફ દેશ આગળ વધી રહ્યો છે.

વડા પ્રધાન દ્વારા મેરઠથી લખનૌ, મદુરાઈથી બેંગલૂરુ અને ચેન્નઈથી નાગરકોઈલને જોડતી ટ્રેનોને લીલી ઝંડી દાખવવામાં આવી હતી.

વર્ષોની સખત મહેનત દ્વારા રેલવેએ લાંબા સમયથી ચાલતા પ્રશ્નોના નિરાકરણમાં મોટી પ્રગતિ કરી છે અને નવી આશાઓ અને ઉકેલો શોધી કાઢ્યા છે. જ્યાં સુધી ભારતીય રેલવે દરેક માટે આરામદાયક મુસાફરીની ગેરંટી નહીં બને ત્યાં સુધી અમે અટકીશું નહીં, એમ મોદીએ કહ્યું હતું.

વડા પ્રધાને કહ્યું હતું કે આધુનિક રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એ વિકસિત ભારતના વિઝનનો મજબૂત આધારસ્તંભ છે. તેમણે કહ્યું કે આ વર્ષના બજેટમાં રેલવેને રૂ. ૨.૫ લાખ કરોડથી વધુ ફાળવવામાં આવ્યા છે અને સરકાર તેની જૂની છબી બદલવા માટે ભારતીય રેલવેને હાઇ-ટેક સેવાઓ સાથે જોડી રહી છે.

વડા પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે વિકસિત ભારતના લક્ષ્યને પૂર્ણ કરવા માટે દક્ષિણના રાજ્યોનો ઝડપી વિકાસ અનિવાર્ય છે.

દક્ષિણ ભારત અપાર પ્રતિભા, સંસાધનો અને તકોની ભૂમિ છે એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે, સમગ્ર દક્ષિણ ભારતની સાથે તમિલનાડુનો વિકાસ સરકારની પ્રાથમિકતા છે.

તેમણે કહ્યું કે રેલવેની વિકાસ યાત્રા એ સરકારની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ છે. મોદીએ કહ્યું કે આ વર્ષે તમિલનાડુના રેલ બજેટ માટે રૂ. ૬,૦૦૦ કરોડથી વધુની ફાળવણી કરવામાં આવી છે, જે ૨૦૧૪ની સરખામણીએ સાત ગણી વધારે છે.

એ જ રીતે આ વર્ષના બજેટમાં કર્ણાટક માટે રૂ. ૭,૦૦૦ કરોડથી વધુનું બજેટ ફાળવવામાં આવ્યું હતું, જે ૨૦૧૪ની સરખામણીમાં નવ ગણું વધારે હતું.

તેમણે ઉમેર્યું હતું કે આઠ વંદે ભારત ટ્રેન કર્ણાટકના વિવિધ ભાગોને જોડે છે. ■

## નવી વંદેભારત ટ્રેન કન્યાકુમારી જલદી પહોંચાડશેઃ રેલવે

ચેન્નઇઃ રેલવેના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે દેખીતી રીતે (વર્ચ્યુઅલી) લીલી ઝંડી બતાવીને શરૂ કરાવેલી ત્રણ ટ્રેનમાંની એક ચેન્નઇ - નાગરકોઇલ વંદેભારત એક્સપ્રેસથી કન્યાકુમારી જલદી પહોંચી શકાશે.

દક્ષિણ રેલવેના અધિકારીએ જણાવ્યું હતું કે ચેન્નઇ - નાગરકોઇલ વંદે ભારત ટ્રેન ૭૨૬ કિલોમીટરનું અંતર આઠ કલાક અને પચાસ મિનિટમાં પૂરું કરશે. નાગરકોઇલથી કન્યાકુમારી અંદાજે ૨૦ કિલોમીટર દૂર છે અને આ મુસાફરી અન્ય ટ્રેન કે વાહનથી કરી શકાશે.

તેમણે જણાવ્યું હતું કે ચેન્નઇથી હાલમાં બે ટ્રેન સીધી કન્યાકુમારી જાય છે, પણ તે અંદાજે ૧૨ કલાક લગાડે છે. વંદે ભારત ટ્રેન મુસાફરીનો ત્રીજો અને આરામદાયક વિકલ્પ આપે છે.

નવી વંદે ભારત ટ્રેન ત્રિચી, મદુરાઇ, દિંડિગુલ, તિરુનેલવેલી જેવા અનેક ઔદ્યોગિક, વેપારી અને પર્યટન કેન્દ્રને જોડશે. આ ટ્રેનને શનિવારે લીલી ઝંડી બતાવાઇ છે, પરંતુ મુસાફરો માટે રવિવારથી દોડશે. (એજન્સી) ■

## મંદિરોનો વહીવટ માત્ર ધાર્મિક લોકોને જ સોંપોઃ હાઇ કોર્ટ

### "વકીલો અને 'બહારના લોકો'ને મેનેજમેન્ટમાંથી દૂર રાખો"

પ્રયાગરાજ (ઉત્તર પ્રદેશ): અલાહાબાદ વડી અદાલતે વકીલો અને જિલ્લા વહીવટીતંત્રમાંના લોકોને મંદિરોના વહીવટ અને નિયંત્રણથી દૂર રાખવાનો આદેશ આપતા જણાવ્યું હતું કે ધાર્મિક સમુદાયના લોકોને જ મંદિરોનો ચાર્જ આપવો જોઇએ.

તેણે જણાવ્યું હતું કે મંદિરોના જે 'રિસીવર'ની નિમણૂક કરાય, તેને વેદ અને શાસ્ત્રોનું જ્ઞાન હોવું જોઇએ.

દેવેન્દ્રકુમાર શર્મા અને મથુરા જિલ્લાના અન્ય અરજદારે મંદિરને લગતા વિવાદમાં 'રિસીવર'ની નિમણૂક કરવાની દાદ ચાહતી કરેલી અરજીના સંબંધમાં અદાલતે આ ચુકાદો આપ્યો હતો.

ન્યાયાધીશ રોહિત રંજન અગરવાલે અરજીનો નિકાલ કરતા જણાવ્યું હતું કે મથુરા અદાલતમાં પ્રેક્ટિસ કરતા વકીલોની પકડમાંથી આ બધાં મંદિરોને મુક્ત કરવાનો સમય પાકી ગયો છે. અદાલતને જો જરૂર જણાય તો ધાર્મિક જ્ઞાન ધરાવતી વ્યક્તિની નિમણૂક જ 'રિસીવર' તરીકે કરવી જોઇએ.

અદાલતને જણાવાયું હતું કે મથુરાનાં મંદિરોને લગતા ૧૯૭ દીવાની કેસ નિકાલ થયા વિના પડેલા છે.

ન્યાયાધીશે જણાવ્યું હતું કે મંદિરો અને ધાર્મિક ટ્રસ્ટનું સંચાલન કે વહીવટ જો ધાર્મિક વ્યક્તિઓ નહિ, પણ 'બહારની વ્યક્તિઓ' કરતી હશે, તો લોકોનો વિશ્વાસ અને શ્રદ્ધા ઊઠી જશે. (એજન્સી) ■

## બાંગ્લાદેશમાં પૂરઃ કુલ મરણાંક ૫૯

ઢાકાઃ બાંગ્લાદેશમાં પૂરને કારણે છ મહિલા અને ૧૨ બાળક સહિત ઓછામાં ઓછા ૫૯ જણનાં મોત થયાં હોવાની તેમ જ પૂરની ૧૧ જિલ્લાના પચાસ લાખ કરતા પણ વધુ લોકો પર અસર થઈ હોવાનું અધિકારીઓએ શનિવારે જાહેરાત કરી હતી. પૂરની પરિસ્થિતિ અંગે અપડૅટ આપતા ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને રિલિફ ખાતાએ કહ્યું હતું કે પૂરને કારણે કૂમિલ્લા અને ફેની જિલ્લામાં સૌથી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. આ બંને જિલ્લાની સરહદ ત્રિપુરાને અડીને આવેલી છે.

ભારે વરસાદે બાંગ્લાદેશ અને ભારતમાં બે અઠવાડિયા સુધી વિનાશ વેર્યો હતો જેને કારણે અનેક લોકોનાં મોત થયાં હોવા ઉપરાંત ૧૧ જિલ્લાના અંદાજે સાડાપાંચ લાખ કરતા પણ વધુ લોકો અને પશુઓને સુરક્ષિત સ્થળે ખસેડવાની ફરજ પડી હતી.

ભારે વરસાદને કારણે જાનમાલનું થયેલું નુકસાન નવી રચાયેલી બાંગ્લાદેશની સરકારના વહીવટીતંત્ર માટે સૌથી મોટો પડકાર બની ગયું છે.

બાંગ્લાદેશમાં ૨૦૦ કરતા પણ વધુ નદી આવેલી છે જેમાંની ૫૪ નદી બંને દેશમાં વહી રહી છે.

એક અહેવાલ મુજબ સાત લાખ પરિવાર પૂરના પાણીમાં ફસાઈ ગયા હતા તો ચાર લાખ પરિવારે ઊભી કરવામાં આવેલી ૩,૯૨૮ રાહત છાવણીઓમાં આશરો લીધો હતો.

કુલ ૩૬,૧૩૯ પશુઓને પણ રાહત છાવણીમાં આશરો આપવામાં આવ્યો હતો. પરિસ્થિતિ સુધરતાં જ અનેક લોકો રાહત છાવણીમાંથી નીકળી પોતપોતાના ઘરે ગયા હતા. અસરગ્રસ્ત જિલ્લાઓમાં સંદેશવ્યવહાર યંત્રણા પણ પૂર્વવત થઈ હતી. બાંગ્લાદેશમાં નિર્માણ પામેલી વ્યાપક પૂરની પરિસ્થિતિ માટે અલ નીનોની અસર, નદીઓમાં પૂર, હવામાનમાં પલટો વગેરે જવાબદાર હોવાનું હવામાન વિભાગના નિષ્ણાતોએ કહ્યું હતું. (એજન્સી) ■

## ઓડિશાની ભાજપ સરકારે પીએમ ઉષા યોજના લૉન્ચ કરી

ભુવનેશ્વરઃ ઓડિશાની ભાજપ સરકારે શનિવારે પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા અભિયાન (પીએમ ઉષા) યોજના લૉન્ચ કરી હતી. કેન્દ્રના શિક્ષણખાતાના પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન, ઓડિશાના મુખ્ય પ્રધાન મોહન ચરણ અને રાજ્યના ઉચ્ચ શિક્ષણખાતાના પ્રધાન સૂર્યભાણશી સૂરજની હાજરીમાં પીએમ ઉષા યોજના માટે કેન્દ્રના શિક્ષણ ખાતા સાથે એમઓયુ પર સહી કરી હતી. આ માટેની માળખાકીય સુવિધા ઊભી કરવા તેમ જ વિકાસની અન્ય પ્રવૃત્તિઓ માટે કેન્દ્ર સરકાર જુદી જુદી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને રૂ. ૫૦૦ કરોડની સહાય આપશે એમ જણાવી વડા પ્રધાને ઓડિશાના ઉચ્ચ શિક્ષણને મજબૂત કરવા ૩૧મી ઑગસ્ટને સીમાચિહ્નરૂપ દિવસ લેખાવ્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પીએમ ઉષા યોજનાને નેશનલ એજ્યુકેશન પૉલીસી ૨૦૨૦ને અમલમાં મૂકવાની દિશામાં મહત્ત્વનું પગલું લેખાવ્યું હતું. રાજ્યમાં ઉચ્ચ શિક્ષણને નવી ઊંચાઈએ લઈ જવા, લોકો માટે તે સરળતાપૂર્વક ઉપલબ્ધ બને, શિક્ષણ વધુ અસરકારક બને તેમ જ તેમાં સમાનતા, પારદર્શિતા, જવાબદારી લાવવા અને ગુણવત્તામાં સુધારો કરવા સહિતના લક્ષ્યને પાર પાડવા પીએમ ઉષા યોજના મહત્ત્વની શરૂઆત છે, એમ તેમણે કહ્યું હતું. આ યોજના માટે આપવામાં આવનારી ગ્રાન્ટની ૬૦ ટકા રકમ કેન્દ્ર સરકાર આપશે તો ૪૦ ટકા રકમનો ભાર રાજ્ય સરકારે ઉપાડવાનો રહેશે. (એજન્સી) ■

## જર્મનીમાં બસમાં છરાબાજીમાં છ ઘાયલ

બર્લિન : પશ્ચિમ જર્મનીમાં બસમાં છરાબાજીની ઘટનામાં છ લોકોને ઇજા થઇ હતી અને પોલીસે હૂમલાખોર ૩૨ વર્ષીય મહિલાની ધરપકડ કરી હતી. સત્તાવાળાઓએ શનિવારે કહ્યું કે આ ઘટનામાં રાજકીય અથવા ધાર્મિક હેતુના કોઈ પુરાવા નથી.

પોલીસે જણાવ્યું હતું કે સીજેનમાં ધરપકડ કરાયેલી મહિલા જર્મન નાગરિક હતી અને તેના મૂળ કોઈ ઈમિગ્રન્ટ નથી.

પોલીસે શુક્રવારે સાંજે જણાવ્યું હતું કે હુમલો કરાયેલા ત્રણ લોકોની હાલત ગંભીર છે.

કોલોનના પૂર્વમાં આવેલા સિજેનમાં સાંજે ૭.૪૦ વાગ્યે બસ શહેરમાં એક સ્થાનિક તહેવાર માટે જઈ રહી હતી ત્યારે ચાકુથી હુમલો થયો હતો, એ વખતે બસમાં ઓછામાં ઓછા અન્ય ૪૦ લોકો સવાર હતા.

પોલીસ અને ફરિયાદીઓએ જણાવ્યું હતું કે ઘાયલ થયેલા છ લોકો ૧૬ થી ૩૦ વર્ષની વયના હતા અને બધા આ પ્રદેશના હતા. ■

## ગુજરાતમાં પીએમ જન-ધન યોજના હેઠળ લાભાર્થીઓની સંખ્યા ૧.૮૭ કરોડને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતના લોકોની સુખાકારીમાં વધારો થાય એ ઉદ્દેશથી વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે ૨૮ ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ દેશના તમામ લોકોને મૂળભૂત નાણાકીય સેવાઓ જેવી કે બેન્ક ખાતા, ઉધાર, ચૂકવણીઓ, બચત અને થાપણો, ક્રેડિટ, વીમા અને પેન્શન વગેરે સરળતાથી મળી રહે તેવા ઉદ્દેશથી પ્રધાનમંત્રી જન ધન યોજના શરૂ કરી હતી. છેલ્લા દસ વર્ષમાં ગુજરાતમાં પ્રધાનમંત્રી જન-ધન યોજના હેઠળ લાભાર્થીઓની સંખ્યા ૧.૮૭ કરોડને પાર પહોંચી ગઈ છે, અને ખાતાઓમાં રૂ.૯,૬૮૧ કરોડથી પણ વધારે બેલેન્સ નોંધાયું છે. ગ્રામીણ/સેમી-અર્બન સેન્ટરની બેન્ક શાખાઓમાં લાભાર્થીઓની સંખ્યા ૧,૧૨,૩૫,૬૦૫ છે, જ્યારે શહેરી/મેટ્રો સેન્ટરની બેન્ક શાખાઓમાં આ સંખ્યા ૭૫,૨૮,૮૭૨ છે. એટલે કે રાજ્યમાં આ યોજનાના કુલ ૧,૮૭,૬૪,૪૭૭ લાભાર્થીઓ છે. આ લાભાર્થીઓના ખાતામાં રૂ. ૯,૬૮૧ કરોડથી પણ વધારે બેલેન્સ છે અને આ યોજના હેઠળ ૧,૪૧,૯૧,૮૦૫ રૂપે કાર્ડ જારી કરવામાં આવ્યા છે. ■

પહેલા પાનાનું ચાલુ

### બંદોની-પ્રિયાંશની

૨ન બનાવ્યા હતા અને ટી-૨૦ ક્રિકેટના આખા ફૉર્મેટમાં કોઈ પણ વિકેટ માટેની આ સર્વશ્રેષ્ઠ ભાગીદારી છે. બદોની-પ્રિયાંશની જોડીએ સાઉથ દિલ્હી સુપરસ્ટાર્સને રોમાંચક વિજય અપાવ્યો હતો.

સુપરસ્ટાર્સ ટીમે ૩૦૮/૫ના તોતિંગ સ્કોર બાદ નોર્થ દિલ્હી સ્ટ્રાઇકર્સની ટીમને ૧૧૨ રનથી હરાવી દીધી હતી. નોર્થ દિલ્હી ટીમ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૯૬ રન બનાવી શકી હતી.

બદોની-પ્રિયાંશની આ ભાગીદારીની પહેલાં અણનમ ૨૫૮ રનની વિક્રમજનક ભાગીદારી જાપાનના યામામોતો-કાદોવાકીના નામે હતી જે તેમણે ગયા ફેબ્રુઆરીમાં ચીન સામે નોંધાવી હતી.

સાઉથ દિલ્હી સુપરસ્ટાર્સ નામની ટીમનો સ્કોર શરૂઆતમાં ૧૩/૧ હતો, પરંતુ બદોની-પ્રિયાંશની ૨૮૬ રનની પાર્ટનરશિપ સાથે સ્કોર ૨૯૯/૨ ઉપર પહોંચાડી દીધો હતો.

બદોની અને પ્રિયાંશે કુલ મળીને ૨૯ સિક્સર ફટકારી હતી. સાઉથ દિલ્હીની ટીમે કુલ ૩૧ સિક્સર ફટકારી જે હવે નવો વર્લ્ડ રેકૉર્ડ છે. આ ટીમે નેપાલનો ૨૬ છગ્ગાનો રેકૉર્ડ તોડ્યો છે.

એકલા બદોનીએ ૧૯ સિક્સર ફટકારી હતી અને એ સાથે તેણે એક ટી-૨૦માં સૌથી વધુ ૧૮ છગ્ગા ફટકારવાના ક્રિસ ગેઇલનો બાંગ્લાદેશ પ્રીમિયર લીગમાંનો સાત વર્ષ જૂનો વર્લ્ડ રેકૉર્ડ તોડી નાખ્યો હતો.

પ્રિયાંશે એક ઓવરમાં છ સિક્સર ફટકારીને યુવરાજ સિંહ, કીરૉન પોલાર્ડ તેમ જ નિકોલસ પૂરનની બરાબરી કરી હતી.

સુપરસ્ટાર્સના ૩૦૮ રન ટી-૨૦ ક્રિકેટમાં સેકન્ડ હાઇએસ્ટ ટીમ-સ્કોર છે. નેપાલનો મોંગોલિયા સામેનો ૩૧૪/૩નો સ્કોર ટી-૨૦ના ઇતિહાસમાં સૌથી મોટો છે. ■

### ગુજરાતમાં આજથી

વરસાદ થવાની સંભાવના છે. મંગળવારે આણંદ, પંચમહાલ, દાહોદ, ભરૂચ, ભાવનગર તથા નર્મદા જિલ્લામાં તથા બુધવારે ભરૂચ અને નર્મદા જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આવતા ચાર દિવસ મુખ્યત્વે દક્ષિણ અને મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં એકમાત્ર ભાવનગર નિશાન બની શકે છે. ત્યારબાદ વરસાદી ગતિ-વ્યાપ તથા અન્ય પરિબળો ઉમેરાય છે કે કેમ તેના પર વરસાદનો આધાર રહી શકે છે. હવામાન નિષ્ણાતોએ એમ પણ જણાવ્યુ હતું કે, મંગળવાર આસપાસ વધુ પરિબળો ઉમેરાય તેમ છે અને તે સંજોગોમાં વરસાદનો વ્યાપ વધી શકે છે.

બીજી તરફ ગુજરાતમાં મેઘતાંડવ સર્જનાર ડીપ કચ્છનાં કાંઠેથી દરિયામાં ઉતરી ગયુ છે અસના વાવાઝોડામાં પરિવર્તિત થઈને પ્રતિ કલાક ૬ કિમીની ઝડપે પશ્ચિમી ઉત્તર પશ્ચિમ તરફ આગળ ધપી રહ્યું છે. હજુ બે દિવસ ભારતથી દૂર જતું જશે. નલીયાથી ૧૦૦ કિમી તથા કરાચીથી ૧૭૦ કિમી દૂર હતું તે પાક તરફ આગળ જાય છે. જોકે દરિયામાં જ તે નબળુ પડી જવાનું અનુમાન છે.

### યુપીઆઈ વપરાશનો

કહ્યું હતું. વૈશ્વિક સ્તરે યુપીઆઈના વપરાશનો વ્યાપ વધશે અને ભવિષ્યમાં તેનું આંતરરાષ્ટ્રીયકરણ થશે એવી અમને આશા છે, એમ તેમણે કહ્યું હતું. મુંબઈમાં બુધવારે એક કાર્યક્રમ દરમિયાન બોલતાં તેમણે કહ્યું હતું કે આ મામલે ઉલ્લેખનીય પ્રગતિ થઈ છે. ભૂતાન, નેપાલ, શ્રીલંકા, સિંગાપોર, યુએઈ, મૉરેસિયસ, નામિબિયા, પેરુ, ફ્રાન્સ અને અન્ય દેશોએ રૂપે કાર્ડ અને યુપીઆઈ નેટવર્ક મારફતે પેમેન્ટને સ્વીકૃતિ આપી છે. (એજન્સી) ■

### ગુજરાતમાં વરસાદ પછી

અત્યાર સુધીમાં એકપણ મોત થયું નથી. શહેરના સાંગણવા ચોક પાસે આવેલી કોટક શેરીમાં ૪૩ વર્ષીય મહિલાને કોલેરા હોવાનું સામે આવ્યા બાદ આસપાસનો ૨ કિમી.નો વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો હતો. આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આસપાસનાં ૨૫૦ ઘરોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

સુરત સિવિલ હૉસ્પિટલમાંથી મળતી માહિતી પ્રમાણે સુરત શહેરમાં અત્યારસુધીમાં આ સિઝનમાં ૧૩ જેટલા કોલેરાના કેસ સુરતમાં નોંધાયા છે. તે જ પ્રકારે વડોદરા મહાનગરપાલિકામાં અત્યારસુધીમાં ૨૨૫ જેટલાં સેમ્પલ લેવામાં આવ્યાં છે, જેમાંથી કુલ ૨૮ કેસ કોલેરાના નોંધાયા છે. આ આંકડા ૧ જાન્યુઆરી ૨૦૨૪થી આજ દિવસ સુધીના છે.

### બ્રાઝિલે સોશિયલ

થઇ હોવા છતાં કોઇનું નામ જાહેર નહોતું કરાયું અને તેને લીધે 'એક્સ'ની સેવા સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવાયો હતો.

ઇલોન મસ્ક અને બ્રાઝિલની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની વચ્ચે વિચારની અભિવ્યક્તિની સ્વતંત્રતા, ખોટી માહિતી ફેલાવવા સહિતના વિવિધ મુદ્દે છેલ્લા એક મહિનાથી કલહ ચાલતો હતો.

બ્રાઝિલના દૂરસંચાર ક્ષેત્રના નિયામક 'એનાટેલ'એ 'એક્સ' બ્લોક કરવાનો આદેશ ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર્સને આપતા જણાવ્યું હતું કે બ્રાઝિલમાં ઇન્ટરનેટના વપરાશકારો 'એક્સ' ખોલી ન શકે, તે રીતે તેને બ્લોક કરવું પડશે.

ન્યાયાધીશે 'એક્સ'ને પોતાના આદેશનું પાલન ન કરે ત્યાં સુધી તેને સસ્પેન્ડ કરવાનો અને વીપીએનથી એક્સેસ મેળવવા માગતા લોકો કે કંપનીઓને દરરોજ ૮,૯૦૦ ડૉલરનો દંડ કરવાનો પણ હુકમ કર્યો હતો. (એજન્સી) ■

### કમલા હેરિસ

મૂળની માતા અને આફ્રિકાના મૂળના પિતાની ૫૯ વર્ષની દીકરી કમલા હેરિસ અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીમાં ૭૮ વર્ષીય ડોનલ્ડ ટ્રમ્પની કટ્ટર હરીફ છે.

ટ્રમ્પે નફાના આશય વિના કામ કરતી સંસ્થા 'મોમ્સ ફોર લિબર્ટી'ના શુક્રવારે યોજાયેલા વાર્ષિક મેળાવડામાં જણાવ્યું હતું કે આપણે બધાએ ટીવી પર પ્રસારિત ઇન્ટરવ્યૂમાં જોયું હતું કે કમલા 'ડિફેક્ટિવ' વ્યક્તિ છે અને અમેરિકાને પ્રમુખપદે વધુ એક 'ડિફેક્ટિવ' વ્યક્તિની જરૂર નથી.

અગાઉ, ટ્રમ્પે કમલા હેરિસના શારીરિક દેખાવની ટીકા કરતા જણાવ્યું હતું કે હું તેના (કમલા) કરતા ઘણો સારો દેખાઉં છું.

અમેરિકાના આ ભૂતપૂર્વ પ્રમુખે થોડા દિવસ પહેલા એવું નિવેદન પણ કર્યું હતું કે કમલા હેરિસ મૂળ ભારતીય છે કે અશ્વેત, તે ખબર નથી પડતી. (એજન્સી) ■

# હાર્બર લાઇનમાં ટ્રેનોના ધાંધિયાઃ પીક અવર્સમાં પ્રવાસીઓ પરેશાન

### પશ્ચિમ રેલવેમાં પણ ટ્રેનો મોડી દોડી



**હાલાકીઃ** હાર્બર લાઇનમાં શનિવારે પીક અવર્સમાં માનખુર્દ અને વાશી સ્ટેશન વચ્ચે ઓવરહેડ વાયર તૂટી પડવાને કારણે ટ્રેનવ્યવહાર ખોરવાયો હતો જેને કારણે પ્રવાસીઓ રઝળી પડ્યા હતા. (અમય ખરાડે)

મુંબઈઃ મધ્ય રેલવેમાં હંમેશાં ટ્રેનના ધાંધિયા રહેતા હોય છે જેને કારણે પ્રવાસીઓને હાલાકીનો સામનો કરવો પડતો હોય છે. શનિવારે પણ મધ્ય રેલવેના હાર્બર લાઇનમાં માનખુર્દ અને વાશી સ્ટેશન વચ્ચે ઓવરહેડ વાયરમાં ખામી સર્જાતા ટ્રેન વ્યવહાર ખોરવાયો હતો જેને કારણે ભીડના સમયે જ પ્રવાસીઓ હેરાન થઇ ગયા હતા. મેજર બ્લોકને લીધી પશ્ચિમ રેલવેની ટ્રેનો પણ આખો દિવસ મોડી દોડી હતી.

વાશી જતી ડાઉન લાઇનમાં સવારે ૭.૩૦ કલાકે ઓવરહેડ વાયર તૂટી પડ્યો હતો અને બે કલાક સુધી ટ્રેન સેવા સંપૂર્ણ રીતે બંધ રહી હતી. સવારે ૯.૩૦ કલાક સુધી સમારકામ ચાલ્યું હતું અને ત્યાર બાદ ટ્રેનો શરૂ થઇ હતી, એમ મધ્ય રેલવેના પ્રવક્તાએ જણાવ્યું હતું.

સમારકામ પૂર્ણ થયા બાદ પણ ટ્રેનો અડધો કલાક સુધી મોડી દોડી રહી હતી એમ એક પ્રવાસીએ જણાવ્યું હતું. વાશી એ નવી મુંબઈનું સ્ટેશન છે અને માનખુર્દ મુંબઈમાં આવેલું છે. આ બન્ને સ્ટેશનને ખાડી પર બનાવવામાં આવેલા રેલવે બ્રિજ દ્વારા જોડવામાં આવ્યા છે.

માનખુર્દ અને વાશી વચ્ચે ઓવરહેડ વાયર તૂટી પડવાને કારણે ટ્રેન વ્યવહાર ઠપ્પ થયો છે. સવારે ૯.૩૦ કલાક સુધી સમારકામ પૂર્ણ કરાયું હતું. આ સમય દરમિયાન પ્રવાસીઓને એજ ટિકિટ પર ટ્રાન્સહાર્બર લાઇનની ટ્રેનો દ્વારા સફર કરવાની છૂટ આપવામાં આવી હતી, એમ મધ્ય રેલવેના ડિવિઝનલ મેનેજર રજનિસ ગોયલે 'એક્સ' પર પોસ્ટ કરી જણાવ્યું હતું. ■

## આજે મધ્ય રેલવેમાં માટુંગા-મુલુંડ વચ્ચે સ્લો લાઇન પર મેગા બ્લોક

મુંબઈ મધ્ય રેલવે દ્વારા રવિવારે મેઈન્ટેનન્સ વર્ક અને સિગ્નલ મેઈન્ટેનન્સ વર્ક માટે મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. આ બ્લોકને કારણે લોકલ ટ્રેનોના ધાંધિયા જોવા મળશે. જો તમે પણ ગણપતિના શોપિંગ માટે નિકળવાનું પ્લાનિંગ કરી રહ્યા હો તો આ સમાચાર તમારા માટે જ છે. પશ્ચિમ રેલવેમાં મોડી રાતથી રવિવારે સવાર સુધીનો બ્લોક હોવાથી આજે દિવસ દરમિયાન કોઇ બ્લોક નહીં હોય.

મધ્ય રેલવે પર આવતી ૧૧થી બપોરે ૩.૫૫ વાગ્યા સુધી માટુંગા-મુલુંડ વચ્ચે અપ-ડાઉન સ્લો લાઈન પર મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમયગાળા દરમિયાન માટુંગા-મુલુંડ વચ્ચે અપ-ડાઉન સ્લો લાઈન પર બ્લોક લેવામાં આવશે. આ સમયગાળા દરમિયાન અપ-ડાઉન સ્લો લોકલ અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર દોડાવવામાં આવશે. ટ્રેનો સાયન, કુર્લા, ઘાટકોપર, વિક્રોલી, ભાંડુપ અને મુલુંડ સ્ટેશન પર હોલ્ટ આપવામાં આવશે. માટુંગા બાદ આ લોકલ ટ્રેન ફરી સ્લો લાઈન પર ડાયવર્ટ કરવામાં આવશે.

હાર્બર લાઈન પર સવારે ૧૦.૩૦થી ૩.૩૬ કલાક સુધી સીએસએમટી-પનવેલ, બેલાપુર અને વાશી વચ્ચે અપ-ડાઉન લાઈન પર ટ્રેનો સંપૂર્ણપણે બંધ રહેશે.

બ્લોકના સમયગાળા દરમિયાન સીએસએમટી-કુર્લા અને પનવેલ-વાશી વચ્ચે સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવશે.■

# ઓગસ્ટ મહિનામાં પ્રોપર્ટી બૂમ

▶ શહેરમાં મિલકતની નોંધણીમાં ૮ ટકા અને રેવન્યૂમાં થયો ૩૨ ટકાનો વધારો

▶ રાજ્યની તિજોરીમાં જમા થયા ₹ ૧૦૭૨ કરોડ

મુંબઈઃ આ વરસે મુંબઈ પાલિકાની હદમાં માત્ર ઓગસ્ટ મહિનામાં જ ૧૧,૭૩૫ પ્રોપર્ટીનાં રજિસ્ટ્રેશન થયાં હતાં, જેને કારણે રાજ્યની તિજોરીમાં રૂ. ૧૦૭૨ કરોડની મહેસૂલ જમા થઇ હતી. પ્રોપર્ટીનાં રજિસ્ટ્રેશનમાં ૮ ટકાનો, જ્યારે સ્ટેમ્પ ડ્યૂટીની આવકમાં ૩૨ ટકાનો વધારો થયો છે.

ઓગસ્ટ મહિનામાં સૌથી વધુ રજિસ્ટ્રેશનને કારણે મુંબઈની પ્રોપર્ટી માર્કેટ સીમાચિહ્ન સુધી પહોંચી ગઇ છે. છેલ્લા એક દાયકામાં પ્રોપર્ટીના વેચાણમાં સૌથી મોટો ઉછાળો હોવાનું તેમ જ સૌથી વધુ કલેક્શન હોવાનું જણાય છે. બજારમાં ૮૦ ટકા સાથે રેસિડેન્શિયલ યુનિટ્સનું વર્ચસ્વ વધુ હોવાનું જોવા મળ્યું હતું. આના પરથી જ એ નિશ્ચિત થાય છે કે રેસિડેન્શિયલની માગ વધી રહી છે.

શહેરમાં પ્રોપર્ટી માર્કેટના વ્યવહારમાં ખાસ્સો વધારો જોવા મળી રહ્યો છે. વર્ષના પ્રથમ આઠ મહિનામાં પ્રોપર્ટીનું વેચાણ ૧૦,૦૦૦ યુનિટ્સને વટાવી ગયું છે, જે ઓગસ્ટ ૨૦૨૩થી સતત અગિયાર મહિનાની વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે. જાન્યુઆરીથી ઓગસ્ટ, ૨૦૨૪ દરમિયાન પ્રોપર્ટીનાં રજિસ્ટ્રેશનમાં અધધધ ઉછાળો જોવા મળ્યો હતો. જે ગયા વર્ષની સરખામણીએ ૧૬ ટકાનો વધારો દર્શાવે છે. આ વ્યવહારોથી થતી આવકમાં ૧૦ ટકાનો વધારો થયો છે. અગાઉની રૂ. ૭૨૬૨ કરોડની સરખામણીએ આ વર્ષે રૂ. ૮૦૧૦ કરોડ થઇ હતી.

બે કરોડ રૂપિયા અને તેનાથી વધુની કિંમતની પ્રોપર્ટીના ટ્રાન્ઝેક્શનમાં વાર્ષિક ધોરણે ૭૭ ટકાનો વધારો થતાં કુલ ૨૬૯૯ એકસમો સાથે ઉચ્ચ મૂલ્યવાળી પ્રોપર્ટીની માગમાં વધારો જોવા મળ્યો છે. એકંદરે બજારમાં ઉચ્ચ મૂલ્ય ધરાવતી મિલકતોનું પ્રમાણ ઓગસ્ટ, ૨૦૨૩માં ૧૪ ટકાથી વધીને ઓગસ્ટ, ૨૦૨૪માં ૨૩ ટકા થયું હતું. તેનાથી વિપરીત આ જ સમયગાળા દરમિયાન રૂ. ૫૦ લાખથી ઓછી કિંમતની મિલકતોનો હિસ્સો નોંધપાત્ર રીતે ૪૪ ટકાથી ઘટીને ૨૧ ટકા થયો હતો. ■

## મલાડમાં હોટેલની કોફીમાં વાંદો મળી આવ્યો

મુંબઈઃ સ્વાસ્થ્યને નુકસાન કરતું ભોજન અથવા ડ્રિન્ક પીરસવા માટે મલાડ પોલીસે એક હોટેલના મેનેજર, વેઇટર અને અન્યો સામે એફઆઇઆર નોંધી હતી. ૩૦મી ઓગસ્ટે એક ગ્રાહક તેના મિત્ર સાથે મલાડ પશ્ચિમમાં ઇન્ફિનિટી મોલની સામે આવેલી સોલિટેર બિલ્ડિંગમાં આવેલી એક હોટેલમાં ગયો હતો અને કોલ્ડ કોફી ઓર્ડર કરી હતી. બન્નેને કોફી કડવી લાગી હતી તેથી તેમને વેઇટરને તેમાં સાકર ઉમેરવા કહી હતી. વેઇટરે બન્નેના ગ્લાસમાં ખાંડ નાખી હતી અને ફરી તે કોફી સર્વ કરી હતી.

કોફી સ્ટ્રોથી પીતી વખતે ગ્લાસમાં કંઇ હોવાનું જણાયું હતું. ધ્યાનથી જોતા તેમાં વાંદો હતો. ગ્રાહકે તાત્કાલિક તેનો ફોટો પાડીને વેઇટરને બોલાવ્યો હતો અને તે વાંદો દેખાડ્યો. થોડી વારમાં ત્યાં હોટેલના માલિક પણ આવ્યા હતા.

ગ્રાહક અને તેના મિત્ર બન્નેને લઇને રસોડામાં લઇ ગયા હતા અને વાંદો ત્યાં આવી જ નહીં શકે એની સ્પષ્ટતા કરી આપી હતી.

આખરે તે ગ્રાહકે પોલીસ સ્ટેશનમાં એફઆઇઆર નોંધાવી હતી. ■

## ૫૦ હજારની લાંચઃ ઘાટકોપરની કોલેજના અધિકારીની ધરપકડ

મુંબઈઃ પુત્રીને એડ્મિશન અપાવવા માટે પિતા પાસેથી ૫૦ હજાર રૂપિયાની કથિત લાંચ લેવા બદલ એન્ટી કરપ્શન બ્યૂરો (એસીબી)એ ઘાટકોપરની કૉલેજના એડ્મિનિસ્ટ્રેટિવ ઑફિસરની ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપીની ઓળખ રવીન્દ્રનાથ સિંહ (૫૬) તરીકે થઈ હતી. ઘાટકોપરની રામનિરંજન ઝુનઝુનવાલા કૉલેજ ઑફ આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સમાં સિંહ એડ્મિનિસ્ટ્રેટિવ ઑફિસર તરીકે કાર્યરત હતો. ફરિયાદીની પુત્રીને કૉલેજમાં કૉમર્સ ફેકલ્ટીમાં ૧૧મા ધોરણ માટે એડ્મિશન જોઈતું હતું. જોકે કૉલેજ દ્વારા જાહેર કરાયેલા લિસ્ટમાં તેનું નામ નહોતું. પરિણામે વિદ્યાર્થિની અને તેના પિતા સિંહને મળવા કૉલેજ ગયાં હતાં. તેમણે એડ્મિશનની પ્રક્રિયામાં મદદરૂપ થવાની વિનંતી સિંહ સમક્ષ કરી હતી, એમ એસીબીના અધિકારીએ જણાવ્યું હતું.ફરિયાદી સ્થાનિક વિધાનસભ્યને પણ મળ્યા હતા. વિધાનસભ્યએ કૉલેજને સંબોધીને લેટર પણ આપ્યો હતો. જોકે ફરિયાદી ફરી સિંહને મળતાં સિંહે એડ્મિશન માટે દોઢ લાખ રૂપિયાની માગણી કરી હતી. તડજોડ પછી ૫૦ હજાર રૂપિયા આપવાનું નક્કી થયું હતું. લાંચની રકમ સ્વીકારનારા સિંહને એસીબીએ પકડી પાડ્યો હતો. (પીટીઆઈ) ■



**દુર્ઘટનાઃ** મુંબઈના ગિરગામ ખાતે શનિવારે કોલાબા-બાન્દ્રા-સીપ્ઝ માર્ગની મેટ્રો-૩ લાઇનની સાઇટ પર કામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક ક્રેન તૂટી પડી હતી. (અમય ખરાડે)

## મેટ્રો-૧માં ચિક્કાર ગિરદી, છતાં કંપની હજી ખોટમાં

મુંબઈઃ ઘાટકોપર-વર્સોવા-ઘાટકોપરના મેટ્રો-૧ માર્ગ પર પ્રવાસીઓની ભીડ વધી ગઇ છે. આ મેટ્રો લાઇનમાં પ્રવાસીઓની ભીડ જામતી હોવા છતાં તેનું સંચાલન કરનારી કંપની ખોટમાં જઇ રહી છે. તેથી કંપનીએ હવે ટિકિટ સિવાય સ્ટેશનોનું બ્રાન્ડિંગ દ્વારા મહેસૂલ વસૂલવાની તૈયારી શરૂ કરી છે.

મેટ્રો-૧ માર્ગનું સંચાલન રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીના નેતૃત્વ હેઠળની મુંબઈ મેટ્રો વન પ્રા. લિ. (એમએમઓપીએલ) કંપની દ્વારા કરવામાં આવે છે. આ લાઇન ૨૦૧૪થી શરૂ થઇ ત્યારથી ખોટમાં જઇ રહી છે અને કંપનીના માથા પર રૂ. ૧૭૦૦ કરોડનું કરજ છે. હાલમાં કંપનીની વાર્ષિક ખોટ સરેરાશ રૂ. ૪૦૦ કરોડ છે.

આ માર્ગ પર પ્રવાસીઓની સંખ્યા દિવસે-દિવસે વધી રહી છે. ગયા વર્ષે રોજિંદા પ્રવાસીઓની સંખ્યા ૪.૩૦ લાખ સુધી હતી જે હવે ૪.૮૦ લાખ સુધી પહોંચી ગઇ છે, જ્યારે છેલ્લા વીસ દિવસમાં પ્રવાસીઓની સંખ્યા પાંચ લાખને પાર કરી ગઇ હતી. તેમ છતાં કંપની ખોટમાં જઇ રહી હોવાથી સ્ટેશનોનું બ્રાન્ડિંગ કરીને મહેસૂલ મેળવવા માટેના પ્રયાસ શરૂ કરાયા છે.

આ અગાઉ કંપનીએ ચાર સ્ટેશનોનું બ્રાન્ડિંગ કર્યું હતું, પરંતુ તે કોન્ટ્રેક્ટ ત્રણ મહિના પહેલા જ પૂરા થયા હતા.■

### ₹ ૬૦ કરોડ મળવાનો અંદાજ

સ્ટેશનોના બ્રાન્ડિંગ કોન્ટ્રેક્ટ અંદાજે પાંચ વર્ષ માટે હશે. દરેક સ્ટેશન પાછળ વર્ષે સરેરાશ રૂ. પાંચ કરોડ મહેસૂલ કંપનીને મળી શકે. તેથી ૧૨ સ્ટેશન દ્વારા દર વર્ષે રૂ. ૬૦ કરોડ ઊભા થઇ શકે છે.

## મુંબઈમાં મલેરિયા, ડેન્ગ્યૂ અને ચિકનગુનિયાનો આતંક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ગયા વર્ષ કરતાં આ વર્ષે ઑગસ્ટમાં મચ્છરોના કરડવાથી થતા મલેરિયા, ડેન્ગ્યૂ અને ચિકનગુનિયાના કેસમાં ધરખમ વધારો થયો છે. એ સાથે જ સ્વાઈનફ્લૂ, હેપેટાઈટીસ અને ગૅસ્ટ્રોના કેસમાં પણ ચિંતાજનક રીતે વધારો થયો છે.

ચોમાસજન્ય બીમારીઓ કહેવાતા મલેરિયા, ડેન્ગ્યૂના કેસમાં ગયા વર્ષની ઑગસ્ટની સરખામણીમાં આ વર્ષે ઑગસ્ટમાં ચિંતાજનક રીતે વધારો થયો છે. ખાસ કરીને ચોમાસાના સમયમાં ઠેર-ઠેર ભરાઈ રહેતાં પાણીમાં મચ્છરોની ઉત્પત્તિ વધવાને કારણે બીમારીમાં વધારો થયો હોય છે.

ડેન્ગ્યૂ અને ચિકનગુનિયા બીમારી એડિસ મચ્છરોને કારણે થયા છે. હાલ છૂટાછવાયા પડતા વરસાદને કારણે પાણી ભરાઈ જવાને કારણે એડિસ મચ્છરોની ઉત્પત્તિ વધી ગઈ છે.

આ વર્ષે ઑગસ્ટમાં મલેરિયાના ૧,૧૭૧, ડેન્ગ્યૂના ૧,૦૧૩, ચિકનગુનિયાના ૧૬૪, લેપ્ટોસ્પાયરોસિસના ૨૭૨, ગૅસ્ટ્રોના ૬૯૪, હેપેટાઈટીસના ૧૬૯ અને સ્વાઈનફ્લૂના ૧૭૦ કેસ નોંધાયા છે. ગયા વર્ષે ઑગસ્ટમાં આ સમયે મલેરિયાના ૧,૦૮૦, ડેન્ગ્યૂના ૯૯૯, ચિકનગુનિયાના ૩૫, લેપ્ટોસ્પાયરોસિસના ૩૦૧, ગૅસ્ટ્રોના ૯૭૮, હેપેટાઈટીસના ૧૦૩ અને સ્વાઈનફ્લુના૧૧૬ કેસ નોંધાયા હતા.

આ દરમિયાન મલેરિયાને નિયંત્રણમાં લાવવા માટે ઑગસ્ટમાં ૨૪,૦૧૬ ઈમારતો અને ૩,૯૧૦ કન્સ્ટ્રક્શન સાઈટની તપાસ કરવામાં આવી હતી. ૬૪,૬૨૮ મચ્છરના પ્રજનન સ્થળોની તપાસ કરી હતી, જેમાં ૪,૮૭૭ સ્થળે ઍનાફિલીસ મચ્છરોની ઉત્પત્તિના સ્થળ મળી આવ્યા હતા. ■

## પીટીના ક્લાસમાં ચક્કર આવી પડી ગયેલા વિદ્યાર્થીનો જીવ ગયો

મુંબઈઃ કાંદિવલીની શાળામાં ફિઝિકલ ટ્રેનિંગ (પીટી)ના ક્લાસમાં દોડતી વખતે ચક્કર આવવાને કારણે જમીન પર ફસડાઈ પડેલા આઠ વર્ષના વિદ્યાર્થીનું મૃત્યુ થયું હતું.

સમતાનગર પોલીસના જણાવ્યા મુજબ વિદ્યાર્થીની ઓળખ શિવાંશ ઝા તરીકે થઈ હતી. ત્રીજા ધોરણમાં ભણતો શિવાંશ શુક્રવારે બપોરે પીટીના ક્લાસમાં દોડતી વખતે ચક્કર આવવાને કારણે પડી ગયો હતો. બેભાન બાળકને તાત્કાલિક કાંદિવલીની ખાનગી હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. તબીબે બાળકને મૃત જાહેર કર્યો હતો. વડીલો બાળકને શતાબ્દી હૉસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં તબીબ દ્વારા પોલીસને જાણ કરાઈ હતી. શિવાંશ કઈ રીતે પડી ગયો હતો અને તેનું મૃત્યુ થયું તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. પોલીસે બાળકના શિક્ષક અને શાળાના અન્ય સ્ટાફનાં નિવેદન નોંધવાની પ્રક્રિયા હાથ ધરી હતી. ■

## પાંચ લાખના ગુટકા જપ્ત

થાણેઃ નવી મુંબઈમાં આવેલા એક ઘરમાંથી પોલીસે પાંચ લાખથી વધુ રૂપિયાનો ગુટકા જપ્ત કરી બે આરોપીની ધરપકડ કરી હતી. પકડાયેલા બન્નેની ઓળખ સતીશસિંહ નેપાળસિંહ ઠાકુર (૩૨) અને જિતેન્દ્રકુમાર રાજકુમાર કામત (૨૧) તરીકે થઈ હતી. આ પ્રકરણે તળોજા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. (પીટીઆઈ) ■

ઓસ્ટ્રેલીયા માટે જોઈએ છે
રસોઈ તેમજ ઘરનાં તમામ કામકાજ કરી શકે તેવા
ફક્ત લેડીઝ, ઉ.વ.૫૦ કે તેથી વધુ
પાસપોર્ટ રેડી હોય તેઓ એ જ સંપર્ક કરવો
સંપર્ક : 99877 20222, 91123 88888

## ગણેશ વિસર્જન વખતે ૧૩ જોખમી પુલ પર સંભાળજોઃ પાલિકાની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગણેશોત્સવ દરમિયાન મુંબઈના ૧૩ જોખમી પૂલો પરથી ગણેશમૂર્તિના આગમન અને વિસર્જન દરમિયાન સાવચેતી રાખવાની અપીલ મુંબઈ મહાનગરપાલિકાએ ગણેશભક્તોને કરી છે. સતત પાંચ વર્ષથી પાલિકા પુલને લઈને ચેતવણી આપતી આવી છે. મુંબઈના જુદા જુદા વિસ્તારમાં આવેલા પુલો પર વધુ ભીડ ના કરવા માટે ૨૦૧૯ની સાલથી પાલિકા દ્વારા નિયંત્રણો લાદવામાં આવ્યા છે, છતાં પરિસ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. મુંબઈના રસ્તા પર ખાડા તો ગણેશમૂર્તિના આગમન અને વિસર્જન દરમિયાન અડચણરૂપ બનતા જ હોય છે, પરંતુ મુંબઈના જૂના અને જર્જરિત થઈ ગયેલા પુલ પણ પાલિકા માટે માથાનો દુખાવો બની ગયા છે, તેમાં પણ દક્ષિણ મુંબઈના અમુક પુલ તો બ્રિટિશકાળના છે. ગણેશોત્સવ નજીક છે ત્યારે પાલિકાએ ૧૩ જોખમી પુલની યાદી જાહેર કરીને જણાવ્યું હતું કે આ જોખમી પુલમાંથી અમુકના સમારકામ ચાલી રહ્યા છે. તો અમુકના સમારકામ ચોમાસા બાદ કરવામાં આવવાના છે, તેથી ગણેશભક્તોએ ગણેશમૂર્તિના આગમન અને વિસર્જનના સરઘસ કાઢવા દરમિયાન કાળજી લેવાની રહેશે.

સાત સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલા ૧૦ દિવસના ગણેશોત્સવની તૈયારી મુંબઈમાં જોરદાર ચાલી રહી છે. અનેક મોટા ગણેશમંડળોની ગણેશમૂર્તિ તેમના મંડપમાં પહોંચી ગઈ છે ત્યારે પાલિકાએ જર્જરિત રહેલા પુલોને જોખમી જાહેર કરતી નોટિસ જાહેર કરી હતી. એડવાઈઝરી જાહેર કરતા પાલિકાએ આ પુલ પર લાઉડસ્પીકરનો ઉપયોગ અથવા કોઈ પણ પ્રકારના નાચવા અને ગાવા પર સખત પ્રતિબંધ મૂક્યો છે. તેમ જ ભક્તોને આ પુલ પરથી ઝડપથી પસાર થઈ જવાની વિનંતી પણ આ એડવાઈઝરીમાં કરવામાં આવી છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આ ૧૩ પુલ સંપૂર્ણરીતે બિસમાર હાલતમાં નથી. પરંતુ સાવચેતીના કારણથી અમે નાગરિકોને આ પુલ પર ભીડ નહીં કરવાની સલાહ આપી છે. ગણેશમૂર્તિના આગમન અને વિસર્જન દરમિયાન આ પુલ પર ભક્તોની સુરક્ષા માટે પોલીસ કર્મચારીઓને પણ તહેનાત કરવામાં આવવાના છે. ■

### મુંબઈના જોખમી પુલો

મધ્ય રેલવે પર આવેલો ઘાટકોપર રેલવે ઓવર બ્રિજ, કરી રોડ રેલવે ઓવર બ્રિજ, આર્થર રોડ રેલવે ઓવર બ્રિજ (ચિંચપોકલી રેલવે ઓવર બ્રિજ) , ભાયખલા રેલવે ઓવર બ્રિજ, સાયન સ્ટેશન રેલવે ઓવર બ્રિજ ઉપરથી ગણેશોત્સવ દરમિયાન સરઘસ કાઢતા સમયે કાળજી લેવાની રહેશે. તો પશ્ચિમ રેલવેમાં મરીન લાઈન્સ રેલવે ઓવર બ્રિજ, સેન્ડહર્સ્ટ રોડ રેલવે ઓવર બ્રિજ(ગ્રાન્ટ રોડ અને ચર્ની રોડની વચ્ચે), ફ્રેંચ રેલવે ઓવર બ્રિજ, (ગ્રાન્ટ રોડ અને ચર્ની રોડની વચ્ચે), કેનેડી રેલવે ઓવર બ્રિજ (ગ્રાન્ટ રોડ અને ચર્ની રોડની વચ્ચે), ફોકલૅન્ડ રેલવે ઓવર બ્રિજ (ગ્રાન્ટ રોડ અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે), મહાલક્ષ્મી સ્ટેશન રેલવે ઓવર બ્રિજ, પ્રભાદેવી-કૅરોલ રેલવે ઓવર બ્રિજ અને દાદરમાં આવેલો લોકમાન્ય ટિળક રેલવે ઓવર બ્રિજ પર ધ્યાન રાખવાનું રહેશે. ■

## બાળકીને શિક્ષિકાએ ફટકારી, ટીચર સામે ફરિયાદ

થાણેઃ બરાબર લખી ન શકતી છ વર્ષની બાળકીને ફૂટપટ્ટીથી કથિત રીતે મારવા બદલ ટ્યૂશન ટીચર વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો. માનપાડા પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારની સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ સાગાંવ વિલેજમાં બની હતી. શિક્ષિકા સારિકા ઘાગે ફૂટપટ્ટીથી બાળકીને ફટકારી હતી. બાળકીના કાન પર પણ મારવામાં આવ્યું હતું. ભણતી ન હોવાથી યોગ્ય રીતે લખતી ન હોવાથી શિક્ષિકાએ બાળકીને મારી હોવાનું કહેવાય છે.ઘરે પહોંચ્યા પછી બાળકીએ માતાને શિક્ષિકા વિરુદ્ધ ફરિયાદ કરી હતી. વડીલોએ ફરિયાદ નોંધાવી હતી, એમ પોલીસે જણાવ્યું હતું. ફરિયાદને આધારે ટ્યૂશન ટીચર વિરુદ્ધગુનો નોંધી પોલીસે તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

## બાળકી સાથે દુરાચારઃ પડોશી પકડાયો

થાણેઃ કલ્યાણમાં બે વર્ષની બાળકીનું અપહરણ કર્યા પછી જાતીય હુમલા પ્રકરણે પોલીસે પડોશીની ધરપકડ કરી હતી. કલ્યાણ તાલુકા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના શુક્રવારે બની હતી. આરોપી બાળકીને નિર્જન સ્થળે લઈ ગયો હતો અને પછી કથિત દુષ્કર્મ કર્યું હતું. ગુનો આચર્યા પછી આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ડરી ગયેલી બાળકીએ તેની સાથે બનેલી ઘટનાની જાણ વડીલોને કરી હતી. ૩૫ વર્ષના આરોપી વિરુદ્ધ પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને પોક્સો ઍક્ટની જોગવાઈ હેઠળ ગુનો નોંધ્યો હતો. ધરપકડ કરાયેલા આરોપીની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે. (પીટીઆઈ)■

પેટ સાફ ન થવું, કબજિયાત, ગેસે, એસિડિટી, મસા (પાઇલ્સ) વગેરે સમસ્યાઓમાં અસરકારક !
ધૌતી યોગ®
પાવડર, ગોળીઓ અને હવે ગ્રાન્યુલ્સમાં પણ!


9422011723 તમામ મેડિકલ સ્ટોર પર ઉપલબ્ધ
TRADE ENQUIRY TO SUPER STOCKIST:
• ગૌતમ લબ્ધી માર્કેટિંગ, મુંબઈ, 98195 29762, 98192 76743
મસા (પાઇલ્સ), ફીશરથી થતી બળતરા અને લોહી પડતું હોય તો ધોતી યોગ ક્રીમનો ઉપયોગ કરો.

# એનસીપી વિરુદ્ધનું નિવેદનઃ તાનાજી સાવંતને સીએમનું તેડું

મુંબઈઃ મહારાષ્ટ્રના આરોગ્ય પ્રધાન તાનાજી સાવંતે હાલમાં જ બે વિવાદાસ્પદ નિવેદનો આપતા તે ચર્ચામાં છે અને આ જ નિવેદનોના કારણે તેમને મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મુંબઈ બોલાવ્યા હોવાની માહિતી મળી છે.

સાવંતે ખેડૂતો વિરુદ્ધ કરેલાં નિવેદન અને મિત્ર પક્ષ અજિત પવાર જૂથ પર કરેલી ટિપ્પણીને પગલે તેમને મુંબઈ બોલાવવામાં આવ્યા છે. સાવંતે કરેલાં નિવેદનને પગલે અજિત પવાર જૂથની એનસીપી (રાષ્ટ્રવાદી કૉંગ્રેસ) તરફથી તીવ્ર પ્રતિક્રિયા આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે સાવંતે ખેડૂતો વિશે આપેલા નિવેદન ઉપરાંત રાષ્ટ્રવાદી કૉંગ્રેસના નેતાઓની બાજુમાં બેસતા ઊલટી થવા જેવું થાય છે તેવું નિવેદન આપ્યું હતું. આવાં નિવેદનના પગલે રાષ્ટ્રવાદી કૉંગ્રેસના નેતાઓએ ખૂબ નારાજગી વ્યક્ત કરી હતી અને આક્રમક વલણ અપનાવ્યું હતું.

સાવંતનાં નિવેદનના કારણે મહાયુતિમાં ભંગાણ ન પડે એ માટે મુખ્ય પ્રધાન શિંદેએ આ વાતની નોંધ લઇ સાવંતને મળવા માટે મુંબઈ બોલાવ્યા હોવાનું કહેવાઇ રહ્યું છે.

બીજી બાજુ પોતે આપેલાં નિવેદનનું ખોટું અર્થઘટન કરવામાંઆવ્યું હોવાનું કહી સાવંતે પોતાનો બચાવ કર્યો હતો. મીડિયાએ ખોટું ચિત્ર ઊભું કર્યું હોવાનું પણ સાવંતે કહ્યું હતું. પોતે કૉંગ્રેસ અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ એકબીજાના ખોળામાં બેસેલા જોઇને ઊલટી થાય છે એવું કહ્યું હોવાનું સાવંતે જણાવ્યું હતું. ■

# આવું સાંભળવા કરતા તો છેડો ફાડી નાખવો સારોઃ અજિત પવાર

## તાનાજી સાવંતની વિવાદાસ્પદ ટિપ્પણીનો નાયબ મુખ્ય પ્રધાને જવાબ આપ્યો

નાગપુરઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપી પ્રમુખ અજિત પવારે શનિવારે શિવસેનાના પ્રધાન તાનાજી સાવંતની એનસીપી (રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ) વિરુદ્ધ કરેલી ટિપ્પણીના વિવાદને ખાળવાનો પ્રયાસ કરી કહ્યું હતું કે પોતે જનતા માટે કામ કરે છે અને ટીકા પર ધ્યાન નથી આપતા. રાજ્યના આરોગ્ય પ્રધાન સાવંતે તાજેતરમાં ધારાશિવમાં કહ્યું હતું કે મહારાષ્ટ્ર કેબિનેટની મીટિંગમાં પોતે એનસીપીના સાથીદારોની બાજુમાં બેસે છે, પરંતુ બહાર આવ્યા પછી તેમને ઊલટી કરવાનું મન થાય છે. રાજ્યના સત્તાધારી મહાયુતિ ગઠબંધનમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ), મુખ્યમંત્રી એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેના અને અજિત પવારની એનસીપી ભાગીદાર છે. સાવંતની આ ટિપ્પણીથી એનસીપી અને શાસક જોડાણના સંબંધમાં રહેલી તિરાડ ઉઘાડી પડી છે અને અજિત પવારે વળતો પ્રહાર કરતાં કહ્યું હતું કે 'આવા નિવેદનો સાંભળવા કરતાં ગઠબંધન છોડી દેવું વધુ સારું છે.'

સાવંતની ટિપ્પણી વિશે પૂછવામાં આવતા અજિત પવારે નાગપુર એરપોર્ટ પર સંવાદદાતાઓને જણાવ્યું હતું કે 'મેં જન સન્માન યાત્રા'ની શરૂઆતમાં જ નિર્ણય લીધો હતો કે હું કોઈની ટીકા નહીં કરું કે કોઈની વિરુદ્ધ ટિપ્પણી નહીં કરું. જો કોઈ મારી વિરુદ્ધ બોલે એનાથી મને કોઈ ફરક નથી પડતો. હું લોકો માટે શ્રદ્ધા સાથે કામ કરું છું. મહાયુતિ ગઠબંધનની બેઠકોની વહેંચણીની વાટાઘાટો અંગેના પ્રશ્નના જવાબમાં પવારે કહ્યું હતું કે ત્રણેય શાસક સાથી પક્ષના નેતા એક પત્રકાર પરિષદ યોજશે અને બેઠકોની ફાળવણી વિશે મીડિયાને જાણ કરશે. અગાઉ પવારે દીક્ષાભૂમિની મુલાકાત લીધી હતી જ્યાં ડો. બી આર.આંબેડકરે બૌદ્ધ ધર્મ અપનાવ્યો હતો. (પીટીઆઈ)■




PARAS

# અજિત પવાર કાકાથી દૂર રહી ત્રીજો મોરચો રચશે?

મુંબઈઃ મહાયુતિમાં ભંગાણ પડી રહ્યું છે તેવી ચર્ચા અજિત પવાર જૂથ દ્વારા છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડી તેના વિરોધમાં યોજવામાં આવેલા મૂક વિરોધ પ્રદર્શન બાદ જાગી હતી. શરદ પવાર જૂથના વિધાનસભ્ય રોહિત પવારે પણ આ વિવાદ વિશે ટ્વીટ કર્યું હતું, જેને પગલે અજિત પવાર ત્રીજો મોરચો ખોલશે તેવા અહેવાલો વહેતા થયા હતા.

જોકે, આ અંગે રોહિત પવારને તેમ જ અજિત પવાર ત્રીજો મોરચો ખોલશે તેવી વાતો ફેલાવનારાઓને અજિત પવાર જૂથ દ્વારા વળતો જવાબ આપવામાં આવ્યો છે. અજિત પવાર જૂથના પ્રવક્તા આનંદ પરાંજપેએ રોહિત પવારની ટીકા કરતા કહ્યું હતું કે શરદ પવારના પક્ષમાં જયંત પાટીલ પણ રોહિત પવારને વધુ મહત્ત્વ આપતા નથી એટલે તેમની પાસે ખૂબ જ ફાજલ સમય હોય છે. ■

## રોહિત પવાર જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ કરે છે?

આનંદ પરાંજપેએ રોહિત પવારની ટીકા કરતા જણાવ્યું હતું કે તેમની પાસે ખૂબ જ નવરાશનો સમય હોય તેવું જણાય છે. તેમણે જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ શરૂ કર્યો છે કે શું એ મને નથી ખબર. તે કહે છે તેવી રાષ્ટ્રવાદી કૉંગ્રેસની ભૂમિકા નથી. અમે મહાયુતિની સાથે રહીને જ ચૂંટણી લડીશું. મહાયુતિના પક્ષોમાં ખૂબ જ સારો સમન્વય છે. જ્યારે અજિત પવાર પોતે ભૂમિકા સ્પષ્ટ કરે છે ત્યારે બીજા કોઇએ કંઇ બોલવાની જરૂર નથી. ■


॥ જય શ્રી કૃષ્ણ ॥

શ્રદ્ધાંજલી



અશોક જગજીવન ગોકલ

( 6. 2. 1949 - 29. 8. 2024 )

પ્રેમ પૂર્વક યાદ કરનાર

સુધા અશોક ગોકલ

ચેતન - નેહા ગોકલ
દિયા - માહી

હર્ષ - ડીમ્પી ગોકલ
જીયાના - અધિરાજ

સ્વ.ઇન્દિરા માણેક - જસવંત માણેક
સીમા - મનોજ મેંડા
ફૂકી માણેક

કિશોર - પન્ના ગોકલ
દર્શના - હિમાંશુ કાનાબાર
જાનકી ગોકલ
હ્રીયાંશ

શોકાકુલ

ગોકલ, કેસરિયા, બેંકર અને સાયાણી પરિવાર

પ્રાર્થના સભા

રવિવાર, 1લી સપ્ટેમ્બર 2024
સાંજે 5 થી 7
કે.સી. કોલેજ ઓડિટોરિયમ,
ચર્ચગેટ, મુંબઇ - 400020


# ડાઉન લોકલમાં હવે મલાડમાં પ્લેટફૉર્મ જમણી બાજુ આવશે

મુંબઈઃ ગોરેગાંવ અને કાંદિવલી સ્ટેશનો વચ્ચે છઠ્ઠી લાઈનના કામના સંબંધમાં લાઈનો નાખવા માટે હાલની લાઈનોને કાપવા અને જોડવા માટે મેગા બ્લોક લેવામાં આવી રહ્યા છે. આ માળખાકીય કાર્યને કારણે મલાડ સ્ટેશન પર બોર્ડિંગ/ડિબોર્ડિંગ પ્લેટફોર્મ બદલવામાં આવશે.

હાલમાં ચર્ચગેટ તરફથી આવતી ડાઉન સ્લો લોકલ ટ્રેનોમાં ચડવા/ઉતરવા માટે મુસાફરો ડાબી બાજુ (પશ્ચિમ) પ્લેટફોર્મ નંબર એકનો ઉપયોગ કરે છે, તે હવે જમણી (પૂર્વ) બાજુ કરવામાં આવ્યું છે. ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૪થી મુસાફરો જમણી બાજુથી બોર્ડ/ડિબોર્ડ કરશે.

એ જ રીતે જે હાલમાં વિરાર તરફથી આવતી ધીમી લોકલ ટ્રેનોમાં પ્લેટફોર્મ નંબર બે પર ચડવા/ઉતરવા માટે મુસાફરો ડાબી બાજુ (પૂર્વ) તરફનો ઉપયોગ કરે છે, તે હવે જમણી બાજુ (પશ્ચિમ) ખસેડાશે. ૮મી સપ્ટેમ્બર, ૨૦૨૪થી મુસાફરો જમણી બાજુથી બોર્ડ/ડિબોર્ડ કરશે.

પ્લેટફોર્મ નંબર ત્રણ, જે હાલમાં ચર્ચગેટ બાજુથી આવતી ડાઉન ફાસ્ટ લોકલ ટ્રેનોમાં ચઢવા/ઉતરવા મુસાફરો ડાબી બાજુ (પશ્ચિમ) આવે છે, તેના માટે મુસાફરો હવે જમણી બાજુ (પૂર્વ) નો ઉપયોગ કરશે. આ ફેરફાર મુજબ મુસાફરો ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૪થી જમણી બાજુથી બોર્ડ/ડિબોર્ડ કરી શકશે.

અને પ્લેટફોર્મ નંબર ચાર, જેમાં વિરાર બાજુથી આવતી અપ ફાસ્ટ લોકલ ટ્રેનોમાં ચઢવા/ઉતરવા માટે મુસાફરો ડાબી બાજુ (પૂર્વ) તરફનો ઉપયોગ કરે છે, તે હવે જમણી બાજુ (પશ્ચિમ)નો ઉપયોગ કરવો પડશે. મુસાફરો માટે જમણી બાજુનો આ ફેરફાર ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૪થી લાગુ કરવામાં આવશે. ■

# અનિલ અંબાણીને વધુ એક ફટકો

## પાંચેય એરપોર્ટનો કોન્ટ્રેક્ટ કેન્સલ

મુંબઈઃ અનિલ અંબાણીની કંપનીને ચલાવવા માટે આપેલા બારામતી, લાતુર, નાંદેડ, યવતમાળ અને ધારાશિવ એમ પાંચેય એરપોર્ટ ફરી પોતાના હસ્તક કરવાનો નિર્ણય મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ નિગમ (એમઆઈડીસી)એ લીધો છે. રાજ્ય સરકારે રાજ્યની અંદર આવન જાવન કરતી વિમાની સર્વિસ સક્ષમ બનાવવા માટે થોડાં વર્ષો પહેલાં આ પાંચ એરપોર્ટ અનિલ અંબાણીની રિલાયન્સ એરપોર્ટ ડેવલપમેન્ટ લિમિટેડને ૯૫ વર્ષના લીઝ કરાર પર આપવામાં આવ્યા હતા. ઉપરોક્ત પૈકી સ્ટાર એરલાઈન્સ દ્વારા નાંદેડ એરપોર્ટ કાર્યરત થઈ ગયું છે, જ્યારે અન્ય એરપોર્ટની કામગીરી ઠપ થઈ જતાં કોર્પોરેશને અનિલ અંબાણીની રિલાયન્સ કંપની સાથેનો કોન્ટ્રાક્ટ રદ કરવાનો નિર્ણય લીધો છે.

રાજ્યના ૧૮ એરપોર્ટમાંથી માત્ર સાત એરપોર્ટ જ મુસાફરો માટે ઉપલબ્ધ હોવાનો મુદ્દો ગયા વર્ષે ચોમાસું સત્રમાં વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. એ સમયે 'રિલાયન્સ એરપોર્ટ ડેવલપર્સ લિમિટેડ' નામની કંપનીના નિયંત્રણ હેઠળ રહેલા એરપોર્ટનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ત્યારે ખાતરી આપી હતી કે એડવોકેટ જનરલનો અભિપ્રાય લીધા પછી આ અંગેનો નિર્ણય લેવામાં આવશે. છેલ્લા એક વર્ષમાં 'રિલાયન્સ' કંપની, મહારાષ્ટ્ર એરપોર્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન અને મહારાષ્ટ્ર ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના વરિષ્ઠ અધિકારીઓ સાથે કેટલીક મીટિંગ થઈ હતી. આ નિર્ણય અંગે ટિપ્પણી માટે રિલાયન્સ ઇન્ફ્રા ગ્રૂપનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ગ્રૂપના દિલ્હી સ્થિત જનસંપર્ક કાર્યાલય તરફથી જણાવવામાં આવ્યું હતું કે 'અમારી પાસે હજી સુધી કરાર રદ કરવા વિશે કોઈ જાણકારી નથી અને અમે વધુ માહિતી મગાવી છે.' સોમવાર પછી આ મામલે ટિપ્પણી કરવામાં આવશે એવું વલણ તેમણે અપનાવ્યું છે. ■


શ્રી દશાશ્રીમાળી દિગંબર જૈન



પંકજભાઈ મુકુંદરાય ખારા (ઉ.વ. ૬૭)

ગુરૂવાર, તા. ૨૯.૦૮.૨૦૨૪ના દેહ પરિવર્તન થયેલ છે.

ગુરુ કહાન તણો સંગ મળ્યો, હૃદયતણો રંગ બદલાઈ ગયો,
ગુરુ ચરણનાં આરાધક થયા, અધ્યાત્મ તત્વના પરમ ઉપાસક થયા.

પ્રેમાળ સ્મૃતિમાં
ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરનાર
અલકા પંકજ ખારા
સ્વ. વસુમતીબેન મુકુંદરાય ખારા
નિર્મળાબેન ચંદ્રકાન્ત દિપચંદ શાહ પરિવાર

વિરાગ – સુશ્મિતા　　પ્રગતિ – અનુજ
કવિ – રેયા – નીલ　　નિયમ – નાયરા

અતુલ – ચારૂ, પ્રદિપ – શીલા, નિરૂપમ – જરણા
વર્ષા કિરણ વોરા, તૃપ્તિ ચંદ્રકાન્ત નિર્મળ

• Unitech Enterprise Pvt. Ltd. •

પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.


સૉલ ઓફ ટૂર

# પર્વતો પર ટ્રેકિંગ, કુદરતી સૌંદર્ય, સાંસ્કૃતિક વારસો તેમ જ શોપિંગની મોજ માણવા ચાલો સાપા



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા





દર વખતે તમને વેકેશનમાં ફરવા જવા માટે અવનવી અને અદ્ભુત એવી જગ્યાઓનું સોલ્યુશન લઇને આપની સમક્ષ આવીએ છીએ. અને આજે પણ એવા જ અદ્ભુત લેન્ડસ્કેપ, વાઇબ્રન્ટ પહાડી આદિવાસીઓ અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો ધરાવતું, વિયેટનામના ઉત્તર-પશ્ચિમ પ્રદેશમાં લાઓ કાઇ પ્રાંતનું જિલ્લા સ્તરનું શહેર, રાજધાની તેમ જ મુખ્ય બજાર નગરોમાંનું એક અને લોકપ્રિય પ્રવાસન સ્થળ તેમ જ ટ્રેકિંગ-પ્રિય લોકો માટે ઉત્તમ એવું સ્થળ સાપાની સફર કરાવીશું.

**★ ધવલભાઇ, અત્યાર સુધી તમે વિયેટનામનાં અનેક અવનવાં શહેરોની સફર અમને કરાવી છે, આજે કયા નવા શહેરની સફર કરાવવાના છો?**

આનો જવાબ આપતાં તેઓ કહે છે કે 'હરવા-ફરવાના અનેક સ્થળો છે અને દરેક સ્થળ કંઇક વિશિષ્ટતા ધરાવતું હોય છે અને અમે તમને વિવિધતા સાથે વિશિષ્ટતા ધરાવનારાં સ્થળોની સફર કરાવતા આવ્યા છીએ. વિયેટનામનાં અન્ય શહેરોની સફર અનેક વાર કરાવી છે, પણ આજે હું વિયેટનામના નવા શહેર સાપાની છ દિવસની સફરથી મેળવેલો અદ્ભુત અને અનેરો અનુભવ આપ સાથે શેર કરવાનો છું. વિયેટનામ જેવા ટૂરિસ્ટ-પ્લેસ જે કુદરતી આકર્ષણ અને સાંસ્કૃતિક વર્ણનનું એક અદ્ભુત મિશ્રણ છે, જ્યાં દરેક પર્યટકોને ફરવાનો સંતોષકારક આનંદ મળે છે.'

**★ સાપા બજાર**

હું હનોઇથી ટ્રેનમાં બેસી મનોહર પ્રવાસ કરીને લાઓ કાઇ શહેરમાં પહોંચ્યો. જે સાપાના પ્રવેશદ્વાર તરીકે ઓળખાય છે. સાપા પહોંચ્યા પછી હું મારી હોટેલમાં ફ્રેશ થયો અને સાંજે સાપા શહેરના ખળભળાટ મચાવતા બજારમાં ગયો. ચારે તરફ કલરફૂલ લાઇટ્સ અને વાઇબ્રન્ટ પરંપરાગત પોશાકમાં પહાડી આદિજાતિના લોકો હાથથી બનાવેલી હસ્તકલા અને સ્થાનિક ઉત્પાદનો વેચાતા હતા એ જોવાની ખૂબ જ મજા આવી. ત્યાં મેં મારા પોકેટ-ફ્રેન્ડલી શોપિંગનો પણ આનંદ મેળવ્યો.

**★ કેટ-કેટ વિલેજ સુધી ટ્રેકિંગ**

બીજા દિવસે હું ખૂબ જ એક્સાઇટેડ હતો, કારણ કે હું સાપાની પ્રખ્યાત ટ્રેકિંગ ટ્રેલ્સનો અનુભવ લેવા નીકળ્યો. આ વિસ્તારના સૌથી વધુ સુલભ અને મનોહર હમોંગ ગામોમાંના એક કેટ-કેટ વિલેજે જવા પ્રવાસ શરૂ કર્યો. લીલીછમ ખીણો, લીલાછમ વાંસના જંગલો અને પાણીના ધોધમાંથી પસાર થતી નાની પગવાટ આહા...હા...! એનું શબ્દમાં વર્ણન કરી શકય એમ નથી.

**★ લાઓ ચાઇ અને તા વાન**

નેકસ્ટ ડે હું સાપાના પરંપરાગત લાઓ ચાઇ અને તા વાન ગામમાં પહોંચ્યો. ત્યાં પ્રવાસ કરતી વખતે પહાડોમાં કોતરવામાં આવેલા ટેરેસવાળાં ચોખાના ખેતરોના આકર્ષક પેનોરામા બ્લેક હમોંગ અને ગિઆય સમુદાયોનાં ઘર જોવા મળ્યાં. મેં અહીં ગામડાના લોકો સાથે વાર્તાલાપ કર્યો, તેમના રિવાજો વિશે જાણ્યું અને તેમના પરંપરાગત ભોજનનો સ્વાદ માણ્યો.

**★ ફૅન્સિપૅન પર વિજય મેળવવો, ઇન્ડોચાઇનાની છતઃ** આ સુંદર પ્રવાસનો મને ખૂબ જ આનંદ આવી રહ્યો હતો. નેકસ્ટ ડે એક સાહસિક પરાક્રમે નીકળી પડયો હતો. પ્રારંભિક શરૂઆતની હિંમત કરીને મેં ઇન્ડોચાઇનાના સૌથી ઊંચા શિખર ફૅન્સિપૅનને જીતવા માટે એક પડકારજનક, પરંતુ લાભદાયી સાહસ શરૂ કર્યું. મેં સમિટ સુધી કેબલ-કારની સવારી પસંદ કરી. જેમ-જેમ હું ચઢયો ત્યારે સાપાના ભવ્ય લેન્ડસ્કેપ્સના વિહંગમ દૃશ્યોનો અનેરો આનંદ માણ્યો.

**★ સાપા ટાઉન અને માર્કેટની શોધખોળ**

ટ્રેકિંગ અને આઉટડોરના રોમાંચક અનુભવ મેળવ્યા બાદ હું આરામદાયક પ્રવાસ માટે સાપા નગરને એક્સપ્લોર કરી દિવસ પસાર કર્યો. ફ્રેન્ચ વસાહતી, સ્થાપત્ય અને રંગબેરંગી દુકાનોથી સજ્જ મોહક શેરીઓમાં હું ભટકયો. અહીં સ્થાનિક બજાર ધરાવતું એક વાઇબ્રન્ટ હબ હતું. ત્યાંના દૃશ્યો, અવાજ અને સુગંધનો સંવેદનાત્મક ઓવરલોડ લાગ્યો. મેં ત્યાં સ્વાદિષ્ટ સ્ટ્રીટ-ફૂડ ચાખ્યું.

**★ સાપાના પર્વતો**

સાપામાં મારા છેલ્લા દિવસે હું પર્વતો પરનો મંત્રમુગ્ધ સૂર્યોદય જોવા માટે વહેલો જાગી ગયો. સવારના સૂર્યોદયના સમયે આખું આકાશ ગુલાબી અને નારંગી રંગની રંગછટાઓથી રંગાઇ ગયું હતું. આ દૃશ્ય જોઇને મારું મન પ્રફુલ્લિત થઇ ઊઠયું અને એ સમયે જો કોઇ શાયર કે કવિતાકાર એ જોઇ તો જરૂરથી એક કવિતા તો લખી જ નાખે. આ આખા પ્રવાસમાં અનેરો અનુભવ, મન ભરીને સંભારણાં અને ઘણું બધું લઇને હવે પાછા ફરવાનો સમય થઇ ગયો હતો. એટલે ભારે હૃદય સાથે મેં મનોહર લેન્ડસ્કેપ્સ અને પહાડી આદિવાસીઓના આતિથ્યને અલવિદા કહ્યું. મારી સાપાની સફર એક મનમોહક અનુભવ હતો, જેણે મારી બધી અપેક્ષાઓ તેમ જ મારા વેકેશનની મજામાં ચારચાંદ લગાવી દીધા. વિયેટનામનું સ્વિટ્ઝરલેન્ડ ગણાતું સાપા આકર્ષક લેન્ડ સ્કેપ્સથી લઇને સમૃદ્ધ સાંસ્કૃતિક મુલાકાતો સુધીની દરેક ક્ષણ આશ્ચર્ય અને સુંદરતાથી ભરેલી હતી.

**★ હાઇજીનિક સ્ટાન્ડર્ડ ફૂડ**

ફરવાની મજા ફૂડ વગર અધૂરી છે. જો લાજવાબ સ્વાદ સાથે વિવિધ એવી વાનગીઓની મેજબાની પણ મળે તો સફર કરવાની મજા જ અલગ હોય. આમ સંપૂર્ણ ટૂરમાં અમે તમને દરેક પ્લેસ પર ટોપ કલાસ ભારતીય રેસ્ટોરાંમાં ગરમાગરમ અને તાજું ભારતીય ભાથું ખવડાવીશું. બેસ્ટ કવૉલિટીનું સુપિરિયલ ફૂડ ઓફર કરીએ છીએ જે હાઇજીનિક સ્ટાન્ડર્ડને ફોલો કરે છે. એ ઉપરાંત ઘણી બધી વરાઇટી આપીએ છીએ જેથી અમારી સાથે આવનારા તમે સૌ પર્યટકોને ફૂડ-આઇટમ્સની મનગમતી ચોઇસ મળી રહે.

Aurora Travel Tours Pvt Ltd :- 22, Paradise Compound, Bhula Bhai Desai Road, Nr. mahalaxmi Chamber, Bridge candy, Mumbai- 40002
Contact Nos.:- +912223519710/11/12/14, 9821921920. E-mail :- info@auroratravels.com

# મેં શિવાજી મહારાજની પ્રતિમા નથી બનાવી, માત્ર ચબૂતરો બનાવ્યો: આરોપીનો કોર્ટમાં પુનરોચ્ચાર

મુંબઈ: માલવણમાં છત્રપતિ શિવાજી મહારાજનું પૂતળું તૂટી પડવાને કારણે વિરોધ પક્ષો દ્વારા સરકારને સાણસામાં લેવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. એવામાં હવે આ પ્રકરણમાં એક નવો વળાંક આવ્યો છે. શનિવારે એક આરોપીને કોર્ટમાં હાજર કરવામાં આવ્યો. પૂતળું કેવી રીતે પડી ગયું એ અંગે સરકારી વકીલે તેને પ્રશ્ન કરતાં કોર્ટમાં આરોપીએ અજબ દાવો કર્યો હતો. મેં તો માત્ર ચબૂતરો જ બનાવ્યો હતો, પૂતળું મેં નથી બનાવ્યું. જોકે અગાઉ પણ આરોપી મીડિયા સમક્ષ આ કહી ચૂક્યો છે.

શિવાજી મહારાજનું પૂતળું તૂટી પડવાને કારણે રાજ્યમાં હાલમાં રોષનું વાતાવરણ સર્જાયું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ માફી માગી છે. આ પ્રકરણમાં પોલીસે એક આરોપીની ધરપકડ કરી હોઇ અન્ય એક આરોપી ફરાર છે. ધરપકડ કરવામાં આવેલા આરોપી ચેતન પાટીલને શનિવારે કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો. સરકારી વકીલે આરોપીની તપાસ કરવા માટે પોલીસ કસ્ટડીની માગણી કરી હતી. કોર્ટે આરોપીને પાંચ દિવસ કસ્ટડીમાં રાખવાનો આદેશ આપ્યો હતો.

દરમિયાન કોર્ટે આરોપીને તેનું નામ અને શું પોલીસે તારી મારપીટ કરી છે કે એવા સવાલ કર્યા હતા. આરોપીએ પોતાનું નામ ચેતન પાટીલ જણાવ્યું હતું અને પોલીસે મારપીટ ન કરી હોવાનું કોર્ટને જણાવ્યું હતું. આ સમયે સરકારી અનેક તપાસ થવાની બાકી હોઈ આરોપીની પોલીસ કસ્ટડી માગી હતી, પણ આરોપીના વકીલે તમામ બાબતો સ્પષ્ટ થઇ ગઇ હોવાનું અને હવે પોલીસ કસ્ટડીની જરૂર ન હોવાનું અને આરોપી પ્રત્યક્ષ રીતે આમાં સહભાગી નથી, એવું જણાવ્યું હતું.

આરોપીના વકીલે કોર્ટમાં એવી પણ દલીલ કરી હતી કે ઘટના ઘટી એ મુજબ ગુનો નોંધાવવો જરૂરી હતો, પણ આરોપીની ધરપકડ એ પોલીસની ભૂલ છે. પૂતળું કેવી રીતે પડ્યું એનું કારણ પોલીસ પાસે પણ નથી. પોલીસ પાસે કોઇ પુરાવા નથી. ખોટી માહિતીને આધારે પોલીસે ગુનો દાખલ કર્યો છે. ચેતન પાટીલે માત્ર ચબૂતરો જ બનાવ્યો હતો અને ચબૂતરો અત્યારે પણ સહીસલામત છે. આથી પૂતળું શાને કારણે પડ્યું તેની તપાસ થવી જોઇએ.

# શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડવાને મુદ્દે આજે વિપક્ષોનું 'જોડો મારો' આંદોલન

## વિરોધ પ્રદર્શનના માધ્યમે મહાવિકાસ આઘાડીનું 'મહાશક્તિ' પ્રદર્શન હુતાત્મા ચોકથી ગેટ-વે ઑફ ઈન્ડિયા સુધીના મોરચામાં શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરે સહિતના નેતાઓ ભાગ લેશે

મુંબઈ: મહાયુતિ સરકાર પ્રત્યે રોષ વ્યક્ત કરવા તેમ જ સિંધુદુર્ગના રાજકોટ કિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડવાની ઘટનાના વિરોધ માટે મહાવિકાસ આઘાડીના ત્રણેય મુખ્ય પક્ષો કૉંગ્રેસ, રાષ્ટ્રવાદી કૉંગ્રેસ(શરદ પવાર જૂથ) અને શિવસેના(ઉદ્ધવ ઠાકરે) દ્વારા રવિવારે સરકારને 'જોડો મારો' એટલે કે ચપ્પલ મારો આંદોલનનું આયોજન કરવામાં આવ્યું છે.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે તેમ જ દેવેન્દ્ર ફડણવીસ આ ઘટના વિશે દુ:ખ વ્યક્ત કરી માફી માગી ચૂક્યા છે. શિંદેએ શિવાજી મહારાજ આખા મહારાષ્ટ્રના દૈવત(દેવતા સમાન પૂજનીય) હોઇ તેમના નામે રાજકારણ ન કરવાની અપીલ કરી હોવા છતાં આ મુદ્દે રાજકારણ શમવાનું નામ નથી લઇ રહ્યું. ઊલટાનું વિપક્ષો આ મુદ્દે વધુ આક્રમક મુડમાં આવ્યા છે અને મહાયુતિ સરકારને 'જોડા મારો' આંદોલનનું આયોજન કર્યું છે.

આ આંદોલન સવારે ૧૦ વાગ્યે શરૂ કરાશે અને વિરોધ રેલી હુતાત્મા ચોકથી શરૂ કરીને ગેટ-વે ઑફ ઇન્ડિયા સુધી લઇ જવામાં આવશે. આ રેલીમાં ઉદ્ધવ ઠાકરે, શરદ પવાર તેમ જ કૉંગ્રેસના મહારાષ્ટ્ર પ્રદેશાધ્યક્ષ નાના પટોળે સહિતના દિગ્ગજ નેતાઓ સામેલ થશે.

આ ઉપરાંત મહાવિકાસ આઘાડીના બધા જ દિગ્ગજ નેતાઓ, પ્રમુખ પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ આ રેલીમાં સામેલ થશે. મુંબઈ કૉંગ્રેસ પણ સરકારને ઘેરવા માટે આંદોલનમાં સહભાગી થવા સજ્જ હોવાનું મુંબઈ કૉંગ્રેસના અધ્યક્ષ વર્ષા ગાયકવાડે જણાવ્યું હતું.

આંદોલનની તૈયારી માટે ગાયકવાડની આગેવાનીમાં શનિવારે મુંબઈ વિભાગીય કૉંગ્રેસ કમિટીના બધા જ નેતાઓ, પદાધિકારીઓ, જિલ્લાધિકારીઓ અને કાર્યકર્તાઓ સાથે વર્ચ્યુલ મીટિંગ(ઓનલાઇન બેઠક) યોજવામાં આવી હતી.

આ બેઠકમાં તેમને આંદોલન વિશે માહિતી આપવામાં આવી હતી તેમ જ વિવિધ સૂચનાઓ પણ અપાઇ હતી. આંદોલનને સફળ બનાવવા માટે મોટાપાયે તેમાં જોડાવા માટે લોકોને અપીલ કરવાની સૂચના પણ આપવામાં આવી હતી.

# દરરોજ સવારે ઊઠીને મારું રાજીનામું ન માગે તો અમુકને અપચો થાય છે: ફડણવીસ

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન તેમ જ ગૃહ ખાતું સંભાળનારા દેવેન્દ્ર ફડણવીસે શનિવારે નાગપુર ખાતે પોલીસકર્મીઓના સંગઠન સાથે સંવાદ સાધ્યો હતો અને એ દરમિયાન તેમણે પોલીસની કામગીરીને બિરદાવવા ઉપરાંત ગૃહ પ્રધાન તરીકે ફરજ બજાવવી કેટલી મુશ્કેલ હોય છે તે વિશે વાત કરી હતી. તેમણે પોલીસકર્મીઓની કામગીરીની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે જેમ હું આ રાજ્યનો ગૃહ પ્રધાન છું એ જ રીતે દરેક પોલીસ કોન્સ્ટેબલ એ પોત પોતાનાં ગામના ગૃહ પ્રધાનો છે. કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા પાછળ તમારો ખૂબ જ મોટો ફાળો છે.

તેમણે ગૃહ પ્રધાન તરીકે કામ કરતા વેઠવી પડતી મુશ્કેલીઓ અંગે જણાવ્યું હતું કે સાચું કહું તો ગૃહ પ્રધાન તરીકે કામ કરનારાને સૌથી વધુ ગાળો ખાવી પડે છે. અમુક લોકોને શોખ હોય છે કે સવારે ઉઠીને કેમેરા સામે જઇને મારું રાજીનામું ન માગે ત્યાં સુધી તેમને ખાવાનું પચતું નથી. એકાદ દિવસ જો મારું રાજીનામું ન માગે તો તેમને અપચો થઇ જાય છે. જોકે, પોલીસ સંસ્થા એવી છે તેમણે પોતાનું કામ કરવું જ પડે છે. જોકે, કોણ કામ કરે છે તે પોલીસ સંસ્થા ભૂલી નથી.

### પોલીસ પાટીલોને ૧૫,૦૦૦ રૂપિયા મળશે

માનદ ધોરણે કામ કરતા પોલીસ પાટીલો વિશે વાત કરતા ફડણવીસે કહ્યું હતું કે માનદ પદને સન્માન મળવું જરૂરી છે અને તેમનું મહત્ત્વ ઘટાડવાનો પ્રયત્ન કરાયો. તેમને બિન પગારી ફુલ અધિકારી (વિના પગારે આખા અધિકારી) કહી ખીજવવામાં આવે છે, પરંતુ અમે માનદ પદો પર નિયુક્ત થયેલાઓને ૧૫,૦૦૦ રૂપિયાનું માન-ધન જાહેર કર્યું છે. તમે ચિંતા ન કરતા. બે ત્રણ દિવસ પહેલા કહ્યું હોત તો હું તમારા ખાતાઓમાં પૈસા જમા કરાવીને આવ્યો હોત. સોમવારે અધ્યાદેશ પહાર પાડીને ખાતામાં પૈસા જમા કરવાનો આદેશ મેં આપ્યો છે. ચાર મહિનાના પૈસા ખાતામાં જમા થશે અને દર મહિને સમયસર ખાતામાં પૈસા જમા થશે.

# વિરોધ નથી, ફક્ત રાજકારણ છે: ભાજપ

મુંબઈ: વિપક્ષો દ્વારા રવિવારે સરકારને 'જોડો મારો' એટલે કે 'જૂતા મારો' આંદોલન યોજવામાં આવ્યું તેની ટીકા કરતા ભાજપે આ આંદોલન રાજકીય હેતુથી પ્રેરિત હોવાનો આરોપ મૂક્યો હતો. શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડી તે પ્રકરણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સુધ્ધાં માફી માગી ચૂક્યા હોવા છતાં આંદોલન કરવામાં આવી રહ્યું હોવા અંગે ભાજપે પ્રશ્ન ઊભો કર્યો હતો.

પત્રકાર પરિષદ સંબોધતા ભાજપના પ્રવક્તાએ જણાવ્યું હતું કે વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને મહાવિકાસ આઘાડીના ઘટક પક્ષો દ્વારા આંદોલન યોજવામાં આવ્યું છે.

મરાઠા સામ્રાજ્યના સ્થાપક શિવાજી મહારાજ માટેનો વિપક્ષોનો આ પ્રેમ ફક્ત દેખાડો અને ઉપરછલ્લો હોવાનું જણાવતા ભાજપે સવાલ કર્યો હતો કે શું વિપક્ષો સોનિયા ગાંધીએ ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો અંગે આપેલા નિવેદન અને જવાહરલાલ નહેરુએ શિવાજી મહારાજ વિશે કરેલી ટિપ્પણીનો વિરોધ કરવા માટે આવું જ આંદોલન કરશે?

રાફેલ પ્રકરણનો ઉલ્લેખ કરતા ભાજપે પ્રશ્ન કર્યો હતો કે રાફેલ મુદ્દે રાહુલ ગાંધીએ પણ માફી માંગી હતી. શું મહાવિકાસ આઘાડી તેમણે માગેલી માફી માટે પણ આવું વિરોધ પ્રદર્શન કરશે? શું ભાજપે માફી માગી તે પૂરતું નથી?

આ ઉપરાંત કૉંગ્રેસની સરકાર હતી ત્યારે તેમના દ્વારા શિવાજી મહારાજનો વારસો સાચવવા માટે કે તેમના ગઢ અને કિલ્લાઓની જાળવણી માટે કોઇપણ પગલાં ન લેવામાં આવ્યો હોવાની ટીકા પણ ભાજપે કરી હતી.

### ભાજપની યુવા પાંખ પણ કરશે આંદોલન

વિપક્ષો દ્વારા યોજવામાં આવેલા આંદોલનનો વિરોધ વ્યક્ત કરવા માટે રાજ્યભરમાં ભારતીય જનતા યુવા મોરચા એટલે કે ભાજપની યુવા પાંખ દ્વારા પણ મોરચા કાઢવામાં આવશે. તકવાદી મહાવિકાસ આઘાડીને ઉઘાડી પાડવા માટે આ મોરચાઓનું આયોજન કરવામાં આવશે. રવિવારે સવારે નવ વાગ્યાથી રાજ્યભરમાં મુંબઈ, થાણે, રત્નાગિરી, કરાડ, પુણે, નાગપુર, નાસિક સહિતના શહેરોમાં આંદોલન કરવામાં આવશે.

# પ્રતિમા તૂટી પડી એ દુર્ઘટના મહારાષ્ટ્ર પર કલંક: કૉંગ્રેસ


મુંબઈ: છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું પતન મહારાષ્ટ્ર પર કલંક છે અને આ દુર્ઘટના સરકારની ભ્રષ્ટ પ્રથાઓને ઉઘાડી પાડે છે, એમ કૉંગ્રેસના વરિષ્ઠ નેતા પૃથ્વીરાજ ચવ્હાણે શનિવારે જણાવ્યું હતું. કૉંગ્રેસની બેઠક બાદ મુંબઈમાં પત્રકાર પરિષદ સંબોધતા પૂર્વ મુખ્ય પ્રધાને મહાયુતિ સરકાર પર મહારાષ્ટ્રને "સંપૂર્ણ નાદારી" તરફ ધકેલવાનો આરોપ પણ મૂક્યો હતો અને દાવો કર્યો હતો કે રાજ્યની માથાદીઠ આવકમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. શુક્રવારે પાલઘરની મુલાકાત દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના સિંધુદુર્ગ જિલ્લામાં શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડી એ બદલ છત્રપતિ શિવાજી મહારાજની તેમ જ જેમની લાગણી દુભાઈ છે એમની માફી માગી હતી. ૨૬ ઑગસ્ટે તૂટી પડેલી ૩૫ ફૂટની પ્રતિમાનું અનાવરણ ૪ ડિસેમ્બર, ૨૦૨૩ના દિવસે 'નૌકાદળ દિવસ'ના પ્રસંગે વડા પ્રધાન દ્વારા કરવામાં આવ્યું હતું. પીએમ મોદીની માફી વિશે બોલતા ચવ્હાણે કહ્યું હતું કે 'આ રાજકીય અને શરતી માફી હતી. પ્રતિમા તૂટી પડી એ ભ્રષ્ટાચારનો સ્પષ્ટ કેસ છે. આ પ્રતિમા કાંસાની બનાવવાની હતી, પણ તેના બદલે થ્રી-ડી પ્રિન્ટેડ પ્રતિમાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.'

feedback@bombaysamachar.com

વિશેષ

# કયા દેશની મહિલાઓ પાસે છે સૌથી વધુ સોનું? ભારતીય મહિલાઓનો નંબર કયો?

અનંત મામતોરા



દરેક મહિલાને આભૂષણ ખૂબ જ પસંદ હોય છે અને એમાં પણ ખાસ કરીને ભારતીય મહિલાઓને સોનાના ઘરેણાં ખૂબ જ પસંદ હોય છે. અહીં લગ્ન હોય કે કોઈ પણ પ્રસંગ હોય મહિલાઓ સોના-ચાંદી કે ડાયમંડના ઘરેણાં પહેરવાનું પસંદ કરે છે. ગરીબમાં ગરીબ પરિવારની મહિલા પાસે પણ થોડું તો થોડું સોનું ચોક્કસ હોય જ છે. ધાર્મિક તહેવાર પર પણ સોનું પહેરવાનું શુભ માનવામાં આવ્યું છે. પરંતુ શું તમને ખબર છે કે ભારતીય મહિલા પાસે કેટલું સોનું છે? દુનિયામાં કયા દેશની મહિલાઓ પાસે વધારે સોનું છે? ભારતીયો મહિલાઓનો આ યાદીમાં કયો નંબર આવે છે? ચાલો આજે તમને આ વિશે જણાવીએ

વાત કરીએ ભારત પાસે રહેલાં સોનાની તો અન્ય દેશોની સરખામણીએ અહીં સોનું મોટા પ્રમાણમાં પહેરવામાં આવે છે.

મહિલાઓથી લઈને પુરુષોમાં પણ સોનું પહેરવાનો ક્રેઝ વધી રહ્યો છે. મહિલાઓ તો અહીં મોટા પ્રમાણમાં સોનું પહેરે જ છે, પરંતુ પુરુષો પણ સોનું પહેરવાનું પસંદ કરે છે. ભારતના અનેક રાજ્યમાં ધાર્મિક કાર્યક્રમોમાં પણ સોનું પહેરવાનું આગવું મહત્ત્વ જણાવવામાં આવ્યું છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ દ્વારા આપવામાં આવેલા એક રિપોર્ટમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે ભારતીય મહિલાઓ પાસે આશરે ૨૪,૦૦૦ ટન સોનું છે અને આ સોનાને દુનિયાનું સૌથી મોટું ખજાનો માની શકાય છે. આ રિપોર્ટમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે ભારતીય મહિલાઓ દુનિયાના કુલ સોનાના ભંડારા ૧૧ ટકા સોનું તો ઘરેણાં બનાવીને પહેરે છે, જે દુનિયાના ટોપ ફાઈવ દેશના કુલ સોનાના ભંડારથી વધારે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતના દક્ષિણી રાજ્યોમાં સોનાનો સૌથી વધુ ઉપયોગ કરવામાં આવે છે. દક્ષિણ ભારતમાં જ દેશના કુલ સોનાનું ૪૦ ટકા સોનુ છે. જ્યારે તમિળનાડુમાં ૨૮ ટકા સોનું છે. સરળ શબ્દોમાં સમજાવવાનું થાય તો ભારતના આ ભાગમાં મહિલાઓ પાસે સૌથી વધુ પ્રમાણમાં સોનું છે.

વાત કરીએ દુનિયાના અન્ય દેશો વિશે તો અમેરિકા પાસે ૮૦૦૦ ટન સોનું છે જ્યારે જર્મની પાસે ૩,૩૦૦ ટન સોનુ છે. ઈટલી પાસે ૨૪૫૦ ટન, ફ્રાન્સ પાસે ૨૪૦૦ ટન અને રશિયા પાસે ૧૯૦૦ ટન સોનુ છે. ૨૦૨૩-૨૪માં ભારતે બ્રિટનમાં રહેલા પોતાનું ૧૦૦ ટન પાછું મંગાવી લીધું હતું. ૧૯૯૧ બાદ અત્યાર સુધી આ થયેલું સૌથી મોટું ટ્રાન્સફર હતું.

## પર્યુષણ પર્વ... (સાતમા પાનાનું ચાલુ)

moodless ન હોય.

મોટાભાગના સંસારીઓ કદાચ સહન કરવું પડે એમ હોય એટલે અથવા સંબંધોને સાચવવા માટે પણ સહન કરી લે, પણ એ સહન કર્યાની ગણતરી કર્યા કરે, એટલે એના ચહેરા પર હંમેશાં ભાર હોય!

સહનશીલતા એ ધર્મનો શ્વાસ છે.

સહન કર્યા વિના જૈનત્વ ક્યારેય ખીલે નહીં.

તીર્થંકરના ભવમાં પણ પ્રભુએ કેટલાં ઉપસર્ગોને સહન કર્યાં, ત્યારે એમનો આત્મા સકલ કર્મોનો ક્ષય કરી 'પરમાત્મા' પદને પામ્યો.

જેની સહન કરવાની તૈયારી છે, એની ભગવાન બનવાની શરૂઆત થાય છે.

Check કરો,

સહન ન કરવાના કારણે તમે કેટલીવાર ગુસ્સો કર્યો હશે, કેટલીવાર કોઈને hurt કર્યા હશે, કેટલાં રાગ-દ્વેષ કર્યા હશે, સહન ન કરવાના કારણે હિંસા, અસત્ય, ચોરી અને પરિગ્રહ કર્યાં હશે!

એક સહનશીલતાનો ગુણધર્મ ન હોવાના કારણે જાણતાં-અજાણતાં તમે ૧૮-૧૮ પ્રકારનાં પાપોનું સેવન કરી, તમારા આત્માને દૂષિત કર્યો છે, સહનશીલતાના ગુણધર્મની વિરાધના કરી છે, કેટલાંય પ્રકારનાં કર્મો બાંધ્યાં છે. પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એ દૂષિત આત્માને શુદ્ધ કરવા માટે છે.

આજે પ્રભુ અને ગુરુ સમક્ષ બે હાથ જોડી, મસ્તક નમાવી એક એક પાપોનો, એક એક ભૂલોની, એક એક દોષોની માફી માગવાનો અવસર છે, આત્માને શુદ્ધ કરવાનો અવસર છે અને સહનશીલતાના ગુણને પ્રગટ કરવાનો અવસર છે.

જ્યારે વ્યક્તિ સહન નથી કરતી ત્યારે તે દ્વેષભાવમાં આવી જાય છે. દ્વેષની વિદાય એ જ કરી શકે, જેની સહન કરવાની તૈયારી હોય, જેમની પાસે tolerance power હોય!

જેમની પાસે આ વર્ષે સહનશીલતાનો ગુણધર્મ આવી જશે,

એમને આવતી સંવત્સરીની કોઈ જરૂર નહીં રહે.

જે સહન કરી લે છે, એના સંબંધો ક્યારેય બગડતાં નથી. જેની સહન કરવાની તૈયારી હોય છે, એને કોઈ સાથે રાગ-દ્વેષ થતાં નથી. જેની સહન કરવાની તૈયારી હોય છે, તેને કોઈ સાથે મનદુ:ખ થતું નથી. જેની સહન કરવાની તૈયારી હોય છે, તે કોઈને hurt કરતાં નથી, કોઈની લાગણીને દુભાવતાં નથી માટે જ, એને કોઈની ક્ષમા માગવાની કે ક્ષમાપના માટે સંવત્સરીની જરૂર રહેતી નથી.

સહનશીલતાના ગુણધર્મને ખીલવવા માટે પ્રથમ મગજમાં જેના માટે જે કાંઈ ભર્યું હોય, એ ખાલી કરવું પડે.

તમે જ્યારે સહન નથી કરતાં, ત્યારે તમે ગમે તે પ્રકારના reactions આપો છો. તમારા એ reactionsના કારણે કેટલાંયની આંખોમાં તમે આંસુ લાવ્યા હશો. તમારા ગુસ્સાના કારણે, તમારા staffની આંખોમાં આંસુ આવ્યા હશે. તમારા natureના કારણે તમારાં સ્વજનોની આંખમાં આંસુ આવ્યા હશે.

સ્વયંના આંસુઓથી, અન્યની આંખોમાં વહાવેલા આંસુઓના પાપને ધોવા માટે પર્યુષણ છે.

જેટલાં તમે પશ્ચાતાપના આંસુઓથી સ્વયંને ભીંજવશો, એટલું તમારું heart soft થશે અને heart soft થશે તો જ સહન કરવાની તૈયારી થશે.

જે સહન નથી કરતાં, તે સ્વયં તો દુ:ખી થાય છે, પણ આસપાસવાળાને પણ દુ:ખી કરે છે. જે સહન નથી કરતાં, તે problems create કરે છે, તે વાતાવરણને અશાંત કરે છે.

જે સહન કરે છે, તે સિદ્ધ થાય છે.

તમે જેટલું સહન કરશો, એટલાં સિદ્ધત્વની નજીક જશો.

સહન કરવા માટે, reactionless બનવું જોઈએ.

તમે તપસ્યા કરો, તમે શરૂઆતમાં જ મનને message આપી દો, 'મારે આ પર્યુષણમાં અઠ્ઠાઈ તો કરવી જ છે. ભલે મને ભૂખ લાગે, ભલે મને માથું દુ:ખે, ભલે મને પિત્ત થાય મારી સહન કરવાની તૈયારી છે.'

પ્રભુએ સ્વયં સહન કરી, સહન કરવાનો, સહનશીલતાનો ગુણધર્મ આપણને આપ્યો છે. આપણે પણ એ ગુણધર્મને વિકસાવી, આપણા આત્માને પરમાત્મા બનાવવાનો પુરુષાર્થ કરવો, એ જ પ્રભુના શ્રાવક તરીકેનું આપણું કર્તવ્ય છે.

પ્રભુએ કહ્યું છે; જો તારી સહન કરવાની તૈયારી છે, તો મારી તને મોક્ષમાં welcome કરવાની તૈયારી છે.'

પ્રભુની જેમ pain સાથે પ્રીત કરી, આજે થોડું pain સહન કરવાની તૈયારી રાખશો તો, એક દિવસ જન્મ-મરણના, સંસાર પરિભ્રમણના painનો અંત થઈ જશે.

Pain સાથે પ્રીત ક્યારે થાય? પરિભ્રમણનો અંત ક્યારે થાય?

જ્યારે સહન કરવાની તૈયારી હોય!

## મોર્નિંગ મ્યૂસિંગ (બારમા પાનાનું ચાલુ)

તહીં અફળતા-ફૂટાતા આપણે તણાતા રહીએ છીએ. અભિનેતા નાના પાટેકરે એક સંવાદમાં કહ્યું હતું તેમ, 'કયુ જીએ માલૂમ નહીં, કયુ મરે માલૂમ નહીં.'

જીવન સાર્થક અને સંતોષકારક ત્યારે બને જ્યારે તે સહેતુક હોય. વેદમાં તેને સંકલ્પ કહે છે; કર્મ સંકલ્પમાંથી આવે છે. આપણે જેવું પણ જીવીએ છીએ તે આપણા કર્મ (એક્શન)નું પરિણામ છે. એ કર્મ સહેતુક છે કે સાંયોગિક, તેના પર જીવનની સાર્થકતા નિર્ભર કરે છે. સહેતુક જીવન એટલે મારી ચોઇસ પ્રમાણે જીવવાની, નિર્ણય કરવાની સ્વતંત્રતા. ઇચ્છાશક્તિ એટલે જીવતા રહેવું નહીં, ઇચ્છાશક્તિ એટલે ઇચ્છિત જીવનનું નિર્માણ કરવું, તેની ડિઝાઇન બનાવવી- તેનું સર્જન કરવું તે. એક દાખલો ક્યાંક વાંચ્યો હતો:

એક જગ્યાએ ૧૦૦ તોતિંગ કોઠી છે. તેમાંથી એકમાં સોનું છે. બે માણસ છે- અનિલ અને બાદલ એમને એ સોનું મેળવવું છે. એમણે દરેક કોઠીને વારાફરતી ફોડવાની છે. અનિલ હથોડા વડે પહેલી કોઠી ફોડે છે, પછી બીજી અને ત્રીજી એમ કરીને ૨૪ કોઠી ફોડે છે, પણ ત્યાં સુધીમાં તો એ થાકીને ચૂર થઈ જાય છે. એ હાર માની લે છે. પાછળથી એને ખબર પડે છે કે ૨૮મી કોઠીમાં સોનું હતું. એણે જો વધુ ૪ કોઠી ફોડવાનો પરિશ્રમ કર્યો હોત તો નસીબ ચમકી ગયું હોત. એને આળસ આવી ગઈ અને નસીબ દૂર રહી ગયું.

હવે બાદલનો વારો આવ્યો. કોઠીઓની ગોઠવણી બદલી નાખવામાં આવી હતી. એણે હથોડો લઇને કોઠીઓ ફોડવાનું શરૂ કર્યું, ૧,૨,૩,૪,૫...અને એ ૫૦ સુધી પહોંચ્યો. નસીબે સાથ ન આપ્યો, પણ એ હિંમત ન હાર્યો. એણે નક્કી કર્યું હતું કે ૧૦૦ પૂરી કરવી. ૭૮મી કોઠીમાંથી એને સોનું મળ્યું. અનિલ માટે સોનુ ૨૮મી કોઠીમાં હતું, પણ નસીબ તેના ફેવરમાં ન હતું , કારણ કે તે આળસી ગયો હતો. બાદલનું નસીબ ખરાબ હતું એટલે સોનું ૭૮મી કોઠીમાં હતું, પણ પરિશ્રમ ચાલુ રાખીને નસીબને ફેવરમાં કરી નાખ્યું. સાર એટલો જ કે નસીબ ચોક્કસ હોય છે, પણ તેની વરમાળા એના ગળામાં પડે છે જે ઈમાનદારીથી પરિશ્રમ કરે છે. ખરાબ નસીબ પણ હોય છે, પરંતુ એને નિયમિત પરિશ્રમથી જીતી શકાય છે. જીવનમાં આપણે સફળ થવા માટે જેટલા પ્રયાસો વધારતા જઈએ, નિષ્ફળતાની શકયતાઓ એટલી ઓછી થતી જાય. લોકોને નસીબમાં વિશ્વાસ હોવાનું કારણ એ છે કે તે પરિશ્રમ વિનાનું અને ચમત્કારિક હોય છે. ઘણા લોકો બાદલ જેવા હોય છે, જે સોનું મેળવ્યા પછી પોતાને નસીબદાર ગણાવે છે. અમુક લોકો રાજેશ તૈલંગ જેવા હોય છે,જે ખુદનું નસીબ લખીને સોનું મેળવે છે.

## ઊડતી વાત (આઠમા પાનાનું ચાલુ)

આખલાએ ફૂલગુલાબી શરમાતા છણકો કરીને કહ્યું. તો પછી તમે મેળાના રંગમાં ભંગમાં કેમ પાડ્યો ? અમે અસલી સવાલ પૂછ્યો.

અમે પણ જીવ છીએ. આખું વરસ મજૂરી કરીએ. ભાર વેંઢારીએ. અમને એકાદ દિવસ તહેવાર ઊજવવાનું મન ન થાય? અમારા કદાવર દેહમાં એક નાજુક દિલ ધબકે છે. તમે લોકો ફજેતફાળકામાં આકાશોડ્ડયન કરો તો અમને ફજેતફાળકામાં બેસવાનું મન ન થાય?....સાચું કહું તો ઇવડા ઇ મેળામાં મારા મનની માનેલ ષોડશી વાછડી આવી હતી . અમે ઇલુ ઇલુ કરવા ગયા હતા. એમાં કેવડો હંગામો થયો. અમે છાપે ચડી ગયા આખલાએ મેળામાં જવાનું રહસ્યોદઘાટન કર્યું.

આખલાની વાત સાંભળી રાજુ અમારી વચ્ચેથી સરકી ગયો. શક્ય છે કે રાજુ રદી મેળામાં એના દિલની રાણીને મળવા સરકી ગયો હશે!...

## કવર સ્ટોરી (સાતમા પાનાનું ચાલુ)

રાજ્યની કાયાપલટ કરી શકાય પણ શાસક પક્ષ ગુજરાતમાં યોગ્ય પ્રમાણમાં વોટર મેનેજમેન્ટ થાય એવી સ્થિતિ નથી સર્જી શક્યો એ કડવી વાસ્તવિકતા છે.

ગુજરાતમાં ભાજપના શાસનની આ સૌથી મોટી નિષ્ફળતા છે. વધારે શરમજનક વાત એ છે કે, આટલો બધો વરસાદ પડે છે છતાં ગુજરાતમાં દર ઉનાળામાં પાણીની અછત તો પેદા થઈ જ જાય છે. વરસાદ પડવા માંડે ત્યારે એવો પડે છે કે, લગભગ આખું ગુજરાત જળબંબાકાર થઈ જાય છે. અચાનક પડતા પાણીનું શું કરવું તેની સૂઝ શાસકોને પડતી નથી અને રઘવાયા થઈ જાય છે. આભ ફાટ્યું હોય એવી હાલતમાં સેંકડો ગામો પાણીમાં ડૂબી જાય છે ને સંપર્ક વિનાનાં થઈ જાય છે. દિવસો લગી પાણી ભરાયેલાં રહે છે. આ પાણી ક્યારે ઓસરશે એની ખબર જ નથી હોતી કેમ કે પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા જ નથી. ખાલી ડેમ છલકાઈ જાય છે ને પાણી ગામોમાં ઘૂસીને તબાહી વેરી જાય છે. આ સ્થિતિ ચોમાસાના થોડાક દિવસો સુધી રહે છે પણ જેવો શિયાળો બેસે છે કે તરત પાણીનો કકળાટ શરૂ થઈ જાય છે. ઉનાળો આવે ત્યાં લગીમાં તો એ હાલત થઈ જાય છે કે, પીવા માટે પણ પાણી રહેતું નથી. બહેન-દીકરીઓએ માથે બેડાં મૂકીને દૂર દૂરથી પાણી લાવવું પડે છે.

આ સ્થિતિ એટલા માટે છે કે ગુજરાતમાં ભાજપ શાસન બે મોરચે સદંતર નિષ્ફળ ગયું છે. પહેલું વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા અને બીજું જળસંચય. વરસાદી પાણીના નિકાલ માટે મજબૂત ગટર વ્યવસ્થા, ખંભાતી કૂવાનું નિર્માણ, ગામેગામ વરસાદી પાણીને સંગ્રહી શકે એવાં જળાશય જરૂરી છે. એ માટે આખા ગુજરાતમાં જળાશયો ઊંડા કરવાનાં કામ કરાવવાં પડે, પણ આટલાં વરસોમાં ભાજપ એ નથી કરી શક્યો ભાજપ જળસંચય મોરચે પણ કશું કરી શક્યો નથી. ગુજરાતમાં ભારે વરસાદ પડે ત્યારે સૂકીભઠ્ઠ નદીઓ પણ બે કાંઠે વહેતી થઈ જાય છે પણ તેનાં પાણીને રોકીને ભવિષ્યમાં ઉપયોગ કરવાની સૂઝ શાસકોમાં નહોતી તેથી મુખ્યમંત્રીઓએ નવા બંધ બનાવ્યા જ નહીં. ગુજરાતમાં ક્યો બંધ ક્યારે શરૂ થયો ને ક્યારે પૂરો થયો તેનો ડેટા વેબસાઈટ પર છે.ભાજપ શાસનમાં થોડા બંધ પૂરા થયા ખરા પણ નવો કોઈ બંધ શરૂ નથી થયો. મોટા ભાગના બંધ કૉંગ્રેસના શાસનમાં શરૂ થયા ને પૂરા થયા. કડાણા, કાકરાપાર, ઉકાઈ સહિતના બીજા મોટા બંધો કૉંગ્રેસ શાસનમાં જ બન્યા. ભાજપ શાસનમાં નવા બંધ બન્યા હોત તો વરસાદી પાણીનો સંગ્રહ ત્યાં કરી શકાય પણ એવું કશું ૨૭ વરસમાં થયું નથી. શાસકો વિકાસના નામે બાંધકામો કરાવ્યા કરે છે, ઉદ્યોગોને લાવે છે પણ તેના કારણે પાણીની જરૂરિયાત વધે એ પૂરી કરવા કોઈ આયોજન કરતા નથી. રાજ્ય સરકારના અહેવાલ મુજબ ગુજરાતમાં ૬૦ ટકા ખેતી વરસાદ આધારિત છે. ગુજરાતમાં ભાજપ ૨૭ વર્ષથી સત્તામાં છે ને છતાં ૬૦ ટકા ખેતી વરસાદ આધારિત હોય તેનો અર્થ એ થાય કે શાસક પક્ષે ગુજરાતમાં સિંચાઈની એવી વ્યવસ્થા ઊભી નથી કરી શક્યો કે જેના કારણે વરસાદ પરની નિર્ભરતા ઘટે.

દર વર્ષે ગુજરાતમાં સિંચાઈ માટે કેટલું પાણી જોઈશે તેની ગણતરી અને તેની વ્યવસ્થા કઈ રીતે કરવી તેની ગતાગમ નેતાઓને આટલાં વરસે પણ નથી પડતી. પરિણામે કોઈ આગોતરું આયોજન થતું નથી ને ગુજરાતમાં વરસાદ બહુ પડે છે છતાં પાણીની અછત રહે છે. આ સ્થિતિ-સિનારિયો બદલવા રાજ્ય સરકારે ગંભીરતાથી જળસંચય ઝુંબેશ શરૂ કરવી પડે, વરસાદી પાણીના નિકાલ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવું પડે. ભાજપના શાસકો ગુજરાતની સરખામણી અમેરિકા સહિતના ધનિક દેશો સાથે કરે છે, પણ સરખામણી કરવાથી અમેરિકા ના બનાય. એમને ખબર નથી કે, અમેરિકા સહિતના દેશો પાસે વરસાદી પાણીના નિકાલની એવી જડબેસલાક વ્યવસ્થા છે કે, એક ટીપું પાણી પણ નકામું નથી વેડફાતું.

feedback@bombaysamachar.com

કવર સ્ટોરી

વિજય વ્યાસ

# ગુજરાત જળબંબાકાર, પ્રજા ત્રાહિમામ્ ફિર વો હી કમબખ્ત કહાની...!



અનેક રીતે વિકાસમાં અગ્રેસર ગણાતા ગુજરાત પર કુદરત ધાર્યા કરતાં વધુ વરસાદની કૃપા દાખવે તો રાજ્ય સરકાર ખુદ પાણીમાં બેસી જાય છે, કારણ કે અહીં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા અને જળસંચયનું યોગ્ય આયોજન ક્યારેય થયું નથી રાજ્યમાં ૨૭ વર્ષ સુધી એક જ પક્ષનું શાસન હોવા છતાં!



ગુજરાતમાં ચોમાસાએ હાહાકાર મચાવ્યો છે અને લોકોની હાલત બગાડી દીધી છે. ગુજરાતમાં લાંબાં સમય સુધી મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડ્યો નહોતો તેથી ચોમાસુ કોરુધાકોર જશે કે શું એવી ચિંતા સતાવતી હતી ત્યાં મેઘરાજાએ એવી ધમાકેદાર બેટિંગ કરી કે, રાજ્ય સરકાર સહિત ત્યાના પ્રજાજનોના છક્કા છૂટી ગયા છે. ગુજરાતનો ભાગ્યે જ કઈ એવો પ્રદેશ છે કે જ્યાં તોફાની વરસાદ ના પડ્યો હોય ને લોકો પરેશાન ના થયા હોય. વડોદરામાં હાલત માત્ર ખરાબ નહીં-બદતર છે તેથી દેશભરનું ધ્યાન વડોદરા તરફ ખેંચાયું, પણ વાસ્તવમાં ગુજરાતમાં બધે આ હાલત છે. ઘણાં વિસ્તારોમાં તો દિવસમાં ૨૦ - ૨૦ ઈંચ વરસાદ ખાબક્યો તેમાં લોકોના બબૂડિયા બોલી ગયા છે. આ અતિ વર્ષાએ એવી હાલત કરી કે વરસાદને લગતી આપણી બોલીની બધી કહેવતો શુષ્ક લાગે! ગુજરાતમાં પડેલા સાંબેલાધાર વરસાદે ગુજરાતની વરસો જૂની સમસ્યાને પણ લોકો સામે છતી કરી દીધી છે. આ સમસ્યા 'રેન વોટર મેનેજમેન્ટ' એટલે કે વરસાદી પાણીના સંચાલનની છે. 'ભાજપ' ગુજરાત મોડલની વાત કરે છે. ગુજરાતમાં જોરદાર વિકાસ થયો હોવાના દાવા કરે છે. આવા દાવા સાવ પોકળ નથી. ગુજરાતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો જરૂર થયો છે. ભરતીઓમાં ભ્રષ્ટાચાર બંધ થયો ને પારદર્શક ભરતી થવા માંડી એવાં સારાં કામ પણ થયાં છે, પણ વરસાદી પાણીના નિકાલને મુદ્દે ગુજરાત ઠેરનું ઠેર છે.

૨૦૦૧માં નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી બન્યા પછી સૌથી પહેલાં પંચશક્તિનો નારો આપેલો. આ પંચશક્તિમાં જળશક્તિ એક હતી. એ દિશામાં થોડા ઘણા પ્રયત્નો થયા, પણ પછી બધું બાજુ પર ધકેલાઈ ગયું ને અત્યારે કેવી સ્થિતિ છે એ નજર સામે છે. અડધું ગુજરાત વરસાદી પાણીમાં ડૂબી ગયું ને લોકો ત્રાહિમામ્ છે. ગુજરાતનાં મોટા ભાગનાં શહેરોમાં દિવસોના દિવસો લગી પાણી ભરાઈ રહે છે, અતિવૃષ્ટિને લીધે ઠેર ઠેર રસ્તા પર ભૂવા-ગાબડાં પડી ગયા છે. ભારે વરસાદને કારણે રાજ્યના ૫૦૦થા વધુ રસ્તાઓ બંધ કરી દેવા પડયાં છે તેથી લોકો વચ્ચેનો સંપર્ક તૂટી ગયો અને લોકોને જીવનજરૂરિયાતની ચીજો ના મળે એવી કફોડી હાલત થઈ ગઈ આ બધાને કારણે અકળાયેલા-રોષે ભરાયેલા લોકો ધારાસભ્યોને ભગાડી રહ્યા છે, સોશિયલ મીડિયા ને મીડિયામાં આક્રોશ ઠાલવી રહ્યા છે, કેમ કે આપણા શાસકોએ ૩૦ વર્ષમાં વરસાદી પાણીના નિકાલ માટે કશું કર્યું જ નથી. તેનું કારણ એ છે કે, આપણા શાસકોમાં એવી સૂઝ જ નથી. વરસાદી પાણી આવવાનું છે એ સનાતન સત્ય છે, પણ વરસાદી પાણીનો બે-ચાર કલાકમાં નિકાલ થઈ જાય ને ભવિષ્યમાં તેનો ઉપયોગ લોકોના ભલા માટે કરી શકાય એવું લાંબા ગાળાનું આયોજન કરવામાં ગુજરાતના શાસકો સાવ નિષ્ફળ નિવડ્યા છે. આ નિષ્ફળતો માટે ભાજપ વધારે દોષિત કહેવાય કેમ કે છેલ્લાં ૨૭ વર્ષથી ગુજરાતમાં ભાજપનું શાસન છે. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રીપદે ૧૩ વર્ષ રહ્યા એ પહેલાં સાડા ત્રણ વરસ લગી કેશુભાઈ પટેલ હતા. મોદી ગયા પછી આનંદીબેન પટેલ બે વરસ રહ્યાં. પછી વિજયભાઈ રૂપાણી પાંચ વરસ રહ્યા ને છેલ્લાં ત્રણ વરસથી ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી છે. આ બધા મુખ્યમંત્રીઓનો શાસનકાળ ૨૭ વરસની આસપાસ છે. ૨૭ વર્ષ બહુ મોટો સમયગાળો છે. ૨૭ વરસમાં તો આખા

(જુઓ પાનું ૬) ▶▶

પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા

## નમ્રવાણી



-રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

# સહન કરવાની તૈયારી છે?

કોઈએ પ્રભુને પૂછ્યું,

પ્રભુ! મારે મારી lifeને સાર્થક કરવી છે, પ્રભુ! હું શું કરું?

પ્રભુએ કહ્યું, જેની સહન કરવાની તૈયારી હોય, તે lifeને સાર્થક કરે. હું પરમાત્મા બન્યો, એનું સૌથી મોટું secret છે કે, મેં pain સાથે પ્રીત કરી હતી, મેં દરેક પ્રકારનાં કષ્ટો, વેદનાઓ, ઉપસર્ગો અને પરિસહોને welcome કરવાની અને એને સહન કરવાની તૈયારી કરી હતી.

પ્રતિકૂળતાના પથ પર પગલાં પાડનાર પરમાત્મા બને છે, અનુકૂળતાનો માર્ગ પસંદ કરનાર સંસારમાં પરિભ્રમણ કરે છે.

અનુકૂળતા એ મનની લાચારી છે. જ્યાં મનની લાચારી હોય, ત્યાં ધર્મ સાધના કરવાની શક્યતા ઘટી જાય છે.

પ્રભુનો ધર્મ જન્મથી મળ્યો, પણ પ્રભુએ જે સહન કરવાની સાધના કરી, એ આપણે ન કરી, એટલે ધર્મ કરીને પણ ધર્મનો અહેસાસ નથી થતો. ચંદનબાળાએ પ્રતિકૂળતાનો સ્વીકાર કર્યો અને જેટલાં પણ કષ્ટો આવ્યાં, સમભાવે સહન કર્યા માટે જ, પ્રભુ એમના દ્વારે પધાર્યા, એમની મોક્ષયાત્રાનો પ્રારંભ કરાવ્યો.

પ્રતિકૂળતાને જે મિત્ર બનાવે છે, પરમાત્મા એની સમીપ આવે છે.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એ ક્ષમાપનાનો ઉત્સવ છે. ક્ષમાપના કેમ કરવી પડે છે? કેમ કે, સામેવાળી વ્યક્તિએ ક્યાંક ને ક્યાંક તમારી અનુકૂળતા પર, તમારી પ્રસન્નતા પર break મારી છે, જે તમારાથી સહન નથી થઈ, એટલે એમની સાથેના સંબંધોમાં break લાગી ગઈ છે.

ધર્મની શરૂઆત સહનશીલતાના ગુણથી થાય છે.

એક હોય છે, પરાણે પરિસ્થિતિને સહન કરવી અને એક હોય છે, સ્વયંના સહનશીલતાના ગુણના કારણે ગમે તેવી પરિસ્થિતિને સહજતાથી સહન થઈ જવી.

સહનશીલતામાં હંમેશાં સ્વીકારભાવ હોય છે.

ભગવાન મહાવીરના કાનમાં જ્યારે ખીલ્લાં માર્યા ત્યારે ભગવાન એનો પ્રતિકાર કરી શકે, એને અટકાવી શકે એટલું સામર્થ્ય ધરાવતા હતા, છતાં ભગવાને શાંતિથી સમભાવે સહન કર્યું, 'સહન કરવું પડે' એવી ભગવાનની કોઈ લાચારી ન હતી, પણ સહનશીલતા એમનો ગુણધર્મ હતો. આવેલી પ્રતિકૂળતા કર્મનો ઉદય છે, એવી શ્રેષ્ઠ સમજ હતી.

ધર્મ એટલે કર્મના ઉદયે આવેલી પ્રતિકૂળતાને સ્વીકારવાની અને સહન કરવાની તૈયારી!!

જ્યાં સહન કરવાની તૈયારી હોય છે, ત્યાં ધર્મ ખીલે પણ છે અને વિકસે પણ છે.

વિચાર કરો, ક્ષમા કોણ આપી શકે? જે સહન કરી શકે!

સંતોષ કોણ રાખી શકે? જે સહન કરી શકે!

નમ્રતા કોણ રાખી શકે? જે સહન કરી શકે!

સહનશીલતા અર્થાત્ tolerance power જેનામાં હોય, એના ચહેરા પર સદાય પ્રભુ જેવી પ્રસન્નતા હોય, એ ક્યારેય રડતો ન હોય, એ ક્યારેય

(જુઓ પાનું ૬) ▶▶




અરાઉન્ડ દ વર્લ્ડ



નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# ભારતની બહાર મારાં મનગમતાં ટોચનાં 3 શહેર!



Copenhagen, Denmark



Shibuya Crossing, Tokyo



Flinders Street Railway Station Melbourne

મારા માટે પ્રવાસ એટલે યાદોથી ભરચક ખજાનો ખોલવા બરાબર છે. મારો દરેક પ્રવાસ, હું જઈને આવું તે દરેક શહેર મારા સંગ્રહમાં વધુ એક રત્નનો ઉમેરો કરે છે, જે પોતાની રીતે અમૂલ્ય, અવિસ્મરણીય અને અજોડ હોય છે. હું માણી આવ્યો છું તે ઘણાં બધાં સાહસોમાં ત્રણ શહેરો મારા મનમાં કાયમ માટે અંકિત થઈ ગયાં છે. મને અન્યોથી વધુ સારાં લાગતાં આ શહેરમાં કોપનહેગન, ટોકિયો અને મેલ્બર્નનો સમાવેશ થાય છે. તે નકશા પર ફક્ત સ્થળ નથી, પરંતુ તે એવો અનુભવ છે, જે દુનિયા અને તેની અતુલનીય વૈવિધ્યતા પર મારા નજરિયા પર ઊંડો પ્રભાવ ધરાવે છે

મારા સાથી વીણા વર્લ્ડના ટુર મેનેજરોને હું મારો મનગમતો એક પ્રશ્ન અચૂક પૂછું છું: "દુનિયામાં તમારાં ત્રણ મનગમતાં શહેર ક્યાં છે?" ઉત્તરો હંમેશાં ભિન્ન હોય છે, અંગત અનુભવો અને અજોડ વાર્તાઓથી ભરચક હોય છે, પરંતુ આ ત્રણ ઉત્તમ શહેરો પ્રત્યે મારા મોહ જેવા જ ઉત્તરો હોય છે.તો આજે ચાલો આ અનન્ય સ્થળોની સેર કરીએ અને તેમને ખરેખર અવિસ્મરણીય શું બનાવે છે તે પણ જાણીએ.

કોપનહેગન: ડેન્માર્કની રાજધાની કોપનહેગન આધુનિક સ્થાપત્યની બાજુમાં ઊભેલા મધ્યયુગીન રજવાડાઓ અને રાજમહેલોથી સમૃદ્ધ છે. અહીં કોબલસ્ટોન સ્ટ્રીટ્સ અને વોટરફ્રન્ટ સાથે રંગબેરંગી ઈમારતો નયનરમ્ય નિસર્ગદ્રશ્ય નિર્માણ કરે છે, જે એકાદ વાર્તાના પુસ્તકમાંથી આવ્યું હોય તેવું મહેસૂસ કરાવે છે. કોપનહેગનનું એક સૌથી આકર્ષક પાસું તેના સમૃદ્ધ વારસાનું સંવર્ધન કરવા સાથે આધુનિક જીવનધોરણ તેણે કઈ રીતે અપનાવ્યું તે છે. ક્રિસ્ટિયનબોર્ગ પેલેસના ભવ્ય સ્પાયર્સથી નવી શહેરી જગ્યાઓની બેસુમાર મનોહરતા સુધી, શહેરની આકાશરેખા તેનો ભૂતકાળ અને તેના ભવિષ્યની પણ કદર કરતાં સ્થળની વાર્તા કહે છે.

દેખીતી રીતે જ કોપનહેગનની એક સૌથી અજોડ વિશિષ્ટતા સાઈકલો સાથે તેનો પ્રેમ છે. આ શહેરમાં માણસો કરતાં સાઈકલો વધુ દેખાય છે. સાઈકલિંગ અહીં પરિવહનનું માધ્યમ હોવા સાથે જીવનની રીત પણ છે. કોપનહેગનની બાઈક લેનનું વ્યાપક નેટવર્ક દુનિયામાં તેને સૌથી બાઈક- ફ્રેન્ડ્લી શહેર બનાવે છે અને સાઈકલિંગ તેની સંસ્કૃતિમાં ઊંડાણમાં કેળવાયેલી છે.

તિવોરી ગાર્ડન્સ: દુનિયાના સૌથી પ્રાચીન એમ્યુઝમેન્ટ પાર્કસમાંથી એક તિવોલી ગાર્ડન્સની ટ્રિપ વિના કોપનહેગનની કોઈ પણ મુલાકાત પૂરી નહીં થઈ શકે. 1843માં શરૂ થયેલું તિવોરી રોમાંચક રાઈડ્સ, સુંદર મેનિક્યોર્ડ ગાર્ડન્સ અને મંત્રમુગ્ધ કરનારા પેવિલિયનથી ભરચક છે, જે તમને અલગ જ યુગમાં લઈ જાય છે. રાત્રે તિવોરી ચમત્કારી વંડરલેન્ડમાં ફેરવાઈ જાય છે, જ્યાં ટમટમતો પ્રકાશ અને સ્વર્ણિમ આતશબાજીથી રાત્રિનું આકાશ ઝળહળી ઊઠે છે, જેથી આબાલવૃદ્ધ સૌકોઈએ આ સ્થળની અચૂક મુલાકાત લેવા જેવી છે.

ન્યાહાવન: વધુ એક પ્રતિકાત્મક આકર્ષણ ન્યાહાવન છે, જે ઐતિહાસિક બંદર જિલ્લો કોહનહેગનની ખૂબીમાંથી એક છે. 17મી સદીના રંગબેરંગીટાઉનહાઉસીઝની હારમાળા સાથે ન્યાહાવન વોટરફ્રન્ટ મજેદાર કેફે, ધમધમતા બાર અને સ્ટ્રીટ પરફોર્મર્સથી સમૃદ્ધ જીવંત કેન્દ્ર છે,જે તહેવાર જેવો માહોલ બનાવે છે.

ટોકિયો: તમે ટોકિયોમાં પગ મૂકતાં જ ઊર્જા અને રોમાંચનું અદભુત ભાન થાય છે. આ શહેર જીવનથી ધમધમે છે, જ્યાં ગગનચુંબી ટાવરો અને નિયોન લાઈટ્સથી આકાશ દીપી ઊઠે છે. દરેક ખૂણાની આસપાસ સંસ્કૃતિ અને પરંપરાની ઝાંખી થાય છે. તેનાં પ્રાચીન મંદિરોથી લઈને સુંદર બગીચાઓથી ભવિષ્યલક્ષી સ્થાપત્યો અને અત્યાધુનિક ટેકનોલોજી સુધી ટોકિયો શક્ય છે તે દરેક સીમાઓને સતત પાર કરીને તેના સમૃદ્ધ વારસાથી શોભે છે.

ટોકિયો વિશે મારી પ્રથમ છાપ મોહિત અને ચકિત કરનારી છે. આ શહેર વૈવિધ્યપૂર્ણ પાડોશ, જે દરેકની પોતાની ખૂબીઓ છે તેના ભરપૂર નિસર્ગદ્રશ્યના પ્રસાર સાથે વિશાળ છે. અહી શિબુયાની ઝાકઝમાળભરી, નિયો- લિટ સ્ટ્રીટ્સમાં ફેશન, સંગીત અને યુવા સંસ્કૃતિનો મેળાવડો જામે છે. જિંઝાની અત્યાધુનિક મનોહરતા, તેના લક્ઝરી બુટિક્સ અને ફાઈન ડાઈનિંગ તેમ જ આસાકુસાની શાંત, જૂની દુનિયાની ખૂબીઓથી મહોરી ઊઠે છે,જ્યાં પારંપરિક જાપાનનું સુંદર રીતે સંવર્ધન કરાયું છે. ટોકિયોની ગતિશીલ ઊર્જા અને વૈવિધ્યતા બેસુમાર છે, જે આ સ્થળના દરેક ખૂણાનવા સાહસનું વચન આપે તેની ખાતરી રાખે છે.

શિબુયા ક્રોસિંગ: ટોકિયોના સૌથી પ્રતિકાત્મક અનુભવમાં શિબુયા ક્રોસિંગનો ધમધમાટ અને લય મોહિત કરે છે. દુનિયામાં તે સૌથી વ્યસ્ત પાદચારી ક્રોસિંગ તરીકે ઓળખવામાં આવે છે. ક્રોસિંગની કોર પર ઊભા રહીને હું ઘોંઘાટમય અને ઉત્તમ સમયબદ્ધ રીતે જાણે સમન્વયી નૃત્યની જેમ સર્વ દિશામાંથી ઈન્ટરસેકશનમાં હરતાફરતા હજારો લોકોને જોઈને સ્તબ્ધ થઈ જાઉં છું. આ જન મહાસાગર, ટમટમતી રોશનાઈઓ અને જાહેરાતોનું પ્રસારણ કરતાં વિરાટ સ્ક્રીન આહલાદક દ્રશ્ય નિર્માણ કરે છે.

શિંજુકુ સ્ટેશન: ટોકિયોની શહેરી ક્ષિતિજમાં વધુ એક અજાયબી શિંજુકુ સ્ટેશન છે, જે દુનિયામાં સૌથી વ્યસ્ત ટ્રેન સ્ટેશન છે. રોજ 36 લાખ પ્રવાસીઓની અવરજવર સાથે શિંજુકુ સ્ટેશન પોતાની અંદર એક અનુભવ છે. ઘણા બધા લેવલ અને નિરંતર કોરિડોર સાથે સ્ટેશનની ભવ્યતા અદભુત છે.લોકોનો એકધાર્યો ધસારો છતાં બધું જ જાણે ઘડિયાળના કાંટા પર ચાલે છે.

મેલ્બર્ન: મેલ્બર્નને મોટે ભાગે ઓસ્ટ્રેલિયાની સાંસ્કૃતિક રાજધાની તરીકે ઓળખવામાં આવે છે, જે શહેરની દરેક ગલીના ખૂણા વાર્તા કહે છે.મેલ્બર્નમાં ચાર વર્ષ મુકામ કર્યો હોવાથી મને આ શહેરની અજોડ ખૂબીઓનો ફર્સ્ટ-હેન્ડ અનુભવ કરવાની અતુલનીય તક મળી છે.

લેનવેઝ અને સ્ટ્રીટ આર્ટ: મેલ્બર્નની એક સૌથી ઉત્તમ વિશિષ્ટતા સાંકડી ગલીઓનું તેનું નેટવર્ક છે, જે દુનિયામાં અમુક સૌથી ડાયનેમિક સ્ટ્રીટ આર્ટ માટે કેન્વાસનું કામ કરે છે. હોશિયર લેન જેવાં સ્થળો પ્રતિકાત્મક બન્યાં છે, જે સતત બદલાતી ગેલેરી ઓફ ગ્રેફિટી અને મુરાલ્સમાં યોગદાન આપવા સર્વત્રથી કલાકારોને આકર્ષિત કરે છે.

ગેલેરીઓ અને મ્યુઝિયમ: લેનવેઝની પાર મેલ્બર્નની કળા પ્રત્યે કટિબદ્ધતા અનેક ગેલેરીઓ અને મ્યુઝિયમો પરથી સિદ્ધ થાય છે.ધ નેશનલ ગેલેરી ઓફ વિક્ટોરિટા (એનજીવી) દુનિયામાં સૌથી પ્રાચીન અને સૌથી વધુ મુલાકાત લેવાતું આર્ટ મ્યુઝિયમ છે,જેમાં ક્લાસિકથી સમકાલીન કૃતિઓ સુધી આકર્ષક કલેકશન છે, જે દરેક કળાપ્રેમીને કશુંક ઓફર કરે છે.

મેલ્બર્ન તેની કોફી સંસ્કૃતિ માટે યોગ્ય રીતે જ વિશ્વવિખ્યાત છે. આ શહેર તેની કોફીને બહુ ગંભીરતાથી લે છે, જેથી જ અહીં અગણિત કેફે સૂઝબૂઝપૂર્વક તૈયાર કરાયેલી કોફી આપે છે, જે દુનિયામાં શ્રેષ્ઠતમ સાથે સહજ સ્પર્ધા કરી શકે છે. મેલ્બર્નમાં રસોઈકળા પણ વૈવિધ્યપૂર્ણ અને રોમાંચક છે,જે શહેરના બહુસંસ્કૃતિ પ્રભાવો પ્રદર્શિત કરે છે. ભારતીય રસાના સુગંધી મસાલાથી લઈને જાપાની સુશીની નાજુક ફ્લેવર સુધી મેલ્બર્નનું ખાદ્યતેની વૈશ્વિક ઓળખનો દાખલો છે.

જો કોઈને આઉટડોર સાહસ વધુ પસંદ હોય તો ધ ગ્રેટ ઓશન રોડ અવશ્ય જોવું જોઈએ. ઓસ્ટ્રેલિયાના દક્ષિણીય દરિયાકાંઠાથી આ નયનરમ્ય ડ્રાઈવ મજબૂત ખડકો, નિર્મળ દરિયાકિનારા અને ટ્વેલ્વ એપોસલ્સ જેવાં પ્રતિકાત્મક સીમાચિહ્નોનો મંત્રમુગ્ધ કરનારો નજારો પ્રદાન કરે છે. રસ્તાઓ મનોહર સમુદ્રની બાજુમાં શહેરો અને હરિયાળાં રેઈનફોરેસ્ટ્સ વચ્ચેથી પસાર થાય છે, જે સાહસ અને ખોજ માટે નિરંતર તક આપે છે.

આ શહેરો નકશા પરના સ્થળથી પણ વિશેષ છે. તેની સ્વર્ણિમ, જીવંત ખૂબીઓ નવા પરિપ્રેક્ષ્યથી જીવનની શોધ, ખોજ અને અનુભવ કરવા તમને મોહિત કરે છે. આ અનન્ય સ્થળોની દરેક મુલાકાતથી મારું જીવન સમૃદ્ધ છે, જેની સાથે અવિસ્મરણીય યાદો અને અગણિત વાર્તાઓ સંકળાયેલી છે. તેમણે મને આપણી દુનિયાનું સૌંદર્ય, ખોજની ખુશી અને દુનિયાની પરિપૂર્ણ ઝાકઝમાળ અનુભવવા માટે કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવવાનું કેટલું મૂલ્યવાન છે તે શીખવ્યું છે.

તો દુનિયામાં તમારાં મનગમતાં શહેરો ક્યાં છે? તમારું મન મોહી લેનાર અને તમારાં પોતાનાં સાહસોને પ્રેરિત કરનારાં સ્થળો વિશે સાંભળવાનું મને ગમશે. તમારી પ્રવાસ વાર્તાઓ મને neil@veenaworld.com પર મોકલો. તો ચાલો, એકત્ર હરીએફરીએ, સપનાં જોઈએ અને ખોજ કરવાનું ચાલુ રાખીએ!

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઈટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.



feedback@bombaysamachar.com

## ઊડતી વાત

ભરત વૈષ્ણવ

# મનની માનેલીને મેળામાં મળવા ગયો' તો હંગામા હો ગયા!

### તોફાને ચઢેલા એક આખલાની આખાબોલી મુલાકાત



**અમારી** 'બખડજંતર' ચેનલના માલિક બાબુલાલ બબૂચકે મને અને રાજુને એની સાંકડી ખોલી જેવી કેબિનમાં બોલાવ્યા. આજે કોણ જાણે કેમ પણ કુદરતી રીતે બાબુલાલ આખલા જેવા લાગતા હતા.બાબુલાલ છીંકોટા મારી રહ્યા હતા. નાકના ફોયણાં ફૂલેલાં હતા. મે કલ્પના કરી કે બાબુલાલ અમને શિંગડે ઉલાળવા ઇચ્છે છે એટલે અમને બંનેને બોલાવ્યા છે. તમારે બંનેએ જેતપુર જવાનું છે. મેં કેબ મંગાવી રાખી છે. બાકીની ડિટેઇલ્સ તમને વોટસએપ પર મળી જશે. નાઉ યુ કેન ગો. હરી અપ. ડોન્ટ વેસ્ટ ટાઇમ! બાબુલાલે સૂચનાનો ધોધ વરસાવી દીધો.

બંને બાબુલાલની ચેમ્બરમાંથી બહાર નીકળી જેતપુર જવા રવાના થયા. જેતપુર બાંધણી ઉધોગ માટે જાણીતું અને લાલ પાણીના પ્રદૂષણ કુખ્યાત છે. રસ્તામાં અમને બાબુલાલ બોસની સૂચના મળી ગયેલી એ મુજબ અમારે જેતપુરમાં એક ઈન્ટરવ્યૂ કરવાનો હતો.

અમે લોકમેળાના સ્થળે પહોંચ્યા. લોકમેળાના સ્થળે કોઇ આતંકવાદી આવ્યા હોય તેવી ધમાલ-ધમાચકડી-અફડાતફડીનું વાતાવરણ હતું. ચારેબાજુ ધૂળના ગોટા.ચીસાચીસ, બૂમાબૂમ રીડિયારમણ. બાકીની કલ્પના તમારા પર છોડું છું. મામૂલી પારિશ્રમિકમાં લેખક જ બધી લોથ કરે એ ક્યાંનો ન્યાય? ત્યાં એક માસો શ્રીમાન આખલો છીંકોટા કરતો, હાંકોટા કરતો, પગની ખરીથી ધૂળ ઉડાડતો હતો... મુખકમળમાંથી લાળગંગા વહેતી હતી. કદાવર શરીર. ભય પમાડે તેવો માહોલ હતો.

અમારા બોસના આદેશ મુજબ અમારે આ મિસ્ટર આખલાનો ઈન્ટરવ્યૂ કરવાનો હતો. હું ગિરધરલાલ, 'રિપોર્ટર બખડજંતર' ચેનલ. આપનો ઇન્ટરવ્યૂ લેવા આવ્યો છું. શેલ વી સ્ટાર્ટ ?' મેં સલામત અંતર રાખી મિસ્ટર આખલાને પૂછયું . મારી એટીકેટ-મેનરથી આખલો ઇમ્પ્રેસ થયો. તેણે હકારમાં માથું ધુણાવ્યું. મેં ફોટો પાડવા રાજુ રદીને ઈશારો કર્યો. રાજુએ જુદા જુદા એંગલથી ફોટા પાડ્યા.અમે આખલા સાથે 'ચુઇઇ' બોલીને સેલ્ફી પણ લીધી. 'ભોઓ ભોંઓ.' બોલીને ઇન્ટરવ્યું શરૂ કર્યો તમે ગૌવંશ થઇને કેમ આવું કર્યું ?' અમે સવાલ કર્યો.સવાલ સાંભળી આખલો ભડકયો.

અમારી અવદશાની તમને ખબર છે? અમે ગૌવંશ છીએ. પણ અમારી દશા ઉતાનપાદ રાજાના અણમાનીતા દીકરા ધ્રુવ જેવી છે. આખલા જેવો આખલો રડું રડું થઇ રહ્યો હતો. અમે તેની પીઠે હાથ ફેરવી સાંત્વના આપી. આંસુ લૂંછવા ટીસ્યુપેપર આપ્યું, તો આખલો ટીસ્યુપેપર જ આરોગી ગયો.

કેમ. 'આવું કહો છો ?'અમે પૂછ્યું.

તમે પત્રકારોએ અમારી છાપ બગાડી દીધી છે. લાલ લૂગડું જોઇને અમે ભડકીએ છીએ તેવું લોકો કહે છે. તમને ખબર છે કે અમે રંગાંધ છીએ ? અમે કલરમાં કાળો કલર ઓળખી શકીએ છીએ. એમાં લાલ લૂગડાં પાછળ ભડકવાની કયાં વાત આવી?' નંદીએ ભડાશ કાઢી.

'હઅમ્ હઅમ્.' અમે ટાપશી પૂરી.

અમને લોકો ખૂંટિયા, ધણખૂંટ, નંદી, બળદિયા કહે છે. ગૌવંશ હોવા છતાં રાતના અંધારામાં ડાલામાં ખીચોખીચ ભરીને કતલખાને ધકેલવામાં આવે છે. કોઇના પેટનું પાણી હલતું નથી. તેણે રોતલ અવાજે ફરિયાદ કરી.

'તમે તો શંકર ભગવાનનું વાહન છો. સાહિત્યમાં પણ માનભર્યું સ્થાન મળ્યું છે.જયંત ખત્રીની નવલિકામાં અડીબાજ અને હીરો ખૂંટની અતૂટ દોસ્તીની ગાથા આલેખવામાં આવે છે.' અમે આખલા ચાલીસાનું પઠન કર્યું. અરે, પણ કરસનદાસ માણેક જેવા કવિ અમને વગોવવામાં કોઇ કમી છોડી નથી.. લો, આ છે તેમની કવિતાની પંક્તિ કામધેનુને મળે ના એક સૂકું તણખલું,ને લીલાછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે! આમાં એવો નિમ્નકક્ષાનો તથ્યહીન આક્ષેપ કર્યો છે. આખલાએ સાહિત્યિક સાબિતી સાથે આરોપ મૂકયો.

'ઇશ્વર પેટલીકરની ખુબ જ સુંદર વાર્તા સાંઢનાથ્યો' છે. - ગામમાં આવી ચડેલા તોફાની માતેલા સાંઢનો સામનો ભલભલા બહાદુર પુરુષો કરી શકતા નથી. ત્યારે ચંદા આ સાંઢને પકડવાનું બિડું ઝડપે છે. તામિલનાડુમાં જલ્લીકટુ નામની હિંસક રમત રમાય છે. જેમાં ખેલૈયા ઘવાય છે અને આખલો મરી જાય છે. સ્પેનમાં પણ બુલ ફાઇટ રમાય છે. શેરબજારમાં આખલો આગઝરતી તેજીનું પ્રતીક છે. અમે આખલા સ્તુતિ કરી. એ તો સમજ્યા રિપોર્ટર ભાઇ. અમારા વાંક ગુના વગર 'પાડાના વાંકે પખાલીને ડામ' તેવી કહેવત પ્રચલનમાં છે. બે આખલા લડે અને ઝાડને ખો નીકળે તેવી સાવ વાહિયત કહેવત પણ છે. બોલો, આ અમારું હડહડતું અપમાન નથી તો શું છે? લાંબું બોલી આખલો શ્વાસ લેવા અટકયો. 'ઓહોહોહોહો'અમે આખલાને પોરસ ચડાવ્યો.

'થેંકસ' આમ કહી આખલાએ નીચે માથું ઝુકાવી કૃતજ્ઞતા દર્શાવી. 'આખલા કુમાર, તમારે કોઇ ગર્લ ફ્રેન્ડ ખરી?' અમે રસિક સવાલ કર્યો. જાવને સાહેબ. કેવા તોફાની સવાલ પૂછો છો? અમે આખલા છીએ બળદ નહીં. કેટલીય ગૌકુમારી અમારી આગળ પ્રેમનું ઘાસ નીરે છે! (જુઓ પાનું ૬) ▶▶




અનિલ રાવલ anil.rawal@ bombaysamachar.com

**સત્યદીપ** ચૌબેનો અવાજ સાંભળીને નજીકના ટેબલ પર અન્ય કેટલાક સાથી કલાકાર સાથે બેઠેલી શીલા દોડી ગઇ.

'ભાઇસા'બ આપ...આપ આઇએ, ઇસ તરફ આઇએ.' શીલાએ એને બેસાડતા કહ્યુંઃ 'ચૌબેજી જબ નાટક લિખતે હૈ તબ કોઇ ઉસે ડિસ્ટર્બ નહીં કર સકતા...ક્યા આપકો પતા નહીં.?'

'જી..મૈં નયા હું....ઇસલિયે.'અભિનય બોલ્યો.

'બડે ગુસૈલ હૈ....એક બાર એક લડકા ઉસસે નાટક મેં રોલ માગને ગયા થા..ઉસકો ચાંટા માર દિયા થા.'

અભિનયે પૂરી તન્મયતાથી લખી રહેલા ચૌબેજીને જોયા. અજીબ ઇન્સાન છે. જાહેરમાં અલગ વર્તે...ખાનગીમાં અલગ વર્તન...આ એ જ દિગ્દર્શક છે જેણે જાહેર મંચ પરથી મારા અભિનયની પ્રશંસા કરી હતી. ને આજે....આજે મને ઓળખવાનો પણ ઇન્કાર કરી દીધો. મંચ પર એ નહીં એમનો દંભ બોલ્યો ને આજે એમની અસલિયત બોલી.

'સોરી, મુઝે માલુમ નહીં થા.' અભિનયે કહ્યું.

'ક્યા...કૂછ કામ થા ચૌબેજી સે?' શીલાએ પૂછ્યું.

'મૈં ભોપાલ સે હું....વહાં નાટકો મેં કામ કરતા થા..મુઝે ચૌબેજી કે હાથોં અવોર્ડ ભી મિલા હૈ...યહાં ફિલ્મોં મેં કામ ઢૂંઢને આયા હું.'

શીલાએ એના સાથી કલાકારો સામે જોયું...બધાંના ચહેરા સહેજ મલક્યા.

'મૈં શીલા..યે રિયાઝ....ઓમ...ઔર યે આકાંક્ષા...હમ લોગ કરીબ કરીબ પાંચ સાલ સે ચૌબેજી કે સાથ હૈ.' શીલાએ પરિચય કરાવ્યો.

'મૈં અભિનય.'

'હમને કભી ફિલ્મોં મેં અભિનય કરને કે બારે મેં સૌચા નહીં હૈ..' શીલા બોલી..

'હમારા તો ડ્રામા ડ્રામા હી ધર્મસ્ય.' ઓમે કહ્યું.

'મુઝે નહીં લગતા કી ચૌબેજી કિસી કો ફિલ્મોં કે લિયે રેકમન્ડ કરતે હોંગે.' આકાંક્ષાએ કહ્યું. સામેથી ચૌબેજીને આવતા જોઇને રિયાઝ બોલ્યો.. 'સર આ રહે હૈં.' બધા ઊભા થઇ ગયા. ચૌબેજી બેઠા. બધા એમની સામે અદબ વાળીને ઊભા રહી ગયા.

'તો તૂમ અભિનય હો..' ચૌબેજી અભિનયને જોઇને બોલ્યા. અભિને ખુશી ઓછી ને આશ્ચર્ય વધુ થયું. થોડીવાર પહેલાના ચૌબેજી અને અત્યારના ચૌબેજીનો જમીન આસમાનનો ફરક હતો. કેટલું પ્રેમથી બોલ્યા. અભિએ વિચાર્યું.

'જી સર...આપકે હાથોં મુઝે બેસ્ટ એક્ટર કા અવોર્ડ મિલા થા.'

'યહાં કિસ સિલસિલે મેં આયે હો?'

'ફિલ્મો મેં કામ કરને આયા હું સર.'

'મૈં ફિલ્મેં નહીં બનાતા...સિર્ફ નાટક કરતા હું.'

'સર, આપકે સાથ કામ કરના હૈ...મુઝે આપકે નાટકોં મેં રોલ કરના હૈ.'

ચૌબેએ બધાની સામે જોતા કહ્યુંઃ 'જિતની સીટ હૈ..ઉસ પર લેડીઝ બૈઠ જાયેં.' શીલા અને આકાંક્ષા બેસી ગઇ. ચારમાંથી એક સીટ બચી.

'બચી હુઇ એક સીટ પર રિયાઝ તુમ બૈઠો.' સ્વભાવિક રીતે ઓમ અને અભિ ઊભા રહ્યા....એ જોઇને ચૌબેજીએ કહ્યુંઃ 'દેખો, મેરે પ્લે કી હાલત ભી એસે હી હોતી હૈ. કિસી ના કિસી કો તો ખડા રહેના પડતા હૈ...મેરે ગ્રુપ મેં આજ કમસેકમ પચીસ લડકે લડકિયાં હૈ...જિસ કો રોલ નહીં મિલતા દુસરા કામ કર લેતા હૈ...કોઇ બેક સ્ટેજ સંભાલ લેતા હૈ.... કોઇ લાઇટીંગ..તો કોઇ સાઉન્ડ ઔર મ્યુઝીક. તુમ ક્યા કરોગે.?'

'અભિનય..' અભિ આત્મવિશ્ર્વાસ સાથે બોલ્યો. ચૌબેજી હસી પડ્યા.

'પૈસે નહીં મિલેંગે. રિહર્સલ મેં રોઝ આના હોગા....ચાહે તુમ્હારા રોલ હો યા બેક સ્ટેજ. ઔર એક બાત...મૈં એક્ટિંગ સિખાતા નહીં....દિખાતા હું. મેરા કામ હૈ આયના દિખાના ઔર તુમ્હારા કામ હૈ આયના દેખના.' ચૌબેજી બોલીને ચાલતા થઇ ગયા. અભિ એક્ટર્સ અડ્ડામાં સૌ કોઇને રંગદેવતાના આ કર્મનિષ્ઠ રંગકર્મીને નમન કરતા જોઇ રહ્યો.

ચૌબેજીના ગયા બાદ શીલા બોલીઃ 'પાંચ સાલ મેં મૈંને ચૌબેજી કો હાં કહેતે હુએ પહેલી બાર દેખા....તુમ અચ્છે અભિનેતા હો યા બડે નસીબ વાલે.'

'દોનોં.....એક્ટિંગ અચ્છી કર લેતા હું, ઔર લકી ભી હું.'

******

માણસજાત બહુ વિચિત્ર જાત છે....એક જીવમાં કેટલા બધા જીવ ધબકે છે...કેટકેટલાં પાત્રો ભજવે છે....કેટલા રંગ બદલે છે...જેવો સામેનો માણસ એવું એનું પાત્ર...જેવો માહોલ એવો સંવાદ...ચૌબેજીના થોડીવારમાં કેટલા બધા રંગ જોવા મળ્યા. ગુસ્સો..પ્રેમ..ભેખધારી નાટ્યકાર...સ્પષ્ટ વક્તા. આ માણસ મૂડી હશે કે સમય જોઇને મૂડ બદલતો હશે...કે મૂડી હોવાનો ઢોંગ કરતો હશે. શો બિઝનેસમાં કદાચ આવું બધું ન કરે તે ફેંકાઇ જતો હશે. આ લાઇનમાં માણસ દંભી, સ્વાર્થી, તકવાદી, મતલબી, લુચ્ચો ન હોય તો એ એલિઅન ગણાતો હશે. અશોક ટંડન મૂળ મહેસાણાનો..બાપદાદા ખેતી કરતા...ફિલ્મી દુનિયામાં અશોક ટંડન બનીને છવાઇ ગયો...ને આજે કાર્ટૂન જેવા ચિત્રવિચિત્ર...રંગબેરંગી કપડાં પહેરીને ફરે છે....ઢગલાબંધ હિટ ફિલ્મો એના નામે બોલે છે...સંખ્યાબંધ અવોર્ડ એની ઓફિસના શો કેસમાં શો પીસ બનીને બેઠા છે. અને પેલો પીઆર એક નંબરનો ફિક્સર લાગે છે....માણસ જોઇને એને ક્યાંક ને ક્યાંક ફિક્સ કરી દે. મને પહેલી જ મુલાકાતમાં ચૌબેના ગ્રુપમાં ફિક્સ કરી દીધો. ચંદન ટેક્સી ડ્રાઇવરનો માર્ગ અન્ડરવર્લ્ડ સાથે જોડાયેલો છે...ને બબલુ ખૂની નીકળ્યો. ખરેખર માણસ અંદર અલગ બહાર અલગ હોય છે. માણસનું આ જ અસલી ડીએનએ છે. માણસજાતની આ જ ખાસિયત છે... હું પણ તો આવો જ છુંને....ભોપાલમાં કાવાદાવા કરીને...દિગ્દર્શકની ચમચાગીરી કરીને નાટકોમાં મેઇન ભૂમિકા લેતો રહ્યો....જેથી ઝડપથી ફેમસ થઇ જાઉં...સતત લોકોની આંખોમાં રહું....એટલે તો અશોક ટંડન અને ચૌબેજીના ધ્યાન પર આવ્યો. અને હવે ફિલ્મલાઇનમાં સિક્કો જમાવવા સવાર પડ્યે એક નવી તકના શિકારે નીકળી પડવાનું...રસ્તે મળતા કોઇપણનો સ્ટેપિંગ સ્ટોન તરીકે યુઝ કરી લેવાનો....ને આગળ વધવાનું. 'ઇસ રંગ બદલતી દુનિયા મેં ઇન્સાન કી નિયત ઠીક નહીં.' એને ફિલ્મી ગીતની એક કડી યાદ આવી ગઇ.

******

અભિએ ઘરે પહોંચીને તાળું જોયું ત્યારે ખયાલ આવ્યો કે ચાવી લેવી પડશે. એણે ચંદનના ઘરનો દરવાજો ખખડાવ્યો. સીમાએ દરવાજો ખોલ્યો.

'સોરી, તાળું મારીને ચાવી તમને આપવાનું ઉતાવળમાં રહી ગયું.' અભિએ કહ્યું.

'આવ, બેસને...હવે ચાવી તું તારી પાસે જ રાખજે.' સીમાએ ચાવી આપતા કહ્યું.

'ચંદન નથી આવ્યો.' અભિએ અંદર નજર કરી.

'ના..એનું કાંઇ નક્કી નહીં. ક્યારે પણ આવે. ક્યારેક ટેલિફોન બૂથ પર ફોન કરીને રાતે નહીં આવું એવું પણ કહેવડાવે.'

'રાતભર ટેક્સી ચલાવે.?' અભિ વાત કઢાવવાના ઇરાદે બોલ્યો.

'ના..ના... એના દોસ્ત લોકો સાથે બેસી જાય...તો બધું ભૂલી જાય.' સીમાના ચહેરા પર પીડા ઊપસી આવી.

'ચંદનના દોસ્ત લોકો બહુ છે....ગઇકાલે બહારગામથી આવેલા એના ફ્રેન્ડને તો તમે ઓળખતા જ હશો નહીં.?' અભિએ વાતમાં જરા વધુ ઊંડે ઊતરવાનો પ્રયાસ કર્યો.

'હું એના કોઇ દોસ્તને ન ઓળખું...ન એ મને કોઇની સાથે ઓળખાણ કરાવે. એકાદ બે રાત રોકાય ને બારોબાર જતા રહે.' અભિને સમજાઇ ગયું કે સીમા ખરેખર ભોળી ગૃહિણી છે..એને પોતાના પતિના અન્ડરવર્લ્ડ કનેક્શનની કોઇ જાણ લાગતી નથી. મારે એને ચંદનની અસલિયત વિશે કહેવું નહીં જોઇએ, પણ ચંદનિયો બહુ ચાલાક કહેવાય. પત્નીથી છુપાઇને આટલું મોટું જોખમી કામ કરે છે. માણસજાત....ઘરમાં અલગ બહાર અલગ. આ દુનિયામાં બધા જ લોકો કલાકાર છે....એક સે બઢ કર એક.

'તને એના દોસ્તથી કોઇ તકલીફ તો નહોતી પડીને?' સીમાએ પૂછ્યું.

'ના..બહુ અચ્છો માણસ હતો.'

'કોણ બહુ અચ્છો માણસ હતો.?' અંદર આવતા ચંદને પૂછ્યું.

અભિ થોડો મુંઝાયો...રાતના એ મુસાફર વિશે શું કહેવું. સાચું લાગે એવું ખોટું બોલવું એ પણ અભિનયનો એક ભાગ જ છેને એણે સંવાદ ગોઠવી લીધો.

'પેલો મિલન....બબલુ....હું એની વાત કરતો હતો. ઓછું બોલે...પણ ટુ ધી પોઇન્ટ. બહુ અચ્છો માણસ હતો.' ચંદને હાથમાં પકડેલી દારૂની બોટલ ટેબલ પર મૂકી.

'શું કહ્યું એણે..?'

'મારી એક ગર્લફ્રેન્ડ હતી....કોલેજમાં સાથે ભણતા...એણે બીજે લગન કરી લીધા...એને દારૂ ઓછો પડ્યો....મારી પાસે માગ્યો...મેં કહ્યું મારી પાસે નથી..પછી અચાનક મને એનાં નસકોરાંનો અવાજ આવવા લાગ્યો.'

ખોટી વાતને સાચી લાગે એ રીતે કહેવાની પણ એક કળા હોય છે અને અભિ અઠંગ કલાકાર હતો., પણ ચંદનને ગળે વાત ઊતરી કે નહીં એ કળી શકાયું નહીં.

'બે ગ્લાસ લાવ' ચંદને સીમાને કહ્યું. સીમા ગ્લાસ લેવા ગઇ.

'ચંદન, પ્લીઝ હું નહીં લઉં....મને કોઇ લેડીઝની સામે પીતા સંકોચ થાય...તું પી હું રૂમ પર જાઉં.'

> 'મૈં એક્ટિંગ સિખાતા નહીં... દિખાતા હું. મેરા કામ હૈ આયના દિખાના ઔર તુમ્હારા કામ હૈ આયના દેખના.'

અરે...તને સીમાની સામે પીતા શરમ આવતી હોય તો ચાલ રૂમ પર જઇએ.' સીમા ગ્લાસ લઇને આવી.

તું દારૂ પીએ છે.?' સીમાએ અભિને પૂછ્યું....

એક્ટર છે....ફિલ્મલાઇનમાં દારૂની રેલમછેલ ને પાર્ટીની મોજ...રોજેરોજ.

'કાલે રાતે અમે સાથે પીધો હતો.....તારી સામે પીતા શરમાય છે...રૂમ પર જઇએ છીએ..લે આ બોટલ પકડ, હું ગ્લાસ લઇ આવું છું.' સીમાને ગમ્યું નહીં...ચંદનનું પીવું અને અભિને પીવડાવવું. એ કાંઇ બોલી નહીં....બોલી શકી નહીં.

******

'તું દારૂ પીએ છે.....સીમાનું આવું પૂછવું એને ગમ્યું હતું....કોણ પૂછે છે આટલું પ્રેમથી આ દુનિયામાં....ભોપાલમાં ક્યારેય કોઇએ ક્યાં પૂછ્યું હતું અને કોઇ આત્મિય હતુંય ક્યાં જે પૂછે, જે આંખથી અણગમો બતાવે. સીમાએ બતાવેલી આત્મિયતા એને સ્પર્શી ગઇ હતી. ચંદને પેગ બનાવ્યા ત્યારે એ ચૂપ હતો.

'ક્યાં ખોવાઇ ગયો. ફિલ્મી દુનિયામાં ખોવાઇ જવાને હજી વાર છે ભાઇ....ચાલ ચિયર્સ કર.' ચંદને અભિને ગ્લાસ આપતા કહ્યું..

ચિયર્સ થયું...ગ્લાસ ટકરાયા..બે અલગ અલગ દુનિયાના ઇન્સાન ટકરાયા.

એકની ગુનાખોરીની દુનિયા, બીજાની ફિલ્મી દુનિયા. દરેકની પોતાની એક અલગ દુનિયા હોય છે ને એમાં ખોવાઇ જવાની મજા પણ ઓર જ હોય છે. દરેકનું વિશ્ર્વ અલગ.દરેકનું ભાવવિશ્ર્વ જુદું....છતાં ક્યારેક અન્યના ભાવવિશ્ર્વમાં લટાર મારીને એનો અનેરો રોમાંચ માણવાનો. ચંદનની દુનિયા અલગ છે...અભિનું વિશ્ર્વ જુદું છે...છતાં સંજોગોએ એમને એક કરી આપ્યા છે. અભિ ચંદનના ભાવવિશ્ર્વમાં હતો ને ચંદન અભિના ભાવવિશ્ર્વમાં...

'તું બહુ નબળો એક્ટર છો..' બે પેગ ગટગટાવી ગયા બાદ ચંદન બબડ્યો.

'હમમમમમ...તો તો મને ઝડપથી રોલ મળી જશે....નબળા કલાકારને જલ્દી કામ મળે.' અભિએ મજાકમાં કહ્યું.

'મિલન બબલુની તેં વાત કરી એ બધી ખોટી હતી....એક ગર્લફ્રેન્ડ હતી...છોડીને ચાલી ગઇ....ને...દારૂ ઓછો પડ્યો..બધી ખોટી વાત. તારું મોઢું કહી આપતું હતું.' એક અચ્છો અદાકાર હોવાનો અભિનો ભ્રમ ભાંગી ગયો....એક સામાન્ય ટેક્સી ડ્રાઇવરે એના હાવભાવ પરથી પકડી પાડ્યો.

સાચો કલાકાર તો ચંદન નીકળ્યો.

'કદાચ નશામાં એ આવો જ બબડાટ કરતો હતો' એણે લુલો બચાવ કર્યો.

મારી ટેક્સીમાં રોજ અલગ અલગ ખોપડીના પચાસ-સો જણ બેસે છે...એ ભાષા કાંઇપણ બોલે એના મોઢા જોઇને હું એની બોલી ઉકેલી નાખું છું.

'સાચું બોલ...શું કહ્યું એણે.?'

અભિ પહેલેથી જ દારૂ ચડે નહીં એની તકેદારી રાખીને સાચવી સાચવીને પીતો હતો ને જાળવી જાળવીને બોલતો હતો. આ નવી પરિસ્થિતિમાં સાચું બોલવું એ જ એક રસ્તો હતો..કેમ કે એ ચંદનની રૂમમાં હતો...એની દયામાયા પર હતો..

બબલુએ મને કહ્યું કે 'એ બિહારમાં કોઇનું મર્ડર કરીને આવ્યો છે.'

'અને તું...તું ભોપાલમાં તારી ગર્લફ્રેન્ડનું મર્ડર કરીને આવ્યો છોને..તારી સાથે નાટકોમાં કામ કરતી હતી....લગ્નની ના પાડી...બ્લેકમેઇલ કરવા લાગી.'

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

## શરદ જોશી સ્પીકિંગ

ભાવાનુવાદઃ સંજય છેલ

# એક હી સપનાં... અપના ઓલિમ્પિક્સ

**ઓલિમ્પિક્સ**- એક એવી જગ્યા છે જ્યાં આપણે હારવા માટે દર વખતે જઈએ છે. આપણા દેશમાં જુવાનિયાઓ પાસે નોકરી નથી, બાળકોને રમવા માટે મેદાન નથી, વૃદ્ધોને જરૂરી દવાઓ નથી મળતી, શાંતિ નથી મળતી, ગરીબોને રહેવા માટે ઘર નથી, ગામડાઓમાં પીવાનું પાણી નથી, રસ્તાઓમાં જ્યાં જુઓ ત્યાં ખાડાઓ પડેલા છે, નદીઓ પર પૂલ બને છે એ જ દિવસે જ તૂટી જાય છે, આ સિવાય કોણ જાણે બીજી કેટલીય સમસ્યાઓ અને મુશ્કેલીઓથી ઘેરાયેલા એવા આ દેશમાં મંત્રીઓને ઓલિમ્પિક્સમાં ભાગ લેવામાં રસ છે! એમને જીતવું નથી, પણ ખેલાડીઓ સાથે ફોરેન ફરવું છે!

વળી રાજનેતાઓની ઇચ્છા તો ત્યાં સુધીની છે કે 'ભલે અમને બીજું કંઈ કરવા ન મળે, પણ બસ, દેશમાં એક ઓલિમ્પિક્સ યોજવા મળી જાય તો આપણો જનમ સાર્થક બની જાય, જીવન અર્થપૂર્ણ બની જાય ને રાજકારણમાં આવેલું સફળ થઈ જાય. બસ, અમને એક ઑલિમ્પિક જોઈએ જ છે'

આપણી પાસે તો જાણે બહુ મોટા વિશ્ર્વ ચેમ્પિયન કુસ્તીબાજ ખેલાડીઓ હોય એમ, એ ખેલાડીઓને અખાડામાં ઉતારવા માટે એ લોકો ઉતાવળા થઈ રહ્યા છે. મંત્રીઓનું કહેવું છે કે, ભગવાનની કૃપાથી આ દેશને જો ઓલિમ્પિક્સ યોજવાનો મોકો મળી જાય તો અમે કોઈ મહાન કામ કર્યું એવું લાગશે'. જોકે, મંત્રીઓને ખબર નથી કે આપણી હાલત કેવી છે. જો ભારતમાં ઓલિમ્પિક્સ યોજાશે તો ઓલિમ્પિક્સના ઈતિહાસમાં એ ઓલિમ્પિક્સ હશે, જેમાં યજમાન દેશને સુવર્ણચંદ્રકની વાત તો જવા દો, એક કાંસ્ય મેડલ પણ નહીં મળે. આમ છતાં આપણે ત્યાં ઓલિમ્પિક્સ યોજાય એને માટે આપણે વરસોથી બહુ ઉત્સાહી છીએ.

બીજી તરફ, ભારતીય ખેલાડીઓની હાલત એવી છે કે એમના



શરીરમાં ૪ પેઢીથી પ્રોટિનની ઊણપ છે, ૩ પેઢીથી એમાં વિટામિનની ઊણપ છે, ૨ પેઢીથી તબિયત સારી નથી રહેતી અને ૧ પેઢીથી કોઈએ કસરત નથી કરી. એ લોકોને કેવી રીતે રમવું એ આવડતું નથી. આ પછી પણ જો એ લોકો કદાચ ક્યારેક જીતી પણ જાય તો એમનું ને દેશનાં મીડિયાનું દિમાગ એટલું ખરાબ થઈ જાય છે અથવા કરી નાખવામાં આવે કે એ પછી આગળનાં ઓલિમ્પિકસમાં બહુ જ ખરાબ રીતે હારી જાય છે... અને એ સાબિત કરી દે છે કે અગાઉ એ અનાયાસે જ જીતી ગયા હતા, મહેનતથી નહીં!

જો કે આ બધી ખામી અને નબળાઈ હોવા છતાં, જો ક્યારેક સારા આશાસ્પદ ખેલાડીઓ દેશમાં ઊભરી આવે તો આપણી પાસે એમની પસંદગી કરવાની અને ટીમ બનાવવાની ના તો ક્ષમતા છે અને ના તો કોઈ ટ્રેનિંગની સગવડો. આમેય આપણને ખેલાડીઓ કે રમતથી શું મતલબ? આપણને તો બસ, ઓલિમ્પિક્સ જોઇએ છે- ખર્ચાળ, ભવ્ય અને ઐતિહાસિક તમાશો જે એશિયાડ ગેમ્સનો બાપ સાબિત થાય. આપણને મેડલ ભલે ઓછા મળે પણ આપણાં દેશનું નામ તો થાય! દિલ્હીમાં પૈસાનો વરસાદ થાય એમાં રસ્તા બનાવનાર ઠેકેદારો, પૂલ, હોટેલ અને સ્ટેડિયમ બનાવનાર કોન્ટ્રાક્ટરો અને એન્જિનિયરોની ટોળી એકમેકમાં વહેંચી લે અને રાજકારણીઓ કમિશન કમાય. એટલા માટે જ જે મંત્રીઓને રમતગમત અને ખેલાડીઓ ગમતા નથી, છતાં એ ઓલિમ્પિક્સ યોજવાનો પ્રયત્ન કરશે. સ્વિડનના ખેલાડીઓનું કહેવું છે કે રમેશ કૃષ્ણનનો સ્ટેમિના ઓછો છે નહીં તો એ વિશ્ર્વનો શ્રેષ્ઠ ખેલાડી હોત. કોઇ બુઢ્ઢો વિદેશથી આવીને બિલિયર્ડ્સમાં યજમાન દેશના ખેલાડીઓને હરાવે છે. પણ આપણે એક સારી હોકી ટીમ તૈયાર કરી શકતા નથી. આપણી પાસે ઘણા સક્ષમ ને સારા ફૂટબોલ ખેલાડીઓ હોવા છતાં, આપણે એમની જરૂરિયાતો પૂરી કરી શકતા નથી, પણ આપણને એક ઓલમ્પિક્સ જોઈએ છે- એક ભવ્ય આયોજન, ઉત્સવ, અને મોટો ખર્ચ કરવાની તક.

હકીકત એ છે કે ખેલાડીઓને પ્રોટિન અને વિટામિનની જરૂર છે. ઓલિમ્પિક્સ માટે પ્રયાસ કરવાને બદલે મંત્રીજી તમારું જીવન એવા પ્રયત્નો કરવામાં પસાર કરો કે દેશનાં બાળકોને દૂધ, ઈંડા અને પલાળેલા ચણા મળી જાય તો એ ભારતીય ખેલાડીઓ માટે વધુ ફાયદાકારક રહેશે. ઓલિમ્પિક્સ ભારતમાં લાવવા કરતાં, ભારતને ઓલિમ્પિક્સ માટે લાયક બનાવવું વધુ મહત્ત્વનું છે. ■

henry.shastri@bombaysamachar.com

## ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી




# અબુધભાઈએ લાલી લેખે કરી નાખી

લેખે લાગવું એટલે ઉપયોગમાં આવવું કે સાર્થક થવું. જીવતે જીવ કોઈને લેખે લાગીએ તો એનો આનંદ અનોખો હોય, પણ ક્યારેક જીવ જતો રહ્યો હોય એવી વ્યક્તિ પણ લેખે લાગે એવું બની શકે છે. આ કથા પરથી વાત સમજાઈ જશે.

નાનકડા નગરમાં રાવજીભાઈ અને રસીલાબહેનનો નાનકડો સંસાર હતો. દંપતીને એક જ સંતાન હતું. નામ એનું લક્ષ્મી હતું, પણ લાડમાં બધા તેને લાલી કહીને બોલાવતા. લક્ષ્મી મોટી થઇ અને પરણાવવા જેવડી થઈ પણ માતા - પિતા માટે તો લાલી જ રહી. સારું ઘર ગોતી એકની એક દીકરીને ધામધૂમથી પરણાવી. સોના ચાંદીના ઘરેણાં બનાવડાવ્યા અને સારો કરિયાવર આપી દીકરીને વાજતેગાજતે સાસરે વળાવી. જોકે, કુદરત રૂઠી અને સંસાર મનભરી માણે એ પહેલાં તો લાલી સ્વર્ગે સિધાવી ગઈ. માતા પિતા દુ:ખી દુ:ખી થઈ ગયાં, માનસિક રીતે ભાંગી પડ્યાં.



લાલીના અકાળે મૃત્યુની વાત જોતજોતામાં આસપાસના ગામ - નગરમાં ફેલાઈ ગઈ. અનેક કાને પહોંચી જેમાં એક મગન નામના ઠગભગતને પણ વાત મળી. ઠગ પહોંચ્યો સીધો લાલીના ઘરે. રાવજીભાઈ ઘરમાં નહોતા ત્યારે લાગ જોઈ ઠગભગત રસીલાબહેનને મળ્યો અને લાગણીનો ઢોંગ કરી કહેવા લાગ્યો કે 'તમારી દીકરી લાલી ગઈકાલે મારા સપનામાં આવી કહેવા લાગી કે મારા અકાળે મૃત્યુથી મારી બાના માથે કેવી વીતી હશે એ હું જાણું છું. મારી બાને કહેજો કે મારા આણા માટે તૈયાર કરેલા લૂગડાંમાંથી પસંદ કરી એક ટ્રંક ભરી મોકલે. મોકલવા માટે કોઈ વ્યવસ્થા થઈ ન શકે એમ હોય તો તમે લેતા આવજો.'

દીકરીના અવસાનના આઘાતમાંથી હજી બહાર નહીં આવી શકેલાં રસીલાબહેન ઠગની વાતોમાં ભોળવાઈ ગયાં અને ટ્રંકમાં લૂગડાં ભરી આપ્યાં અને સાથે થોડા ઘરેણાં પણ મૂક્યાં. ઠગભાઇ ટ્રંક લઈને ઉતાવળે નીકળી રહ્યો હતો એવામાં રાવજીભાઈ ઘરે પહોંચ્યા. રસીલાબહેનના ચહેરા પર દેખાતા હરખનું કારણ પૂછતાં તેમણે દીકરીના સપનાની સવિસ્તર વાત કરી લૂગડાં અને ઘરેણાં મોકલ્યાં હોવાનું જણાવ્યું. આવેલી વ્યક્તિ પત્નીને ઠગી ગયો એ રાવજીભાઈ તરત સમજી ગયા. તરત ઘોડી પલાણી ઠગભગતનો પીછો કરી એની નજીક પહોંચી ગયા. નજીકમાં એક વડનું ઝાડ હતું જેના પર ઠગભગત સડસડાટ ચડી ગયો. કોઈપણ ભોગે ઠગને પકડી દીકરીના લૂગડાં - ઘરેણાં પાછા મેળવવા માગતા રાવજીભાઈએ વડ નીચે ઘોડી ઊભી રાખી વડવાઈઓની મદદ લઈ ઠગની પૂંઠ પકડી. એ હાથવેંતમાં હતો ત્યારે ઠગે વડાવાઈથી સીધો ઠેકડો નીચે ઊભેલી ઘોડી તરફ માર્યો અને રાવજીભાઈને હાથતાળી આપી માલસામાન સાથે ઘોડી પર બેસી નાસી ગયો. ઠગભગત છટકી જતા રાવજીભાઈ વીલા મોઢે ઘરે પાછા ફર્યા ત્યારે રસીલાબહેને પહેલો સવાલ કર્યો કે 'તમે ગયા હતા ઘોડી પલાણીને અને પાછા કેમ પગપાળા આવ્યા?' અબુધ એવા રાવજીભાઈ એટલું જ બોલ્યા કે 'મેં પણ તારી જેમ લાલી લેખે કરી નાખી.'

## ENગ્લિશ વિંGLISH — WORLD IDIOMS - PROVERBS

આજે પહેલી સપ્ટેમ્બર. કેલેન્ડર અનુસાર નવમો મહિનો. નવ (અંગ્રેજીમાં નાઈન)ની ફરતે ઘણી કહેવતો - રૂઢિપ્રયોગ સંકળાયા છે. A stitch in time saves nine (સમય સાચવે તેને ઈશ્વર સાચવે), On cloud nine (અતિશય આનંદ કે ખુશાલી થવા) Nine times out of ten (વાર તહેવારે) વગેરે જાણીતા પ્રયોગો છે. થોડા ઓછા જાણીતા ભાષા પ્રયોગ વિશે જાણીએ.

Genius is one percent inspiration, ninety-nine percent perspiration. મુખ્યત્વે લાઈટ બલ્બ અને ફોનોગ્રાફની શોધ માટે પ્રખ્યાત અમેરિકન વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડિસનના નામ સાથે આ ઉક્તિ જોડાયેલી છે. આ કહેવતનો શબ્દાર્થ છે અલૌકિક બુદ્ધિ કે પ્રતિભા ધરાવતી (જિનિયસ) વ્યક્તિ એક ટકા વૈચારિક તાકાત - સ્ફૂરણા અને ૯૯ ટકા સખત મહેનતથી તૈયાર થતા હોય છે. મતલબ કે જગતને શ્રેષ્ઠ વસ્તુની ભેટ આપનારા લોકોએ સિદ્ધિ મેળવવા બહુ આકરી મહેનત કરી હોય છે.

My Very Educated Mother Just Served Us Nine Pumpkins. નવની સંખ્યાનો સમાવેશ ધરાવતી આ એક ચાતુર્યથી ભરપૂર કહેવત છે જે આપણી સૂર્યમાળાના નવ ગ્રહ અને એનો ક્રમ યાદ રાખવામાં મદદરૂપ થાય છે. અલબત્ત આ કહેવત ઘણી જૂની છે અને ૨૦૦૬માં પ્લેટોને ગ્રહના દરજ્જામાંથી હટાવી દેવામાં આવ્યો હતો. આજની તારીખમાં આઠ ગ્રહ છે, પણ એ ક્રમવાર યાદ રાખવા માટે કોઈ નવો નુસખો આવે નહીં ત્યાં સુધી ભાષાની દુનિયામાં આનાથી કામ ચલાવી શકાય એમ છે. કહેવતનો શબ્દાર્થ થાય છે 'મારી શિક્ષિત માતાએ હમણાં જ અમને કોળું પીરસ્યું.' હવે ધ્યાનથી કહેવત પર નજર ફેરવશો તો ખ્યાલ આવશે કે દરેક શબ્દનો પહેલો અક્ષર ગ્રહના નામનો પહેલો અક્ષર છે. એક સમયના સૂર્યમાળાના નવ ગ્રહ આ પ્રમાણે હતા: Mercury, Venus, Earth, Mars, Jupiter, Saturn, Uranus, Neptune, Pluto. એનું સ્થાન પણ આ જ પ્રમાણે હતું. મરક્યુરી (બુધ) પછી વીનસ (શુક્ર), ત્યારબાદ અર્થ (પૃથ્વી) વગેરે વગેરે. ભાષાની કેવી જબરજસ્ત કરામત.

નવ - નાઈન વિશે અન્ય એક ઓછો જાણીતો રૂઢિપ્રયોગ છે To the nines. કોઈ બાબતે અથવા કોઈ કામમાં નિપુણ હોવું એ માટે આ રૂઢિપ્રયોગનો વપરાશ થાય છે. જોકે મોડર્ન ઈંગ્લિશમાં આ પ્રયોગ Dressed to the nines or Dressed up to the nines તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. To say someone is Dressed to the nines is to say this person is dressed to perfection, everything works. અહીં વ્યક્તિનો પહેરવેશ ટીપટોપ છે અથવા કામમાં કોઈ ખોટ નથી એવો પણ અર્થ છે.

## રાષ્ટ્ર ભાષા — सात वार नौ त्योहार

ગુજરાતીમાં નવ હિન્દીમાં નૌ તરીકે ઓળખાય છે. 'ચાંદની' ફિલ્મનું ગીત 'મેરે હાથો મેં નૌ નૌ ચૂડિયા હૈ' સાંભળ્યું હશે. બહુ કિંમતી - મૂલ્યવાન હાર **नौलखा हार** તરીકે ઓળખાય છે. અગાઉ નવ લાખનું મૂલ્ય બહુ ઊંચું લેખાતું હતું. આપણી પ્રજા ઉત્સવ પ્રિય છે એટલે કાશીમાં **सात वार नौ त्योहार** પ્રયોગ જાણીતો છે. કારતક મહિનામાં દરરોજ એક તહેવારની ઉજવણી થતી હોય છે ને ક્યારેક તો એક દિવસમાં બે તહેવાર હોય એવું પણ બનતું હોય છે. એના પરથી આ પ્રયોગ અસ્તિત્વમાં આવ્યો છે. **नौ दो ग्यारह होना** મતલબ ભાગી જવું, નાસી જવું કે પોબારા ગણી જવું એક મજેદાર કહેવત છે **न नौ मन तेल होगा न राधा नाचेगी.** જોકે, કહેવતના બે શબ્દ તેલ અને નાચને કોઈ સંબંધ નથી. કોઈ કામ પૂરું કરવા માટે પૂરતી સાધન સામગ્રી ન હોય અને જરૂરી સાધન સામગ્રીનો અભાવ હોય તો કામ પણ પૂરું ન થાય એ એનો ભાવાર્થ છે. આ કહેવતનો ઉપયોગ મોટેભાગે એવા સમયે કરવામાં આવે છે જ્યારે કોઈ કામ માટે એવી આકરી શરત મૂકવામાં આવે જે પૂરી કરવી અસંભવ હોય. શરત પૂરી ન કરવામાં આવે તો કામ પણ પૂરું થાય જ નહીં ને. રાંધ્યા વિના રસોઈ જમવા જેવી વાત કહેવાય.

## સગ્ગી બહિણ — शब्द एक, अर्थ वेगळे

શબ્દના વપરાશ પરથી એનો અર્થ નક્કી થતો હોય છે કે સમજાતો હોય છે. માન શબ્દનો એક અર્થ થાય છે પ્રતિષ્ઠા કે આબરૂ. **समाजात आपला मान वरचा असावा असं अनेकाना वाटतं।** સમાજમાં પોતાનું સ્થાન ઊંચું હોય એટલે કે આદર ધરાવતું હોય એવી લાગણી અનેક લોકોમાં હોય છે. આ શબ્દનો બીજો અર્થ છે ડોક. અલબત્ત આ એક અર્થના પણ પાછા બે અર્થ છે. માન ખાલી કરણે એટલે શરમથી નીચું જોવું. બીજું વાક્ય છે **जिराफची मान खूप लांब असते.** જિરાફની ડોક ખૂબ લાંબી હોય છે. આ પ્રકારનો ભાવાર્થ **चाल** શબ્દમાં પણ જોવા મળે છે. ચાલવાની શૈલી કે સ્ટાઈલ એ જાણીતો અર્થ છે. **अभिनेता राजकुमारची चालचा लोकांना वेड लागला होता.** અભિનેતા રાજ કુમારની ચાલના અનેક લોકો દીવાના હતા. હવે આ શબ્દ સંગીતના સંદર્ભમાં અલગ અર્થ ધારણ કરે છે. **हिंदी चित्रपटातील अनेक गाण्यांची चाल अविस्मरणीय.** હિન્દી ફિલ્મોના અનેક ગીતોની ધૂન અવિસ્મરણીય છે. **खिचडी** શબ્દ પણ એના ઉપયોગ અનુસાર કેવા અલગ અર્થ અપનાવે છે એ જોઈએ. **उपवासाच्या दिवशी साबुदाणा खिचडी खायची मजा असते.** અહીં ખાવાની વસ્તુની વાત છે. ઉપવાસને દિવસે સાબુદાણાની ખીચડી ખાવાની અલગ જ મજા હોય છે. બીજો અર્થ જોઈએ. **मला काही सूचत नाही। मनात सघळी खिचडी झालीये.** મને કંઈ સૂઝતું નથી. મનમાં ખીચડી જેવું થઈ ગયું છે. મતલબ કે અનેક વિચાર દોડાદોડ કરી રહ્યા છે. ■

feedback@bombaysamachar.com

## ટૅક વ્યૂહ

વિરલ રાઠોડ

# વિડિયો-ઓડિયો સ્ટ્રિમિંગની કેવી છે કમાલ?

### બ્લેક એન્ડ વ્હાઈટના યુગમાંથી 8K ટેક્નિક સુધીનો પ્રવાસ



ઈન્ટરનેટ ડેટા સસ્તો થયા બાદ વિડિયો સ્ટ્રિમિંગ એકાએક વધી ગયું છે. ટેક્સ્ટ માત્ર હેડિંગ કે માર્ગદર્શિકા પૂરતા હોય એવું ઘણીવાર લાગ્યા કરે. યુટ્યુબ સામે અનેક એવા OTT પ્લેટફોર્મે વિષયનો અન્નકુટ ખોલ્યો હોય એવું લાગે. વાત માત્ર યુટ્યુબથી અટકતી નથી. સોશિયલ મીડિયા એપ્લિકેશન કે પ્લેટફોર્મ ઉપર પણ વિડિયો સ્ટ્રિમની વેરાઈટીઓ છે. સમયાંતરે વિડિયો વાયરલ થાય છે. આવા વિડિયો એકથી વધારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી શેર થાય છે. વિડિયો ફોર્મેટ એક એવી દુનિયા છે જેમાં એક્શન અને એનિમેશનનું મિશ્રણ છે. હવે તો વિડિયો સાથે સબ ટાઈટલ આવતા ઘણી મોટી સરળતા પ્રાપ્ત થાય છે. જેમ જેમ ટેકનોલોજીમાં અપડેટ આવતી ગઈ એમ વિડિયોની ગુણવત્તામાં એક મોટું પરિવર્તન જોવા મળ્યું. HD પિક્ચરથી શરૂ કરીને આજે ૩૩ મિલિયન પિક્સલ અર્થાત્ 8K સુધી પહોંચેલી આ સફરમાં લાઈટિંગ અને શાર્પનેસે આખું ચિત્ર બદલી નાંખ્યું. ઈન્ટરનેટ પર વિડિયો સેક્શન શરૂ થતા એવી વાતો થતી હતી કે, ટીવીનો યુગનો અંત થશે. ડિવાઈસ અને ચિપસેટની દુનિયાએ વિઝ્યુઅલ્સને પાયાથી બદલી નાંખ્યા.

ટીવી ડિવાઈસમાં HD, UHD અને હવે 8K પિક્સલ ટેકનોલોજીએ વિઝન ફેરવી નાખ્યા છે. આ વાત સાચી છે કે, આવા વિડિયો પ્રોસેસ કરવાની અને પબ્લિશ માટેની કિંમત વધારે હોય છે. ફિલ્મોનું વિતરણ થાય છે ત્યારે 4D ફિલ્મો માટે એક અલગથી પ્રોસેસ કરવી પડે છે. હકીકત એ પણ છે કે, હવે તમામ વિડિયો ઓછામાં ઓછી HD (હાઈ-ડેફિનેશન) ફોર્મેટમાં જ શૂટ થાય છે. જે સ્પેસ વધારે રોકે છે. આવા વિડિયોની ક્લેરિટી પણ એક નંબર હોય છે. આ પાછળનું થોડું સાયન્સ પણ સમજવા જેવું છે. ફ્રેમિંગ અને ફોર્મેટના કોન્સેપ્ટથી વિડિયો ક્વોલિટીમાં જે પરિવર્તન આવ્યું એ અતુલ્ય રહ્યું. વિડિયો એક્સપિરિયન્સને થ્રીલ આપી ફીલ કરાવનારા સિનેમાઓ પણ બદલાયા. જે ખુરશીઓ પાછળથી આગળ પીઠના ભાગેથી ધક્કે દેતા ફરતી, હલનચલન કરતી ત્યાં હવે મસ્ત સોફા આવ્યા. 4D (3D પછીનું) માં તો આખી ચેર વાયબ્રેટ થાય એ પણ મ્યુઝિક સિસ્ટમ સાથે. એક એક સીનમાં એની ફીલ આવે. આ પાછળ કામ કરે છે સાઉન્ડ એન્ડ વાયબ્રેશન ટેકનોલોજી. જેને ચોક્કસ ફ્રિક્વન્સી કે ડેસિબલ મળતા જ ઓટો સેન્સર્સની જેમ એનું કામ કરે છે.

જે રીતે મોલ કે એરપોર્ટ પર દરવાજાથી કેટલાક મીટરમાં સેન્સર્સ લાગેલા હોય એમ આવી ચેર ખાસ ડેસિબલ અને ફ્રિક્વન્સી સાથે તૈયાર કરવામાં આવી હોય છે. હવે તો તમામ સિનેમાઘરમાં આ પ્રકારના 4d ઝોન હોય છે, જેમાં ખાસ ફિલ્મો જ રજૂ થાય છે. આ પાછળ પણ વિડિયો સ્ટ્રિમિંગ ટેકનોલોજી જવાબદાર છે. કરોડો પિક્સલ ભેગા થઈને એક ઈમેજ બનાવે છે આ તો લોહીનો રંગ લાલ હોય છે એવું સત્ય થયું. આ પિક્સલને ચોક્કસ ઈફેક્ટ સાથે મુવ કરવામાં આવે, એમાં લાઈટ્સ, શાર્પનેસ અને મલ્ટિપલ ઈફેક્ટ આપવામાં આવે ત્યારે એ HD કેટેગરીના બને છે. જેટલા પિક્સલ વધારે એટલી વિડિયો કે ફોટોની ક્લેરિટી (ચોખ્ખાઈ) વધારે. વિડિયો વોઈસ કે મ્યુઝિક વગરના હોય એ પણ નક્કામા ગણાય. જાણે કોઈ ફિલ્મ મ્યુટ મોડ પર જોતા હોય એવું લાગે. આ માટે ઓડિયો ચેનલ અનિવાર્ય છે. અત્યાર સુધીના કોઈ પણ ફોર્મેટમાં ડિજિટલ ઓડિયો ચેનલ પર એક કંપનીનો દબદબો રહ્યો હતો. ડોલ્બી ડિજિટલે સાઉન્ડ સિસ્ટમે ધ્વનિને દુનિયાનો નક્શો ફેરવી નાંખ્યો. આ પછીની જનરેશનમાં 8D ઓડિયો ક્વોલિટી આવી. અવાજની ઈફેક્ટ એ જ ચેનલ પરથી આઠ જુદી જુદી જગ્યા પરથી આવે તો એને માણવાનો આનંદ રોમાંચક બની જાય. આ ટેકનોલોજી માટે પણ પ્રોસેસ અલગ અલગ રહી છે.

મૂળ વાત પર આવીએ તો સ્ટ્રિમિંગ ટેકનોલોજીમાં જેટલી ક્લેરિટી આવી એટલા જ પિક્સલ અને પિક્સલ રેટમાં અપગ્રેડેશન આવ્યું. ઈન્ટરનેટ ક્નેક્શન અને ટીવીએ હાથ મિલાવતા ક્લેરિટીની દુનિયામાં ચોમાસાના વરસાદ પછી જે ઉઘાડ આવે એવો ઉજાશ આવ્યો.

8K ટીવી ડિવાઈસ માર્કેટમાં આવી ચૂક્યા છે.એના જુદા જુદા મોડેલમાં પ્રાપ્ય છે. સ્મૂથનેસ અને મુવમેન્ટ પાછળ જે ટેકનોલોજી જવાબદાર છે એનું નામ છે મોશન મુવમેન્ટ. વિડિયો રેકોર્ડિંગ વખતે કેટલાક શોટ પર ખૂબ જ ધ્યાન આપીને લેવામાં આવે છે. આ પાછળનું એક કારણ ઈફેક્ટને નાખવા અને એનું શ્રેષ્ઠ પરિણામ આપવાનો પ્રયાસ હોય છે. ઘણી વખત પ્લેટફોર્મ પણ આ અંગે વિકલ્પો આપે ત્યારે વિડિયો જોવાનો આનંદ બેવડાય છે. યુટ્યુબમાં હવે HD અને 4k સપોર્ટ મળ્યા છે. ફાયદો એવો થયો છે કે, કલરફૂલ દુનિયામાં ડિજિટાઈઝેશનનું ચિત્ર બદલાઈ ગયું. એક સ્ક્રિન પર ૪થી ૮ હજાર પિક્સલ એક સાથે મુવ થાય એ એવું લાગે જાણે સેટ પર આપણી નજર સામે કોઈ શૂટ ચાલી રહ્યું છે. આવનારા દિવસોમાં પિક્સલની દુનિયામાં એક મોટું પરિવર્તન આવવાનું છે. 3D એક સમયે ચશ્મા પહેરીને જોવાતું પણ 8D આવતા વિડિયોનું સ્તર વધુ ઉપર જશે એ વાત તો નક્કી છે. ■

### આઉટ ઓફ ધ બોક્સ

HD ટેકનોલોજીને ૩૪ વર્ષ પૂરા થયા છે. વર્ષ ૧૯૯૦માં પહેલી વખત HD વિડિયો ફોર્મેટનું ટેસ્ટિંગ કરાયું હતું. એ ટીવીની સ્ક્રિન તો ગરમ થતા તૂટી ગઈ, પણ વિડિયો સ્ટ્રિમિંગ એન્ડ ઓપ્શન માટે આ જ ટેકનોલોજી મોટો આધાર બની રહી.

feedback@bombaysamachar.com

## વલો કચ્છ

ડો પૂર્વી ગોસ્વામી

# કેલિડોસ્કોપિક વ્યક્તિત્વ એટલે સ્વ. પ્રેમજીભાઈ ઠક્કર







હજુ હમણાં જેમની જન્મતિથિ વીતી એવા કચ્છના રાપરમાં પ્રેમજીભાઈનો જન્મ ૨૩મી ઓગસ્ટ ૧૯૧૦ના થયો હતો. જે કચ્છના સર્વાંગી વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપનારું રાજકીય કમ સામાજિક વ્યક્તિત્વ હતું. એટલે આજે એ કેલિડોસ્કોપિક વ્યક્તિત્વને એકવાર યાદ કરવું ઘટે. તેમણે ૧૯૩૪માં અંજારમાં સ્વતંત્ર બાલમંદિરની સ્થાપના કરેલી જેમાં શિક્ષક તરીકે ફરજ બજાવવા ઉપરાંત કાયદાનો અભ્યાસ પણ પૂર્ણ કર્યો અને વકીલાત કરતા રાજકીય ક્ષેત્રે જોડાશે એવી ખબર ન રહેતા એમનું કાર્યક્ષેત્ર જ બદલાઈ ગયું. તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત ૧૯૫૨માં રાજ્યસભાના સભ્ય અને પાછળથી ગુજરાતના મહેસૂલ મંત્રી તરીકે આગળ વધી. એ સિવાય એમણે કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, સારસ્વતમ સંસ્થા અને કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્રના પ્રમુખ તથા કચ્છ જિલ્લા સમાજ કલ્યાણ બોર્ડના ઉપપ્રમુખ જેવા હોદ્દાની શોભા વધારી.

કચ્છના દુષ્કાળની મુશ્કેલીઓથી પ્રેમજીભાઇ પૂરેપૂરા વાકેફ હતા એટલે જ્યારે તેઓ મંત્રીપદે હતા ત્યારે અનેક દૂરોગામી પગલાઓ પણ લીધાં હતાં જેમાં બન્ની પ્રદેશમાંથી હજારોની સંખ્યામાં પશુધનનો પ્રવાહ છેક દક્ષિણ ગુજરાત સુધી પહોંચાડી દુષ્કાળમાં તેમનું રક્ષણ કરાવ્યું હતું અને એટલે જ આ સ્થળાંતર વખતે બન્નીના માલધારીએ હિ અસાંજો પે આય કહીને તેમને સંબોધ્યા હતા. કેમ્પ ઉપર તેઓ રૂબરૂ મુલાકાત લેવા જતાં અને માલધારીઓની પૂછા કરતા ત્યારે લોકોએ તેમને 'પાંજો માડુ'નું બિરુદ આપ્યું હતું.

અત્યારે તો સૌ કચ્છવાસીઓ મેઘમહેરે મહાલે છે ત્યારે પ્રદેશના નામચીન જળસંગ્રહિત સ્ત્રોતો તરીકે નિર્મિત ડેમની વાત પણ યાદ આવે ત્યારે કચ્છનો સૌથી નયનરમ્ય રુદ્રમાતા ડેમ કેમ ભૂલાય. સૌથી મોટો રુદ્રમાતા ડેમનું અડીખમ બાંધકામ પ્રેમજીભાઈની મહેનતનું પરિણામ છે. જે સાવ દેશી પણ દૂરંદેશી પદ્ધતિથી બાંધવામાં આવ્યું હતું, ખાસ વાત એ છે કે મશીનો ન હતા તે સમયે મજૂરો કરતાં વધુ ૨૦૦૦ ગધેડાને કામે લગાડ્યા હતા. સમગ્ર કચ્છમાં રુદ્રમાતા જેવા નાના-મોટા વીસેક જેટલા ઈરીગેશન ડેમ તેમની દીર્ઘદ્રષ્ટિથી બંધાયા હતા, જે કચ્છના પાણીના પ્રશ્નો વચ્ચે રાહતની કામગીરી હતી એટલું જ નહીં અબડાસા અને લખપતના બે ડેમ આયોજન પંચમાં લેવાયા ન હતા ત્યારે ભૂતપૂર્વ ગવર્નર શ્રીમન નારાયણના સહકારથી તેમણે ખાસ દિલ્હી જઈને મંજૂરીની જહેમત ઉઠાવી હતી.

તેમણે કરેલ કામગીરીમાં મહેસૂલ ખાતાના તમામ પ્રશ્નો ઉકેલવા માટે ૧૫ મહિનાની યોજના તથા પશુધન સ્થળાંતર અને તેમણે બચાવવા માટે ગોરધન ગોપાલક અને ગોકુલ જેવી યોજનાઓ શરૂ કરાવ્યાની મુખ્ય કામગીરી તરીકે ગણાય છે. પારડીના ઘાસીયા જમીનના ઐતિહાસીક પ્રશ્ન સહિતના અનેક પ્રશ્નો ઉકેલ્યા હતા. અછત પુર-રાહત તેમજ કોમી હુલ્લડોને પહોંચી વળવાની કામગીરી પણ તેમણે કુશળતાપૂર્વક નિભાવી હતી. કંડલાનું ઇલેક્ટ્રિક પાવરહાઉસ તથા કંડલાથી અમદાવાદ સુધીના રાષ્ટ્રીય ધોરીમાર્ગનું કામ તેમની મહેનતનું પરિણામ છે તદુપરાંત તેમણે શિક્ષણક્ષેત્રે નોંધનીય ફાળો આપ્યો હતો.

તેમણે ઇસ ૧૯૬૦ પછી ઇન્ડિયન ગમ ઇન્ડ. સાથે મંત્રીપદે આરુઢ પ્રેમજીભાઈએ સંભવત રાજ્યના પ્રથમ MOU કર્યા હતા જેમાં લોરીયાથી ભીરંડિયારા માર્ગ પરની સરકારી જમીન પર ગોવારનું વાવેતર કરી આસપાસના ૨૦૦૦ લોકોને રોજીરોટી આપવાનો ઉદ્દેશ નક્કી કર્યો હતો. પરંતુ કંપનીની કામને આગળ ધપાવ્યું નહીં એટલે વિરોધનાં સૂર વચ્ચે એમઓયુ ફોક કરી દેવાયા હતા. સંભવતઃ એ આઝાદ ગુજરાતના પ્રથમ MOU હશે જે કચ્છમાં થયા હતા.

ભાવાનુવાદ: અનાં હેવર જેંજી જનમતિથિ વિઇ એડા કચ્છજે રાપરમેં સ્વ. પ્રેમજીભાજો જનમ ૨૩મી ઓગસ્ટ ૧૯૧૦ મેં થ્યો હો. જુકો કચ્છજે સર્વાંગી વિકાસમેં નોંધપાત્ર યોગડાન ડીંધલ રાજકીય તીં સામાજિક વ્યક્તિત્વ હોઆ. હિની ૧૯૩૪મેં અંજારમેં અલાયધી બારમિંધરજી થાપના કિઇ હૂઇ જેમેં માસ્તર તરીકેં પિંઢ ફરજ બજાય સિવા કાયધેજો અભ્યાસ પ પૂરો ક્યો હો નેં વકીલાત કઇંધે રાજકીય છેતરમેં જોડાંધા એડી કો ખિબર ન રુંધે ઇનીજો જીયણ જ સજો ભધલી વ્યો. ઇનીજી રાજકીય કારકિર્દીજી સરૂઆત ૧૯૫૨મેં રાજ્યસભાજા સભ્ય ને પૂંઠીયાનું ગુજરાતજે મહેસૂલ મંત્રી તરીકે અગિયા વધઇ હૂઇ. હિન સિવા ઇની કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, સારસ્વતમ સંસ્થા ને કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્રજા પ્રમુખ તીં કચ્છ જિલ્લા સમાજ કલ્યાણ બોર્ડજા ઉપપ્રમુખ જેંડે હોધેજી શોભા વધાર્યો હો.

કચ્છજે ડુકારજી મુસિભતુંએંસે પ્રેમજીભા ભરાભર વાકેફ હોઆ ઇતરે જેર હિની મંત્રીપધતે વા તેર કિઇક સૂંઠા પગલાં ગિડો હો જેમેં બન્ની પ્રડેસમિંજાનું હજારેંજી સંખ્યામેં પશુધનજો પ્રિવાહ છેટ ડખં ગુજરાત તઇં પુજાઇ ડુકારમેં ઇનિજી રિખ્યા ક્યોં હો ઇતરે જ હિન હિજરતે ટાંણે બન્નીજા માલધારી ''હિ અસાંજો પે આય'' ચિઇને ઇનીકે સંબોધન ડીનોં હો. કેમ્પ તે ઇની રૂબરૂ મુલાકાત ગિનંધે વનંધે ટાણે માલધારીએંજી પુછા કરીંધા તેર માડૂ ઇનીકે 'પાંજો માડુ'જો બિરુધ ડીંનોં હો.

હેર ત મિડે કચ્છવાસી મીં જી મહેર થિઇ આય ત રાજી ઐં નેં એડે મેં પ્રડેસજે નામચીન ડેમેં મિંજાનુ હિકડે જી ગાલ જાધ અચે હી આય રુદ્રમાતા ડેમ, હી કીં ભુલાજે? મિણીયા વડો રુદ્રમાતા ડેમજો અડીખમ બાંધકામ પ્રેમજીભાજી મેનતજો પરિણામ આય. જુકો સાવ ડેસી પ ડૂરંડેસિ પદ્ધતિસેં બંધેમેં આયો હો, ખાસ ગાલ ત ઇ આય ક ઉન સમો મેં ઇતરા મશીન ન વા ઇતરે મજૂરેં ભરાં કમ કરાયજો હો પ હિન ડેમમેં મજુરેં કનાં વધુ ૨૦૦૦ ગડોંડેકે કમતે લગાયમેં આયો હો. સજે કચ્છમેં રુદ્રમાતા જેડા નિંઢા- વડા વીયારોક જિતરા ઈરીગેશન ડેમ પ્રેમજીભાજી કિરપા સે બંધાણા હૂંધા, જુકો કચ્છજે પાણીજે સવાલેં વિચ રાહતજી કમગીરી ચોવાજે ઇતરો જ નં અભડાસો નેં લખપતજા બ ડેમ આયોજન પંચમેં ગિનાણા ન વા તેર ભુતપૂર્વ ગવર્નર શ્રીમન નારાયણજે સહકારસે પ્રેમજીભા જ ખાસ ડિલ્લી વિઝીનેં મંજૂરીજી મેનત ક્યોં હો.

ઇનીજે કરલ કમેમેં મહેસૂલ ખાતાજા કિઇક પ્રશ્ન જે ઉકેલજે માટે પનરો મેણેજી યોજના તીં પશુધન સ્થળાંતર ને ઇનીકે ભચાયલા ગોરધન ગોપાલક ને ગોકુલ જેડી યોજનાઉં સરૂ કરાયજી મેન કમગીરી વખણાજેતિ. પારડીજા ઘાસીયા જમીનજા ઐતિહાસીક પ્રશ્ન સહિતજા કિઇક પ્રશ્ન ઉકેલ્યા વા. અછત પુર-રાહત તીં કોમી હુલ્લડકે પુજેલા કુશલતાસેં કમ ક્યોં હો. કંડલાજો ઇલેક્ટ્રિક પાવરહાઉસ તીં કંડલાનું અમધાવાદ સુધેજા રાષ્ટ્રીય ધોરીમાર્ગજો કમ ઇનીજી મેનત્જો પરિણામ આય હિન સિવા ઇની ભણતરલા ગચ કમ ક્યો હો.

ઇની ૧૯૬૦ પૂંઠીયા ઇન્ડિયન ગમ ઇન્ડ. ભેરો મંત્રીપધતે રિઇને કડાચ રાજ્યજો પેલો MOU ક્યોં હો જેમેં લોરીયાનું ભીરંડિયારા મારગજી સરકારી જમીનતે ગોવારજો વાવેતર કિરેને મૂરજે ૨૦૦૦ જિતરે માડૂએં કે રોજીરોટી ડેઅરાયજો ઇરાધો હો પ કંપનીજો કમ અગિયા ન વધંધે વિરોધજે સૂર વિચ એમઓયુ ફોક કરી ડિનેમેં આયા વા. સંભવતઃ હી આઝાધ ગુજરાતજા પેલા MOU હૂંધા જુકો કચ્છમેં થ્યા વા. ■

sanjay.chhel@bombaysamachar.com

મિજાજ મસ્તી

સંજય છેલ

# ભલામણની મથામણ સિફારસની બારિશ

**ટાઇટલ્સ:**
**વખાણથી મોટી કોઇ ખાણ નથી. (છેલવાણી)**




ભલામણ ને શિખામણ આ બંનેમાં મણ-મણનો તફાવત છે. બીજાને ‘શિખામણ’ .... આપવાની ગમે, પણ ભલામણ’ બીજા પાસેથી લેવાની ગમે.

હમણાં સાંભળ્યું છે કે અમેરિકાનાં પેન્સિલવેનિયા રાજ્યમાં પતિ એની પત્નીની ભલામણ ચિઠ્ઠી વગર દારૂ નથી ખરીદી શકતો! આને કહેવાય ખરો નારી-પાવર.

વળી, ચીનમાં જન્મનો દર વધારવા માટે ત્યાંની સરકાર લોકોને કહી રહી છે. હમણાં ચીનની સરકારી કોલેજોમાં પ્રેમ કરવા અને સેક્સ કરવા વિદ્યાર્થીઓને ભલામણ કરી રહી છે. એટલું જ નહીં, કોલેજોમાં પ્રેમ કરવા વિદ્યાર્થીઓને એક અઠવાડિયાની રજા પણ આપવામાં આવે છે! આ બાજુ આપણે ત્યાં તો કોલેજવાળાં વિદ્યાર્થીઓને ‘મા-બાપને કહી દેશું’ વાળી ધમકી સાથે પ્રેમ ના કરવા માટેની ભલામણ તો કરે જ છે, પણ ઉપરથી કેવાં ઉઘાડાં કે આધુનિક કપડાં પહેરવા કે નહીં વિશે રોજ નવા નિયમો લાગુ પાડે છે.

મહાનાયક ગણાતા અભિનેતા અમિતાભ બચ્ચન પણ રીતસર પી.એમ. ઇંદિરા ગાંધીની ભલામણ ચિઠ્ઠી લઇને ફિલ્મ લાઇનમાં આવેલા. એટલે જ સુનીલ દત્ત અને કે.એ.અબ્બાસ જેવા લેખક-નિર્દેશકોએ અમિતાભને ‘સાત હિંદુસ્તાની ’ અને ‘રેશ્મા ઔર શેરા’ જેવી ફિલ્મો આપેલી. ત્યાર બાદ, અમિતાભની ૧૧-૧૨ ફિલ્મ ફ્લોપ થયા પછી અભિનેત્રી જયા ભાદુરીની ભલામણથી નિર્માતા-નિર્દેશક પ્રકાશ મહેરાની ‘જંઝીર’ ફિલ્મ મળી અને અમિતાભ પછી સ્ટાર બન્યા. ૧૯૬૪માં ‘ચાહુંગા મૈં તુઝે સાંઝ સવેરે ’ જેવાં અદ્ભુત ગીતો જે ફિલ્મમાં હતાં એ રાજશ્રી ફિલ્મ્સની ‘દોસ્તી’ ફિલ્મમાં નવા સવા લબરમૂછિયા સંગીતકાર લક્ષ્મી-પ્યારેને ગીતો લખી આપવા મજરૂહને ગાયિકા લતા મંગેશકરે ભલામણ કરેલી અને મજા જુઓ કે ૧૯૪૬થી ગીતો લખનાર મજરૂહને એ જ ફિલ્મનાં ગીત માટે પ્રથમ ફિલ્મ- ફેર એવોર્ડ મળ્યો! અગાઉ ફિલ્મો માટે શેઠિયાઓ ફાઇનાન્સ કરતા ત્યારે હીરો લોકોની ચિઠ્ઠીથી નિર્માતાઓને ફાઇનાન્સ મળી જતું, પણ હીરો સિવાય, શંકર- જયકિશન અને લક્ષ્મીકાંત-પ્યારેલાલ એવા માત્ર બે જ મ્યુઝિક ડિરેક્ટરોની ભલામણ ચિઠ્ઠીથી નિર્માતાને પૈસા મળી જતા!

આ દેશમાં ‘ભલામણ’ શબ્દમાં એક જાદૂઈ તાવીઝ જેવી તાકાત છે કે જેનાથી કોઈને કઈ પણ કરવા માટે દબાણ કરી શકો છો! કોઈને નોકરી મેળવવી હોય, પછી એ જ નોકરીમાં કોઈની બદલી કરાવવી હોય કે બદલી અટકાવવાની હોય, હેરાન કરનાર અધિકારીની બદલી કરાવવાની હોય, તત્કાલમાં ટ્રેનની ટિકિટ જોઈતી હોય.. સો વાતનો એક જવાબ: ‘ભલામણ’.

અમારા એક મિત્રનું પ્રમોશન થવાનું હતું. એ ગમે એમ કરીને કોઇકની ભલામણવાળો લેટર લઈ આવ્યો છતાં એને પ્રમોશન મળ્યું નહીં. પછી ખબર પડી કે જેને પ્રમોશન મળ્યું એ કોઈ વધુ મોટા માણસની ભલામણ લઈને આવેલો એટલે મારા મિત્રની ભલામણ ફ્લોપ!

**ઇંટરવલ:**
**ઝિંદા રહના હૈ તો કાતિલ કી સિફારિશ ચાહિએ (હકીમ મંઝૂર)**

વર્ષો પહેલાં એક જાણીતા રાજનેતાના સંબંધીની પુત્રીનું એમ.બી.બી.એસ.માં એડમિશન લેવાનું હતું. આમ તો એડમિશન અસંભવ હતું એટલે પેલા રાજકીય વ્યક્તિની ભલામણને લીધે એડમિશન થઈ ગયું. પાછળથી આનો ઘણો વિરોધ પણ થયો પણ ભલામણ રાજકીય હતી એટલે વાત દબાઈ ગઈ. છેવટે એક કાબિલ વિદ્યાર્થિની સીટ છીનવીને પેલાં બહેન ડોક્ટર બની ગયા, પણ શું આવી ભલામણોથી બનેલા ડોક્ટરો ભરોસાને લાયક હશે? એ જ રીતે ભલામણથી એન્જિનિયરીંગમાં એડમિશન લેનારના હાથમાં જ્યારે કોઈ બ્રિજ કે બિલ્ડિંગનું બાંધકામ આવે ત્યારે એ બને તે પહેલા જ તૂટી પડે છે અથવા ઉદ્ઘાટનમાં મંત્રી નાળિયેર ફોડે ન તરત એ તૂટી પડે છે.

એક જમાનામાં મુંબઇની એક કોલેજમાં એક વડીલ ટ્રસ્ટી એડમિશન વખતે બધાંને ભલામણ ચિઠ્ઠી લખી આપતા. કોઇને ના જ ન પાડે! પણ એ વડીલ, ત્રણ અલગ અલગ રંગની પેનથી ભલામણ ચિઠ્ઠી લખી આપતા. જેને ખરેખર એડમિશન આપવાનું હોય એ લાલ રંગે, જેને આપી શકાય તો આપો એ બ્લ્યૂ રંગે ને જેને એડમિશન ના જ આપવાનું હોય એનો પત્ર કાળા અક્ષરે લખી આપે!

ભલામણનો ગુરુ-મંત્ર એ છે કે જો તમે ભલામણ મેળવવા માગતા હોવ તો હાથ ધોઈને પાછળ પડી જાઓ. એક દિવસ મોટા માણસ અહંકાર જાગી જશે ને તમારું કામ થઈ જશે. બીજું, ભલામણ મેળવનાર વ્યક્તિની સેવા કરવી પડે, મસ્કા મારવા પડે, આગળ-પાછળ ફરવું પડે જવું પડે, રોજ એનાં ઘરે કે ઓફિસમાં ધક્કા મારવા પડે, એ પાવરફુલ માણસનાં ઘરનાં નાના મોટા કામકાજ કરી આપવા પડે ત્યારે પેલાનાં મનમાં દયા જાગે અને તમારું કામ થઈ જાય.

અમારા એક મિત્ર રોની સરકારી વિભાગમાં ઊંચા હોદ્દા પર હતા. રોનીના ઓળખીતા વર્માજીનો દીકરો બેકાર હતો. પછી બસ, વર્માજી રોનીના ઘરે આવ્યા અને કહ્યું, ‘મારો દીકરો બેકાર ફરે છે એને ક્યાંક નોકરીએ લગાડી આપ!’ રોનીને શું સૂઝ્યું કે એણે હા પાડી દીધી. ઘણા મહિનાઓ વીતી ગયા પણ હજી મામલો ઉકેલાયો નહોતો. હવે રોની પેલા વર્માજીને ટાળવા લાગ્યો . એક દિવસ અમે રોનીને એની ઑફિસમાં મળવા ગયા ત્યારે જોયું તો વર્માજી અમારા મિત્રની ઑફિસની બહાર બેઠા હતા. પહેલા તો લાગ્યું કે એ ઑફિસમાં એમને કોઈ કામ હશે, પણ જ્યારે અમે રોની સાથે બહાર આવ્યા ત્યારે વર્માજી હાથ જોડીને ઊભા થઈને ગાવા માંડ્યા: ‘તુમને પુકારા ઔર હમ ચલે આયે.. પછી જ્યારે જ્યારે રોની દેખાય ત્યારે વર્માજી એ જ રીતે હાથ જોડીન ‘તુમને પુકારા’ ગાવાનું શરૂ કરે છે. આખરે કંટાળેલા રોનીની ભલામણથી વર્માના પુત્રને નોકરી મળી જ ગઈ. ઇન શોર્ટ, મણ-મણની ભલામણ મેળવીને જ આ દેશમાં કામ થાય! ■

**એંડ-ટાઇટલ્સ:**
**આદમ: તને મારી ભલામણ કોણે કરી?**
**ઇવ: એ જ રોજ યાદ કરું છું!**

સ્પોટ લાઈટ

મહેશ્વરી

# આહીરાણીઓ ધારિયા-ભાલા સાથે અમારી રક્ષા કરતી

ભવાઈની ભજવણીમાં વેશનું વિશિષ્ટ મહત્ત્વ હોય છે. જુદા જુદા વેશમાં વેશધારી અલગ વાર્તા કહી જાય. ગયા હપ્તામાં મેં પણ એક વેશ ભજવી ‘મુંબઈ સમાચાર’ના વાચકો સમક્ષ ભવાઈની રોચક જાણકારી પેશ કરી. રંગભૂમિ હોય કે સિનેમા, દરેક કલાકારે જુદાં જુદાં પાત્ર ભજવી અંતે તો પ્રેક્ષકોને મનોરંજન જ પૂરું પાડવાનું હોય છે. હવે આપણે રાવળગાંવથી વાતનું અનુસંધાન આગળ વધારીએ.

રાવળગાંવમાં અમને એક ધરમશાળામાં ઉતારો આપવામાં આવ્યો. ગુજરાતના વિવિધ ગામ - નગરમાં ફરતી વખતે અનેક વાર ધરમશાળામાં ઉતારો કરી રહેવાનું બન્યું હતું. દેશ - વિદેશમાં વિવિધ જગ્યાઓ પર અને હોટેલોમાં રહી છું પણ ધરમશાળાનો આનંદ અનેરો રહ્યો છે. આપણી સંસ્કૃતિમાં ધરમશાળા વિશેષ મહત્ત્વ ધરાવે છે. આપણા દેશમાં ધરમશાળા બંધાવવી ધર્મકાર્ય ગણાય છે. સમાજ પ્રત્યેના કર્તવ્યની ભાવના એમાં વ્યક્ત થાય છે અને સમાજમાં એકતા નિર્માણ કરે છે.

ગામમાં અમે નાટકોની ભજવણી શરૂ કરી. અહીં આહીર અને ચારણ લોકોની વસ્તી વિશેષ હતી. એમાં એક ઉમરશી નામના ભાઈ ગામના મુખી હતા એ એક દિવસ અમારી કંપનીમાં આવ્યા અને કહેવા લાગ્યા કે ‘તમે બધા નાટકના કલાકાર છો અને ગામવાસીઓ રોજ તમારા ભજવેલાં નાટકો જોવા આવતા હોય છે. તો તમે એક કામ કરો ને કે અમારા રાવળગાંવ ગામનો ઈતિહાસ છે એના પર નાટક કરશો તો લોકોને બહુ આનંદ થશે.’ અમે એ ઈતિહાસ વિશે જાણવાનો આગ્રહ રાખ્યો ત્યારે મુખીએ ‘ખેમરો લોડણ’ની વાત અમને કરી. ગામમાં ખેમરો અને લોડણના પાળિયા પણ હતા. પ્રેમકથાઓમાં આગવી છાપ પાડતી ખેમરો લોડણની લોકકથા પરથી અમે નાટક ભજવ્યું અને લોકોને બેહદ પસંદ પડ્યું. ખેમરો - લોડણના પવિત્ર પ્રેમના બલિદાનની ગાથા એ સમયે લોક હૈયામાં સચવાઈને પડી હતી. એના અનેક દુહા પણ અત્યંત પ્રચલિત હતા. ગામના એક વડીલે કેટલાક દુહા સંભળાવ્યા હતા જેમાંથી એક આજે પણ યાદ રહી ગયો છે: સારસ પંખીની જોડ, જુદી કદાપિ ન પડે; જો પડે એકની ખોટ, બીજું માથું પટકીને મરે. કેવો અદ્ભુત સ્નેહ. અલબત્ત પ્રેમ માટે મરી ફીટવાની વાત તો આજના સમયમાં વરાળની જેમ ઊડી ગઈ છે... ખેર.

રાવળગાંવથી ઉપડી અમારી કંપનીની સવારી પહોંચી કલ્યાણપુર. જામ કલ્યાણપુર તરીકે પણ જાણીતું આ ગામ આજે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છે પણ એ સમયે તો જામનગર જિલ્લાનો જ હિસ્સો હતું. કલ્યાણપુરમાં અમારે શાળાના ચોગાનમાં નાટક ભજવવાનું હતું, પણ એ સમયે શાળા ચાલુ હોવાથી અમારાં રહેવાની વ્યવસ્થા નહોતી થઈ શકી. એટલે અમે રાવળગાંવથી કલ્યાણપુર આવજા કરતાં. રાવળગાંવમાં આહીર લોકોની ઘણી વસ્તી. આહીર મૂળે તો ક્ષત્રિય કોમ. સૌરાષ્ટ્રની ધરા પર આહીરોની વીરતા, વિશિષ્ટતા અને સંસ્કૃતિની ભવ્યતા અંકિત છે. તેમની વીરતા વિશે પ્રસંગોપાત જાણકારી મળી હતી, પણ રાવળગાંવમાં એનો પ્રત્યક્ષ પરચો થયો અને સાંભળેલી ને જાણેલી વાતો વિશે મનમાં કોઈ શંકા ન રહી. કલ્યાણપુરમાં નાટકનો શો પતાવી રાવળગાંવ પાછા ફરતાં અમને ખાસ્સું મોડું થઈ જતું. ત્યારે ગામની આહીરાણીઓ રાતના ધારિયાં અને ભાલા જેવાં શસ્ત્રો સાથે રાખી ગામમાં ફરતી હોય. અમે ગામમાં પ્રવેશીએ અને હેમખેમ ધરમશાળામાં પહોંચી જઈએ ત્યાં સુધી જાણે અમારી રક્ષા કરતા હોય એમ હાજર રહે. દરેક વ્યક્તિ પહોંચી ગઈ હોવાની ખાતરી થયા પછી જ શૂરવીર આહીરાણીઓ પોતાનાં ઘરે જાય. ક્ષત્રિય સમાજ સુરક્ષા કરે એ અમે સગી આંખે જોયું. થોડા સમય પછી શાળાનું સત્ર સમાપ્ત થયું અને રજા પડી એટલે અમે કલ્યાણપુરનીએ શાળામાં જ રહેવા લાગ્યા. જોકે, આજે અનેક વર્ષપ છી પણ આહીરાણીઓનો એ જુસ્સો માનસપટ પરથી ભૂંસાયો નથી. કલ્યાણપુરમાં પણ અમે પ્રચલિત નાટકોની ભજવણી ચાલુ રાખી. અહીં ‘કુંવરબાઈનું મામેરું’, ‘નરસૈંયાનો નાથ’ ઉપરાંત એક નાટક ભજવ્યું જેનું નામ હતું ‘ભાથી ખત્રી’. આ પાત્રથી બહુ જૂજ લોકો પરિચિત હશે. ભાથી ખત્રી ભાથીજી અથવા ભાથીજી મહારાજ તરીકે પણ પ્રચલિત છે. તેમની શૌર્ય ગાથા જાણીતી હતી. મધ્ય ગુજરાતના ખેડા જિલ્લામાં તથા સૌરાષ્ટ્રના અમુક પ્રદેશોમાં ભાથીજી યુદ્ધ નાયક તરીકે ઓળખ ધરાવતા હતા અને પૂજનીય પણ હતા.

રાવળગાંવમાં એક અસાધારણ પ્રેમકથા પરથી અને કલ્યાણપુરમાં શૌર્યગાથા પરથી તૈયાર કરેલા નાટકમાં સહભાગી થવાનો મોકો મળ્યો. દરમિયાન શાળામાં રજા પડી ગઈ હતી એટલે કલાકારના બાળકો પણ આવી ગયાં હતાં. એકંદરે માહોલ આનંદમય હતો. કલ્યાણપુરથી પછી અમે અમારી કંપની પહોંચી દેવભૂમિ દ્વારકા. જોકે, અહીં નાટકોને સારો રિસ્પોન્સ નહોતો મળી રહ્યો. બનેવીને પણ મજા નહોતી આવી રહી. અમારી વચ્ચે ઝઘડો થયો અને એક હજાર રૂપિયા આપી તેમણે મને છૂટી કરી. અમે જામનગર આવ્યા અને બારદાનવાળા શેઠને મળ્યા અને તેમણે મારી મુંબઈ જવાની ટિકિટની વ્યવસ્થા કરી આપી અને જાણે એક સફર પૂરી થઈ હોય એવી લાગણી અનુભવી. ■



## ‘તખ્તો નવીનતા માગે છે’

સમય સાથે ફિલ્મ - નાટક કે કળાના અન્ય કોઈ સ્વરૂપ માટે પ્રેક્ષકોની રુચિ બદલાય એ સર્વકાલીન બાબત છે. નાટકમાં ‘કંઈક નવું લાવો’ એવી માગણી આજે થાય છે એમ ગઈ કાલે પણ થતી હતી અને આવતી કાલે પણ થશે એ નિર્વિવાદ હકીકત છે. રંગભૂમિએ એના માટે સજ્જતા દેખાડવી પડશે. કુશળ અભિનેતા ઉપરાંત નાટક મંડળીના સ્થાપક દયાશંકર વસનજી સ્વભાવે પણ ઉમદા જીવ હતા. પ્રેક્ષકોની નાડ પારખવામાં કુશળ દયાશંકર ભાઈ લેખકોને સતત કહેતા કે ‘તખ્તો નવીનતા માગે છે.’ આ વાત સિદ્ધહસ્ત લેખક મૂળશંકર મુલાણીના મનમાં ઉતરી ગઈ અને તેમણે ‘મૂળરાજ સોલંકી’ નામના નાટકમાં ટોડી ભક્તાણીનું પાત્ર ઉમેરી ભક્તિરસ ઉમેર્યો. નાટકમાં અગાઉ જોવા ન મળ્યા હોય એવા ટ્રીક સીન પેશ કર્યા જેમાં સ્ટેજ પર પંપની મદદથી વહેતાં પાણીનું ઝરણું દેખાડીએમાં બાળકોને સ્નાન કરતાં બતાવવામાં આવ્યાં હતાં. સંવાદોમાં બેતબાજી (અંતકડીની શૈલીથી સામસામી કવિતા રજૂ કરવી) રજૂ કરી. આ પ્રયોગો પ્રેક્ષકોને રુચિ ગયા અને નાટકને બહોળો આવકાર મળ્યો. લેખકશ્રીએ પ્રેક્ષકોની નાડ પારખી. પ્રસંગોની ગૂંથણી એવી રીતે કરવી કે પ્રેક્ષકો એના વિશે વિચારવાને બદલે એના પ્રવાહમાં તણાઈ જાય અને ‘હવે શું થશે’ એની ઉત્સુકતા કાયમ તેમને રહે. (સંકલિત)

feedback@bombaysamachar.com

સુખનો પાસવર્ડ

આશુ પટેલ

# કોઈ અજાણ્યો તમારી વ્યથા ઉકેલી શકે ખરો?

## એક હૃદયસ્પર્શી શોર્ટ ફિલ્મ (ભાગ: ૨ )



ગયા રવિવારે એક શોર્ટ ફિલ્મ વિશે વાત કરી હતી, જેમાં એક શહેરમાં એકલી રહેતી એક યુવતી લોનના બોજ હેઠળ દબાઈ જાય છે. એ લોનના હપ્તાઓ ભરી શકતી નથી. તેણીની નોકરી પણ છૂટી ગઈ છે અને બીજી નવી નોકરી પણ મળી રહી નથી, એટલે તે નિરાશ થઈને જીવન ટૂંકાવવાની તૈયારી કરી રહી હોય છે એ જ વખતે એક યુવાન કશાક પાર્સલની ડિલિવરી કરવા એના ફ્લેટના દરવાજે આવે છે. પેલો ડિલિવરીવાળો યુવાન એને અસ્વસ્થ જોઈને એની સાથે વાત કરે છે અને એને આત્મહત્યા કરતાં અટકાવવાની કોશિશ કરે છે

એ કહે છે: ‘તારે તારા પિતા પાસે મદદ માગવી જોઈએ.’ યુવતી કહે છે: ‘હું એમની પાસે મદદ નહીં માગી શકું.’ હવે આગળની વાત જાણીએ..

યુવાન પૂછે છે: ‘મેમ, એક વાત કહેશો, બાળપણમાં તમારી સૌથી મનપસંદ વસ્તુ કઈ હતી?’

યુવતી કહે છે: ‘બાળપણમાં મને સાઈકલનો ખૂબ શોખ હતો.’

યુવાન પૂછે છે: ‘તો તમને સાઇકલ કઈ ઉંમરમાં મળી હતી?’

‘હું લગભગ આઠ વર્ષની હતી ત્યારે.’

‘તો સાઈકલ તરત મળી ગઈ હતી તમને?’

યુવતી જવાબ આપે છે: ‘ના. મારા પિતા તો મારી વાત માનતા જ નહોતા. કહેતા હતા કે તું પડી જઈશ, તને વાગી જશે...’

‘તો પછી તમને કેવી રીતે સાઈકલ મળી?’

યુવતી જવાબ આપે છે: ‘મેં બહુ જ જિદ કરી હતી. ખાવાનું-પીવાનું છોડી દીધું હતું.’

‘તો મેમ, તમે સાઈકલ માટે જિદ કરી ત્યારે શરમ તો આવી હશે ને?’

યુવતી આશ્ચર્ય સાથે પૂછે છે: ‘મને કેમ શરમ આવે? પિતા છે એ મારા! એમની પાસે જિદ નહીં કરું તો કોની પાસે જિદ કરીશ?’

યુવાન કહે છે: ‘તો મેમ, બાળપણમાં સાઈકલ માટે જિદ કરવામાં શરમ ન આવી તો હવે કેમ આવે છે? મેમ, અત્યારે તમે કહ્યું કે તમારા પિતા તમારા લગ્ન માટે પૈસા ભેગા કરી રહ્યા છે, પણ તમે તો અહીં આત્મહત્યા કરી રહ્યા છો! તમે જીવન ટૂંકાવી લેશો તો એ પછી પૈસાનું શું કરશે? એમને એ જાણીને બહુ ખુશી થશે કે એમની દીકરીએ લગ્નનો બોજ હળવો કરી દીધો એમના પરથી! તમને ખબર છે, આપણી જનરેશનની તકલીફ એ છે કે આપણે આપણી જાતને એટલી મોટી સમજી લઈએ છીએ કે આપણા માતા-પિતાથી જ આપણે વાતો છુપાવવા લાગીએ છીએ. ક્યારેક એમ કહીને કે ‘માતા-પિતા નહીં સમજે’ અથવા એમ કહીને કે ‘હું એમને પરેશાન કરવા નથી માગતી’ તો કયારેક એમ કહીને કે ‘અમારા વિચારો નથી મળતા!’

એક વાર તમારી તકલીફ તમારા માતા-પિતાને કહી દો તો તમને ક્યારેય જીવન ટૂંકાવવાનો વિચાર કરવાની જરૂર નહીં પડે. મારા જેવા અજાણ્યા માણસ સાથે વાત શેર કરવાની જરૂર નહીં પડે. પ્લીઝ, એકવાર શેર કરી જુઓ. એમનાથી સારા દોસ્ત આ દુનિયામાં કોઈ ન હોઈ શકે. પ્લીઝ, મેમ. એકવાર તમારા પિતા સાથે વાત કરી જુઓ.’

છેવટે યુવતી પિતાને કોલ લગાવે છે. યુવતીના પિતા કોલ રિસિવ કરતા કહે છે; ‘હલ્લો...’

યુવતી કહે છે: ‘હલ્લો, પાપા...’

પિતા વાત્સલ્યસભર અવાજે કહે છે: ‘હા, બોલ બેટા. કેમ છે તું?’

‘પાપા, મારે તમારી સાથે કંઈક વાત કરવી છે.’

‘હા, બોલ ને, બેટા.’

‘પાપા, હું બહુ પરેશાન છું.’

‘બોલ બેટા, શું તકલીફ છે?’

યુવતી રડી પડે છે. પિતા ચિંતાતુર અવાજે પૂછે છે:

‘બેટા રડે છે કેમ? મને કહે ને કે શું તકલીફ છે?

‘પાપા, મેં બેન્કમાંથી લોન લીધી હતી...’

દીકરી માંડીને બધી વાત કરે છે.

‘જો બેટા, જે થઈ ગયું તે થઈ ગયું. તું ચિંતા ન કર. હું છું ને. હજી તારો બાપ જીવે છે. હું કાલે જ તારી પાસે આવું છું. તું બધી ચિંતા મારા પર છોડી દે.’

પિતા સાથે વાત કર્યા પછી આભારભરી નજરે યુવતી ડિલિવરી કરવા આવેલા યુવાન તરફ જુએ છે. યુવાન કહે છે: ‘જોયું, મેમ. તમારા પિતા તમારા એક કોલથી અહીં આવવા માટે તૈયાર થઈ ગયા. અને તમે આટલા દિવસોથી એકલાં એકલાં વિચારો કરીને પરેશાન થતાં હતાં! મેમ, માતા-પિતાથી સારો દોસ્ત કોઈ હોઈ જ ન શકે. તમે એકવાર એમને દોસ્ત બનાવી તો જુઓ.’

યુવતી કહે છે: ‘તમે સાચું કહો છો, ભાઈ. માતા-પિતાથી સારા દોસ્ત કોઈ ન હોઈ શકે. થેન્ક યુ.’

અજાણ્યો યુવાન કહે છે: ‘મેમ, મારી પાસે તમારા માટે કંઈક છે.’ અને તે ભગવદ્ ગીતા કાઢીને તે યુવતીને આપે છે.

યુવતી પૂછે છે: ભગવદ્ ગીતા?!’

‘મેમ, ૨૦૨૦ મારા માટે બહુ જ ખરાબ વર્ષ હતું. કોરોનામાં મારી નોકરી જતી રહી. થોડા મહિના તો બચતથી નીકળી ગયા, પણ પછીના મહિના બહુ જ મુશ્કેલીભર્યા હતા. હું પણ હપ્તાઓ ભરી નહોતો શકતો, જેને લીધે હું બહુ પરેશાન હતો, તેથી જિંદગી ટૂંકાવવાનો વિચાર કરતો હતો. અને એક દિવસ તો સુસાઈડ કરવા માટે ઘરેથી નીકળી પણ ગયો હતો, પણ પાપાએ મને પકડી લીધો. પહેલાં તો એ બહુ ખીજાયા. પછી મને ગળે લગાડીને કહ્યું કે ‘તું ચિંતા કેમ કરે છે. હું છું ને!’ પછી તેમણે જ મારા બધા બિલ ચૂકવ્યા. એ સમયમાં એમણે મને આ ભગવદ્ ગીતા આપીને કહ્યું કે જીવનમાં જયારે પણ કોઈ તકલીફ આવે, કોઈ રસ્તો ન મળે તો આ વાંચી લેજે. આમાં જીવનની બધી તકલીફોનો રસ્તો મળી જશે.’ અને બસ ત્યારથી મેં પાછું વળીને જોયું નથી. આજે હું જે કંપનીમાંથી ડિલિવરી કરવા આવ્યો છું એ મારી જ કંપની છે. કોરોના પછી મેં મારું સ્ટાર્ટઅપ શરૂ કરી દીધું હતું, કેમ કે મારી નોકરી છૂટી ગઈ એ પછી નોકરી મળતી જ નહોતી.’

યુવતી આશ્ચર્ય પામીને પૂછે છે; ‘તમારી કંપની છે તો તમે ડિલિવરી કેમ કરો છો?’

ડિલિવરી બોય કહે છે: ‘મને સારું લાગે છે આ કામ કરવાનું. અને આમ પણ શરૂઆત મેં એકલાએ જ કરી હતી ને. આજે પણ મન થાય ત્યારે નીકળી જઉં છું ડિલિવરી કરવા માટે. અને આજે તો હું ડિલિવરી માટે નીકળ્યો તો આ દિવસ સાર્થક સાબિત થયો! જે શીખ અમને ભગવદ્ ગીતામાંથી મળી એ તમને આપવાની તક મળી. આ ગ્રંથમાં ઘણી વાતો શીખવા જેવી છે, પણ સૌથી સારી વાત એ શીખવા જેવી છે કે સમય ક્યારેય એક સમાન નથી રહેતો. આજે ખરાબ સમય છે તો કાલે સારો સમય જરૂર આવશે. આજે અંધકાર છે તો કાલે સવાર જરૂર થશે એટલે ક્યારેય સારા સમયમાં છકી ન જવું જોઈએ અને ખરાબ સમયમાં વિચલિત ન થવું જોઈએ. સમય છે. જતો રહેશે. આ વિચારે મારી જિંદગી બદલી નાખી.’

ooo

તેજસ સિંઘે આ શોર્ટ ફિલ્મ બનાવી છે એવું એ વિડિયોના અંતે ક્રેડિટ પરથી ખબર પડે છે. હું તેજસ સિંઘને જાણતો નથી, પરંતુ આવી શોર્ટ ફિલ્મ બનાવવા માટે એમને સલામ કરવી જોઈએ. અત્યારે હિંસા, સેક્સ અને સમાજવિરોધી, દેશવિરોધી એટલું કન્ટેન્ટ ઓટીટી પર ઠલવાઈ રહ્યું છે ત્યારે આવી શોર્ટ ફિલ્મ ‘ખારા રણમાં મીઠી વીરડી સમાન લાગે છે.’

આપણે આપણી આજુબાજુની કોઈ વ્યક્તિને દુ:ખી જોઈએ, વ્યથિત જોઈએ ત્યારે તેના દુ:ખ પાછળનું કારણ જાણવાની કોશિશ કરવી જોઈએ. શક્ય છે કે આપણે કોઈની જિંદગી બચાવી શકીએ. ■

feedback@bombaysamachar.com

## કેનવાસ

અભિમન્યુ મોદી

# પર્યુષણ એટલે પેશનનું પર્વ



'થોડા સમય પહેલાં અમેરિકાની સ્પેસ એજન્સી નાસા' એ બ્લેક હોલનો સાઉન્ડ કોઈ વિશિષ્ટ વૈજ્ઞાનિક રીતે કેપ્ચરકર્યો હતો. રેકોર્ડ કરેલો એ સુંદર પણ ભયાવહ લાગે એવો તે સાઉન્ડ છે. તે અવાજ સાંભળતાં એવું લાગે કે આપણે લાખો પ્રકાશવર્ષ દૂર આવેલા એક બ્લેકહોલની કિનારીએ ઊભા છીએ અને અભૂતપૂર્વ હોરર ઘટના નિહાળી રહ્યા છીએ. સમસ્ત બ્રહ્માંડમાં તો આવી અનેક અજાયબીઓ હશે, જે આપણી કલ્પનાશક્તિની મર્યાદાની બહાર હશે. આપણે તો અબજો તારામાંથી એક તારાની ફરતે પ્રદક્ષિણા લેતા નાનકડા ગ્રહ ઉપર શ્વસીએ છીએ. જીવવા માટે પણ સતત શ્વાસ ચાલુ છે , જે આપણે પ્રયત્નપૂર્વક લેતા નથી. કુદરતે એવી સિસ્ટમ ગોઠવી છે કે શ્વાસ આપોઆપ માણસ લે. આવી ઓટોમેટિક સિસ્ટમ ધરાવતા મનુષ્યો અને સચરાચર જીવોથી આ પૃથ્વી ભરેલી છે. પૃથ્વી ગોળ ગોળ ફરે અને સૂર્ય ફરતે પણ ફરે તો એનો પણ કોઈ સાઉન્ડ-અવાજ તો હશે ને? આપણો સાઉન્ડ ભયાવહ હશે? એ ધ્વનિમાં કરુણતા વધતી જતી હશે?

વ્હોટ ઈઝ હ્યુમન? માનવીની પરિભાષા શું ? જસ્ટ સ્ટારડસ્ટ. બીજા શબ્દોમાં તારાઓ ઉપરની રાખ અને પરગ્રહોની ધૂળ અને ચંદ્ર જેવા ઉપગ્રહના ખડકોની માટી તથા ધૂમકેતુઓની પૂછડીની રજકણોથી આપણો પિંડ ઘડાયો છે. આપણું શરીર ઘડવામાં સમસ્ત બ્રહ્માંડ કામે લાગ્યું હોય ત્યારે અનેક ગેલેક્સીઓના રો-મટિરિયલથી આપણું વામન શરીર ઘડાય છે. બે પગ ઉપર ટટ્ટાર ઊભા રહ્યા પછી માણસ પોતાને આ દુનિયાથી અલગ એન્ટિટી-અસ્તિત્વ માનવા માંડે છે.

આમ તો સાવ નાના શિશુને પોતાના અલગ હોવાપણાનું ભાન નથી હોતું, પણ એ ભાન ચાલવાનું શીખ્યા પછી આવે છે અને સૃષ્ટિ સાથેનું એનું અનુસંધાન કપાઈ જાય છે. હું અલગ છું મારી આજુબાજુના માણસો જુદા છે અને આ દુનિયા તો સાવ અલગ છે એવી સમજ જ દુનિયાના દરેક દુઃખોનું કારણ છે. એકત્વનો છેડ ઉડી જાય અને દ્વૈતવાદનો કન્સેપ્ટ -ખ્યાલ મનમાં ઘરીને વિકૃત સ્વરૂપે ફેલાઈ જાય.

ભગવાન મહાવીર સ્વામી જેમના જન્મ પછી એમના રાજ્યમાં ધન-ધાન્યમાં વૃદ્ધિ - સમૃદ્ધિ થવાથી એમનું નામ વર્ધમાન પડેલું, જે ફક્ત અમુક આસ્થાળું લોકોની શ્રધ્ધાનું સ્વરૂપ જ નથી, પણ ઇતિહાસ પણ છે. ઇતિહાસકારો બુદ્ધ અને મહાવીર બંનેને પુષ્ટિ આપે છે. તેવા મહાવીર સ્વામીએ પોતાના સિવાયની દુનિયા સાથે એકત્વની લાગણીમાં હતા. એ પોતાને બાકીના સંસાર કરતા જુદા માનતા જ ન હતા. એમને જીવમાત્રની ચિંતા હતી એવું કહેવું કદાચ સંપૂર્ણ સત્ય નહી હોય,છતાં એ પોતાને બાકી બધા જીવો કરતાં અલગ ગણતા જ ન હતા. એક વિરાટ સિસ્ટમ-તંત્રનો એ નાનો ભાગ છે અને છેવટે તો બધા એક જ છે એ સમજ એમના તપની નીપજ હતી. એ જંગલમાં જાય, એમને કોઈ ઝેરીલો નાગ ડંખે, એમના પગ નીચે આગ લાગે કે કોઈ એમના કાનમાં ખીલ્લા ઠોકે તો એમને કશો ફરક પડતો ન હતો કે તે કોઈને માફ કરતા ન હતા, કારણ કે ક્ષમા આપવા માટે પણ એક સ્ટેપ ઉપર બેસવું પડે. માફી તો આપે જો એમની લાગણી દુભાઈ હોય. એ તો પરમાનંદને મેળવવા અને બધા જીવોના ભલા માટે સતત કાર્યરત રહેતા. કામ કરવા માટે કપડાંની પણ શું જરૂર કે ખોરાકની પણ શું જરૂર?

સંજોગો બદલાય, વાતાવરણ બદલાય, ગમે તેવી નર્ક જેવી પરિસ્થિતિમાં રહેવાનું આવે , પણ જિંદગી જીવવાની જ હોય. સતત દોડ જીવનની ગતિનું અને સમયનું પ્રતીક છે.

મહાવીર સ્વામીએ અથવા તો જૈન ધર્મમાં આત્મા માટે સમય શબ્દ પણ વપરાયો છે એવું સ્મૃતિ મુજબ યાદ આવે છે. સમય સાથે વહેવું- વહેતા રહેવું. સમય સાથે સમાધાન કરવાની વાત નથી, પણ સમયની આંગળી પકડીને તે સમયનો ઉત્તમ ઉપયોગ કરવો, જેમાં સર્વ જીવોની ભલાઈ હોય. બાજુનું ખેતર ઉજ્જડ હશે તો આપણા ખેતરમાં લીલો મોલ લહેરાતો નહીં હોય. પરાગનયન વિજ્ઞાન નથી, કુદરતની આદિ પરંપરા છે અને એના માટે બધે જ લીલીવાડી જોઈએ. સૌનો સાથ- સૌનો વિકાસ' આ કોઈ રાજકીય પક્ષેનું સૂત્ર નહીં, પણ મનુષ્ય ઉત્ક્રાંતિની શરૂઆતમાં કુદરતે આપેલું એક વરદાન છે - એક વિચારધારા છે.

એક ક્લાસિક ફિલ્મ આવેલી - 'ફોરેસ્ટ ગમ્પ'. આ એની મુખ્ય પાત્રનું નામ છે. એનો આઇ. ક્યુ ઓછો છે. એના પગ પહેલાં બહુ મજબૂત ન હતા, પણ એણે દોડવાનું ચાલુ કર્યું. પવનની સ્પીડે દોડવા લાગ્યો. અટકે જ નહી. આજુબાજુ દુનિયા આમથી તેમ થઈ જાય, એ જિંદગી જીવવાનું છોડતો નથી. સ્વજનો મરી જાય તો પણ હવામાં ઉડતા પીંછાની જેમ તે દુનિયાના વહેણમાં જિંદગીને બંને બૂટમાં ભરાવીને દોડતો જાય છે. જીવવું એ એની પેશન-ઉત્કટતા-જોમ છે. જિંદગીની પેશન માટે હાયર આઇ.ક્યુ.ની આવશ્યકતા નથી.

પર્યુષણ માટે પણ પેશન-જોમ જોઈએ. નિરાહાર અને ઉપવાસ વચ્ચે જબરો ફરક છે. ખોરાક ગ્રહણ ન કરવાનો આનંદ ન હોય તો નક્કામું. બધાની જરૂરિયાત માટે આ પૃથ્વી ઉપર પર્યાપ્ત સામગ્રી છે, પણ માત્ર એકની લાલચને આ બ્રહ્માંડ 'કદી સંતોષી નહી શકે' એવું ગાંધીજી એમનેમ કહેતા ન હતા. જાતને સંયમ સાથે રેડી રાખવી પડે. પોતાના શ્વાસને લીધે પણ હવામાં ખલેલ ન પહોંચે એવી સંવેદનશીલતા હોય તો દુનિયાના બધા જ પ્રશ્નોનું નું નિવારણ થાય. એમાં અહિંસા પણ આવી ગઈ અને સત્ય પણ. ગાંધીજીના વિચારો કે કાલ્પિનક પાત્ર ફોરેસ્ટ ગમ્પનાં કર્મો, જેમની કરોડમી ઝેરોક્ષ જેવા લાગે મહાનુભાવો હજારો વર્ષો પહેલા થઈ ગયા છે. ત્યાગ એ આનંદનો વિષય છે અને મહાવીર સ્વામી જેવા તીર્થંકરો ત્યાગના સર્વોચ્ચ શિખર ઉપર બેઠા હતા. તે શિખર પર જેવો આનંદ આવે એવો બીજે કશે ન આવે.

બોલો, આપણે પૃથ્વીના કર્કશ સાઉન્ડને સિમ્ફની જેવો મધુર કરવો છે કે નહીં ? ■

feedback@bombaysamachar.com

## આકાશ મારી પાંખમાં

કલ્પના દવે

# ભલે પધાર્યા પ્રભુ



આપણી પૃથ્વીથી ઘણે દૂર-સુદુર આકાશલોકમાં સર્વ દેવદૂતોની એક તત્કાલીન મિટિંગ ભરાઈ હતી. વરિષ્ઠ દેવદૂતે કહ્યુંઃ- પૃથ્વી પર એક વિશેષ પ્રતિભા ધરાવતું બાળક જન્મ લેવાનું છે. ટોળામાંથી કોઈ બોલ્યું- ભલે ને જન્મે, એમાં શું, પણ આ સભા શા માટે? અને શોરબકોર થવા લાગ્યો. વરિષ્ઠ દેવદૂતે બધાને શાંત પાડતા કહ્યું-શાંત, શાંત- બધા શાંત થઈ જાઓ. પૃથ્વી પર જન્મ લેતાં બધાં બાળકો ખાસ જ હોય છે. પણ, આ બાળક કોઈ સામાન્ય બાળક નથી. એ વિશેષ પ્રતિભાશાળી ધરાવે છે. આપણે અહીં ઈશ્વરને પ્રાર્થના કરવા ભેગા થયા છીએ કે આ બાળકનો શ્રેષ્ઠ ઉછેર કરી શકે એવાં માતા-પિતાનું સરનામું આપે, જયાં આ બાળક અવતાર ધારણ કરે.

આકાશલોકમાં શાંતિ છવાઈ ગઈ. એક શોધ ટુકડી પૃથ્વીલોકમાં આવી. આ ટુકડીએ ખાસ પ્રતિભાશાળી જણાતા ૧૦૦ દંપતીઓનાં નામ-સરનામાનું લિસ્ટ તૈયાર કરીને વરિષ્ઠ દેવદૂતને આપ્યું. એમણે તે પ્રભુના ચરણે મૂક્યું.

૨૫વર્ષીય શિક્ષિકા નંદિતા અને રેડીમેડ ગારમેન્ટના વેપારી પ્રકાશ મહેતાને ઘરે આ વિશેષ બાળક જન્મ લેશે તેના અવતરણનો સમય પણ નક્કી થઈ ગયો.

ચાલો મળીએ એ સ્પેશિયલ માતા-પિતાને.

૨૧એપ્રિલ ૨૦૦૪નો શુભદિવસ બુધવાર, વહેલી સવારે ૪.૩૦નો સમય હતો. એ ક્ષણને યાદ કરતાં નંદિતા કહે છે- બે નર્સ અને ત્રણ ડોકટરો સાથે હું લેબરરૂમમાં હતી. બાળકને જન્મ આપવાની એ અદ્ભુત ક્ષણ નજીક હતી. જો કે પ્રસૂતિની વેદના અને થોડા ડરની વચ્ચે માતૃત્વના આનંદની અદ્ભુત ક્ષણ પણ ભળેલી હતી. ડોકટરે કોઈ ડીમ લાઈટથી મારાં ગુપ્તાંગોને તપાસ્યા. મારા ચહેરા પર માથા પરની ફ્લડ લાઈટ ઝગારા મારતી હતી. મેં આંખો સજ્જડ ભીડી દીધી. ડોકટર મને ઊંડા શ્વાસ લઈને પેટના ભાગ પર દબાણ આપવાનું કહી રહ્યા હતા. હું પરસેવે રેબઝેબ અને થાકી ગઈ હતી.

હવે ફોરશેપ કરવું પડશે. એવો એક અવાજ મારા કાને પડ્યો. ત્યાં જ મારા બાળકે પોતાનો માર્ગ શોધી લીધો કે તરત જ એક જ ઝીણું, મીઠું બાળરુદન ઓપરેશન રૂમમાં સંભળાયું. મારા કાને નર્સના શબ્દો અથડાયા- ઈટ્સ અ બેબી બોય.

હું બરાબર ભાનમાં ન હતી. પણ. ઈટસ અ બેબી બોય શબ્દો સાંભળતા જ મારા આનંદની કોઈ સીમા ન રહી.

પણ, ખબર નહીં થોડી વારમાં જ ડોકટરો અંદર અંદર વાત કરી રહ્યા હતા. નર્સોને સૂચના આપી રહ્યા હતા. અને મારા પર ઈંજેકશનની કોઈ અસર થઈ હશે અને હું ગાઢ નિદ્રામાં સરી પડી.

લગભગ ત્રણેક કલાકે હું ભાનમાં આવી, મારા બેડ પાસે પ્રકાશ ગંભીર ચહેરે બેઠા હતા. મેં મારા બેડ પર કે પારણામાં મારો દીકરો ન જોયો, મેં ગભરાયેલા અવાજે કહ્યું-

કયાં છે આપણો દીકરો ? પ્રકાશે ધીમા અવાજે કહ્યું- તને ચકકર ઓછા થાય પછી તને બતાવું.

ત્યાં જ નર્સ આવી અને નંદિતાને કહેવા લાગી- અબ કૈસા હૈ, લો, યે ઈંજેકશન લેના હૈ.

નર્સ, મેરા બેટા કીધર હૈ, જલદી લે આઓ.

આપ કી ડિલીવરી પ્રીમેચ્યોર હુઈ હૈ. બેટા બહુત કમજોર હૈ. ઉસે ઈન્ટેસીવ કેર યુનિટમેં રખા હૈ.

નંદિતા દયામણા ચહેરે નર્સ સામું જોઈ રહી. પ્રકાશે નંદિતાની પીઠ પસવારતાં કહ્યું- નંદિતા, બાળક તો પ્રભુનું સ્વરૂપ છે. ચિંતા કરવાની નહીં. ડોકટરો આપણા બાળકની વિશેષ કાળજી રાખે છે.

મેં કહ્યું- મને મારા બાળક પાસે લઈ જાઓ.

પ્રકાશે ડોકટરની પરવાનગી લીધી. હું નર્સનો હાથ પકડી ઈન્ટેસીવ કેર યુનિટમાં મારા બાળકને જોવા ગઈ. મારી સાથે જરા ઉદાસ ચહેરે ચાલી રહેલા પ્રકાશે કહ્યું- નંદિતા , આ અશક્ત બાળકને જોઈને હિંમત રાખજે, એનો ઉછેર કરવો એ પડકાર રૂપ છે.

પણ એવું તો શું છે, આપણા બાળકમાં. નંદિતાએ પૂછયું.

કાચની પેટીમાં નાનું, ગોરું ગોરું, આખા શરીરે આછી રૂવાટીવાળું બાળક ટૂટિયું વાળીને સૂતું હતું.

નંદિતાની છાતીમાં દૂધ ઊભરાઈ આવ્યું. બાળકને છાતીએ વળગાડવા એ અધીરી થઈ ગઈ. કેરયુનિટમાં મૂકેલી એક ખુરશી પર બેસી જતાં એ બોલી- સિસ્ટર, મારું બાળક મને આપો, હું એને સ્તનપાન કરાવું.

ના, હમણાં નહીં. ડોકટર કહે ત્યારે જ આપી શકાય. નર્સે કહ્યું.

નંદિતાની આંખ ભરાઈ આવી. હું મારા બાળકને દૂધ પણ ન પીવડાવી શકું. મારી સ્થિતિ પણ દેવકી જેવી જ થઈ. એણે મથુરામાં કૃષ્ણને જન્મ તો આપ્યો પણ વસુદેવ કૃષ્ણને તરત ગોકુળમાં લઈ ગયા. મારો લાલો જન્મતાની સાથે જ આ પેટીમાં પૂરાઈ ગયો. હું માતા તો થઈ, પણ મારા દીકરાને ધવડાવી પણ ન શકું ? પ્રભુ આ તે કેવી કસોટી.

ચાલ, નંદિતા, તું સૂઈ જા. ડોકટર ખૂબ ધ્યાન રાખે છે. જો કેવો શાંતિથી સૂતો છે. પ્રકાશે કહ્યું.

ત્યાં જ ડોકટર અગ્રવાલ આવ્યા અને કહ્યુઃ- નંદિતા, હું જાણું છું, તમે ખૂબ ચિંતિત છો. પણ અમે એની સ્પેશિયલ કેર કરીએ છીએ. મને લાગે છે કે એક અઠવાડિયું તો બાળકને આમાં રાખવો પડશે.

મને મારા બાળક સાથે જ રાખો. એને ભૂખ લાગે ત્યારે હું એને દૂધ પીવડાવું. એ ભીનું કરે તો એને સૂકામાં સુવડાવું. નંદિતા એકી શ્વાસે બોલી રહી હતી.

તમે ચિંતા ન કરો. અમે બધું ધ્યાન રાખીશું. નર્સે કહ્યું.

નંદિતા. તમારા બાળકને કોઈ ઈંફેકશન ન લાગે એટલે એને સ્પેશિયલ કેર યુનિટમાં રાખવો જ પડે. તમે તમારા બેડ પર જાઓ.

નંદિતા એકી ટકે જોઈ રહી. મારો લાલો, કાનુડો, કેવો રૂપાળો છે. આ એના વાંકા વળેલા બે પગ અને આ હાથની નાજુક બંધ મુઠ્ઠી હવે કયારે ખુલશે. ત્યાંજ એ શિશુ જરા હલ્યું, હસ્યું. એણે નાનીશી આંખ જરા ઉઘાડી.

નંદિતા અને પ્રકાશની આંખમાં હર્ષના આંસુ આવ્યાં.

નંદિતાએ પ્રભુનો પાડ માણતા ગાયું-

મારા દીકરા. તમે મારા દેવના દીધેલ છો,

આવ્યા ત્યારે અમર થઈને રહો.

આ ઈશ્વરદત્ત બાળકનો શ્રેષ્ઠ ઉછેર હું કરીશ. હું વ્યવસાયે શિક્ષિકા આ બાળકમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરી એને મહામાનવ બનાવીશું.

પ્રકાશે કહ્યું- નંદિતા ધેટસ ધ સ્પીરીટ. આપણા આ બાળકની ટ્રીટમેન્ટ બેસ્ટ ડોકટર કરશે. પ્રભુએ આપેલા આ પડકારને આપણે હસતે મોઢે ઝીલીશું. ભલે, પધાર્યા પ્રભુ, આપનું સ્વાગત છે.

(ક્રમશઃ વધુ આવતા અંકે)

feedback@bombaysamachar.com

## બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી

# બ્રાન્ડ બનાઓ ખેલ ખેલમેં...




હાલમાં યોજાયેલી પેરિસ ઓલિમ્પિકમાં ભારત ૬ મેડલ જીતીને ૭૧મા સ્થાને રહ્યું. આપણા કરતાં નાના દેશો વધુ મેડલ જીત્યા છે. લોકો દલીલ કરે છે કે ૧૪૦ કરોડના દેશમાં આપણે ૧૦ મેડલ પણ ના લાવી શક્યા. મેડલ અને દેશની વસતિને કોઈ લેવાદેવા નથી. તેના માટે જોઈતું પ્રોત્સાહન, પોતાની તૈયારી, ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેક્નોલોજી અને સૌથી મહત્ત્વનું આ બધી ચીજો માટે ભંડોળ અર્થાત્ પૈસા લાગે છે. જરા વિચારો આપણે અમુક વર્ષોથી ક્રિકેટમાં સૌથી આગળ છીએ. આ વાત રાતોરાત થઇ? ના, ૧૯૮૩મા વર્લ્ડ કપ જીત્યા ત્યારબાદ એક નવી શરૂઆત થઇ પછી આજે આટલાં વર્ષે આપણે ટોચની હરોળમાં બેઠા. એ જ રીતે આજે બીજી બધી રમત ગમતોને પ્રોત્સાહન મળવાની શરૂઆત થઇ છે. હાલની સરકાર થોડાં વર્ષથી આ દિશામાં ખેલો ઇન્ડિયા'ના કેમ્પેઇન હેઠળ નક્કર પગલાં લઇ રહી છે.

વાત આજે સ્પોર્ટ્સને મહત્ત્વ આપવાની છે. ક્રિકેટ ઉપરાંત બ્રાન્ડ્સ હવે બીજી રમત ગમતો સ્પોન્સર કરી રહી છે. પેરિસ ઓલિમ્પિકમાં આ વખતે બે ડઝનથી પણ વધારે સ્પોન્સર્સ હતા. આ સૂચવે છે કે દેશ અને બ્રાન્ડ આને ગંભીરતાથી લઇ અગ્રતા આપી રહી છે. આનું મુખ્ય કારણ તે કે છેલ્લાં ૧૦ વર્ષથી સ્પોર્ટ્સને એક ઈન્ડસ્ટ્રીયલ તરીકે જોવામાં આવે છે. આનો શ્રેય IPL ઈત્યાદિ સ્પોર્ટ્સમાં ચમકી રહેલા સિતારાઓને જાય છે.

IPL પછી બીજી ઘણી રમતોએ લીગનું રૂપ ધારણ કરી માર્કેટમાં ઝંપલાવ્યુ, જેમકે ISL, કબડ્ડી લીગ, રેસલિંગ, ટેનિસ, બેડમિંટન, હોકી વગેરે. આના કારણે ઇંટરનેશનલ સ્પોર્ટ્સની સાથે સાથે નેશનલ લેવલ પર પણ સ્પોર્ટ્સની વિવિધ પ્રોપર્ટી ક્રિયેટ થવા માંડી અને આનાથી બ્રાન્ડને પોતાના કન્ઝ્યુમર સુધી પહોંચવાનો મોકો મળ્યો. બ્રાન્ડ કઈ સ્પોર્ટ્સ લીગ સાથે જોડાયેલી છે તેના થકી તેમની ઇમેજ બિલ્ડ થઇ અને પોપ્યુલારિટી મળી તે અલગથી.

સ્પોર્ટ્સ માર્કેટિંગનું સૌથી સફળ પાસુ એટલે એનું ફેન ફોલોઈંગ કેટલું છે. વિવિધ લીગ જે અસ્તિત્વમાં આવી એ પણ પોતાની લીગ પ્રમોટ કરી સ્પોન્સર લાવવામાં સફળ થઈ તેટલું જ નહીં , ફેનબેઝ ક્રિયેટ કરવામાં પણ સફળતા મળી. આ બધી લીગને પોપ્યુલર બનાવવામાં સ્પોર્ટ્સ માર્કેટિંગનો મોટો હાથ છે. જે રીતે તેને પ્રમોટ અને એક્ઝિક્યુટ કરવામાં આવી તેનાથી તેની લાંબા ગાળાની સફળતા દેખાણી. આનાથી ઘણા ફાયદા પણ થયા. ગ્રાસરૂટ લેવલના ખેલાડીઓનો ઉદય થયો, વિવિધ રમતોને નવાનવા ચહેરાઓ મળ્યા અને નેશનલ લેવલ પર બેંચ સ્ટ્રેંથ વધવા લાગી. સ્પોર્ટ્સમેનને કામ મળવા લાગ્યુ અને દેશને સારા ખેલાડીઓ મળવા લાગ્યા. સ્પોર્ટ્સની સાથે સંલગ્ન બીજી ઘણી ઇંડસ્ટ્રીઓ પણ અસ્તિત્વમાં આવી કાં તો જે હયાત હતી એમના માટે પણ નવી નવી તક માર્કેટમાં ઊભરી. જેમકે; સ્પોર્ટ્સ ટ્રેનિંગ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર, મર્ચેનડાઇઝિંગ, ક્લોથિંગ, હોસ્પિટાલિટી, ઇવેંટ્સ, સ્પોર્ટ્સ ઈક્વિપમેંટ મેન્યુફેક્ચરિંગ, રિટેલિંગ વગેરે.

આજે ફક્ત પુરુષો જ નહીં સ્ત્રીઓ પણ વિવિધ રમત ગમતોમાં ભાગ લઈ રહી છે અને ફિમેલ વ્યૂઅરશિપ પણ વધી રહી છે. ડિજિટલ કન્ઝમ્પશન-વપરાશ વધી રહ્યો છે, જે સ્પોન્સર માટે ખુશીની વાત છે.

આજે સ્પોર્ટ્સ જ્યારે દેશભરમાં ખ્યાતિ પામી રહ્યુ છે ત્યારે સ્પોન્સર્સ મહત્ત્વનો ભાગ ભજવે છે. બ્રાન્ડ હંમેશા મોટી પ્રોપર્ટીની રાહ જોતી હોય છે, જેની સાથે તે જોડાઈ શકે. આજે જ્યારે ૧૦ થી પણ વધારે સ્પોર્ટ્સ લીગ છે ત્યારે સ્પોર્ટ્સ એમની માર્કેટિંગ પ્લાનનો મહત્વનો હિસ્સો બની રહ્યું છે. બ્રાન્ડ આ લીગ સાથે સહભાગી થઈ પોતાને પ્રમોટ કરે છે. ક્રિકેટ બધાને અપીલ કરે છે દેશભરમાં તો ફૂટબોલ યુવાનોને અપીલ કરે છે અને કબડ્ડી બધી એજ ગ્રૂપને તથા સ્ત્રી-પુરુષ બંનેને અપીલ કરે છે. જેમ આપણે જાણીએ છીએ કે સ્પોર્ટ્સની સફળતા એટલે તેનું ફેન ફોલોઈંગ. વિવિધ સ્પોર્ટ્સના જે ફેન્સ છે એનો અભ્યાસ કરી બ્રાન્ડ એની સાથે સંકળાઈ છે. સ્પોર્ટ્સ માર્કેટિંગ બ્રાન્ડને ફક્ત વ્યૂઅરશિપ ન આપતા ઓનલાઇન, ઓનગ્રાઉંડ અને ડાઇરેક્ટ ફેન કોન્ટેક્ટની તક પણ આપે છે. આના કારણે બ્રાન્ડને ઘણો ફાયદો થાય છે , કારણ કે એને કન્ઝ્યુમર સાથે સીધો સંપર્ક થઇ વાતચીત કરવાનો મોકો મળે છે. આ ઉપરાંત ટીવી પર પણ બ્રાન્ડને આગવી રીતે પ્રમોટ કરવાના તરકીબ ઉપલબ્ધ છે, જેમકે, બાઉંડ્રી બોર્ડ્સ, સ્ટેંડ્સ, બ્રાન્ડ લોગો પ્રેઝેન્સ ડિજિટલી હોલોગ્રામ તરીકે, વિવિધ પુરસ્કારો બ્રાન્ડના નામે, વગેરે.

સ્પોર્ટ્સ લીગ્સ નાની - મોટી બધી બ્રાન્ડસને તક આપે છે. નાની બ્રાન્ડનું બજેટ ઓછું હોય તો તેના માટે પણ અમુક પ્રોપર્ટી તૈયાર કરવામાં આવે છે, જેથી એને પણ કન્ઝ્યુમર સુધી પહોંચવાની તક મળે અને સ્પોર્ટ્સ લીગને પોતાનું રેવન્યૂ મળે. આ કારણસર સ્પોર્ટ્સ લીગ બધા માટે વિન-વિન સાબિત થઈ રહ્યુ છે. હર વર્ષે ફેન ફોલોઇંગ વધતુ રહ્યુ છે. આજસુધી નેશનલ બ્રાન્ડસ આનો લાભ લેતી હતી , પણ હવે નાની નાની ઘણી પ્રાદેશિક અને લોકલ બ્રાન્ડસને પણ મોકો મળશે પોતાને પ્રમોટ કરવાનો અને આવી પ્રોપર્ટી સાથે સંલગ્ન થવાનો. સ્પોર્ટ્સ લીગની સફળતાનું સૌથી મોટું પાસું એટલે તેને ફક્ત સ્પોર્ટ્સ સુધી સીમિત ન રાખતા તેને મનોરંજન સાથે સાંકળી દેવું એ.. સેલેબ્રિટીસ, પાર્ટીસ, સ્ટેડિયમનો માહોલ, પ્રી અને પોસ્ટ મેચ પ્રોગ્રામના થકી દર્શકોને ભરપુર મનોરંજન મળી રહે છે. આના થકી બ્રાન્ડ માટે ભરપૂર કન્ટેન્ટ જનરેટ થાય છે, જેનો ઉપયોગ ઓનલાઇન અને ઓફલાઇન પ્રમોશન માટે બ્રાન્ડ કરે છે. બ્રાન્ડ જ્યારે કોઈ લીગ્સ સાથે જોડાય ત્યારે જરૂરી છે કે તે લાંબા ગાળા સુધીનું જોડાણ હોય , જેથી એ જે-તે સ્પોર્ટ્સના ફેન્સ સાથે રેગ્યુલર સંબંધ બાંધી શકે. આમ પોતાને અનુરૂપ લીગ અને ફેન ફોલોઈંગ જાણી બ્રાન્ડ તેની સાથે જોડાય તો સ્પોર્ટ્સ એક બેસ્ટ પ્રોપર્ટી છે , જહાં ખેલ ખેલમેં બ્રાન્ડ બન સકતી હૈ ઔર બઢ ભી સકતી હે. ■

feedback@bombaysamachar.com

## સાહબ બાથરૂમ મેં હૈ

આશકરણ અટલ

# સંવાદો અને સીન જાણીતા અને પરિચિત

*કેટલાક સંવાદો અથવા સીન સદાબહાર હોય છે, જે હજારો ફિલ્મોમાં સેંકડો વખત વાપરવામાં આવતા હોય છે. આ સંવાદો એટલા જાણીતા અને પરિચિત થઈ જતા હોય છે કે દર્શકોને પહેલેથી જ ખબર પડી જતી હોય છે કે હવે આ પૂછશે એટલે એનો જવાબ આ આવશે. આવો આપણે આજે જોઈ લઈએ આવા જ પરિચિત સંવાદો.*

## નાયકનું તકિયા-ચાદર લઈને બહાર સૂઈ જવું



નાયિકા ઘરેથી ભાગી છૂટી છે. નાયક આવારા અને મવાલી પ્રકારનો છે. બંનેની મુલાકાત થાય છે. નાયિકા બેઘર છે, તેને સૂવા માટે એક છતની જરૂર છે. નાયકને આ વાતની ખબર પડે છે અને તે નાયિકાને પોતાની ઓરડી પર લઈને આવે છે. રાતે સૂવાના સમયે અચાનક નાયિકા ચોંકીને એવો સવાલ કરે છે કે 'તમે ક્યાં સૂવાના છો?' નાયક ચૂપચાપ એક તકિયો અને એક ચાદર લઈને ઊભો થઈ જાય છે અને ઓરડીની બહાર જઈને સૂઈ જાય છે. આ સીન ભારતીય નાયકના ચરિત્રનું દર્પણ છે. નાયક ભલે ચોરી-ચપાટી કરતો હોય, ભલે મવાલી હોય, આવા પ્રસંગે તે પહેલાં પણ બહાર જ સૂઈ જતો હતો, આજની તારીખે પણ બહાર જ સૂવા જતો રહે છે અને આવતીકાલે પણ તે બહાર જ સૂવા જતો રહેશે. ઓ વિદેશીઓ આવો અને અમારા હીરોનું ચરિત્ર જોઈ લ્યો. આ મવાલી પાસેથી થોડું કંઈ શીખી લ્યો. આવું જ પાત્ર શ્રી ૪૨૦ મુવીમાં રાજ કપૂરે ભજવ્યું હતું. ■

## પરદેશીને પ્રેમ કરી બેસવું



ભારતીય ફિલ્મોની નાયિકા ઘણી વાર પરદેશીને જ પોતાનું દિલ આપી બેસે છે. પ્રેમના મામલામાં પરદેશી જ તેની પહેલી પસંદગી છે. મધુમતી ફિલ્મની મધુ હોય કે પછી રામ તેરી ગંગા મૈલીની ગંગા હોય. આવી ફિલ્મોમાં એક બાબુ જેવો માણસ આવે છે, જે પરદેશી હોય છે. નાયિકા તેને પહેલી જ નજરમાં દિલ આપી બેસે છે. તે પરદેશી બાબુ તેને પહેલી મુલાકાતમાં જ ગર્ભવતી બનાવી દેતો હોય છે. ન જાણીતો, ન ઓળખીતો, ન પરદેશી બાબુનું સરનામું પણ ખબર હોય, બસ, નાયિકાને એટલો પાક્કો વિશ્વાસ હોય છે કે તેનો પરદેશી બાબુ એક દિવસ ચોક્કસ પાછો આવશે અને સાહેબ તે આવે છે. આખા ગામમાં છોકરીની થૂ-થૂ થયા પછી, જ્યારે તેનો પિતા આત્મહત્યા કરી લે છે અને ગામવાળાઓ છોકરીને ગામમાંથી કાઢી મૂકે છે ત્યારે તે પાછો ફરે છે. પણ તે પાછો ફરે છે જરૂર. ■

feedback@bombaysamachar.com
મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી

# પોતાની જીવનવાર્તાના નાયક નહીં, પણ લેખક બનો..


રાજેશ તેલંગ



તમે કાર્ટૂનિસ્ટ સુધીર તૈલંગનું નામ સાંભળ્યું છે? ૨૦૧૬માં સાઈઠ વર્ષની ઉંમરે મગજના કેન્સરમાં અવસાન પામેલા સુધીરભાઈ હિન્દુસ્તાન ટાઈમ્સ, ધ ટાઈમ્સ ઓફ ઇન્ડિયા, ધ ઇન્ડિયન એક્સપ્રેસ અને ધ એશિયન એજ જેવાં અંગ્રેજી સમાચારપત્રોમાં રાજકીય વ્યંગથી ભરપૂર કાર્ટૂનો મારફતે લોકપ્રિય બન્યા હતા.

બિકાનેર-રાજસ્થાનમાં જન્મેલા સુધીરભાઈનો લઘુ બંધુ રાજેશ તૈલંગ અત્યારે ફિલ્મો અને ઓટીટી સિરિયલોમાં કાઠું કાઢી રહ્યો છે. સિદ્ધાર્થ અને મિરઝાપુર જેવી ફિલ્મો અને દિલ્હી ક્રાઈમ જેવી સિરિયલોથી મશહૂર થયેલા રાજેશના જીવનમાં બાકી અભિનેતાઓ સાથે બને છે તેમ એક લાંબો સંઘર્ષ રહ્યો છે. ત્યાં સુધી કે એક સમયે એને કામ નહોતું મળતું અને ખુદ પરથી વિશ્વાસ ઉઠવા લાગ્યો હતો. એક અભિનેતાના રૂપમાં એને અનેક આઘાત અને રિજેક્શમાંથી પસાર થવું પડ્યું હતું, છતાં, જે પણ કામ મળતું હતું તેમાં એ ખુદની અભિનય ક્ષમતાને સુધારવા માટે કામ કર્યું હતું. ખરાબ સમયમાં પણ એ હંમેશાં પોતાનું કામ પ્રામાણિકપણે કરતો રહ્યો હતો. કદાચ આ જ કારણ હતું કે એણે પોતાનાં સારાં-ખોટાં દરેક પાત્રોને એટલી ખંતપૂર્વક ભજવ્યા કે એની મંઝિલે તેની જાતે જ રાજેશને શોધતી આવી હતી.

૨૦૧૩માં રજૂ થયેલી ફિલ્મ ‘સિદ્ધાર્થ’થી એને આંતરરાષ્ટ્રીય મંચ પર ઓળખ મળી હતી. તે જ સમયે, ઓટીટી પ્લેટફોર્મના આગમન બાદ લાંબી રાહ જોયા પછી, એને એવી ભૂમિકાઓ મળવાની શરુ થઇ હતી, જેની એને ઈચ્છા હતી.

જો કે, તે પહેલાં રાજેશે એક લાંબી સઘર્ષભરી યાત્રા કરી હતી. જો કોઈ બીજો કલાકાર હોત તો કદાચ તે હતાશામાં નાની ભૂમિકાઓ કરતો હોત અને ભીડમાં ચાલતો રહ્યો હોત, પરંતુ રાજેશ અલગ હતો અને ભીડમાંથી બહાર ઊભો રહ્યો હતો. એણે પોતાનું ફોકસ ખૂબ જ સ્પષ્ટ રાખ્યું- પોતાની પ્રતિભાને નિખારવાનું! કામ પ્રત્યેનો આવો અભિગમ કેવી રીતે આવતો હશે અનુભવમાંથી? જન્મથી કે પછી માહોલમાંથી?

તાજેતરમાં, ‘જિંદગી વિથ રિચા’ નામના એક કાર્યક્રમમાં રાજેશે એના સંઘર્ષની વાત કરતી વખતે એક સુંદર વાત કરી હતી. રાજેશની માતા હિન્દી સાહિત્યની શોખીન હતી. એમને દરેક ચીજ, દરેક ઘટના માટે એક કહેવત આવડતી હતી. એ વાતને યાદ કરીને રાજેશ કહે છે :

‘માએ મને એકવાર કહ્યું હતું કે વાર્તાનો નાયક બનવાની કોશિશ ના કરતો, વાર્તાનો લેખક બનવાની કોશિશ કરજે. આપણે જિંદગીના નાયક બની જઈએ છીએ... મારી જિંદગી, મારી વાર્તા, હું તેનો હીરો છું...આપણે તેમાં ગડબડ કરી નાખીએ છીએ...તું એ વાર્તાનો લેખક બનજે. એ લેખક નાયકને કહી શકે કે શું કરવાનું છે, શું નથી કરવાનું એ શિખામણ કાયમ મને યાદ રહી ગઈ છે.’ કેટલી સરસ વાત છે! આપણે આપણી જિંદગીની વાર્તાના હીરો નથી બનવાનું, તેના લેખક બનવાનું છે. એ લેખક નક્કી કરે છે કે એનાં પાત્રોની દિશા અને દશા કેવી હશે અને કેવી રીતે વ્યવહાર કરશે. આપણી વાર્તા આપણે ખુદ લખવાની છે. એ કલમને આપણે બીજા લોકોના હાથમાં થમાવાની નથી.

ઈંગ્લિશ મહા કવિ વિલિયમ શેક્સપિયરે કહ્યું હતું કે, ‘આખી દુનિયા એક રંગમંચ છે અને આપણે સૌ અભિનેતા! કોણ ક્યારે ક્યાં ઉઠશે તે કોઈ જાણતું નથી.’ શેક્સપિયરે ભલે ફિલોસોફિકલ અંદાજમાં આ કહ્યું હોય, રાજેશ તૈલંગની માતાએ વ્યવહારિક સલાહ આપી હતી કે- ના, આપણું નાટક આપણે ખુદ લખવાનું છે! આપણે જ નક્કી કરીશું કે તે નાટકમાં આપણી ભૂમિકા શું હશે! માતાની વાત ગહેરી હતી, પણ નવી નહોતી. દુનિયામાં ઘણા લોકો આવા મતલબનું કહી ગયા છે. એટલા માટે જ માતાની વાતમાં સત્યનો અહેસાસ હતો.

સ્વામી વિવેકાનંદે આવું જ કહ્યું હતું : ‘આપણે કોણ છીએ તેના માટે આપણે જવાબદાર છીએ અને આપણે જે બનવા માગીએ છીએ તેની શક્તિ પણ આપણી પાસે જ છે. આજે આપણે જે છીએ તે જો ભૂતકાળના આપણા કર્મનું પરિણામ હોય તો તેનો અર્થ એ થયો કે આપણે જે બનવા માંગીએ છીએ તે આપણા વર્તમાનનાં કર્મમાંથી જ આવશે.’

તમે તમારા નસીબના નિર્માતા છો. તમે જ તમારી જાતને દુઃખી કરો છો, તમે જ તેને શ્રેષ્ઠ કે કનિષ્ઠ બનાવો છો અને તમે જ તમારી આંખો પર હથેળીઓ ઢાંકીને કહો છો કે અંધારું છે. હાથ દૂર કરો અને જુવો, કે પ્રકાશ જ પ્રકાશ છે. વ્યવહારિક અર્થમાં આ જ કર્મયોગ છે. આપણામાંથી ઘણા બધા લોકો અકસ્માતે જીવે છે. આપણે એવી રીતે જીવીએ છીએ જાણે કોઈ આપણને અમુક રીતે જીવાડે છે, જાણે આપણે કઠપૂતળી છીએ અને નચાવે તેમ નાચીએ છીએ. આપણા જીવવામાં આપણી ન તો કોઈ ચોઇસ છે, ન તો હેતુ છે, ન અર્થ છે, ન તેની જાગૃતિ. જીવન નામની નદીમાં એક લાકડાની જેમ અહીં

(જુઓ પાનું ૬) ▸▸

feedback@bombaysamachar.com
પ્રાસંગિક
પ્રથમેશ મહેતા

# ગણપતિ બાપ્પાના સ્વાગત માટે સજાવટ કેવી રીતે કરશો, જાણી લો આ ટિપ્સ

ગણેશ ચતુર્થીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. આ વર્ષે આ તહેવાર ૭ સપ્ટેમ્બરના રોજ ઉજવવામાં આવશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશ ચતુર્થી દેશભરમાં ધામધૂમથી ઉજવવામાં આવશે. આ અવસર પર અનેક ઘરમાં ગણપતિજીની સ્થાપના કરવામાં આવે છે. ભગવાન ગણેશને ઘરે લાવતા પહેલા લોકો ઘણી તૈયારીઓ કરે છે.

આજે અમે તમારી સાથે ખૂબ જ સરળ અને સુંદર ડેકોરેશન આઈડિયા શેર કરી રહ્યા છીએ, તેમાં ઈકો ફ્રેન્ડલી, કલરફુલ પેપર, કલર ફુલ લાઈટ, બલૂન ડેકોરેશનનો સમાવેશ થાય છે. તમે આમાંથી કોઈપણ રીતે ગણપતિ બાપ્પાના સ્વાગત માટે ઘરની સજાવટ કરી શકો છો.

તમારી પાસે જૂની અને પરંપરાગત સાડીઓ અને દુપટ્ટા હોય તો એને પડદા તરીકે ભગવાનની મૂર્તિની પાછળ લગાવી આગળ ફૂલોના તોરણ કે રંગબેરંગી લાઇટથી સજાવીને પણ સજાવટ કરી શકો છો. આ ઉપરાંત તમે તમારા ઘરને લેમ્પ્સ અને સુગંધિત મીણબત્તીઓ, દિવાઓથી સજાવી શકો છો. દરેક દિવાની આસપાસ ફૂલ કે રંગોળીના રંગોની મદદથી નાની રંગોળી બનાવીને સજાવટ કરી શકો છો.



## બલૂનથી સજાવટ

ઘરની સજાવટ માટે રંગીન કાગળ ઉપરાંત ફુગ્ગાનો પણ ઉપયોગ કરી શકાય છે. તમે ઘરમાં રંગીન ગેસના ફુગ્ગા લગાવી શકો છો. પરંતુ તેમને ગણેશજીની મૂર્તિથી થોડું દૂર રાખવું વધુ સારું રહેશે. રંગીન કાગળોની મદદથી, પતંગિયા, ફૂલો બનાવો અને ઘરને સજાવો. તમારા બાળકોને પણ આ કામમાં ખૂબ મજા આવશે.

ઘરની સજાવટને વધુ ભવ્ય બનાવવા માટે તમે ખાસ કુશન કવર અને પડદાનો ઉપયોગ કરી શકો છો. ખાસ કરીને તમે ભગવાન ગણેશની પ્રિન્ટવાળા કવર અને પડદાનો ઉપયોગ કરી શકો છો. તે તમારા લિવિંગ રૂમ અથવા પૂજા સ્થળને નવો અને તાજગીભર્યો દેખાવ આપશે. તમે પૂજા થાળીને રંગબેરંગી કપડાં અને અન્ય સુશોભન સામગ્રીથી સજાવી શકો છો. થાળીમાં ચંદન, કપૂર, અક્ષત અને મીઠાઈને સુંદર રીતે સજાવીને રાખો.



## રંગબેરંગી લાઈટિંગનો શણગાર

ગણપતિ બાપ્પાના ડેકોરેશન માટે મૂર્તિની આસપાસ રંગીન લાઇટથી અદભૂત વાતાવરણ સર્જી શકો છો. રંગીન લાઈટોને બારીઓ, દરવાજા અથવા પૂજા વિસ્તારની આસપાસ લટકાવી શકાય છે. આ સાથે ચમકતા કાગળના રંગબેરંગી તોરણ લગાવીને પણ ડેકોરેશન કરી શકાય છે. તમે તેજસ્વી ડિસ્કો લાઇટિંગથી ઘરને સજાવટ કરી શકો છો. આ ઉપરાંત તમે રંગબેરંગી તાર, તારા અને ચમકીલા પેપરની મદદથી ઘરે પ્લાસ્ટિક અથવા સ્ટીલની પ્લેટને સજાવી શકો છો. તમે આ ડિઝાઈનર પ્લેટોને તમારી પસંદગીનો આકાર આપીને દિવાલ પર સજાવી શકો છો. તમે પૂજા થાળી અને પ્રસાદની થાળી પણ સજાવી શકો છો.



## રંગીન કાગળોથી સજાવટ

ગણેશ ચતુર્થી પર તમે રંગબેરંગી કાગળના પંખા, ફૂલો, પાંદડા, તોરણ વગેરે બનાવીને પણ સજાવટ કરી શકો છો. તમે રંગીન કાગળોથી ફૂલો, પતંગિયા, વોલ હેંગિગ્સ વગેરે બનાવીને સજાવટ કરી શકો છો. રંગીન કાગળોમાંથી બનાવેલા ફાનસ, કાગળના ફૂલો અને કાગળના તોરણનો ઉપયોગ કરીને તમારા ઘરને વધુ સુંદર બનાવી શકો છો. આ ડેકોરેશન બાળકો માટે પણ આકર્ષક છે અને તેને બનાવવું પણ સરળ છે. બજારમાં ઉપલબ્ધ ડેકોરેટિવ કમાન કે ડેકોરેટિવ મટિરિયલ્સ લાવીને પણ સુંદર સજાવટ કરી શકો છો.



## ફૂલોની સજાવટ

કોઈ પણ ઉત્સવ ફૂલો વિના પૂર્ણ થતો નથી. ગણેશ ચતુર્થી માટે ઘરને તાજા ફૂલોથી સજાવી શકાય છે. આ માટે, કાપડના પડદાને બદલે, તમે ગલગોટાના તાજા ફૂલોની હાર બનાવી શકો છો અને તેને પડદા તરીકે લટકાવી શકો છો. તમે ભગવાન ગણેશની જગ્યાને ફૂલોથી અને પાંદડાઓથી સજાવી શકો છો. તમે મોગરા, ગુલાબ, ચમેલી અથવા અન્ય સુગંધિત ફૂલોનો ઉપયોગ કરી શકો છો અને રંગોળી પણ બનાવી શકો છો.

તાજા ફૂલો પણ ઘરમાં કુદરતી સુગંધ ઉમેરશે. તમે કેળાના પાન અથવા કેરીના પાન લઈ શકો છો કે પાંદડાની મદદથી મંદિર માટે કમાન બનાવી શકો છો. તમે લીલા ઘાસનો ઉપયોગ કરીને પણ કંઇક અનોખી સજાવટ કરી શકો છો. આ સિવાય કૂંડા અને છોડનો ઉપયોગ કરીને પણ કુદરતી રીતે સુંદર સજાવટ કરી શકાય છે. આનાથી ઘર પણ કલરફૂલ લાગશે. દિવાલો અને દરવાજા પર ફૂલોની માળા લટકાવી શકાય છે. ભગવાનની પૂજાની થાળી કે આરતીની થાળીને પણ તમે ટગરની કળીઓ અને રંગીન લોટની મદદથી અનોખી રીતે સજાવી શકો છો. ■

feedback@bombaysamachar.com
ઈકો સ્પેશિયલ
જયેશ ચિતલિયા

# વેપાર-ઉદ્યોગ ક્ષેત્રે વધી રહેલા પડકારો સામે જરૂર છે સરળ - સ્વચ્છ માહોલ




**સરકાર** એકબાજુ સતત ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ’ની વાતો કરતી રહે છે, પણ સરકાર ઈઝ (સરળતા) કરતી જ નથી એવું પણ સાવ ન કહી શકાય, તેમ છતાં છેલ્લા કેટલાંક સમયથી ‘ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ’ને બદલે ‘ડિફિકલ્ટ ટુ ડુ બિઝનેસ ’ પણ સાથે-સાથે ચાલવા લાગ્યું છે. જેમાં કયાંક બ્યુરોક્રસીની બુરાઈ, કયાંક કરપ્શન તો વળી કયાંક નિયમન- નિયંત્રણના અતિરેક કામ કરી રહ્યાં છે, વળી અમુક બાબતમાં કમ્પલાયન્સ-અનુપાલન એટલાં બધાં થઈ ગયા છે કે બિઝનેસમેન એમાંથી જ બહાર આવતો નથી. એના ખર્ચ અને તનાવ સતત વધે છે. હા, કયાંક કામ સરળ બન્યું છે. ઓનલાઈન અને ડિજિટલ કામકાજને લીધે સરળતા વધી છે,પરંતુ ડિજિટલ માહોલમાં ભય અને શંકા વધતા રહયા હોવાથી વેપાર-ઉદ્યોગ વર્ગ વધુ મૂંઝવણમાં રહે છે.

## સમસ્યાનાં કારણ

અલબત્ત, વેપાર-ઉદ્યોગ વર્ગ પણ દૂધે ધોયેલો તો નથી. ત્યાં પણ સતત ગેરરીતિઓ-ગરબડો ચાલ્યા કરે છે. જોકે વેપાર-ઉદ્યોગ જગતમાં ‘હવે ઘણાંને ભારતમાં બિઝનેસ કરવો પડકારજનક લાગે છે અને તેથી એ બધા દુબઈ અને સિંગાપોર જેવાં સ્થળે એમની કંપનીઓ શરૂ કરવાનું પસંદ કરે છે’ એવું વિધાન તાજેતરમાં અગ્રણી ઈન્વેસ્ટર રુચિર શર્માએ વ્યક્ત કર્યું છે. એમણે એવી ચિંતા દર્શાવતા કહ્યું છે કે, આની પાછળ ઘણાં પરિબળો જવાબદાર છે, પરંતુ તેમાંના અમુક છે, દેશની નિયમન યંત્રણા અને ઈન્વેસ્ટિગેટિવ એજન્સીઓનું બેકાબૂપણું; એમણે એવું નોંધ્યું છે કે, ભારતનું સામાન્ય મેક્રોઈકોનોમિક મેનેજમેન્ટ તો સારું છે, પણ એનું તંત્ર તેમજ તપાસનીશ એજન્સીઓનો અતિરેક ચિંતાનો વિષય બનતા રહ્યા છે. નિયમભંગ વિના કામ કરવું મુશ્કેલ? વેપાર ક્ષેત્રમાં જે મૂંઝવણ પ્રવર્તે છે એને કારણે કંપનીઓ માટે વર્તમાન વ્યવસ્થામાં નિયમોનો ભંગ કર્યા વિના કામ કરવાનું મુશ્કેલ બની ગયું છે. દેશના ખાનગી ક્ષેત્રમાં ઈન્વેસ્ટમેન્ટ વધારવાની જરૂર છે, જોકે તેમાં મંદ ગતિ ચાલી રહી છે. સત્તા સામે અવાજ, વિરોધ કે ટીકા કરવાનું કપરું બન્યું છે. કોઈ-કોઈને ટીકા બહુ મોંઘી પણ પડે છે, જેથી ટીકા કરવાને બદલે એ બીજા માર્ગે ફંટાઈ જાય છે. આ બીજા માર્ગ એટલે વિદેશમાં શિફટ થવાનો અને બિઝનેસ શિફટ કરવાનો...

રુચિર શર્માના શબ્દોમાં કહીએ તો એક એવી માન્યતા પ્રવર્તે છે કે ભારતમાં નિયમો એવી રીતે ઘડવામાં આવે છે કે જો તમે એને તોડો નહીં તો તમે કંઈ પણ કરી શકો નહીં. સરકાર આનો ઉપયોગ એની મરજી મુજબ અને વ્યૂહાત્મક રીતે કરે છે, જેને કારણે વેપાર-ઉદ્યોગ વર્ગમાં ડર પ્રવર્તે છે. દેશનું બુદ્ધિધન અને બિઝનેસ વિદેશોમાં ચાલ્યું ન જાય એ સરકારે જોવું જોઈએ અને એમના રક્ષણ માટેના પગલાં લેવાં જોઈએ.

બેરોજગારીની સમસ્યા વિશે શર્માજીનું માનવું છે કે ભારતમાં શેરબજારોમાં તેજી છે, પરંતુ એનાથી તો દેશની કુલ વસતિના અમુક મર્યાદિત ભાગને જ ફાયદો થાય છે. શેરબજારની તેજીથી કદાચ બે અથવા ત્રણ કરોડ લોકોને ફાયદો થાય છે, પરંતુ ૫૦ કે ૬૦ કરોડ લોકોને એની કોઈ અસર થતી નથી.

આ બધી સમસ્યાઓની સાથે સરકાર તેના વિરોધીઓને નબળાં પાડવા-તોડવા એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ (ઈડી) અને ઈન્કમ ટેક્સ જેવી તપાસનીશ સંસ્થાઓનો ગેર -ઉપયોગ કરતી હોવાનો આક્ષેપ પણ થતા રહ્યા છે. હવે સરકારની આવી કડકાઈ અને ભય બધાંને માફક આવતા નથી. અગાઉની સરકારોએ દેશના નક્કર વિકાસના ભોગે એવી ખોટી નીતિઓ ઘુસાવી દીધી હતી કે આજની સરકાર દસ વરસથી તેને દૂર કરવા ઝઝૂમી રહી છે. સરકારને અમુકમાં સફળતા મળી છે તો અમુકમાં હજી સંઘર્ષ ચાલુ છે.

## કરમાળખાં - કાયદાતંત્રમાં પણ સુધારા જરૂરી

સરકારે ‘ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ’ માટે ઘણાં પગલાં ભરવાનાં રહે છે, જેમાં કરમાળખાંના સુધારા-સરળીકરણનો તેમ વિવાદના કિસ્સાઓના ઝડપી ઉકેલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત દરેક કાનૂનની સરળતા આવશ્યક છે, કારણ કે કાનૂન, નીતિ-નિયમો જેટલાં ગૂંચવણભર્યા હોય છે તેટલાં સડાં તેમાં પ્રવેશે છે, જે બિઝનેસ માહોલને દૂષિત કરે છે અને કરપ્શનનો સ્કોપ વધારે છે. સરકાર ભલે દાવા કરે કે રાજકીય સ્તરે કોઈ મોટા સ્કેમ થયા નથી, ભ્રષ્ટાચાર ચલાવાશે નહી, પરંતુ વ્યવહારમાં ભરપુર ભ્રષ્ટાચાર ચાલી રહયો છે. સરકારી કચેરીઓમાં એક યા બીજા પ્રકારે રૂશ્વતખોરી ચાલી રહી છે, માત્ર ભ્રષ્ટાચારની ટેક્નિક બદલાઈ છે. આજે પણ પૈસા પધરાવ્યા -ખવડાવ્યા) વિના કોઈ કામ ભાગ્યે જ થાય છે. બિઝનેસમેન હોય કે સામાન્ય માણસ, સરકારી કચેરીમાં પોતાનું કામ કરાવવા જાય તો અમુક તેનું કામ સરળતાથી થઈ જાય એ દિવસો હજી કાફી દૂર છે. કાયદા બધાં જ છે, પણ તેના અમલ સામે પણ ઘણાં પડકારો છે. પરિણામે ઈમાનદાર માણસો- વેપારીઓ માટે કામકાજ કરવાનું કઠિન બને છે, જયારે ચલતાપૂર્જા પોતાનાં કામ કઢાવી લે છે. સ્વચ્છતા-સરળતા સાથે વિકાસ સંભવ છે? છેલ્લી મહત્ત્વની વાત એ નોંધવી રહી કે રાજકીય સ્તરે એટલી બધી ગંદકી અને બદમાશી ચાલી રહી છે, જે દેશને સ્વચ્છ થવા દેતી નથી. કાયદા બધે અસરકારક ભૂમિકા ભજવી શકતા નથી. સ્થાપિત હિતો અને દેશની અંદર રહેલા દુશ્મનો પોતાના સ્વાર્થ માટે કોઈપણ હદે નીચે ઉતરવા તૈયાર છે. આવામાં દેશનો જીડીપી વધે, ઈકોનોમી ઝડપી વિકસે તો ય શું ? ભાવિ કેટલું ઉજવળ છે અને કેટલું ધુંધળું છે એ કહેવું કઠિન રહે છે. હજી ઘણાં ક્રાંતિકારી સકારાત્મક સુધારા-પરિવર્તન વર્તમાન સમયની માગ છે. દેશમાં સરળતા, સ્વચ્છતા, પારદર્શકતા સાથે સામાજિક-આર્થિક વિકાસ થાય એવી આશા રાખીએ. ■

### ૭. ખુશખબર

**સીનીયર સીટીઝન**

મુંબઈમાં ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી 9819006404. (એસડીબી-૨૧૨૯)

### ૯. લગ્ન સંબંધી

**જૈન વૈષ્ણવ**

બધા Age ગ્રુપના યુવક-યુવતીઓના Bio-data whatsapp ગ્રુપમાં મળશે. Rs. 500/- "Kapil Sagpan" 9324863855. Sunday Get together છે. (દહેજ નહીં). (બી-૧૪૭૪૩)

■ ગરીબ કુટુંબની છોકરી ઉંમર 26, શિક્ષણ -12મી સાડીનાં દુકાનમાં કામ કરે છે, પગાર-9,000/- (જાત મરાઠા) આંતરજાતીય ચાલશે, છોકરીના પપ્પા નથી, અપેક્ષા-મહેનતુ છોકરો જોઈએ: 7517590524. (દહેજ નહીં.). (બી-૧૪૮૧૮)

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં) (૧૪૯૫૭-એ)

**"DESI JODI"**

**Matrimony Services (New Jersey, America) Roshni Joshi. Contact WhatsApp - 0017187556940. (No Dowry) (14857-A)**

### ૧૦. મહિલાઓ માટે

**રોજના ધોરણે બાપલી બંગલો**

બોરીવલીમાં મહેમાનોનો ઉતારો, બર્થડે, સગાઈ, પાર્ટી, કલાસીસ, એક્ઝિબિશન માટે 9821112796. (૧૪૯૫૭-બી)

**વેડિંગ સેલ**

**સ્પેશિયલ ઓફર અપટુ 50% ડિસ્કાઉન્ટ વુમન્સ કાર્નિવલ સેલ ડિઝાઈનર સાડી, પૈઠણી, બનારસી, કાંજીવરમ, ચણિયાચોળી, સલવાર સૂટ-કુર્તી, ગાઉન, 6 અને 9 વારી સાડી. સંપર્ક - ''પલ્લરી'' - દાદરકર બિલ્ડિંગ, ઈન્ડિયન બેન્કની સામે, એન. સી. કેલકર રોડ, દાદર (વેસ્ટ), મુંબઈ. જીપે-પેટીએમ દરેક કાર્ડ સ્વીકાર્ય. (૧૪૯૩૮-એ)**

### ૧૨. યાત્રા સહેલગાહ

■ કચ્છ રણોત્સવના ટેન્ટમાં 1 દિવસ 4 રિસોર્ટ એસી હોટલમાં, 9833009445. (૧૪૪૬૮-બી)

■ **નવીજ ઇનોવા ક્રિસ્ટા, કિયા કરન્સ, અર્ટિગા 6 સીટર ભાડે મળશે. ''નીલ - તેજ - ટ્રાવેલ્સ'' - 8828221010 / 9322694599. (બી-૧૪૭૭૯)**

**નિઃશુલ્ક જાત્રા**

મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. (એસડીબી-૨૧૪૨)

### ૧૨. યાત્રા સહેલગાહ

**KRISHNA HOLIDAYS**

અયોધ્યા - વારણસી - પ્રયાગરાજ ચિત્રકુટ, દિવસ-9, 21, સપ્ટેમ્બર 9324353911, 9224447855. (૧૪૯૪૦-એ)

**દિવ્ય ટુર**

**મહાબળેશ્વર, માથેરાન, ગોવા પેકેજ સંપર્ક. આશિષભાઈ પાઠક: 9819304112. (૧૪૯૧૭-એ)**

**શ્રી યમુના**

દક્ષિણ ભારત, 6 બેઠકજી, વ્રજયાત્રા, કચ્છરણોત્સવ ટેન્ટમાં, કેરલા, મુન્નાર. 9892377559. (બી-૧૪૮૧૬)

**PICNIC GROUP**

**Senior Citizen Group Membership. Charuben (LIC): 9820526198, 9220611585, 9224447855. (14878-E)**

### ૧૪. નોકરી ખાલી છે

**REAL ESTATE SALES**

Wanted 10 Male candidates to work at a reputed Real Estate Company at Juhu Scheme Earn 10 lacs annually, on Commission basis. Field job 10 am to 7 pm Profile-Site Visits, Inspections, Meetings Whatsapp CV 7021919014. (14875-A)

**ONLINE LEARNING**

**Accounts, Finalization, Taxation, E-Returns, E-way Bill, E-Invoice. Exports - Imports. Parmar Sir: 7045211007. (14893-A)**

**WANTED FULL TIME SOciety Manager with 42 members At Prabhadevi, well versed with Society Matters for minimum 5 years. Salary proportional to experience. Male / Female between 35/55 yrs. Apply at: ajmera_rajesh@rediffmail.com (14926-C)**

### ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**

**ફ્લેટ વેચવાનો છે 1BHK, 523 sq. ft. કારપેટ, કાર પાર્કિંગ સાથે, 10ft 6 inch હાઈટ, નવી બિલ્ડિંગ વીથ ઓસી, ગાર્ડનની સામે, શાંત એરિયામાં, સ્પેસિયસ, વેલ મેઈનટેંઈન રજી. સોસાયટી, સારા પાડોશ. સંપર્કઃ- જીજ્ઞેશ છેડા 9892661495. (૧૪૯૫૧-એ)**

**પરેલ/શિવરી**

અશોક ગાર્ડન્સ/ ટાવર્સ /૨/૩/૪/૫ બેડરૂમ લેવા/વેચવા/ ભાડેથી- ૯૬૧૯૦૧૪૫૫૫/ ૯૮૨૧૦૧૪૫૫૫. (બી-૧૪૭૧૭)

**વિલેપાર્લે (ઈસ્ટ) વેચાણથી**

પી. એમ. રોડ - સુવિધા પર્લ, ફર્નિસ્ડ 2 બેડરૂમ - 800' પાર્કિંગ સાથે - 2.85 Cr. - 9619674640. (જેપી/૪૯૩૮-બી)

**વિલેપાર્લે (વેસ્ટ) વેચાણથી**

બાપુભાઈ વશી રોડ, સ્પેશિયસ 3 - બેડરૂમ તેમ જ 4 - બેડરૂમ એમિનિટિઝવાળા ટાવરમાં રેડી પઝેશન વિથ OC. ''નવકાર રીઅલ એસ્ટેટ'' 8356990950. (જેપી/૪૯૩૮-એ)

**વિલેપાર્લે (વેસ્ટ) વેચાણથી**

ઈર્લા, KLS હૉસ્પિટલ પાસે, 9 માળના ટાવરમાં 3 - બેડરૂમ 890' અને 5 બેડરૂમ 1800' હાયરફલોર બુકિંગમાં લેવા - 9819117722. (જેપી-૪૯૩૬-ઈ)

**અંધેરી (ઈસ્ટ)**

પંપહાઉસ, 2 બેડરૂમ 650, ગ્રાઉન્ડ ફ્લોર, વેલ મેન્ટેઈન સોસાયટી વિથ OC, 1.35 Cr. 8356990950. (જેપી/૪૯૩૮-સી)

**મુલુન્ડ (ઈસ્ટ)**

3 BHK, અંદાજીત 900' કાર્પેટ, ઓપન કાર પાર્કીંગ. ટાટા કોલોની/ હાઈવે, રોડ ફેસીંગ ફ્લેટ. 2.11 કરોડ. મધુકર ઠક્કર- 9820016348. (૧૪૯૨૭-એ)

**ગામદેવી ખાતે**

સુગન હાઈટ્સ, ગ્રાન્ટ રોડ ૩ બીએચકે ફ્લેટ દરિયાની નજીક, ટૂંકા ગાળામાં કબજો, દલાલોનું પણ સ્વાગત છે. સંપર્કઃ 70455 77533. (જેપી-૪૯૪૦-એ)

**ભાયંદર (ઈસ્ટ)**

1 BHK - 545 sqft (Buildup) 2nd Floor – 33 લાખ (નેગોશીયેબલ) – 9967664384. (એસડીબી-૨૧૨૮)

**અંધેરી (ઈસ્ટ) વેચાણથી**

સહાર રોડ, સ્ટેશન પાસે, 2 બેડરૂમ 600' હાયરફલોર નવા બિલ્ડિંગમાં. ''નવકાર રીઅલ એસ્ટેટ'' 9619674640. (જેપી/૪૯૩૬-એફ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**લક્ષ્મીનગર-૧ બેડરૂમ, હોલ, કિચન, 500' યુઝેબલ કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ ૧ રીઝર્વ્ડ કાર પાર્કિંગ. 90 LAKH. ''જુગ્નું શાહ''-"HOME ALONE PROPERTY"-9833352224. (૧૪૮૬૨/ઈ)**

**દેવલાલી**

**ભાડેથી ૧, ૨ બેડરૂમનાં ફ્લેટો/ રો હાઉસ. ''પરેશ'' 9930803959, 9930106054. (૧૪૮૮૮-એ)**

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશનની પાસે બંધાતા બિલ્ડીંગમાં ૨ બેડરૂમના ફ્લેટો (૧,૮૦,૦૦,૦૦૦/-થી ૨,૩૦,૦૦,૦૦૦/-) બધા ખર્ચા સાથે વેચાણથી. ભરત પારેખ ૯૯૨૦૬૭૫૨૮૬. (એસડીબી-૨૦૯૬)**

### ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**

**વેચાણથી. M.G. ROAD, હવેલી પાસે, ૧ બેડરૂમ, હોલ, કિચન, 540' કારપેટ, ૧લે માળે, લીફ્ટ, રેડી કબજો. ''વિશાલ મહેશ ઠક્કર'' (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૪૯૫૫-એ)**

**ઘાટકોપર-વિદ્યાવિહાર-ચેમ્બુર-તિલકનગર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી/વેચાણથી લેવા-વેચવા ''પંકજ નરેન્દ્રભાઈ વોરા'' ૯૩૨૧૧૦૩૨૪૯. (૧૪૯૨૬-ઈ)

**મલાડ (વેસ્ટ)**

શ્યામ નિર્મલ હાઈટ્સ, નર્સિંગ લેન એન. એલ. હાઈસ્કૂલની સામે પઝેશન નજીકમાં, 2-3 બેડરૂમ હોલ કિચન, જોડી પોસીબલ- અજય- 9769816633/ 9004398283. (જેપી-૪૯૩૬-ડી)

**જુહુસ્કીમ**

રોડ નં. ૩, પાંચમે માળે, વેચાણથી, ૧૦૫૦' યુઝેબલ કારપેટ, ૨.૫ બેડરૂમ કનવર્ટેડ. જયંત ભાલરીયા: ૯૩૨૩૨૭૩૦૪૮. (૧૪૯૦૮/એ)

■ જુહુસ્કીમમાં - પાર્લામાં - અંધેરીમાં ભાડેથી/ વેચાતામાં એકથી ૪ બેડરૂમના ફ્લેટો લેવા - આપવા. રાજેશભાઈ: ૯૮૨૦૭૭૨૩૯૦. (૧૪૮૫૨-એ)

**ઓબેરોય -સ્કાયસિટિ**

**સોનીભાઈ - 7050305030**

**બોરીવલી ઈસ્ટમાં 3/4 બેડરૂમના ફ્લેટો લેવા-વેચવા-ભાડેથી (૧૪૮૮૨-એ)**

**ચૌપાટી**

2 બેડરૂમ- 850'- કાર્પેટ- 4,25,00000/= નેગોશીએબલ. શાહ- 9820068382. (૧૪૪૬૯/એફ)

**ગામદેવી**

3 બેડરૂમ- 1200'- કાર્પેટ- પાર્કીંગ- સી. વ્યુ. 6,75,00000/= નેગોશીએબલ. શાહ- 9820068382. (૧૪૪૬૯/ઈ)

**ગ્રાન્ટ રોડ**

2 બેડરૂમ જૂનું ભાડું 800'- કાર્પેટ- 2,50,00000/= નેગોશીએબલ. શાહ- 9820068382. (૧૪૪૬૯/ડી)

**બોરીવલી (વેસ્ટ)**

**યોગીનગર, 3 બેડરૂમ, 845' કારપેટ તેમજ અન્ય પ્રપોઝલ્સ. ''સિધ્ધાર્થ એસ્ટેટ'': 9769937117. (૧૪૯૫૮-એ)**

**તારદેવ**

3 બેડરૂમ 1000'- કાર્પેટ- ફરનીસ્ટ- 5,0000000/= શાહ-9820068382. (૧૪૪૬૯/સી)

**નાનાચોક**

3 બેડરૂમ- 2200'- કાર્પેટ - પાર્કિંગ - સી. ફેસીંગ 13,50,00000/= નેગોશીએબલ- શાહ. 9820068382. (૧૪૪૬૯/બી)

**નેપેન્સી**

7 બેડરૂમ - 6000' - કાર્પેટ - 6 પાર્કિંગ - સી.ફેસીંગ કલબહાઉસ શાહ- 9820068382. (૧૪૪૬૯/એ)

**KANDIVALI - (WEST)**

Near Station: 5 Bed - Ready Possession for Sale, Higher Floor with Parking - 9920599589. (14949-D)

**BORIVALI EAST**

Kanakiya Exotica 2 Bedroom Rental 74000/= Parking, Owner - 9892387267. (14853-A)

**DOSTI FRIENDSHIP MONTH**

Xclusive offer and prices 0% Stamp Duty at Wadala Eastern Bay 2 Bed 2.65 Cr. 3 Bed 3.70 Cr. 4 Bed Jodi Flats 5.15 Cr. 7 Star amenities Free hold Land. +91 89761 02382. (B-14750)

### ૧૮. જગ્યા જોઈએ છે

**BORIVALI - KANDIVALI**

Require Spacious, Luxurious 3/4/5 Bed and Bungalows for Purchase. Saraswati Estate - 7977266472 / 9820555494. (B-14769)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઇ - 9326472399 જીતેન્દ્રભાઇ - 9320404145. (૧૩૮૦૮-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**BANK માટે જોઈએ**

2300' ફૂટ કાર્પેટ, ગ્રાઉન્ડ ફ્લોરમાં ગુલાલવાડી પાંજરાપોળ લેન પાસે અને ખેતવાડી મેઈન રોડ પર જોઈએ છે. 8879181869. (૧૪૮૭૮-સી)

**LOWER PAREL**

1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2125)

**(DADAR WEST)**

Shop for Sale Near Kabootar Khana 204 sq. ft. Carpet attached Toilet. Contact 9221225580. (14956-A)

### ૨૩. મનોરંજન

**''બજેટ મુજબ''**

''ગણપતિ ભજન'', ''નવરાત્રી દાંડિયા'', ''લગ્નગીત'', ''સંગીતસંધ્યા'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા''- 9820889938. (૧૪૯૪૮-એ)

### ૩૨. જમીન - મિલકત

PRIME @ JAIPUR, 4311 SQ. Yard - Jagatpura 200' & 60' Road Corner @ 210000/- per sq yard, 90% White - MNC / Town Ship / Mall - Call - 7976314343. (14959-A)

PROPERTY DOCUMENTATION: Sale Deed, Gift, Release, POA, Home Loan, Stamp Duty & Registration. Rupali - 7208499371. (B-14817)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

**'પાણીની ટાંકીઓ'**

''મશીનથી કુવા- સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઈઝ''- 9820776583/ 9892298963. (૧૪૯૧૧-ડી)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૪૬૯૨)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722

DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993

BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.

KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.

MALAD
SIGNATURE ADVERTISING
Tel. : 28811012
Mobile: 9820489442
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.

GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563

JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.

ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960

VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941

SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.

KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675

MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.

MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.

DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.

TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032

OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769

GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470

BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.

BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.

ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.

MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
S. ARTS ADVERTISING
Tel: 23415111
Tel.Fax: 23415222

C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500

KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755

NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.

MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070

THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269

MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105

GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116

CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2

BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986

NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684

VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

# કર્ણાટકમાં રાજ્યપાલના કાર્યાલયના કથિત દુરુપયોગ સામે કૉંગ્રેસે 'રાજભવન ચલો' આંદોલન કર્યું

બેંગલુરુ: કર્ણાટકના નાયબ મુખ્ય પ્રધાન ડી કે શિવકુમારે શનિવારે કહ્યું કે રાજ્યપાલના કાર્યાલયના કથિત દુરુપયોગના વિરોધમાં કોંગ્રેસ પક્ષ દ્વારા 'રાજભવન ચલો'નું આયોજન કરવામાં આવ્યું હતું.

કર્ણાટક એકમના અધ્યક્ષ શિવકુમારે કહ્યું કે આ કૂચ મુખ્યત્વે એ સુનિશ્ચિત કરવા માટે છે કે રાજભવન કોઈ રાજકીય પક્ષનું કાર્યાલય ન બને.

હું સ્પષ્ટ કરવા માંગુ છું કે અમે 'રાજભવન ચલો'નું આયોજન મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયા વતી નથી કર્યું. આ મામલો કાયદાની અદાલતમાં છે. અમે આ બંધારણીય પદની પવિત્રતાના રક્ષણની માંગ સાથે ત્યાં (રાજભવન) જઈ રહ્યા છીએ.

શિવકુમારે શોક વ્યક્ત કર્યો હતો કે રાજ્યપાલ પાસે કેટલીક વ્યક્તિઓ પર કાર્યવાહી કરવાની પરવાનગી માંગતી ઘણી પેન્ડિંગ અરજીઓ છે.

રાજ્યપાલ થાવરચંદ ગેહલોતની નિંદા કરતા પ્લેકાડ્સ, બેનરો, પોસ્ટરો અને સૂત્રોચ્ચાર સાથે, શિવકુમારની આગેવાની હેઠળના કોંગ્રેસના નેતાઓએ એક કૂચ કરી હતી, જેમાં ઘણા મંત્રીઓ, કોંગ્રેસના ધારાસભ્યો અને સાંસદોએ ભાગ લીધો હતો. બાદમાં તેઓએ ગેહલોતને એક મેમોરેન્ડમ સોંપ્યું હતું.

મુખ્ય પ્રધાને આરોપ લગાવ્યો છે કે રાજ્યમાં કોંગ્રેસ સરકારને 'અસ્થિર' કરવા માટે રાજ્યપાલની ઓફિસનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો. ■

# બંગાળની ખાડીમાં બનેલું ડિપ્રેશન વિશાખાપટ્ટનમ અને ગોપાલપુર વચ્ચેથી પસાર થવાની સંભાવનાઃ હવામાન વિભાગ

ભુવનેશ્વરઃ બંગાળની ખાડીમાં બનેલો લો-પ્રેશર એરિયા ડિપ્રેશનમાં પરિવર્તિત થઇ ગયું હતું. જે શનિવારે મધરાતના સુમારે વિશાખાપટ્ટનમ અને ગોપાલપુર વચ્ચે કલિંગપટ્ટનમ નજીક આંધ્ર પ્રદેશ અને તેની અડીને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠાને પાર કરવાની સંભાવના છે.

આઇએમડીએ એક બુલેટિનમાં જણાવ્યું કે ઉત્તર આંધ્ર પ્રદેશ અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠે બંગાળની ખાડીની ઉપર બનેલો લો-પ્રેશર એરિયા પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધીને ડિપ્રેશનમાં પરિવર્તિત થઇ ગયું છે. વિભાગે જણાવ્યું કે તેની પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધવાની અને ૩૧ ઓગસ્ટની મધરાતની આસપાસ વિશાખાપટ્ટનમ અને ગોપાલપુર વચ્ચે કલિંગપટ્ટનમ નજીક ઉત્તર આંધ્ર પ્રદેશ અને તેની અડીને આવેલા દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠાને પાર કરવાની સંભાવના છે. હવામાન વિભાગે કહ્યું કે તેના પ્રભાવ હેઠળ ઓડિશામાં આ સમયગાળા દરમિયાન ભારે વરસાદ થવાની સંભાવના છે. તેમ જ ૧ સપ્ટેમ્બરના રોજ પણ ભારે વરસાદ ચાલુ રહી શકે છે. ■

# ઓડિશાના ગંજમમાં ઝેરી દારૂ પીવાથી મૃત્યુઆંક વધીને ત્રણ થયો

બેરહામપુરઃ ઓડિશાના ગંજમ જિલ્લામાં ઝેરી દારૂ પીવાની ઘટનામાં શનિવારે હૉસ્પિટલમાં સારવાર દરમિયાન વધુ એક વ્યક્તિનું મોત થયું હતું. આ સાથે મૃત્યુઆંક વધીને ત્રણ થઇ ગયો છે.

પોલીસના જણાવ્યા અનુસાર મૃતકની ઓળખ લક્ષ્મણ બેહરા તરીકે થઇ છે. તે એમકેસીજી મેડિકલ કોલેજ હૉસ્પિટલના આઇસીયુમાં સારવાર હેઠળ હતો. તે ઝેરી દારૂ પીધા બાદ હૉસ્પિટલમાં દાખલ કરાયેલા ૧૫ લોકોમાં સામેલ હતો. આ પહેલા જુરૂ બેહરા અને લોકનાથ બેહરાનાં આ ઘટનામાં મોત થયાં હતાં. હૉસ્પિટલ સૂત્રોએ જણાવ્યું કે હજુ ચાર લોકોની સારવાર ચાલી રહી છે.

નોંધનીય છે કે ૧૯ ઓગસ્ટના રોજ મુંડાપુર પાસે વેચવામાં આવેલા ઝેરી દારૂ પીને ચિકિટીના કેટલાક ગામોના લગભગ ૨૦ લોકો બીમાર પડ્યા હતા. આ દરમિયાન પોલીસ અને એક્સાઇઝ વિભાગે ઝેરી દારૂ પીવા મામલે કુલ ૧૦ લોકોની ધરપકડ કરી છે. ■

# છત્તીસગઢમાં ખાણકામ કાયદાના ઉલ્લંઘન બદલ એનએમડીસીને ₹ ૧,૬૨૦.૫ કરોડનો દંડ

દંતેવાડાઃ છત્તીસગઢના દંતેવાડા જિલ્લામાં વહીવટીતંત્રે ખાણકામ કાયદાના કથિત ઉલ્લંઘન બદલ રાષ્ટ્રીય ખનિજ વિકાસ નિગમ (એનએમડીસી)ને રૂ. ૧,૬૨૦.૫ કરોડનો દંડ ફટકાર્યો છે. આ માહિતી શનિવારે અધિકારીઓએ આપી હતી.

આ અંગે એનએમડીસીએ કહ્યું છે કે આ પગલું સંપૂર્ણપણે અયોગ્ય છે. તેમજ દાવો કર્યો કે કેસના તથ્યો અને સંજોગોને ધ્યાનમાં લીધા વિના સંપૂર્ણપણે અને વિચારણા કર્યા વિના દંડ ફટકારવામાં આવ્યો છે. એનએમડીસી બસ્તર પ્રદેશમાં કિરંદુલમાં બૈલાદિલા પહાડીઓ અને દંતેવાડાના બચેલી વિસ્તારમાં ખાણકામની કામગીરી કરે છે. ૨૯ ઓગસ્ટના રોજ લખેલા પત્રમાં દંતેવાડાના કલેક્ટર મયંક ચર્તુવેદીએ એનએમડીસીને ૧૫ દિવસની અંદર દંડની રકમ જમા કરવાનો નિર્દેશ આપ્યો હતો.

પત્રમાં કહેવામાં આવ્યું છે કે દંતેવાડાના બચેલી તાલુકા હેઠળના કિરંદુલ ગામમાં ૩૨૨.૩૬૮ હેક્ટરમાં ડિપોઝિટ નંબર ૧૪ એમએલ, ૫૦૬.૭૪૨ હેક્ટરમાં ડિપોઝિટ નંબર ૧૪ એનએમઝેડ તથા ૮૭૪.૯૨૪ હેક્ટરમાં ડિપોઝિટ નંબર ૧૧ માટે આયર્ન ઓર માઇનિંગ લીઝ એનએમડીસીને આપવામાં આવી છે. કલેક્ટરે લખ્યું છે કે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જારી કરાયેલ કારણ બતાવો નોટિસ પર એનએમડીસીનો ખુલાસો અસંતોષકારક છે.

પત્રમાં જણાવાયું છે કે એનએમડીસીએ છત્તીસગઢ ખનીજ નિયમ, ૨૦૦૯ની કલમ(૪)(૧)નું ઉલ્લંઘન કર્યું છે. તેમજ છત્તીસગઢ ખનીજ નિયમ, ૨૦૦૯ના નિયમ (૫) તથા ખાણ અને ખનીજ અધિનિયમ, ૧૯૫૭ની કલમ ૨૧(૫) અનુસાર ખનિજની બજાર કિંમત અને રોયલ્ટીના આધારે કુલ રૂા. ૧,૬૨૦.૫ કરોડનો દંડ લાદવામાં આવે છે. ■

# ત્રિપુરાના પૂર પીડિતો માટે વડા પ્રધાને સહાય મંજૂર કરી

અગરતલાઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં ત્રિપુરામાં પૂરમાં જીવ ગુમાવનારાઓના નજીકના સંબંધીઓ માટે બે લાખ રૂપિયાની સહાય મંજૂર કરી છે. આ માહિતી ત્રિપુરાના મુખ્ય પ્રધાન માણિક સાહાએ આપી હતી.

મુખ્ય પ્રધાન સાહાના જણાવ્યા અનુસાર વડા પ્રધાને ત્રિપુરામાં તબાહી મચારવનાર પૂરમાં ઘાયલોને રૂ. ૫૦,૦૦૦ની સહાય મંજૂર કરી છે. નોંધનીય છે કે ૧૯-૨૪ ઑગસ્ટના સમયગાળા દરમિયાન પૂરમાં ઓછામાં ઓછા ૩૨ લોકોએ જીવ ગુમાવ્યા હતા. જ્યારે બે ઘાયલ થયા અને એક ગુમ થયો હતો. સાહાએ કહ્યું કે સહાયની રકમ વડા પ્રધાન રાષ્ટ્રીય ફંડમાંથી મંજૂર કરવામાં આવી છે.

મુખ્ય પ્રધાને એક્સ પર જણાવ્યું હતું કે પૂરમાં જીવ ગુમાવનારાઓના નજીકના સંબંધીઓ માટે બે લાખ રૂપિયા અને ગંભીર રીતે ઘાયલો માટે રૂ. ૫૦,૦૦૦ની પીએમએનઆરએફ સહાયની જાહેરાત કરવા બદલ હું વડા પ્રધાન મોદીનો હૃદયપૂર્વક આભાર માનું છું. તમારી કરુણા આ કપરાં સમયમાં ખૂબ મોટો સહારો લઇને આવી છે. અન્ય એક પોસ્ટમાં સાહાએ કહ્યું કે આંતર-મંત્રાલયની કેન્દ્રીય ટીમે મારી સાથે મુલાકાત કરી હતી. મને ટીમ તરફથી તેઓ જલદી તેનો રિપોર્ટ રજૂ કરશે એવી ખાતરી મળી હતી, જેથી પૂર પીડિતો માટે વધુ સહાય સુનિશ્ચિત કરવામાં મદદ મળશે. મુખ્ય પ્રધાને જણાવ્યું કે હું ભારત સરકારનો ત્વરિત પ્રતિસાદ અને સમર્થન માટે આભારી છું. તેમણે કહ્યું કે કેન્દ્રીય ટીમ ૨૮ ઑગસ્ટે અહીં આવી હતી અને ત્યારથી તેના સભ્યોએ દક્ષિણ ત્રિપુરા, ગોમતી, સિપાહીજાલા અને ખોવાઇ સહિતના સૌથી વધુ પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લીધી હતી.■

# બાંગ્લાદેશમાં શેખ હસીના સામે હત્યાના બે નવા કેસ દાખલ કરાયા

ઢાકાઃ મીડિયા અહેવાલો અનુસાર બાંગ્લાદેશનાં પદભ્રષ્ટ વડા પ્રધાન શેખ હસીના અને તેમના ભૂતપૂર્વ કેબિનેટ પ્રધાનો વિરુદ્ધ દેશમાં ક્વોટા સુધારણા વિરોધ દરમિયાન, બીએનપીનાં બે કાર્યકર સહિત ત્રણ લોકોની હત્યા બદલ હત્યાના બે નવા કેસ દાખલ કરવામાં આવ્યા છે.

આ સાથે, હસીના સામે નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૮૪ થઈ ગઈ છે, જેમાં ૭૦ હત્યાના આરોપો, ૮ માનવતા અને નરસંહારના આરોપો, કથિત અપહરણના ત્રણ અને અન્ય ત્રણ આરોપનો સમાવેશ થાય છે.

બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)ના કાર્યકર્તા મતિઉર રહેમાને ૪ ઓગસ્ટે પાર્ટીના સાથી કાર્યકરો ઝુલકાર હુસૈન (૩૮) અને ૨૮ વર્ષની અંજનાની હત્યા અંગે કિશોરગંજમાં કેસ દાખલ કર્યો હતો.■

# મનુ ભાકર ૫૯,૦૦૦ રૂપિયાની સાડીમાં સજ્જ થઈને પહોંચી કેબીસીના સેટ પર!





મુંબઈ: પૅરિસ ઑલિમ્પિક્સમાં બે બ્રૉન્ઝ મેડલ જીતીને આવેલી શૂટર મનુ ભાકરનું લગભગ દરરોજ બહુમાન થાય છે. હરિયાણાની આ વર્લ્ડ ચૅમ્પિયન નિશાનબાજ ક્યારેક દિલ્હીના સમારોહમાં જોવા મળી તો ક્યારેક ચેન્નઈની જાણીતી હોટેલમાં તેનું બહુમાન કરવામાં આવ્યું. બે દિવસ પહેલાં ક્રિકેટિંગ-ગૉડ સચિન તેન્ડુલકર અને તેની પત્ની અંજલિએ મનુ ભાકરને તેના મમ્મી-પપ્પા સાથે બાંદરા (વેસ્ટ)માં પોતાના નિવાસસ્થાને આવવાનું આમંત્રણ આપ્યું હતું અને તેનું સન્માન કર્યું હતું. સામાન્ય રીતે સોશિયલ મીડિયામાં સ્પોર્ટ્સ ડ્રેસમાં કે કૅઝ્યુઅલ ડ્રેસમાં જોવા મળતી મનુ ભાકર બે દિવસ પહેલાં આઇવરી સાડીમાં સજ્જ થઈને કૌન બનેગા કરોડપતિ (કેબીસી)ના સેટ પર ગઈ હતી જ્યાં તેનું બહુમાન કરાયું હતું.

હરિયાણાની મનુ ભાકર છ વારી આઇવરી શેડવાળી સાડીમાં સાવ અલગ જ દેખાતી હતી. મહિના પહેલાં પૅરિસથી નિશાનબાજીની હરીફાઈમાં સફળતાથી ભાગ લઈને પાછી આવેલી મનુ ભાકરે આ નોખા લુકમાં કંઈ કેટલાયને પ્રભાવિત કર્યા હતા.

મનુ ભાકરની જાણીતી બ્રૅન્ડની આ સાડી અંદાજે ૫૮,૫૦૦ રૂપિયાની કિંમતની હતી. ડેલિકેટ ફ્લોરલ જાલ પૅટર્નની આ સાડી ખાસ મનુ ભાકરની સુંદરતા અને તેની પ્રતિભાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી હતી. ફ્રિલ્સ ઍન્ડ ફ્લાઉન્સીસના લેયરવાળી ખાસ ડિઝાઇનની આ સાડી એમ્બ્રોઇડરીવાળી બોર્ડરને કારણે વધુ આકર્ષક બની હતી.

મનુ ભાકર આ સાડી પહેરીને આવી હતી અને હેલ્પરની મદદથી બસમાંથી ઊતરી હતી અને ત્યાર બાદ તેણે બ્રૉન્ઝ મેડલ સાથે પોઝ આપ્યો હતો અને હેલ્પરની મદદથી સ્ટુડિયોમાં ગઈ હતી. તેણે મૅચિંગ કલર-ડિઝાઇનવાળું તેમ જ ગોલ્ડન ડિટેઇલિંગવાળું સ્લીવલેસ પ્રિન્ટેડ બ્લાઉઝ પહેર્યું હતું. ■

# દ્રવિડનો દીકરો પહેલી વાર ભારતની અન્ડર-૧૯ ટીમમાં

## ગુજરાતનો રુદ્ર પટેલ વાઇસ-કૅપ્ટન, સૌરાષ્ટ્રનો હરવંશ સિંહ વિકેટકીપર: વડોદરાનો નિત્ય પંડ્યા પણ અન્ડર-૧૯ ટીમમાં સામેલ

બેન્ગલૂરુ: ભારતના મહાન ક્રિકેટર અને તાજેતરમાં જ ટી-૨૦ વર્લ્ડ કપના ચૅમ્પિયનપદ બાદ ટીમ ઇન્ડિયાના હેડ-કોચનો હોદ્દો છોડનાર રાહુલ દ્રવિડનો મોટો દીકરો સમિત દ્રવિડ ઑલરાઉન્ડર છે અને તેને પહેલી જ વખત ભારતની અન્ડર-૧૯ ટીમમાં સમાવવામાં આવ્યો છે.

સપ્ટેમ્બર અને ઑક્ટોબરમાં ઑસ્ટ્રેલિયા અન્ડર-૧૯ સામે ભારતની એક કરતાં વધુ ફૉર્મેટમાં સિરીઝ રમાવાની છે અને એ માટે જાહેર કરાયેલી ટીમ વતી રમવાનો સમિત દ્રવિડને મોકો મળ્યો છે. તે મિડિયમ પેસ બોલર અને મિડલ-ઑર્ડર બૅટર છે.

ડોમેસ્ટિક ક્રિકેટમાં ગુજરાત વતી રમતા રુદ્ર પટેલને ભારતની અન્ડર-૧૯ વન-ડે ટીમનો વાઇસ-કૅપ્ટન બનાવવામાં આવ્યો છે. રુદ્ર મયૂર પટેલ ૧૮ વર્ષનો છે અને રાઇટ-હૅન્ડ બૅટર તથા ઑફ-સ્પિનર છે.

સૌરાષ્ટ્ર વતી રમતા વિકેટકીપર-બૅટર હરવંશ સિંહને ઑસ્ટ્રેલિયા અન્ડર-૧૯ સામેની વન-ડે તેમ જ ચાર દિવસીય મૅચવાળી સિરીઝની ટીમમાં સ્થાન મળ્યું છે.

વડોદરા વતી રમતા ૧૮ વર્ષના બૅટર નિત્ય પંડ્યાને ભારતની અન્ડર-૧૯ ચાર-દિવસીય સિરીઝની ટીમમાં સ્થાન મળ્યું છે.




રુદ્ર પટેલ

સમિત દ્રવિડ વિશે વધુ જાણીએ તો તે પહેલી વાર સિનિયર મેન્સ ટી-૨૦ ટૂર્નામેન્ટ રમી રહ્યો છે. કર્ણાટકની મહારાજા ટી-૨૦ ટ્રોફીમાં તે મૈસૂરુ વૉરિયર્સ ટીમમાં છે. સમિતને ત્યારે એ ટીમે ૫૦,૦૦૦ રૂપિયામાં મેળવ્યો છે. ભારત વતી રમી ચૂકેલો કરુણ નાયર એ ટીમનો કૅપ્ટન છે. તેણે આ ટૂર્નામેન્ટમાં સાત મૅચમાં ૧૧૪.૦૦ના સ્ટ્રાઇક-રેટ સાથે કુલ ૮૨ રન બનાવ્યા છે. જોકે તેને એકેય મૅચમાં બોલિંગ નથી આપવામાં આવી.

૨૦૨૩-’૨૪ની કૂચ બિહાર ટ્રોફી કર્ણાટકની અન્ડર-૧૯ ટીમે જીતી લીધી હતી અને સમિત દ્રવિડ મહત્ત્વનો હિસ્સો હતો. સમિતે એ ટૂર્નામેન્ટમાં આઠ મૅચમાં કુલ ૩૬૨ રન બનાવ્યા હતા અને ૧૬ વિકેટ લીધી હતી. એમાંની બે વિકેટ તેણે મુંબઈ સામેની ફાઇનલમાં મેળવી હતી.

ભારતની અન્ડર-૧૯ ટીમની કૅપ્ટન્સી મોહમ્મદ અમાનને સોંપવામાં આવી છે. ઉત્તર પ્રદેશનો અમાન રાઇટ-હૅન્ડ બૅટર અને લેગ-સ્પિનર છે. જોકે ચાર દિવસીય મૅચની સિરીઝની ટીમનું સુકાન સોહમ પટવર્ધન સંભાળશે. એમસીએ વતી રમતો અભિજ્ઞાન કુન્ડુ બન્ને અન્ડર-૧૯ ટીમનો વિકેટકીપર છે.

ભારતની અન્ડર-૧૯ ટીમ પુડુચેરીમાં ઑસ્ટ્રેલિયા અન્ડર-૧૯ સામે ૨૧-૨૬ સપ્ટેમ્બર દરમ્યાન ત્રણ વન-ડે રમશે અને ત્યાર બાદ ચેન્નઈમાં ૩૦ સપ્ટેમ્બરથી ૭ ઑક્ટોબર સુધીમાં ચાર દિવસની બે મૅચ રમશે. ■





### સમિતની અસ્સલ પિતાની સ્ટાઈલમાં સિક્સર...

બેન્ગલૂરુ: સમિત દ્રવિડે કર્ણાટકની મહારાજા ટ્રોફીમાં મૈસૂરુ વૉરિયર્સ ટીમ વતી રમીને શરૂઆત નબળી કરી હતી, પરંતુ એક બિગ શૉટને કારણે તેની ખૂબ વાહ-વાહ થઈ હતી.

૧૮ વર્ષના ટીનેજર સમિત દ્રવિડે બેન્ગલૂરુ બ્લાસ્ટર્સ સામેની મૅચમાં તે ચોથા નંબર પર બૅટિંગ કરવા આવ્યો હતો. તે ફક્ત સાત રન બનાવીને આઉટ થઈ ગયો હતો, પરંતુ એ સાત રનમાં તેની એક સિક્સર સામેલ હતી જે તેણે અસ્સલ ડૅડી રાહુલ દ્રવિડની સ્ટાઇલમાં ફટકારી હતી. ■

# જો પીએમ મોદી પાકિસ્તાન આવશે તો પછી ટીમ ઈન્ડિયા પણ આવશે જ: બાસિત અલી

## યુનુસ ખાન પછી હવે બાસિતે દમ વગરની વાતો કરી

કરાચી: પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટર બાસિત અલીએ એવો દમ વગરનો દાવો કર્યો છે કે આગામી ઑક્ટોબરમાં પાકિસ્તાનમાં એક આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાવાની છે જેમાં આવવાનું ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપવામાં આવ્યું છે અને જો પીએમ મોદી પાકિસ્તાન આવશે તો પછી ફેબ્રુઆરીમાં ભારતીય ક્રિકેટ ટીમના ચૅમ્પિયન્સ ટ્રોફી માટેના પાકિસ્તાન-પ્રવાસ માટેનો માર્ગ મોકળો થઈ જશે.

પાકિસ્તાનમાં શાંઘાઈ કો-ઑપરેશન ઑર્ગેનાઇઝેશન (એસસીઓ)માં સામેલ દેશોના સરકારી વડાઓની બે-દિવસીય મીટિંગ યોજાવાની છે. ભારતને પણ આમંત્રણ મોકલવામાં આવ્યું છે, પરંતુ હજી આ બેઠકમાં હાજરી આપવા સંબંધમાં ભારતે કોઈ પુષ્ટિ નથી આપી.

ભૂતપૂર્વ કૅપ્ટન યુનુસ ખાને તાજેતરમાં આઇસીસીના યંગેસ્ટ ચૅરમૅન બનેલા બીસીસીઆઇ-સેક્રેટરી જય શાહને ખેલ ભાવના શીખવાડવાની કોશિશ કરી હતી. યુનુસનો ઇશારો ભારત પોતાની ટીમને ચૅમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાન મોકલે એ તરફનો હતો અને એ સંબંધમાં તેણે વિશ્વના સૌથી શ્રીમંત ભારતીય ક્રિકેટ બોર્ડના વહીવટમાં છ વર્ષનો અનુભવ ધરાવતા જય શાહને ખેલ ભાવના વિશેની સમજ આપતી સૂફિયાણી વાતો કરી હતી.

હવે બાસિત અલીએ વાહિયાત વાતો કરી છે. ખરેખર તો પાકિસ્તાન પાસેથી ગયા વર્ષે અડધો એશિયા કપ છીનવાઈ જતાં (એ ટૂર્નામેન્ટની મોટા ભાગની મૅચો શ્રીલંકામાં રાખવામાં આવતાં) પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)નો ગરાસ લૂંટાઈ ગયો હતો. હવે પીસીબીને ડર છે કે ફેબ્રુઆરીની ચૅમ્પિન્સ ટ્રોફીની બાબતમાં પણ એવું થશે અને એટલે વારાફરતી એના ભૂતપૂર્વ ક્રિકેટર ભારતીય ક્રિકેટ ટીમને પાકિસ્તાન તરફ આકર્ષવા માટેના નિષ્ફળ નુસખા અજમાવે છે.

બાસિત અલીએ કહ્યું છે કે ‘પીએમ મોદી જો ઑક્ટોબરમાં પાકિસ્તાન આવશે તો ભારતીય ટીમ પણ ફેબ્રુઆરીમાં આવશે એ નક્કી છે. જો મોદી નહીં આવે તો પછી મામલો આઇસીસીની અદાલતમાં જશે.’ ■

# ભારતની રુબિના પૅરાલિમ્પિક્સમાં જીતી શૂટિંગનો બ્રૉન્ઝ

શેટેરૉક્સ: ભારતની રુબિના ફ્રાન્સિસ શનિવારે પૅરિસ પૅરાલિમ્પિક્સમાં શૂટિંગનો બ્રૉન્ઝ મેડલ જીતી હતી. એ સાથે, આ રમતોત્સવમાં નિશાનબાજીમાં ભારતના ચંદ્રકની સંખ્યા ચાર થઈ છે. ભારતના ખાતામાં આવેલો આ પાંચમો મેડલ હતો.

રુબિનાએ ઍર પિસ્તોલ એસએચ-૧ ઇવેન્ટમાં કુલ ૨૧૧.૧ પૉઇન્ટના સ્કોર સાથે ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

આઠ ફાઇનલિસ્ટ વચ્ચેના નિર્ણાયક મુકાબલામાં તે સાતમા સ્થાને ક્વૉલિફાય થઈ હતી અને છેવટે ત્રીજા નંબર પર રહેતાં તેને કાંસ્ય ચંદ્રક અપાયો હતો.

એસએચ-૧ કૅટેગરીમાં એવા દિવ્યાંગ ઍથ્લીટ હોય છે જેઓ ખાસ કોઈ મુશ્કેલી વગર પિસ્તોલ પકડી શકતા હોય છે અને તેમણે ઊભા રહીને અથવા વ્હીલચેરમાં બેઠા રહીને કે ખુરસીમાં બેઠા રહીને લક્ષ્યાંક પર ગોળી છોડવાની હોય છે.

શુક્રવારે ભારતને અવની લેખરાએ આ પૅરાલિમ્પિક્સનો પ્રથમ મેડલ અપાવ્યો હતો જે ગોલ્ડના રૂપમાં હતો. તે ૧૦ મીટર ઍર રાઇફલ શૂટિંગની હરીફાઈમાં આ ચંદ્રક જીતી હતી. સતત બે પૅરાલિમ્પિક્સમાં ગોલ્ડ જીતનારી તે પ્રથમ ભારતીય શૂટર છે. એ જ હરીફાઈમાં મોના અગરવાલ બ્રૉન્ઝ જીતી હતી.

શુક્રવારે શૂટિંગમાં મનીષ નરવાલ પિસ્તોલ શૂટિંગમાં સિલ્વર મેડલ જીત્યો હતો. ■

# જૉકોવિચનું પચીસમા ટાઇટલનું સપનું અધૂરું રહી ગયું

ન્યૂ યૉર્ક: મેન્સ ટેનિસમાં સૌથી વધુ ૨૪ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતનાર સર્બિયાનો નોવાક જૉકોવિચ શુક્રવારે યુએસ ઓપનના ત્રીજા રાઉન્ડમાં ૨૮મા નંબરના ખેલાડી ઑસ્ટ્રેલિયાના ઍલેક્સી પૉપીરિન સામે હારી જતાં પચીસમા સ્લૅમ ટાઇટલનું તેનું સપનું આ વખતે અધૂરું રહી ગયું હતું. પૉપીરિને નંબર-ટૂ ક્રમાંકિત જૉકોવિચને ૬-૪, ૬-૪, ૨-૬, ૬-૪થી પરાજિત કર્યો હતો.

જૉકોવિચ આ સ્પર્ધામાં અપરાજિત રહ્યો હોત અને ચૅમ્પિયન બન્યો હોત તો ટેનિસના ઇતિહાસમાં પચીસ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતનાર પ્રથમ ખેલાડી બન્યો હોત. તે ૧૦ વખત યુએસ ઓપનની ફાઇનલમાં પહોંચ્યો હતો અને ૨૦૧૧,૨૦૧૫, ૨૦૧૮ અને ૨૦૨૩માં ચૅમ્પિયન બન્યો હતો. ■

# સૂર્યકુમારને ઈજા, દુલીપ ટ્રોફીમાં રમશે કે નહીં?



કોઇમ્બતુર: આગામી પાંચમી સપ્ટેમ્બરે દુલીપ ટ્રોફી ટૂર્નામેન્ટ શરૂ થઈ રહી છે, પરંતુ એના ગણતરીના દિવસો પહેલાં જ સૂર્યકુમાર યાદવને હાથમાં ઇજા થઈ છે.

અહીં બુચી બાબુ ઇન્વિટેશનલ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં તામિલનાડુ સામેની મૅચમાં મુંબઈના સૂર્યકુમારની ઇનિંગ્સ ફક્ત ૩૮ બૉલ જેટલી ટૂંકી રહી હતી. તેને ફિલ્ડિંગ દરમિયાન હાથ પર ઈજા થઈ હતી.

જૂનના ટી-૨૦ વર્લ્ડ કપમાં સાઉથ આફ્રિકા સામેની ફાઇનલમાં બાઉન્ડરી લાઇન પાસે ટૂર્નામેન્ટ-વિનિંગ કૅચ પકડનાર સૂર્યકુમાર ભારતની ટી-૨૦ ટીમનો કૅપ્ટન છે, પરંતુ ભારત વતી તેને હજી સુધી એક ટેસ્ટ રમવા મળી છે. તે ફેબ્રુઆરી ૨૦૨૩માં એ ટેસ્ટ રમ્યો હતો. જોકે તે ટેસ્ટ ટીમમાં કમબૅક કરવા માગે છે, પણ હવે આ ઈજાએ તેને કદાચ થોડી ચિંતામાં મૂકી દીધો હશે.

શુક્રવારની મૅચ પહેલાં જ તેણે પત્રકારોને કહ્યું હતું કે ‘હું દુલીપ ટ્રોફીમાં કેવું રમીશ એને આધારે વિચારીશ કે મને ટેસ્ટ ટીમમાં ફરી સ્થાન મળશે કે નહીં.’

દુલીપ ટ્રોફીમાં સૂર્યકુમારનો સમાવેશ ‘સી’ ટીમમાં છે જેની કૅપ્ટન્સી ઋતુરાજ ગાયકવાડને સોંપવામાં આવી છે

ભારતની આગામી ટેસ્ટ સિરીઝ સપ્ટેમ્બરમાં બાંગ્લાદેશ સામે રમાવાની છે. ■

# બ્રિટિશ બૅટર્સમાં હવે કૂક નહીં, પણ રૂટ નંબર-વન સેન્ચુરિયન

લંડન: ઇંગ્લૅન્ડના જો રૂટે લૉર્ડ્સમાં શ્રીલંકા સામેની બીજી ટેસ્ટના પ્રથમ દાવમાં કરીઅરની ૩૩મી ટેસ્ટ સદી ફટકારીને પોતાના દેશના હાઈએસ્ટ સેન્ચુરિયન ઍલસ્ટર કૂકના વિક્રમની બરાબરી કરી ત્યાર બાદ શનિવારે ત્રીજા દિવસે તેણે બીજા દાવની સેન્ચુરી સાથે કૂકનો ૩૪ સદીનો બ્રિટિશ-રેકૉર્ડ તોડી નાખ્યો હતો.

રૂટ હવે કૂકથી આગળ થઈ ગયો છે અને ૩૪ ટેસ્ટ સદી ફટકારનાર સુનીલ ગાવસકર, બ્રાયન લારા, માહેલા જયવર્દને અને યુનુસ ખાનની બરાબરીમાં થઈ ગયો છે. હવે ફક્ત પાંચ બૅટર રૂટથી આગળ છે: સચિન (૫૧ સદી), કૅલિસ (૪૫), પૉન્ટિંગ (૪૧), સંગકારા (૩૮) અને દ્રવિડ (૩૬).

રૂટે પ્રથમ દાવમાં ૧૪૩ રન બનાવ્યા બાદ શનિવારે બીજા દાવમાં ૧૦૩ રન બનાવીને ઇંગ્લૅન્ડને ૨૫૧ રનનો સન્માનજનક સ્કોર અપાવ્યો હતો જેને પગલે શ્રીલંકાને ૪૮૩ રનનો તોતિંગ લક્ષ્યાંક આપી શકાયો હતો. ■



**નોર્થઈસ્ટ પહેલી વાર ડુરંડ કપમાં ચૅમ્પિયન:** નોર્થઈસ્ટ યુનાઇટેડ ફૂટબૉલ ક્લબની ટીમે શનિવારે કોલકાતામાં પહેલી જ વાર ડુરંડ કપ ફૂટબૉલ સ્પર્ધા જીતીને શાનદાર સેલિબ્રેશન કર્યું હતું. તેમણે મોહન બગાનની પડકારરૂપ ટીમ સામેની ફાઇનલ ૨-૨થી ડ્રૉ રહ્યા બાદ પેનલ્ટી શૂટઆઉટમાં ૪-૩થી વિજય મેળવ્યો હતો. બગાનની ટીમ લાગલગાટ ત્રીજો શૂટઆઉટ જીતવામાં નિષ્ફળ રહી હતી. (પીટીઆઇ)



મુંબઈ સમાચાર
ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

વધારાની એક જાહેરાત મફત મેળવો

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

ખાસ નોંધ: તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૪ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી

સ્કીમ*

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# નિફ્ટીમાં કોન્સોલિડેશનની સંભાવના સાથે દોઢસો પોઈન્ટનો ઉછાળો મહત્ત્વનો, બેન્ક નિફ્ટી માટે ૫૧,૦૦૦ની સપાટી નિર્ણાયક

ફોરકાસ્ટ

નિલેશ વાઘેલા

શેરબજારના સેન્ટિમેન્ટ પર તાત્કાલિક અને મોટી અસર કરી શકે એવા પરિબળો હાલ તો મોજૂદ નથી અને તાજેતરમાં એવું જોવા મળ્યું છે કે બજારના માનસ પર વાસ્તવમાં અર્થતાંત્રિક, રાજકીય કે કુદરતી આફત જેવા પરિબળો પણ ખાસ સર કરતા નથી! આવા પરિબળોમાં તમે વિવિધ દેશના જીડીપી કે ફૂગાવાના આંકડા, રશિયા અને યુક્રેન વચ્ચેની યુદ્ધ, ઇઝરાયલ અને હમાસના ઘસરણ કે પછી કોરોના સહિતના રોગચાળાની સંભાવનાના રિપોર્ટનો સમાવેશ કરી શકો છો અને તેની બજાર પર થયેલી અસરો તપાસી શકો છે.

ટોચના ટેક્નિકલ નિષ્ણાતો અનુસાર નિફ્ટી હાલ ૨૫,૪૦૦ના સ્તર સુધીની આગેકૂચ નોંધાવ્યા અગાઉ કોન્સોલિડેશનની ચાલ બતાવી શકે છે. હવે નિફ્ટી માટે ૨૫,૦૦૦નું સ્તર ટોની સપાટી બનશે. દરમિયાન, બેન્ક નિફ્ટીએ ૫૨,૦૦૦ તરફ આગળ વધવા માટે ૫૧,૫૦૦થી ઉપર મક્કમ બંધ આપવો પડશે અને એ સ્તર ટકાવી રાખવું પડશે. નિષ્ણાતોની ગણતરી અનુસાર, બેમન્ક નિફ્ટીમાં ત્યાં સુધી ૫૧,૦૦૦ સપોર્ટ સાથે કોન્સોલિડેશન ચાલુ રહેશે.

હાલ તો બજાર પર એક ફેડરલ રિઝર્વના સ્ટાન્સની સીધી અસર જોવા મળી રહી છે. વિશ્વબજારની તેજી સાથે સ્થાનિક સ્તરે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વધેલી લેવાલીના ટેકાએ સેન્સેક્સ અને નિફ્ટીએ સપ્તાહના અંતિમ સત્રમાં નવી ઊંચી સપાટી હાંસલ કરી છે. સેન્સેક્સે સતત નવમાં સત્રમાં આગેકૂચ ચાલુ રાખતાં ૮૨,૬૩૭.૦૩ પોઇન્ટની ઇન્ટ્રા-ડે ઓલટાઇમ હાઇ સપાટીને અને ૮૨,૩૬૫.૭૭ પોઇન્ટની નવી સર્વકાલિન બંધ સપાટી હાંસલ કરી છે. જ્યારે નિફ્ટીએ સત્ર દરમિયાન ૨૫,૨૬૮.૩૫ની નવી ઊંચી સપાટીને અથડાઇને અંતે ૨૫,૨૩૫.૯૦ પોઇન્ટની નવી ઓલટાઇમ હાઇ બંધ સપાટી નોંધાવી છે.

સમીક્ષા હેઠળના સપ્તાહમાં નિફ્ટી-૫૦ ઈન્ડેક્સ અને સેન્સેક્સ લગભગ ૧.૭ ટકા વધ્યા હતા, જ્યારે મિડ-કેપ ઈન્ડેક્સ લગભગ ૧.૭ ટકા અને સ્મોલ-કેપ ઈન્ડેક્સ માત્ર ૦.૬ ટકા વધ્યો હતો. બજારોએ વૈશ્વિક બજારોના તેજીના સંકેતોને અનુસર્યા હતા. જેક્સન હોલમાં યુએસ ફેડના અધ્યક્ષ જેરોમ પોવેલના નિવેદનમાં નિકટવર્તી દરમાં ઘટાડો તેમજ સોફ્ટ લેન્ડિંગમાં વધુ આત્મવિશ્વાસનો સંકેત આપવામાં આવ્યો હોવાથી ભારત સહિતના ઇમર્જિંગ માર્કેટ્સને આગળ વધવામાં મદદ મળી હતી.

નિફ્ટી એફએમસીજી, કેપિટલ ગુડ્સ અને પાવર સિવાયના સેક્ટોરલ ઇન્ડેક્સ સાપ્તાહિક ધોરણે મોટાભાગે સુધારા પર રહ્યાં હતા. નિફ્ટી આઈટી ૩.૮ ટકાના વધારા સાથે ટોચનાો સેક્ટોરલ ગેનર ઇન્ડેક્સ બન્યો હતો. અન્ય ક્ષેત્રીય સૂચકાંકો જેમ કે કન્ઝ્યુમર ડ્યુરેબલ, ઓટો, મેટલ, રિયાલિટી, ફાર્મા, મીડિયા અને તેલ અને ગેસ ઇન્ડેક્સ એકથી ત્રણ ટકા સુધી વધ્યા હતા. જ્યારે બેંક નિફ્ટી સપ્તાહ દરમિયાન લગભગ એક ટકા વધ્યો હતો. નિફ્ટી ઇન્ડેક્સની અંદર, બજાજ ફિનસર્વ ૮.૯૦ ટકા, એલટીમાઇન્ડટ્રી ૮.૫ ટકા અને બજાજ ફાઇનાન્સ ૬.૯ ટકા સાથે સૌથી વધુ વધનારા શેરોમાં ટોચ પર રહ્યાં હતાં, જ્યારે અદાણી એન્ટરપ્રાઇઝ ૨.૧ ટકા, ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ ૧.૮ ટકા અને કોલ ઇન્ડિયા ૧.૮ ટકાના ઘટાડા સાથે સૌથી વધુઘટનારા શેરોમાં ટોચ પર રહ્યાં હતાં.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ) અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ), બંને વર્ગ સપ્તાહ દરમિયાન ચોખ્ખા લેવાલ રહ્યા હતા. આગામી સમયમાં શેરબજાર મેક્રો વલણો, ફુગાવા અને ભૌગોલિક-રાજકીય ચિંતાઓ સહિત વૈશ્વિક પરિસ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આંતરરાષ્ટ્રીય મોરચે, અમેરિકાના સાપ્તાહિક બેરોજગારીના દાવાઓ અગાઉના સપ્તાહથી ઘટ્યા હતા, જેનાથી મંદીની ચિંતા વધુ હળવી થઈ હતી. વધુમાં, બીજા-ક્વાર્ટરના કુલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી) વૃદ્ધિમાં પ્રારંભિક ૨.૮ ટકાના દરથી ત્રણ ટકાનો સુધારો આવ્યો હતો.

યુરોપમાં, ફ્રાંસનો પ્રારંભિક, ઇયુ સુસંગત ગ્રાહક ભાવ સૂચકાંક વાર્ષિક ધોરણે ઓગસ્ટ માટે ૨.૨ ટકા નોંધાયો છે, જે જુલાઈના ૨.૭ ટકા કરતા નીચે હતો. ગુરુવારે જારી કરાયેલા જર્મન અને સ્પેનિશ સીપીઆઇ રિપોર્ટમાં પણ દર્શાવવામાં આવ્યું છે કે બંને દેશોમાં ફુગાવાના દબાણમાં ઘટાડો થઈ રહ્યો છે.

એશિયામાં, બેન્ક ઓફ જાપાન વ્યાપકપણે તેની નાણાકીય નીતિને કડક બનાવવાની ઝુંબેશને વળગી રહે એવી ધારણાં છે, કારણ કે તેની રાજધાની ટોક્યિોમાં ફુગાવાના દબાણ બેન્કના આર્થિક અંદાજોને પુનઃ સમર્થન આપે છે.

નિષ્ણાતો માને છે કે, સ્થાનિક ફંડો દ્વારા બ્લુચીપ શેરોનું એક્યુમ્યુલેશન અને એચએનઆઇ તથા એફઆઇઆઇની વેચવાલીમાં થયેલા ઘટાડા સાથે લેવાલીની શરૂઆત થઇ હોવાથી બજારને ટેકો મળી રહ્યો છે. એફઆઇઆઇની લેવાલીનો ટેકો મળી રહ્યો હોવાથી બજારની સ્થિતિસ્થાપકતામાં વધારો થયો છે. માર્કેટ માટે હવે તેજી અને મંદીના બંને પ્રકારના પરિબળો મોજૂદ છે. મધ્ય પૂર્વ અને યુક્રેનમાં ભૌગોલિક રાજકીય તંગદીલી વધી રહી હોવાથી ઇક્વિટી માર્કેટનું સેન્ટિમેન્ટ ખરડાઇ રહ્યું છે. જોકે, ગ્લોબલ ઇક્વિટી માર્કેટના સેન્ટિમેન્ટને સૌથી મજબૂત ટેકો અમેરિકાની ફેડરલ રિઝર્વ દ્વારા અપેક્ષિત રેટ કટથી મળી રહ્યો છે, જેનું અનુસરણ આરબીઆઈ સહિત અન્ય કેન્દ્રીય બેંકોને કરશે એવું માનવામાં આવે છે.

જોકે, અમુક નિષ્ણાતો માને છે કે ફેડરલનું પરિબળ હવે ડિસ્કાઉન્ટ થઇ ગયું છે. ભારતીય અર્થતંત્રને હવે દર ઘટાડા દ્વારા નાણાકીય ઉત્તેજનાની જરૂર છે અને આ આગામી નીતિ બેઠકમાં સંભવ છે. ફેડરલ રિઝર્વે સપ્ટેમ્બરથી વ્યાજ દર ઘટાડવાના સંકેત આપ્યા ત્યારથી તેજીનો પવન શરૂ થઈ ગયો હતો. જોકે હવે નવા ટ્રીગરની આવશ્યકતા છે. સ્થાનિક સ્તરે ભારતમાં આ વખતે ચોમાસુ ઘણું સારુ રહ્યું છે અને ખાસ તો કંપનીઓના નફા વધી રહ્યા છે. ■

# કોર્પોરેટ લોન ગ્રોથ ૨૧ ટકા: ખાનગી સેક્ટરમાં કેપેક્સમાં સુધારાના સંકેત

નવી દિલ્હી : કોર્પોરેટ લોન ગ્રોથ એપ્રિલથી જૂનના ક્વાર્ટમાં ૨૧ ટકા રહ્યો હતો, જે ખાનગી સેક્ટરમાં મૂડીખર્ચ (કેપેક્સ)માં સુધારાના સંકેત આપે છે. વીસ મોટી ખાનગી અને સરકારી બેન્કોનું એનાલિસીસ કરીને આ તારણ કાઢવામાં આવ્યું છે. બેન્કોએ કોર્પોરેટ્સને આપેલી લોનમાં જૂન ક્વાર્ટરમાં ૨૧ ટકા વૃદ્ધિ જોવા મળી હતી જે દર્શાવે છે કે ખાનગી ક્ષેત્રે મૂડીખર્ચમાં તે સ્થગિતતા હતી કે નરમાઈ હતી તેમાં રાહત થઈ છે અને રિવાઈવલ જોવા મળી રહ્યું છે. એસબીઆઈ, બેન્ક ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન બેન્ક, પંજાબ નેશનલ બેન્ક, કેનેરા બેન્ક, ઈન્ડસઈન્ડ બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક અને સાઉથ ઈન્ડિયન બેન્કની કોર્પોરેટ બુકમાં વૃદ્ધિ જોવા મળી હતી. આ બેન્કોએ ચ૧માં કોર્પોરેટ લોન ગ્રોથમાં ૫-૧૫ ટકાનો વધારો દર્શાવ્યો હતો. એસબીઆઈના ચેરમેન દિનેશ ખારાએ ચાલુ નાણાકીય વર્ષ માટે રૂ.૫ લાખ કરોડની લોન મંજૂર થયેલી હોવાનું કોન્ફરન્સ કોલમાં કહ્યું હતું. એસબીઆઈની કોર્પોરેટ લોન બુક ચ૧માં રૂ.૧.૫૭ લાખ કરોડ વધીને રૂ.૧૧.૩૯ લાખ કરોડ પર પહોંચી હતી. ગત વર્ષના આ ગાળાની સરખામણીમાં તેમાં ૧૬ ટકાનો વધારો થયો છે. બેન્ક ઓફ ઈન્ડિયાની બુક ૧૫.૫ ટકા વધીને રૂ.૨.૨૪ લાખ કરોડ થઈ હતી, જ્યારે યુકો બેન્કની હોલસેલ લોન ૧૯.૯૮ ટકા વધીને રૂ.૬૪,૬૧૧ કરોડ થઈ હતી. ખાનગી સેક્ટરમાં જોઈએ તો કોટક મહિન્દ્રા બેન્કની કોર્પોરેટ લોન બુક ૨૧ ટકા વધીને ૯૩,૫૮૧ કરોડ થઈ હતી. એક્સિસ બેન્કની લોન બુક ૧૪ ટકા વદીને ૨.૯૧ લાખ કરોડ થઈ હતી. ■

# અત્યાર સુધીમાં ડાંગરના વાવેતરમાં ૪.૨૯ ટકાનો વધારો

નવી દિલ્હી: વર્તમાન ખરીફ મોસમમાં ગત ૨૭મી ઑગસ્ટ સુધીમાં કુલ વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૦.૪૪૮ કરોડ હેક્ટર સામે સાધારણ બે ટકા વધીને ૧૦.૬૫ કરોડ હેક્ટરની સપાટીએ રહ્યું હોવાનું કૃષિ મંત્રાલયે એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

કૃષિ મંત્રાલયની આંકડાકીય માહિતી અનુસાર અત્યાર સુધીમાં થયેલા કુલ ખરીફ વાવેતરમાં ડાંગરનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૩.૭૮ કરોડ હેક્ટર સામે ૪.૨૯ ટકા વધીને ૩.૯૪૨ કરોડ હેક્ટરની સપાટીએ રહ્યો છે. નોંધનીય બાબત એ છે કે ખરીફ વાવેતરમાં ડાંગરની ગણના મુખ્ય પાક તરીકે થાય છે. સામાન્યપણે ખરીફ વાવેતરનો આરંભ નૈર્ઋત્યના ચોમાસાના આગમનથી અથવા તો જૂન મહિનાથી થતો હોય છે અને તેની લણણી ઑક્ટોબર મહિનાથી શરૂ થતી હોય છે.

વધુમાં સમીક્ષા હેઠળના સમયગાળામાં દેશમાં કઠોળનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧.૧૫૫ કરોડ હેક્ટર સામે વધીને ૧.૨૨૧ કરોડ હેક્ટર રહ્યો છે. જેમાં ખાસ કરીને તુવેરનો વાવેતર વિસ્તાર વધીને ૪૫.૭ લાખ હેક્ટર (૪૦.૭ લાખ હેક્ટર) અને અડદનો વાવેતર વિસ્તાર ઘટીને ૨૯ લાખ હેક્ટર (૩૦.૮ લાખ હેક્ટર) રહ્યો છે.

આ સિવાય જાડા અથવા તો કડધાન્ય અથવા તો શ્રી અન્નનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧.૭૭૫ કરોડ હેક્ટર સામે વધીને ૧.૮૫૫ કરોડના સ્તરે રહ્યો છે. જેમાં મુખ્યત્વે મકાઈનું વાવેતર વધીને ૮૭.૨ લાખ હેક્ટર (૮૧.૨ લાખ હેક્ટર)માં થયુ છે. તેમ જ અત્યાર સુધીમાં તેલીબિયાંનો વાવેતર વિસ્તાર પણ ગત સાલના સમાનગાળાના ૧.૮૭૩ કરોડ હેક્ટર સામે વધીને ૧.૮૮૩ કરોડ હેક્ટરના સ્તરે રહ્યો છે.

કૃષિ મંત્રાલયના જણાવ્યાનુસાર અત્યાર સુધીમાં રોકડીયા પાકના વાવેતરમાં શેરડીનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૫૭.૧ લાખ હેક્ટર સામે સાધારણ વધીને ૫૭.૬ લાખ હેક્ટર, કપાસનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧.૨૨૭ કરોડ હેક્ટર સામે ઘટીને ૧.૧૧૩ કરોડ હેક્ટર અને જ્યૂટ તથા મેસ્ટાનો વાવેતર વિસ્તાર ગત સાલની સમકક્ષ જ ૫,૭૦,૦૦૦ હેક્ટરની સપાટીએ રહ્યો હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

એકંદરે દેશભરમાં નૈર્ઋત્યનું ચોમાસું સક્રિય થવાની સાથે પ્રગતિ પણ સારી હોવાથી વિવિધ વિસ્તારોમાં સારી માત્રામાં વરસાદ થયો હોવાનું મંત્રાલયે યાદીમાં જણાવ્યું હતું.

# સરકારે ક્રૂડ અને રિફાઈન્ડ પામતેલની ટેરિફ વેલ્યુમાં વધારો કર્યો

નવી દિલ્હી: તાજેતરમાં સરકારે આયાતી તેલમાં ખાસ કરીને ક્રૂડ પામતેલ અને આરબીડી ઑલિનની ટેરિફ વેલ્યૂમાં વધારો કર્યો છે, જ્યારે સોયા ડિગમની ટેરિફ વેલ્યૂમાં ઘટાડો કર્યો છે. ભારત સરકારે જારી કરેલા નોટિફિકેશન નં. ૫૬/૨૦૨૪ અનુસાર ક્રૂડ પામતેલની ટેરિફ વેલ્યૂ જે ટનદીઠ ૯૩૭ ડૉલર હતી તે વધારીને ૯૪૯ ડૉલર નિર્ધારિત કરતાં અસરકારક જકાત વધીને ટનદીઠ રૂ. ૪૪૨૮ (રૂ. ૪૩૭૨) થઈ છે અને આરબીડી ઑલિનની ટેરિફ વેલ્યૂ જે ટનદીઠ ૯૫૬ ડૉલર હતી તે વધારીને ૯૬૮ ડૉલર કરતાં અસરકારક જકાત વધીને ટનદીઠ રૂ. ૧૧,૨૯૩ (રૂ. ૧૧,૧૫૩) થઈ છે.

જોકે, સોયા ડિગમની ટેરિફ વેલ્યૂ જે ટનદીઠ ૯૮૮ ડૉલર હતી તે ઘટાડીને ૯૮૩ ડૉલર કરતાં અસરકારક જકાત ઘટીને રૂ. ૪૫૮૭ (રૂ. ૪૬૧૦)ના મથાળે રહી હતી.

દરમિયાન તાજેતરમાં કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા સંકલિત કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન ઑગસ્ટ મહિનામાં મલયેશિયાની પામતેલની નિકાસ આગલા જુલાઈ મહિનાના ૧૬,૦૪,૫૭૮ ટન સામે ૯.૯૨ ટકાના ઘટાડા સાથે ૧૪,૪૫,૪૪૨ ટનની સપાટીએ રહી હોવાનું એક અહેવાલમાં જણાવ્યું છે.

# ફાર્મા ઉદ્યોગને નિકાસ વધારવા હાકલ

નવી દિલ્હી: વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન જિતિન પ્રસાદાએ ફાર્માસ્યુટિકલ ઉદ્યોગને વૃદ્ધિ માટે ઊભરી રહેલી તક ઝડપીને નિકાસ વધારવા માટે હાકલ કરી છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે ભારતે વિશ્વમાં 'ફાર્મસી ઑફ વર્લ્ડ'ની ઓળખ ઊભી કરી છે અને હવે માત્ર જેનેરિક ક્ષેત્રની મજબૂતી પર ધ્યાન રાખવું મહત્ત્વપૂર્ણ નથી, પરંતુ સાથે સાથે જે ક્ષેત્રમાં પાછળ છીએ અને જ્યાં ઊણાં ઊતરી રહ્યા છે તે તરફ પણ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે.

આ ઉપરાંત તેમણે વિશ્વ બજાર સાથે અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાત્મકતાનો સામનો કરવાનો હોવાથી સંશોધનો અને ગુણવત્તા પર પણ વિશેષ ધ્યાન આપવા ઉદ્યોગને ભલામણ કરી હોવાનું એક યાદીમાં જણાવ્યું છે.

# ધાતુમાં વધ્યા મથાળેથી પીછેહઠ, વેપાર પાંખાં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજે સપ્તાહના અંતે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ટીનમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી બેનો સુધારો આવ્યો હતો અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આ સિવાયની તમામ ધાતુઓમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ અને માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી પાંચનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર ગઈકાલે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે વિવિધ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યા બાદ આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી તેમ જ વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ નફારૂપી વેચવાલીના દબાણ સામે સપ્તાહના અંતને કારણે સાર્વત્રિક સ્તરેથી કામકાજો પાંખાં રહેતા ચોક્કસ ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. જેમાં મુખ્યત્વે નિકલના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૧૪૪૩, કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને અનુક્રમે રૂ. ૮૩૨ અને રૂ. ૨૩૩, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૨૩ અને રૂ. ૫૫૭, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૭૯૩, રૂ. ૭૮૫ અને રૂ. ૭૭૫ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૭૪ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૫૨૫ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા ટીનના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૯૫ અને રૂ. ૨૮૨૨ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૯૧ના મથાળે ટકેલા રહ્યા હતા.

# નાકા ડિલિવરી ધોરણે ખાંડમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં સ્થાનિક તથા દેશાવરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા, જ્યારે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના અંતે હાજરમાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની ખપપૂરતી માગ વચ્ચે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે તાજેતરમાં મથકો પર ભાવમાં મક્કમ વલણ પ્રવર્તી રહ્યું હોવાથી આજે નાકા ડિલિવરી ધોરણે સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૧૦ અને રૂ. ૩૦નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતા ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૩૭૨૨થી ૩૮૦૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૩૬થી ૩૯૬૦માં ટકેલા ધોરણે થયા હતા.

જોકે, મથકો પર ખાંડના ભાવમાં મક્કમ વલણ પ્રવર્તી રહ્યું હોવાથી તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે નાકા ડિલિવરી ધોરણે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ વધીને રૂ. ૩૬૬૦થી ૩૭૦૦ અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦ વધીને રૂ. ૩૭૬૦થી ૩૮૦૦ની સપાટીએ રહ્યા હતા.

# સામાનની ઝડપી હેરફેર કરી શકે તે કંપની ઈ-કૉમર્સ એક્સપોર્ટ હબ સ્થાપી શકે

નવી દિલ્હી: વૈશ્વિક સ્તરે માગ ધરાવતા ટેક્સ્ટાઈલ, હેન્ડલૂમ, હેન્ડિક્રાફ્ટ્સ, જેમ્સ અને જ્વેલરીના માલોની ઝડપથી હેરફેર કરી શકતી હોય તેવી કંપની તેમ જ જે કંપની સ્રોતનું નેટવર્ક સારું ધરાવતી હોય, પરિવહનનું બેકઅપ ધરાવતી હોય અને બંદરની નજીક વૅરહાઉસિંગની સુવિધા ધરાવતી હોય તેવી કંપનીઓ પણ દેશમાં ઈ-કૉમર્સ હબ સ્થાપી શકે છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

વાણિજ્ય મંત્રાલય હેઠળના વિભાગ ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી) ટૂંક સમયમાં ઈ-કૉમર્સ એક્સપોર્ટ હબ (ઈસીઈએચ) સ્થાપવા ઈચ્છતી કંપનીઓને મળશે, એમ તેમણે જણાવતાં ઉમેર્યું હતું કે ડીજીએફટીએ ઉદ્યોગ પાસેથી આ હબ માટે પ્રસ્તાવો મગાવ્યા છે. કોઈપણ એગ્રીગેટર/કંપની કે જેની પાસે હોમ ટેક્સ્ટાઈલ્સ, હેન્ડલૂમ, હેન્ડિક્રાફ્ટ, આયુશ અને વેલનેસ ઉત્પાદનો, જેમ્સ અને જ્વેલરી, એપરલનો વેરહાઉસમાં સંગ્રહ કરી શકે અને જરૂર પડ્યે તાત્કાલિક ડિલિવરી કરી શકે તે આ હબ સ્થાપી શકે છે, એમ અધિકારીએ ઉમેર્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે શિપરોકેટ અને ડીએચએલ આ પ્રકારનાં કેન્દ્ર સ્થાપવા માટે સક્ષમ છે. અમે આગામી ચારથી પાંચ દિવસમાં ઈચ્છુક વ્યક્તિઓ સાથે વીડિયો કોન્ફરન્સ કરીશું. અગાઉ ડીજીએફટીએ એક ટ્રેડ નોટિસમાં જણાવ્યું હતું કે હબના સંચાલન માટે ડ્રાફ્ટ મૉડાલિટી તૈયાર કરવામાં આવી છે અને તેને આધારે સરકાર ઈસીઈએચ પાઈલોટ લૉન્ચ કરવા માગે છે.

નોંધનીય બાબત એ છે કે અંદાજપત્રમાં સરકારે જાહેર-ખાનગી ભાગીદારી ધોરણે ઈ-કૉમર્સ માધ્યમથી આ પ્રકારના હબને વિકસાવવાની જાહેરાત કરી હતી. આરંભિક ધોરણે દેશમાં આ પ્રકારના ૧૦થી ૧૫ હબ સ્થાપવામાં આવશે.

આ હબ નિયુક્ત વિસ્તારોમાં હશે, જે સાનુકૂળ બિઝનૅસ માળખું અને આંતર સરહદીય ઈ-કૉમર્સ પ્રવૃત્તિઓ માટે સુવિધા કેન્દ્ર તરીકે કાર્ય કરશે. તેમ જ તેના મુખ્ય ઉદ્દેશ ઓછામાં ઓછી સમય મર્યાદામાં ઈ-કૉમર્સ મારફતે નિકાસ, પુનઃ નિકાસમાં સરળતા અને વિવિધ આંતર સરહદીય ઈ-કૉમર્સ હિતધારકોને એક છત્ર હેઠળ લાવવાનો છે. હાલમાં ભારતની આ માધ્યમથી નિકાસ માત્ર પાંચ અબજ ડૉલર આસપાસની સપાટીએ છે, જ્યારે ચીનની નિકાસ વર્ષે ૩૦૦ અબજ ડૉલરની સપાટીએ રહે છે. જોકે, આગામી વર્ષોમાં ઈસીઈએચ મારફતે નિકાસ ૫૦થી ૧૦૦ અબજ ડૉલર સુધી પહોંચવાની ક્ષમતા ધરાવે છે.


પશ્ચિમ રેલવે
બેલસ્ટની સપ્લાય

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, છઠ્ઠો માળો, એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮ દ્વારા ટેન્ડર નોટિસ ક્રમાંક: BCT/૨૪-૨૫/૧૫૮, તારીખ ૩૦/૦૮/૨૦૨૪ના રોજ બહાર પાડવામાં આવેલ છે. કામ અને સ્થળ: ઉધના-ઉકાઈ સોનગઢ સેક્શન: ૫૦ મિ.મી. સાઈઝ મશીન ક્રશ્ડ સ્ટોન બેલસ્ટ અને રેલવે હોપર્સમાં લોડિંગ/વેગન્સમાં લોડિંગ, યુએસડી મેગા ડેપોટ ખાતે. (કુલ જથ્થો = ૮૯૯૦૦ cum) સંબંધિત મંજૂર કરાયેલ કામ (i) ઉધના-જળગાંવ-TBR (પોઈન્ટ્સ અને ક્રોસિંગ ૧૨માંથી ૧) - ૭૦ સેટ. (ii) ઉકાઈ સોનગઢ-જળગાંવ (DN) - TBR - ૪૩.૫૩૪ કિ.મી. (iii) ઉધના-ઉકાઈ સોનગઢ - CTR(S-P) - ૨.૫૦૯ TKM. કામનો અંદાજિત ખર્ચ: ₹ ૮,૩૪,૬૪,૦૫૯/-. EMD: ₹ ૫,૬૭,૩૦૦/-. સબમિશનની તારીખ: ૨૭/૦૯/૨૦૨૪, બપોરે ૩:૦૦ વાગ્યા સુધી. ઓપનિંગની તારીખ અને સમય: ૨૭/૦૯/૨૦૨૪, બપોરે ૩:૩૦ વાગ્યા સુધી. વધુ વિગતો માટે અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0497

અમને લાઈક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે
બાગાયતી અને સમારકામ

ડિવિઝનલ રેલવે મેનેજર (ડબ્લ્યુએ) વેસ્ટર્ન રેલવે, ૬ઠા માળે, એન્જિ. ડિપા. મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮ આમંત્રિત કરે છે અનુ.ક્ર. ૧. ટેન્ડર નોટિસ નં. BCT/24-25/157, તા. ૩૦.૦૮.૨૦૨૪. કામ અને સ્થળ: બાગાયતી ઝોન: ચર્ચગેટ-વિરાર સેક્શન: બગીચાનો વિકાસ કરવો, ખાતર, ખાતર બીજ, છોડ, ફ્લાવર પોટ, બગીચાના ઉપકરણો અને એસેસરીસનો પુરવઠો. કામનું અંદાજિત મૂલ્ય: રૂ. ૩૦૯૭૨૫૯.૮૬. ઈએમડી: રૂ. ૬૨,૦૦૦/-. અનુ.ક્ર. ૨: ટેન્ડર નોટિસ નં.BCT/24-25/159 તા. ૩૦.૦૮.૨૦૨૪. કામ અને સ્થળ: દાદર-પશ્ચિમ રેલવેના દાદર સ્ટેશન પર એલીવેટેડ નુકસાન ગ્રસ્ત રોડ, આરસીસી, સ્કાયવોક અને અન્ય સ્ટ્રક્ચરલ મેમ્બરનું સમારકામ. કામનું અંદાજિત મુલ્ય: રૂ. ૨,૩૦,૮૫,૪૩૩/- ઈએમડી: રૂ. ૨,૬૫,૪૦૦/-. ઉપરના બધા ટેન્ડર, તારીખ અને સમય રજૂ કરવી: ૨૪.૦૯.૨૦૨૪ના ૧૫:૦૦ કલાક સુધી ખૂલવાની તારીખ અને સમય: ૨૪.૦૯.૨૦૨૪ના ૧૫.૩૦ કલાક. વધુ વિગતો માટે અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0498

અમને લાઈક કરો: facebook.com/WesternRly

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે
ઈલેક્ટ્રિકલ કામ

ચિફ વર્કશોપ મેનેજર, EMU વર્કશોપ, મહાલક્ષ્મી, મુંબઈ-૧૩, ઈ-ટેન્ડર નોટીસ નં.: EL૯૦/MX/૨૦૨૪-૨૫/૦૭. તા. ૨૧.૦૮.૨૦૨૪ મંગાવે છે. કામનું નામ: કામના સ્કોપ મુજબ મહાલક્ષ્મી વર્કશોપ અને AMM/MX સ્ટોર ખાતે ૩ વર્ષ CAMC સાથે તેના એસોસિએટેડ એસેસરીઝ અને CCTVના કેમેરાની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. કામની અંદાજિત કિંમત: રૂ. ૨૧,૧૯,૬૧૪.૪૭/-. બારડી: રૂ. ૪૨,૪૦૦/-. ટેન્ડરની સુપ્રતિની અને ટેન્ડરની ખોલવાની તારીખ અને સમય: ટેન્ડરની સુપ્રતિ ૧૩.૦૯.૨૦૨૪ના ૧૨:૦૦ ક. સુધી (ઈલેક્ટ્રોનિકલી). વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0481A

અમને લાઈક કરો: facebook.com/WesternRly

REDEVELOPMENT TENDER NOTICE

Sealed Tenders/offers are invited from resourceful, reputed, experienced, and financially sound developers for the redevelopment of

RAJSHREE CHS Ltd.

Chakala off Sahar Road, Andheri (E) Mumbai 400099.

Description of the property:
CTS No 177, 178, 184, 185
Village Chakala, Andheri (E).
Plot area-adm.= 2979.02 Sq mtrs.
No of flats=56 consisting of ABCD and E Wings.

Tender documents containing all the norms and conditions are available in society office from 02-09-2024 to 24-09-2024 between 10 AM to 1 PM with Tender cost Rs. 10,000/- (non-refundable) by way of Pay order/DD only.

Last date for tender submission is 26-10-2024 up to 4 PM.

The society reserves the right to reject any or all offers and/or accept any offer without any reason whatsoever.

PMC Name - CONSTRUXO TECH PVT LTD
Contact persons:
1.Mr. Omprakash Tripathy Secretary, 7738807789
2.Mr. Prashant Padwal Chairman, 9820516849
3.Mr. Denzil Almeida Treasurer, 9324223328
4.Mr. Vilas Madhekar M.C. Member, 9869164491
Sd-
Secretary
Rajshree CHS Ltd.

પશ્ચિમ રેલવે
મટેરિઅલ મેનેજમેન્ટ વિભાગ
વિવિધ મટેરિઅલની સપ્લાય

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નં. S/૪૭/૨૦૨૪ તારીખ ૨૯.૦૮.૨૦૨૪

| ક્ર. નં. | આઈટમનું ટૂંકું વર્ણન | જથ્થો | T.O.D. |
|---|---|---|---|
| ૫૯૩ | BCNHL માટે બ્રેક બીમ | ૬૪૧ નં. | ૨૦.૯.૨૪ |
| ૫૯૪ | GPS આધારિત ટ્રેકિંગ સિસ્ટમની સપ્લાય અને કમિશનિંગ | ૬૬૩ નં. | ૨૩.૯.૨૪ |
| ૫૯૫ | હર્મેટિકલી સીલ્ડ કોમ્પ્રેસર | ૩૮૫ નં. | ૨૫.૯.૨૪ |
| ૫૯૬ | નોર બ્રેમસે માટે સ્પેર કીટનો સેટ | ૩૬૫ નં. | ૨૫.૯.૨૪ |
| ૫૯૭ | લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ | ૮૪૮૪૭ કી.ગ્રા. | ૨૬.૯.૨૪ |
| ૫૯૮ | ગીયર ઓઈલ ઓપ્ટીગીયર RMO | ૩૩૨૮ લીટર | ૨૬.૯.૨૪ |
| ૫૯૯ | ISI માર્કેડ પોર્ટેબલ ફાયર અગ્નિશામક (કાટ્રિજ પ્રકાર) | ૧૪૨૭ નં. | ૨૭-૯-૨૪ |
| ૬૦૦ | સિલ્ડ હોરિઝોન્ટલ સ્ક્રોલ કોમ્પ્રેસર્સ | ૨૦ નં. | ૨૭-૯-૨૪ |
| ૬૦૧ | હર્મેટિકલી સિલ્ડ સ્ક્રોલ કોમ્પ્રેસર્સ | ૨૯૫ નં. | ૩૦-૯-૨૪ |
| ૬૦૨ | LP-HP પિસ્ટનનો સેટ | ૧૩૬ સેટ | ૩૦-૯-૨૪ |
| ૬૦૩ | કોમ્પ્રેસર્સ માટે LP-HP કનેક્ટિંગ રોડનો સેટ | ૧૦૯ સેટ | ૩૦-૯-૨૪ |
| ૬૦૪ | M.S. એન્ગલ સાઈઝ ૨૦૦X૨૦૦X૨૫ મીમી | ૧૬૦૦૦૦ કીગ્રા. | ૩૦-૯-૨૪ |
| ૬૦૫ | WAP-7/WAG-9 લોકો, સર્વોસીન ગિયર ૪૬૦ RR માટે ગિયર બોક્સ ઓઈલ | ૧૫૬૦૩ લીટર | ૧-૧૦-૨૪ |
| ૬૦૬ | ફલેક્સીબલ હોસ કનેકશન | ૪૩૨૧ નં. | ૩-૧૦-૨૪ |
| રિવર્સ ઓકશન | | | |
| ૪૬ | ઉચ્ચ ચીકણું નાયલોન (HVN)-૬૬ RDSO Drg. નં. T- ૮૭૫૧ | ૧૪૦૩૮૮૦ નં. | ૩૦-૯-૨૪ |
| ૪૭ | વોટ VHF ડિજિટલ વોકી ટોકી કીપેડ વગર અને સેટ વગર | ૨૫૪૧ સેટ | ૩-૧૦-૨૪ |

વિગતવાર નોટીસ બારડી, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in અને www.wr.indianrailways.gov.in ની મુલાકાત લો. 0495

અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: twitter.com/WesternRly

# પીઓપી મૂર્તિ પર બંધીની કોર્ટની વાત અવ્યવહારુ

## આમ કહીને ગણેશોત્સવ સમન્વય સમિતિ ઉમેરે છે કે મૂર્તિઓ કે વિસર્જન માટે કૃત્રિમ તળાવ રાતોરાત નથી બનતાઃ અંતિમ આદેશ ઑક્ટોબરમાં આવે એવી શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગણેશોત્સવમાં પ્લાસ્ટર ઓફ પેરિસ (પીઓપી)ની મૂર્તિનો ઉપયોગ કરવો નહીં અને સાર્વજનિક ગણેશમંડળોએ પ્રતિબંધને લગતા નિયમોનું પાલન કરવું એવો આદેશ બૉમ્બે હાઈ કોર્ટે શુક્રવારે આપ્યો હતો. જોકે ગણેશોત્સવને માત્ર છ દિવસ બાકી રહ્યા હોવાથી વ્યવહારિક રીતે કોર્ટના આદેશનુ પાલન કરવું શક્ય ન હોવાથી આ વર્ષે પણ પીઓપીમાંથી બનેલી ગણેશમૂર્તિઓ સાથે જ ગણેશોત્સવની ઊજવણી થવાની શક્યતા છે. તો કોર્ટના આદેશ બાદ રાજ્ય સરકાર તથા મુંબઈ મહાનગરપાલિકાએ પોતાની બાજુ સ્પષ્ટ કરવી એવું બૃહન્મુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિની કહેવું છે.

ગણેશોત્સવ નજીક છે ત્યારે પીઓપીની મૂર્તિનો ઉપયોગ કરવો નહીં અને પીઓપીની મૂર્તિ પરના પ્રતિબંધને લગતી માર્ગદર્શિકાનો અમલ કરવો જ પડશે એવો આદેશ બૉમ્બે હાઈ કોર્ટે આપ્યો હતો. જોકે મુંબઈમાં મોટાભાગના સાર્વજનિક ગણેશોત્સવ મંડળોની

(જુઓ પાનું ૪) ▸▸



**સ્વાગતઃ** મુંબઈના પ્રખ્યાત ગણાતા ચિંચપોકલીના ચિંતામણિને શનિવારે વર્કશોપથી પંડાલ સુધી વાજતેગાજતે લઈ અવાયા હતા. બાપ્પાના આગમનમાં રીતસરનું મહેરામણ ઉમટી પડ્યું હતું. (અમય ખરાડે)

# નવી સમિતિ, જૂના માણસો: શિવાજી મહારાજની નવી પ્રતિમા તૂટી નહીં પડે એની શું ગૅરન્ટી?



**સરકારે નિમેલી પ્રતિમા બનાવવા માટેની સમિતિમાં અગાઉની કમિટીના જ અધિકારીઓ અને કલાસંચાલકોઃ રાજ્ય સરકારના પ્રતિમા બનાવવાના કામ અંગેના મૂળભૂત નિયમોમાં સુધારા કરવાની આવશ્યકતા વ્યક્ત કરતા શિલ્પકારો**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ માલવણમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાને લઈને બનેલી કમનસીબ દુર્ઘટના બાદ હવે આ પ્રતિમા તૂટી પડવાના કારણોને લઈને કેટલીક નવી બાબતો સામે આવી રહી છે અને તેમાં સૌથી ગંભીર બાબત એ છે કે જે પ્રતિમાની જવાબદારી જે કલાસંચાલક પર હતી અને જેમણે આ પ્રતિમાને લીલી ઝંડી આપી હતી અને જેમણે અત્યારે તૂટી પડ્યા બાદ જવાબદારીમાંથી હાથ ખંખેરી નાખ્યા છે તેમને જ નવી પ્રતિમાના નિર્માણ માટેની સમિતિમાં સ્થાન આપવામાં આવ્યું હોવાથી આગામી પ્રતિમા સાથે આવી દુર્ઘટના નહીં થાય એવી શું ગેરન્ટી એવો સવાલ થઈ રહ્યો છે. કેટલાક મૂર્તિકારોનું માનવું છે કે પ્રતિમા સ્થાપન કરવા માટે રાજ્ય સરકારની જે કાર્યપદ્ધતિ છે તેમાં સુધારો કરવાની આવશ્યકતા છે, જેથી પ્રતિમા યોગ્ય રીતે અને મજબૂતી ધરાવતી બને.

રાજ્ય સરકારની જે. જે. સ્કૂલ ઓફ આર્ટ્સના આશુતોષ આપ્ટેએ મુંબઈ સમાચારને જણાવ્યું હતું કે રાજ્ય સરકારને શિલ્પકલાનું જ્ઞાન ન હોય અને તેને માટે કલાસંચાલક નિયુક્ત કરવામાં આવતા હોય છે અને જ્યારે પ્રતિમા સ્થાપિત કરવા જેવા મહત્ત્વનાં કામ હોય ત્યારે તેમની મદદ લેવામાં આવતી હોય છે. આ કિસ્સામાં કલાસંચાલક મિશ્રાએ પ્રતિમા ગેરકાયદે હોવાનું જણાવીને રાજ્ય સરકારની બદનામી કરી નાખી છે, વાસ્તવમાં જવાબદારી છ ફૂટના ક્લે મૉડેલનું નિરીક્ષણ કરીને તેને મંજૂરી આપનારાની છે. રાજ્ય સરકાર દ્વારા નવી પ્રતિમા બાંધવા માટે જે સમિતિ ઘડી કાઢવામાં આવી છે જેમાં અગાઉની પ્રતિમાને મંજૂરી આપનારા જે. જે. સ્કૂલ ઓફ આર્કિટેક્ચરના કલા સંચાલક રાજીવ મિશ્રાનો સમાવેશ કરવામાં આવ્યો છે. સ્વાભાવિક છે કે તૂટી પડેલી પ્રતિમાની ચકાસણીમાં ભૂલ (જુઓ પાનું ૪) ▸▸

### થ્રી-ડી પ્રિન્ટિંગ ટેક્નોલોજીનો વાંક?

માલવણમાં તૂટી પડેલી શિવાજીની પ્રતિમા બાંધવા માટે થ્રી-ડી પ્રિન્ટિંગ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તે બાબતે ધ્યાન દોરતાં પ્રમોદ કાંબળેએ કહ્યું હતું કે આને કારણે પ્રતિમા ૬૫૦ ટુકડામાં તૈયાર થઈ હતી એવું મેં જાણ્યું છે. આવી સ્થિતિમાં બ્રેઝિંગ યોગ્ય રીતે થવું જોઈતું હતું. અન્ય મૂર્તિકાર કિશોર ઠાકુરે પણ કહ્યું હતું કે થ્રી-ડી ટેક્નોલોજીના ફાયદાની સાથે મર્યાદા પણ છે અને તેમાં દોઢ ફૂટથી મોટો ટુકડો તૈયાર થઈ શકતો નથી અને તેને કારણે આ મૂર્તિ અનેક ટુકડામાં હતી અને તેને સ્થિરતા આપવા માટે યોગ્ય બ્રેઝિંગ કરવામાં આવ્યું નહોતું અને તેથી જ આ હોનારત થઈ હોવાની શક્યતા છે. ■

# નિર્દોષને ડ્રગ્સ કેસમાં ફસાવનારા ખારના ચાર પોલીસ અંતે સસ્પેન્ડ

## સીસીટીવી ફૂટેજનો વીડિયો વાયરલ થતાં પોલીસો સામે પગલાં લેવાની ફરજ પડી

મુંબઈઃ નિર્દોષને ખોટા કેસમાં ફસાવવા માટે ડ્રગ્સ પ્લાન્ટ કરવા બદલ ખાર પોલીસ સ્ટેશનના ચાર પોલીસને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તબેલામાં કામ કરતી વ્યક્તિ પાસેથી ૨૦ ગ્રામ એમડી મળી આવ્યું હોવાનો દાવો પોલીસે કર્યો હતો, પરંતુ સીસીટીવી કૅમેરામાં પોલીસની શંકાસ્પદ ગતિવિધિ કેદ થતાં દાવો પોકળ સાબિત થયો હતો.

ઝોન-૯ના ડેપ્યુટી પોલીસ કમિશનર રાજતિલક રોશને જણાવ્યું હતું કે આ મામલે ખાર પોલીસ સ્ટેશનના (જુઓ પાનું ૪) ▸▸

# બાઈક વીજળીના થાંભલા સાથે ટકરાઈઃ ત્રણ યુવાનનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોરેગામ પૂર્વના આરે રોડ પર સગીરે એસયુવી ચલાવી બાઈકસવારને કચડવાની ઘટના તાજી જ છે ત્યાં આરે કોલોનીમાં બાઈક વીજળીના થાંભલા સાથે ભટકાતાં ત્રણ યુવાને જીવ ગુમાવ્યા હોવાની ઘટના બની હતી.

આરે પોલીસના જણાવ્યા મુજબ શુક્રવારની રાતે ૧૨ વાગ્યાની આસપાસ બનેલી ઘટનામાં મૃત્યુ પામેલાઓની ઓળખ રાધેશ્યામ દવંડે (૩૪), વિવેક રાજભર (૨૪) અને રિતેશ સાળવે (૨૭) તરીકે થઈ હતી. આ પ્રકરણે પોલીસે એડીઆર નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.મળતી માહિતી અનુસાર આરે કોલોની પરિસરમાં રહેતા ત્રણેય જણ રાતે બાઈક પર ટ્રિપલ (જુઓ પાનું ૪) ▸▸

# ગોમાંસની શંકાઃ એક્સપ્રેસ ટ્રેનમાં વૃદ્ધની મારપીટ

મુંબઈઃ મહારાષ્ટ્રના નાશિક જિલ્લા સ્થિત ઈગતપુરી સ્ટેશન પાસે એક્સપ્રેસ ટ્રેનમાં એક વૃદ્ધની તે ગોમાંસ લઇ જતો હોવાની શંકાને આધારે તેના સાથી પ્રવાસીઓએ ધોલધપાટ કરી હતી, એવું જીઆરપીએ જણાવ્યું હતું. જીઆરપીએ ઘટનાનો વીડિયો જોયા બાદ તપાસ હાથ ધરી હતી. ઘટના સોમવારે બની હતી અને તેનો વીડિયો વાઈરલ થયો હતો.

વાઈરલ થયેલા વીડિયોમાં એવું દેખાઈ

(જુઓ પાનું ૪) ▸▸

# ૧.૭ કરોડ લાડકી બહેનોને પહોંચ્યા પૈસાઃ એકનાથ શિંદે

નાગપુરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શનિવારે કહ્યું હતું કે 'માઝી લાડકી બહિણ' યોજનાનો વ્યાપ રાજ્યની ૨.૫ કરોડ મહિલાને આવરી લેવા માટે વધારવામાં આવ્યો છે અને રાજ્ય સરકારે અત્યાર સુધીમાં ૧.૭ કરોડ મહિલાના ખાતાઓમાં નાણાં હસ્તાંતરિત કરી નાખ્યા છે.

મુખ્ય પ્રધાને શનિવારે રેશિમબાગ મેદાનમાં આ યોજનાના બીજા તબક્કાનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે નાયબ મુખ્ય પ્રધાનો દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર, કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી અને મહિલા તેમ જ બાળકલ્યાણ ખાતાના પ્રધાન અદિતી તટકરે હાજર હતા.

અમે સોનાના ચમચા સાથે જન્મ્યા નથી. અમે ખેડૂતોના પરિવારમાંથી આવીએ છીએ. અમને ગરીબીનો અનુભવ છે, અમે સમજીએ છીએ કે કેમ આવી યોજના આવશ્યક (જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**